જાંબાઝ જવાંમર્દોની
જિગરમાં જોમ જગવતી
મહાકથા

# જવાંમર્દી





ભાગ ૧

-આચાર્ય યશોવિજયસૂરિ



ગૌતમસ્વામીના અવતાર કહેવાયેલા

**આચાર્ય ભગવંત**

**શ્રીહેમવિમલ સૂરીશ્વરજી મહારાજ**

સૂરિપ્રેમસ્વર્ગારોહણઅર્ધશતાબ્દીવર્ષ

આજ્ઞા–આશિષ

પરમ પૂજ્ય સિદ્ધાંત દિવાકર,

સુવિશાલ ગચ્છાધિપતિ

**આચાર્ય ભગવંત શ્રીજયઘોષ સૂરીશ્વરજી મહારાજા**



કપડવંજના શ્રેષ્ઠી

**શ્રી દોશી આણંદજી**

જાંબાઝ જવાંમર્દોની
જિગરમાં જોમ જગવતી
મહાકથા

# જવાંમર્દી

ભાગ-૧


આલેખક

પરમ પૂજ્ય સકલસંઘહિતચિંતક આચાર્ય ભગવંત
**શ્રીભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન
પરમ પૂજ્ય પૂના જિલ્લા ઉદ્ધારક આચાર્ય ભગવંત
**શ્રીવિશ્વકલ્યાણસૂરીશ્વરજી** મહારાજાનો શિષ્ય
આચાર્ય યશોવિજયસૂરિ



પ્રકાશક

**શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ**
૩૯, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા પાસે, ધોળકા.
જિ. અમદાવાદ-૩૮૭૮૧૦. ફોન : (૦૨૭૧૪) ૨૨૫૪૮૧, ૨૨૫૭૩૮, ૨૨૫૯૮૧

પ્રાપ્તિસ્થાન : ❧ પ્રકાશક

❧ શ્રી મહેન્દ્રભાઈ ઝવેરી - રાજકોટ M. 82644 44447

❧ શ્રી શિરીષભાઈ સંઘવી - મુંબઈ M. 98928 70790

❧ શ્રી મનોજભાઈ શાહ - મુંબઈ M. 96195 30849

❧ શ્રી સતીશભાઈ શાહ - અમદાવાદ M. 98254 12402

❧ શ્રી જયેશભાઈ શાહ - અમદાવાદ M. 98253 18381

❧ શ્રી વિજયભાઈ શાહ - બરોડા M. 81287 42073

❧ શ્રી રાજુભાઈ ચાંગાણી - જૂનાગઢ M. 94274 96793

❧ શ્રી રશ્મિનભાઈ પુરોહિત - પોરબંદર M. 94282 87275

❧ શ્રી સુનીલભાઈ શાહ - સુરત M. 94268 65010

❖ ચિત્રકાર : શ્રી નલીનભાઈ સૂચક ❖

❖ પ્રથમ આવૃત્તિ ❖ ઈ.સ.૨૦૧૭ ❖ વિ.સં. ૨૦૭૩ ❖ ૧૦૦૦ પ્રતિ ❖

❖ મૂલ્ય : સંપૂર્ણ સેટના ₹ ૨૦૦ ❖ © શ્રમણપ્રધાન જૈન સંઘ ❖

**આર્થિક સહયોગ**

પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજાના
યાદગાર ચાતુર્માસ સ્મૃતિઅર્થે વિ.સં. ૨૦૭૨
**શ્રી પ્લોટ શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ - રાજકોટના**
જ્ઞાન નિધિમાંથી પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા જ્ઞાન ભંડારોને
સપ્રેમ ભેટ...

આભાર સહ અનુમોદના

Compose By - શ્રીપાર્શ્વ પ્રિન્ટર્સ, અમદાવાદ. મો. [illegible]

*** મુદ્રક ***

**પાર્શ્વ ઓફસેટ, શાહ વિક્રમ મનોજ બ્રધર્સ**, એમ.જી. રોડ, વેરાવળ - ૩૬૨૨૬૫.ફોન : ૦૨૮૭૬-૨૨૨૬૧૭
'વિનય', ૨/૫, જાગનાથ કોર્નર, નંદવાણા બ્રાહ્મણ બોર્ડીંગની પાસે, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧. મો. ૯૪૨૬૯ ૭૨૬૦૯
**E:mail-** creativeprakashan@gmail.com

# અર્પણ

જવાંમર્દ સુભટોને

રાષ્ટ્રરક્ષાર્થે

અને

ધર્મરક્ષાર્થે

જાનફેસાની માટે

જે કતાર

લગાવીને

ખડા છે.....

# પ્રકાશકીય કથન.....

આંબાના વૃક્ષ ઉપર કેરીની સાથે સાથે જ્યારે મોસંબી અને નારંગી પણ મળી આવે ત્યારે આશ્ચર્યની સાથે આનંદ પણ થાય.

શાસ્ત્રસર્જકોની હરોળમાં બેસનારા પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીયશોવિજયસૂરિ મહારાજ એક વિશાળ મહાકથા લઈને ઉપસ્થિત થયા છે... જે આશ્ચર્યની સાથે આનંદ જન્માવે છે.

જૈન જગતમાં જાણીતા અને માનીતા માસિક શાંતિસૌરભમાં હપ્તાવાર પ્રગટ થયેલી મહાકથા વાચકોએ માણી પણ છે અને વખાણી પણ છે. અનેક વાચકોની માંગણીને ધ્યાનમાં લઈ આખી મહાકથાને બે ભાગમાં **સૂરિપ્રેમ-સ્વર્ગારોહણ અર્ધશતાબ્દી વર્ષે** પ્રકાશિત કરતા અમે આનંદિત છીએ...

કથાવસ્તુ હૃદયસ્પર્શી અને સંવેદનાસભર છે. વાચકોને મનોરંજનની સાથે આત્મખોજ કરવા પ્રેરે તે રીતનું આલેખન ઉપકારક બની રહેશે.

**શાંતિસૌરભ પરિવારનો,** કથાના પાત્રોને સુંદર રીતે મૂર્ત્ત સ્વરૂપ આપનારા ચિત્રકાર **શ્રી નલીનભાઈ સૂચક**નો, મુખપૃષ્ઠની સુંદર ડીઝાઈન તૈયાર કરનાર **શ્રીવિનાયક ઓફસેટ** પરિવારનો અને સુંદર મુદ્રણ કરનારા **શ્રીપાર્શ્વ પ્રિન્ટર્સ**વાળા **વિમલભાઈ**નો અમે અંતઃકરણથી આભાર માનીએ છીએ.

આર્થિક સહયોગ આપનાર પરિવારના પણ અમે આભારી છીએ.

એ જ લિ.

**શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ** વતી,

**કુમારપાળ વી. શાહ**

# જવાંમર્દીની જવાંમર્દ વાર્તા

- શાસનપ્રભાવક પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજા

એક યુવાન મળ્યો.

મને કહે – 'મહારાજ સાહેબ, 'શાન્તિસૌરભ' વાંચવાની મઝા આવે છે.'

મેં પૂછ્યું – 'એમ. શું વાંચે છે એમાં ?'

'સૌ પહેલાં તો 'જવાંમર્દી' વાંચી લઉં છું, તે પછી અન્ય બીજું બધું.' યુવાને ખુલાસો કર્યો.

'ખૂબ સરસ લેખમાળા છે કેમ ?'

'અરે, સાહેબ, વાત ન પૂછો... આ લેખમાળા તો મારા પપ્પા પણ વાંચે છે.'

'એમ ?'

'હાં... અને એક વાત કહું... અત્યારે મારા પપ્પા વિદેશ-પ્રવાસે ગયા છે. પણ મને કહેતા ગયા છે કે જેવું 'શાન્તિ-સૌરભ' આવે, એવું તરત જ સૌ પહેલા મને 'જવાંમર્દી' વોટ્સ-અપ કરી મોકલી દેજે...' યુવાને જવાંમર્દીની વાત જવાંમર્દીથી કરી.

* * * * *

'સાહેબજી ! જવાંમર્દીના જૂના લેખો છે ?' મારી પાસે બેઠેલા યુવાને 'શાન્તિસૌરભ'માં જવાંમર્દીનો લેખ વાંચીને પૂછ્યું...

'છે... પણ કેમ ?'

'બહુ સરસ લેખ છે – મારે બધાં જ લેખો વાંચવા છે' તેણે કહ્યું..

* * * * *

'સાહેબજી ! 'શાન્તિ-સૌરભ'ના છેલ્લા પાંચ-છ વરસના અંકો જોઈએ છે.. ક્યાંથી મળશે ?' વિહારમાં મળેલા એક સાધ્વીજી ભગવંતે મને પૂછ્યું.

મેં કહ્યું 'ભાભરથી... ભાભર કાર્યાલયે તપાસ કરાવું છું. અને આપને મોકલી આપું છું.'

'બહુ સરસ.'

'પણ, તમારે આ અંકો શું કરવા છે ?'

'મારે 'જવાંમર્દી'ના લેખો વાંચવા છે.'

* * * * *

'સાહેબજી ! આ 'જવાંમર્દી'ના લેખો કયા પુસ્તકમાંથી લો છો ? મને એ પુસ્તકનું નામ આપશો ?' મારા પરિચિત એક ભાઈએ મને કહ્યું...

મેં કહ્યું - 'શાન્તિસૌરભ' ફ્રેશ લેખો લે છે... પુસ્તકમાંથી નહીં - પણ તમારી ઉત્કંઠા હું સમજી શકું તેમ છું - તમને આ લેખો ખૂબ ગમ્યા લાગે છે ?'

'ગમ્યા એટલે ? સાહેબજી ! અંક હાથમાં આવતાં જ પહેલાં 'જવાંમર્દી' વાંચી લઉં છું. પછી જ બીજું બધું કામ કરું છું.'

* * * * *

'જવાંમર્દી'ના આવા અનેક જવાંમર્દ કિસ્સાઓ છે..

'જવાંમર્દી'એ વાસ્તવમાં લોકોમાં ઘેલું લગાડ્યું છે...

'જવાંમર્દી'ની વાતો કરનારા તો ઘણા છે.. પણ જવાંમર્દીની વાતો જવાંમર્દીથી કરનારા બહુ ઓછા છે. અને એમાં પણ જવાંમર્દીની વાતો વાંચીને વાંચનારા જવાંમર્દ બની જાય; એવી વાતો કરનારા તો બહુ જ વિરલા છે.

પૂજ્ય આચાર્યશ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજ પણ એક એવા વિરલા લેખક છે.. જેમની લેખિનીએ અજબનો જાદૂ પાથર્યો છે.. અજબ-ગજબનું કામણ કર્યું છે, તેઓશ્રીની કલમે... મુનિ યશોવિજયજી અને મીની યશોવિજયજી તરીકે નામના મેળવનાર આચાર્ય યશોવિજયસૂરીશ્વરજી મહારાજ મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજની પ્રતિકૃતિ સમા છે... મુનિ + ઉપાધ્યાય + આચાર્યના ગુણોનો સરવાળો એટલે 'જવાંમર્દી'ના જવાંમર્દ લેખકશ્રી...

આ પૂજ્યશ્રી માત્ર ગુજરાતી ભાષાનાં લેખક જ નથી.. અંગ્રેજી ભાષાના પણ તેઓશ્રી Master Mind છે... સંસ્કૃત ભાષામાં તો તેઓશ્રી અત્યારે મૂર્ધન્ય કક્ષાના સર્જક કહેવાય છે.. લાખો શ્લોક પ્રમાણ સાહિત્ય સંસ્કૃત ભાષામાં

તેઓશ્રી સર્જન કરી ચૂક્યા છે.. હજુ પણ અતિ તેજ રફતારથી ચાલુ જ છે... પૂજ્યશ્રીનો મુખ્ય વિષય છે - સંસ્કૃત... અને એમાં પણ પ્રમુખ છે ન્યાયનો વિષય...

વિશ્વનો સૌથી અઘરો વિષય છે - ન્યાય... પણ પૂજ્યશ્રીની ક્ષાયોપશમિક શક્તિ આ મુશ્કેલ વિષયને પણ સરળ બનાવી દે છે.. ગળે શીરો ઉતરે એટલી સહેલાઈથી પદાર્થો મગજમાં ઉતારી આપે છે...

એવા પરમ વિદ્વાન મુનિશ્રીએ 'જવાંમર્દી' પર કલમ ઉપાડી આચાર્ય હેમવિમલસૂરીશ્વરજી મહારાજાના જીવનમાં આવેલ એક જવાંમર્દીના પ્રસંગનું એવી જવાંમર્દીથી ચિત્રણ કર્યું છે કે લોકો મોંમાં આંગળા નાંખી ગયા...

અકબર પ્રતિબોધક જગદ્ગુરુ પૂજ્ય આચાર્ય **હીરવિજયસૂરીશ્વરજી** મહારાજથી તો આખું જગત પરિચિત છે. પણ તેઓશ્રીના દાદાગુરુશ્રી એવા **આણંદવિમલસૂરિજી**થી અને તેમના ગુરુ **હેમવિમલસૂરિજી**થી બહુ ઓછા લોકો પરિચિત હતા. પણ પૂજ્યશ્રીએ પોતાની 'જવાંમર્દી'થી તેઓશ્રીને જગજાહેર કરી દીધા.. ૮૦૦૦ (આઠ હજાર)થી પણ વધુ નકલો ધરાવતા **'શાન્તિસૌરભ'** માસિકના માધ્યમે હજારો વાંચકોના દિલમાં પૂજ્યશ્રી અને હેમવિમલસૂરિજી મહારાજ જડાઈ-જકડાઈ ગયા છે.

પૂજ્યશ્રીની કલમે જે જાદુ પાથર્યો છે, તે જાદુ ઓસરી જાય તેમ નથી... પણ વિસરી પણ ન જાય, તેવી આશા અસ્થાને નહીં ગણાય... પૂજ્યશ્રી સતત આ રીતે 'શાન્તિસૌરભ' પર છવાયેલા રહે, એવી શુભાશા સંપાદક તરીકે સૌ વાંચકો વતી હું રાખું છું....

પૂજ્યશ્રીએ પ્રસ્તાવના લખવાની મને જે તક આપી છે, તે બદલ હું તેમનો ઋણી છું... અહોભાગ્ય છે મારું કે તેઓશ્રી મને તેમના પુસ્તકમાં (મસ્તકમાં તો હશે ત્યારે જ ને) સ્થાન આપ્યું...

તેઓશ્રી સદૈવ વિસ્તરતા રહે...

જ્ઞાનનાં વિસ્તરણની સાથે-સાથે વિતરણ પણ કરતાં રહે...

પ્રસ્તુત 'જવાંમર્દી'ની જેમ તેમની દરેક કૃતિઓ વિસ્તૃત બનતી રહે...

તેવી એક માત્ર

શુભાશા + શુભાશીઃ

કલિકુંડ તીર્થોદ્ધારક પૂ.આ.વિ.રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજાના

આજીવન ચરણોપાસક

**આચાર્ય રાજશેખરસૂરિ**

આજથી ૬-૭ વર્ષ પૂર્વેની વાત. વિ.સં.૨૦૬૬નું ચાતુર્માસ જાગનાથ જૈન સંઘ - રાજકોટ મુકામે હતું... ચાતુર્માસ દરમ્યાન શ્રીબંધુત્રિપુટી આલેખિત **'જૈન પરંપરાનો ઈતિહાસ'**નું પુનઃસંપાદિત પુસ્તક મારા ઉપર આવ્યું. પાને-પાને બંધુત્રિપુટી ભગવંતોની જહેમતની છડી પોકારતા એ ગ્રંથરત્નના પાના ઉથલાવતા બે-ચાર એવી ઘટનાઓ નજરે ચઢી ગઈ - જે લગભગ અજાણી હતી સાથે એટલી જ રોમાંચક હતી ! સમાજની આપણા ઉન્નત ઈતિહાસ પ્રત્યેની લાપરવાહી જોતા વિચાર આવ્યો કે - આવી અદ્ભુત ઘટનાઓ યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકાવી જોઈએ...

યોગાનુયોગ એ જ સમયે સૂરિમંત્રસમારાધક પૂજ્યપાદ આચાર્યભગવંત **શ્રીરાજશેખરસૂરીશ્વરજી** મહારાજનો કૃપાપત્ર મળ્યો, જેમાં પૂજ્યશ્રીએ **શાંતિસૌરભ-માસિક**માં લેખ મોકલવા ભારપૂર્વક ભલામણ કરેલી... આમ તો પૂજ્યપાદ કલિકુંડ-તીર્થોદ્ધારક આચાર્ય ભગવંત **શ્રીરાજેન્દ્રસૂરીશ્વરજી** મહારાજે પણ પહેલા અનેક વાર લેખ લખવા માટે સપ્રેમ આગ્રહ કરેલો. કિંતુ શાસ્ત્રસર્જન-પ્રવચન-અધ્યાપનાદિની વ્યસ્તતાવશ અને મારું કાર્યક્ષેત્ર જોતા તે શક્ય નહતું બનતું... પૂજ્યશ્રી તો સમેતશિખર મુકામે સ્વર્ગવાસી થઈ ગયા. તેમનું તર્પણ કરવાનો અને હૃદયની ભાવનાને સાકાર કરવાનો અવસર આવી ગયેલો લાગ્યો... હૃદયમાં મનોરથ જાગવો અને ત્યારે જ લેખ માટે આમંત્રણ મળવું - આમાં કો'ક કુદરતનો સંકેત સમજી મેં લેખ માટે સંમતિ મોકલાવી... કોને ખબર હતી કે આ બીજમાંથી વટવૃક્ષ ઉગી નીકળશે ?

પંચમ ગણધર **શ્રીસુધર્માસ્વામી**ની ૫૫મી પાટે પધારનારા પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રીહેમવિમલસૂરીશ્વરજી** મહારાજનું જીવન-કવન જૈન પરંપરાના ઈતિહાસમાં સીમિત પૃષ્ઠો ઉપર અંકાયું હતું. તેમાં પણ આચાર્ય ભગવંત ઉપરની આપત્તિની

કથા તો અત્યંત સંક્ષેપમાં હતી. મારી ઈચ્છા તેને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકવાની હતી. સાથે શૃંગારિક નવલકથાની સામે એક તંદુરસ્ત વિકલ્પ પણ સમાજને આપવો હતો. તત્કાલીન ભારતીય ઈતિહાસ, ગુજરાતનો ઇતિહાસ, માનવજીવન, સમાજવ્યવસ્થા, બાદશાહની જીવનઝરમર... ઇત્યાદિના અભ્યાસથી એક કથા મગજમાં આકાર લેવા લાગી...

બચપણમાં કથા વાંચવાનો ભારે શોખ ! બધાં જ દોસ્તો જ્યારે રમતા હોય ત્યારે હું પુસ્તકાલયમાં પુસ્તક વાંચતો હોઉં... પરંતુ દીક્ષા પછી ગુજરાતી વાંચન સદંતર મૂકી દીધું.. માત્ર સંસ્કૃત અને પ્રાકૃતના અભ્યાસમાં ગળાડૂબ બની જવાનું આવ્યું... જીવનરાહ આખો બદલાઈ ચૂક્યો હતો... સર્જનક્ષેત્ર પણ સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી શાસ્ત્રવૃત્તિનું નિર્માયું હતું... દીક્ષાના ૨૬મા વર્ષે અણધારી રીતે કથા લખવાનું આવી પડ્યું હતું... સૌ પ્રથમવાર કથાલેખન મારા જીવનમાં થઈ રહ્યું હતું, તે પણ ત્યારે કે જ્યારે છેલ્લું ગુજરાતી કથાપુસ્તક વાંચ્યાને ૩૦-૩૦ વર્ષના વ્હાણા વીતી ગયા હતા.

કથા આલેખતા એટલું સ્પષ્ટ હતું કે કથા જકડી રાખનારી હોવી જોઈએ. માસિકોમાં છપાતી ધારાવાહિક કથાઓ માટેની આ અનિવાર્ય જરૂરિયાત છે. ઈતિહાસમાં બે વાક્યની જ જગ્યા જે ઘટના માટે ફાળવવામાં આવે છે તે ઘટના એમ ને એમ નથી ઘટી જતી. તેની પાછળ ૨૦૦ પાનાની પૃષ્ઠભૂ હોય છે. આ કથામાં પણ તેવી પૃષ્ઠભૂની વિભાવના કરી કથાને વાસ્તવિક અને જીવંત બનાવવાનો પ્રયત્ન કર્યો છે. આક્ષેપણી કથાના ભાગ રૂપે ગુપ્તચરો વગેરેના પ્રસંગો આહાર્ય હોવા છતાં પ્રસ્તુત ઐતિહાસિક કથામાં સમાવિષ્ટ કર્યા છે, ઐતિહાસિક પુરુષને રંગબેરંગી વાઘા પહેરાવવાની આ ચેષ્ટા ઈતિહાસવિદોને દુઃખદાયી નહીં નીવડે, મનોરંજક નીવડશે - તેવો વિશ્વાસ છે. કોઈ પણ ઘટનાની કલ્પના કોઈ પણ ઐતિહાસિક પાત્રોને અન્યાય ન થઈ જાય - તેની સાવધાની રાખવા પૂર્વક કરી છે. તે છતાં ઈતિહાસને નામંજૂર ઘટનાનું આલેખન થયું હોય તો ક્ષમાપ્રાર્થના....

આ કથાના આલેખન વખતે, આલેખનની સમય મર્યાદા જળવાઈ રહે, વાચકોને રસભંગ ન થાય તે માટે **શાંતિસૌરભ - સંપાદકમંડળે** વખતોવખત પત્ર દ્વારા ઉઘરાણી ચાલુ જ રાખી હતી. કદાચ એટલે જ અન્ય કાર્યોની બેહદ

વ્યસ્તતા વચ્ચે'ય કથા હેમખેમ ૬૩ પડાવ સુધી પહોંચી શકી છે. તેઓના પત્રમાંથી નીતરતી લાગણી હૃદયને સ્પર્શી જતી. ઉપરાંતમાં, પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી રાજશેખરસૂરીશ્વરજી** મહારાજે પ્રેમભીની પ્રસ્તાવના લખી આપી પુસ્તકને સુવર્ણઢોળ ચડાવી દીધો... સહુનો હું અંતઃકરણથી આભારી છું.

વાચકોની વખતોવખતની માગણીને અનુસરી **'સૂરિપ્રેમસ્વર્ગારોહણ અર્ધશતાબ્દી વર્ષે'** પૂજ્ય સકલસંઘહિતચિંતક આ. **શ્રીભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના દિવ્ય આશિષથી, પૂજ્ય સુવિશાલગચ્છાધિપતિ, મારા અનન્ય ઉપકારક, આ. **શ્રીજયઘોષસૂરીશ્વરજી** મહારાજાના તથા પૂજ્ય પૂના જિલ્લા ઉદ્ધારક આ. **શ્રીવિશ્વકલ્યાણસૂરીશ્વરજી** મહારાજાના શુભ આશિષથી પુસ્તકરૂપે તે મહાકથા પ્રકાશિત થઈ રહી છે. પૂજ્ય પરમોપકારી ગુરુભગવંતોના ચરણોમાં હું નતમસ્તક છું. **મુનિ ભક્તિયશ વિ., મુનિ નમ્રયશ વિ.** આદિ સદાના સહયોગી સહવર્તી મુનિમંડળનો પ્રુફરીડીંગ આદિ કાર્યમાં સુંદર સહયોગ સંપ્રાપ્ત થયો છે.

કથા શરૂઆતમાં બાળદશામાં છે, ત્યાર બાદ યુવાદશામાં પ્રવેશે છે જેમાં તરવરાટ છે, તોફાન છે. છેલ્લે કથા પ્રૌઢદશામાં પ્રવેશી જાય છે. જ્યાં તર્પણ છે, તૃપ્તિ છે.. કથાની આલેખન શૈલી પણ તેવી જ જણાશે... 'એક હતો રાજા' જેવી બાળશૈલીથી શરૂ થયેલું આલેખન અંતે પ્રૌઢતાને પામી ગયેલું જણાશે. તે છતાં વાચકો રસભંગ અનુભવ્યા વિના કથામાં તરબોળ થઈ જશે તેવો વિશ્વાસ છે.

હૃદયમાં જોશ પ્રગટે, જવાંમર્દી જાગે, જુવાળ જન્મે, ધર્મ માટે કે રાષ્ટ્ર માટે જાનફેસાની કરવાના મનોરથો પ્રગટે - તેવા જ એક માત્ર શુભાશયથી આલેખાયેલી કથામાં જિનાજ્ઞાવિરુદ્ધ આલેખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

લિ.
પૂજ્ય પૂનાજિલ્લા ઉદ્ધારક આચાર્ય
ભગવંત **શ્રીવિશ્વકલ્યાણસૂરીશ્વરજી**
મહારાજાનો શિષ્યાણુ
આચાર્ય યશોવિજયસૂરિ

વિ.સં.૨૦૭૨, દશેરા
શ્રીપ્રહલાદ પ્લોટ જૈન સંઘ,
રાજકોટ.

# અનુક્રમણિકા


૧. હાર્દકુમાર ........................................ ૧
૨. મલિક કહે છે ........................................ ૧૦
૩. વ્યથા એક પ્રેમીની ........................................ ૨૧
૪. સમાચાર ફેલાય છે ........................................ ૨૯
૫. આદિત્યનું આગમન ........................................ ૩૭
૬. અમદાવાદ તરફ ........................................ ૪૪
૭. આચાર્ય ભગવંતની સ્પષ્ટતા ........................................ ૫૩
૮. રામ રાખે તેને કોણ ચાખે ? ........................................ ૫૯
૯. નાસીર આવે છે ........................................ ૬૫
૧૦. ઘાયલ આદિત્યનું આગમન ........................................ ૭૨
૧૧. આદિત્ય બોલે છે ........................................ ૭૮
૧૨. સુરક્ષાવ્યવસ્થા તૂટી ........................................ ૮૪
૧૩. શેઠ અવાચક ........................................ ૯૦
૧૪. ખૂની હુમલો ........................................ ૯૫
૧૫. નાસીરના સગડ મળ્યા ........................................ ૧૦૦
૧૬. વિસ્ફોટક પરિસ્થિતિ ........................................ ૧૦૫
૧૭. યોજના ઘડી ........................................ ૧૧૦
૧૮. આચાર્ય મહારાજની વાત ........................................ ૧૧૪
૧૯. શેઠની મથામણ ........................................ ૧૧૯
૨૦. વિહાર નક્કી થાય છે ........................................ ૧૨૪
૨૧. છીંડું પડે છે ........................................ ૧૨૯

# અનુક્રમણિકા


૨૨. આદિત્યનું ખૂન ??? ............ ૧૪૫

૨૩. દ્વંદ્વયુદ્ધ ............ ૧૫૯

૨૪. નગરશેઠની યોજના............ ૧૭૩

૨૫. વિનાયક રાજમહેલમાં ............ ૧૮૮

૨૬. મલિકની ચાલ............ ૧૯૭

૨૭. કાનભંભેરણી ............ ૨૦૬

૨૮. વિનાયકની અગ્નિપરીક્ષા ............ ૨૧૫

૨૯. વિનાયક સપડાયો ............ ૨૨૪

૩૦. ભાગદોડ ............ ૨૩૩

૩૧. અરાજકતા............ ૨૪૩

૩૨. બાદશાહ ગભરાય છે ............ ૨૫૩

૩૩. વિનાયક ભાગે છે............ ૨૬૨


✱



જાંબાઝ જવાંમર્દોની જિગરમાં જોમ જગવતી મહાકથા

# જુવાળ ૧

## હાર્દકુમાર

અણધારી આપત્તિ આવી પડી છે, ભારે કટોકટીની પરિસ્થિતિ છે. પણ, જો જોશને જાળવી રાખ્યો છે તો આપત્તિમાંથી રસ્તો મળ્યા વિના રહેતો નથી.

દુશ્મનોનું આક્રમણ આવી પહોંચ્યું છે, સૈનિકો ઓછા પડે છે. પણ, જો સૈનિકોના હૃદયમાં જોમનું જતન કર્યું છે તો આક્રમણ થાળે પડ્યા વિના રહેવાનું નથી !

કુદરતી આફતે માઝા મૂકી છે. સર્વસ્વ લૂંટાવા બેઠું છે. પણ, જો જુસ્સો ટકાવી રાખ્યો છે તો આફત પણ ઓસર્યા વિના રહેવાની નથી.

મતલબ, **ભલેને આપત્તિ ઘેરી વળી હોય, આક્રમણ આવી પડ્યું હોય કે આફત ફરી વળેલી હોય પણ જો જોશને જાળવ્યો છે, જોમનું જતન કર્યુ છે અને જુસ્સો જન્મી ચૂક્યો છે તો ત્રણેયમાંથી બચી જવાનો રસ્તો મળ્યા વિના રહેતો નથી.**

યાદ રહે ! જૈનશાસન ઉપર પણ અણધારી આપત્તિઓ કેટકેટલી આવી ચૂકી છે, આક્રમણો પણ બેહદ આવેલા છે, આફતો પણ હદ બહાર આવી છે.

છતાં આ બધામાંથી પાર ઉતરી જૈનશાસનની નૈયા આપણા સુધી હેમખેમ આવી પહોંચી છે.

કારણ ? **આપણા પૂર્વજો કે જેમણે જિનશાસનનું સુકાનીપદ મેળવ્યું હતું અથવા તો ખલાસીપદ મેળવ્યું હતું તે સર્વેમાં અદમ્ય જોશ, અવર્ણ્ય જોમ અને અકથ્ય જુસ્સો ભર્યો પડ્યો હતો !**

પણ સબૂર ! આવી ઉજ્જ્વળ પરંપરાના સંતાન તરીકે આપણે શું **જોશને જાળવી શક્યા છીએ ખરા ? શું જોમને જગાવી શક્યા છીએ ? શું જુસ્સાનું જતન કરી શક્યા છીએ ?**

અલબત્ત ! જોશની સાથે હોંશ પણ જરૂરી જ છે, સામર્થ્યની સાથે સમજણ પણ આવશ્યક જ છે, બળની સાથે બુદ્ધિ પણ કિંમતી જ છે.

આખરે તો વણિક હોવાને નાતે સમજણની કે બુદ્ધિની બાબતે તો જૈનોનો જોટો નહીં મળે.

ખોટ જોશની છે, જોમની છે, જુસ્સાની છે. આ ખોટને પૂરવાના પ્રયાસ તરીકે વર્તમાનકાળની અગણ્ય આપત્તિ, આફત અને આક્રમણોથી જર્જરિત થઈ ચૂકેલા જિનશાસનના અત્યુન્નત ભાવીના નિર્માણ માટે કેટલાંક એવા પ્રસંગોને જોઈશું કે જે **ઈતિહાસ લખવાનો ઈજારો રાખીને બેસેલાની કહેવાતી તટસ્થ અને મધ્યસ્થ દૃષ્ટિમાં કદી ગ્રહણ કરાયા નથી.**

ખૂણે ખાચરે પડેલી તેમની યશોગાથાને જગત્ સમક્ષ લાવવાનો કોઈ જ પ્રયત્ન પણ કરાયો નથી. અને આ અમૂલ્ય વારસાના હકદાર એવા આપણે કદી તેને જાણવાનો પ્રયત્ન કર્યો નથી.

હા ! **આપણે એવા ઐતિહાસિક પ્રસંગોને જોઈશું કે જેમને ઈતિહાસકારો તવારીખના ચોપડામાં નોંધવાનું કે તેમને પૂરતો ન્યાય આપવાનું અજાણતા તો ક્યારેક જાણીબૂઝીને ચૂકી ગયા છે !**

તે તે મહાપુરુષોની જવાંમર્દીને તે - તે મહાપુરુષોએ કરેલા આપત્તિના પ્રતિકારને આપણે સાશ્રુપૂર્ણ નેત્રે નિહાળીશું જેથી કમ-સે-કમ તેઓશ્રીનું કંઈક અભિવાદન કર્યાનો આત્મસંતોષ તો થાય !

ચાલો ત્યારે, જૈન ઈતિહાસની સફરે ! મોગલ સલ્તનતનો કાળ એ જૈનશાસન માટે સહુથી ખરાબ સમય કહી શકાય. છતાં પણ જૈનશાસન

તેમાંથી હેમખેમ પાર ઉતરી આપણા સુધી પહોંચ્યું છે. આપણે એ જ જમાનાની વાત કરવી છે. સમય છે વિક્રમ સંવત્ ૧૫૨૦ થી ૧૫૨૨ ની આસપાસનો ! જોશ, જોમ, જુસ્સો અને જવાંમર્દીનો તે જમાનો હતો ! મોગલ સલ્તનતનો ભરડો પૂરેપૂરા હિન્દુસ્તાન ઉપર ફેલાઈ ચૂક્યો હતો. એક કાળરાત્રિ જેવો તે સમય હતો ! આવા સમયમાં પણ મારવાડ મહારાણા પ્રતાપની ઉજ્જવળ યશોગાથા ગાઈ રહ્યું હતું. દરેક હિન્દુરાજાઓ જ્યારે ઝૂકી રહ્યા હતા ત્યારે આ મારવાડની ધરતીના પનોતાપુત્ર અડીખમ ઊભા રહ્યા હતા. આપણે એ જ મારવાડની ધરતી પર સફર ખેડવી છે.

**મારવાડ**ના કેઈકેટલાય ગામોમાંનું એક ગામ – **વડગામ** ! નાનું પણ સમૃદ્ધ ગામ. કાળની થપાટો તો ઘણી લાગી ચૂકી હતી. છતાં 'ભાંગ્યું ભાંગ્યું તો ય ભરૂચ !' – આ ન્યાયે તે પોતાની અસ્મિતા ટકાવવા મહદંશે સફળ થયું હતું. ગામમાં **શાહ ગંગરાજ** નામે એક શાહુકાર વસે. **ગંગાદેવી** નામની પત્ની સાથે તેનો સંસાર સરકતો હતો. ઉભયનો પણ કાળ ઉપદ્રવ રહિત પસાર થઈ રહ્યો હતો. સંતોષી અને એટલે જ સુખી એવા તે યુગલના જીવનમાં સુખ અને સંતોષને વધારનારો એક પ્રસંગ બન્યો.

**કારતક સુદ પૂનમ**નો એ મંગલ દિવસ ! દ્રાવિડ વારિખિલ્લનો મોક્ષગમનનો દિવસ ! ૧૦ કરોડની મુક્તિનો ધન્ય દિન ! વાતાવરણ ખુશનુમા હતું. શુભ વેળા અને શુભ અવસરે **ગંગાદેવીએ શુભસ્વપ્નોથી સૂચિત એક પુત્રરત્નને જન્મ આપ્યો.**

ઠેર-ઠેર આનંદ છવાઈ ગયો ! ગામ નાનકડું હતું. દરેકને કુટુંબીજન જેવો પરસ્પર સ્નેહ હતો. એટલે જાણે કે પોતાના ઘરે જ પુત્ર ન જન્મ્યો હોય ? તે રીતે આખા ગામમાં મહોત્સવનું વાતાવરણ પ્રવર્તતું હતું.

'અલી ! તે સાંભળ્યું ? ગંગરાજ શેઠને ત્યાં દીકરો જન્મ્યો છે ? શું રૂપ છે ? વાત જ ન થાય ?' – બસ, ઠેર ઠેર ગામમાં આવા સંવાદો સર્જાયે રાખે છે અને વધુ ને વધુ માણસો પુત્રના મુખને નિહાળવા ગંગરાજ શેઠના આંગણે આવી રહ્યા છે. જ્યારે પુત્રના મુખડાને ગ્રામવાસીઓ જુવે છે ત્યારે આશ્ચર્યચકિત થયા વિના તે રહી શકતા નથી. અદ્ભુત, અલૌકિક, અદ્વિતીય

લાવણ્યથી છલકાતું મુખડું સહુને આનંદદાયી બનતું હતું !

દિવસો વીતી રહ્યા છે. નાનો બાળક પોતાની કાલી-કાલી ભાષાથી આખા ગામને પ્રિય થઈ પડ્યો છે. લોકો પોતાને ઘેર રમાડવા લઈ જાય છે. બહારનો માણસ સમજી ન શકે કે આ છોકરો છે કોનો ! **દરેકના હૃદયમાં વસી ચૂકેલા તે છોકરાનું નામ પાડવામાં આવ્યું - હાર્દકુમાર !**

હાર્દકુમાર ધીરે ધીરે મોટો થઈ રહ્યો છે. માતા-પિતાના સંસ્કાર મેળવી હવે ગુરુકુળમાં જવાનો સમય આવી ચૂક્યો છે. તેથી માતા-પિતાએ ગુરુની નિશ્રામાં હાર્દકુમારને ભણવા પણ મૂકી દીધો. અતિતીવ્રમેધાવી હોવાથી શીઘ્રતયા સર્વવિદ્યાને ભણી ગુરુને પણ હાર્દકુમાર પ્રિય થઈ પડ્યો, હૃદયમાં વસી ગયો. જેમ-જેમ હાર્દકુમાર મોટો થતો જાય છે તેમ-તેમ તેની વિચારધારા, વલણ અને વર્તન જોઈ મા-બાપ ચિંતાતુર બને છે. ગામમાં નાનકડું જિનાલય અને પાસે ઉપાશ્રય હતો. રોજ જિનાલય જવાના સંસ્કાર તો બાળપણથી જ સિંચાઈ ગયા હતા.

પણ, માતા-પિતાની કલ્પના બહાર તેનો ધર્મ પ્રત્યેનો લગાવ વધી રહ્યો હતો. આ બાળક **સંસાર તરફ નહીં સંયમ તરફ વિશેષ આકર્ષણ ધરાવતો હતો. પદાર્થોથી નહીં પરમાત્માથી આ બાળક આવર્જિત હતો. દુકાન નહીં પણ દેરાસર આ બાળકને મનગમતું હતું.** તેની સંયમ તરફી વિચારધારાને વિચારવલોણામાં ફેરવી નાંખનાર, વૈરાગ્યના સ્રોતને વધુ વેગવંત બનાવનાર એક પ્રસંગ બની ગયો. નાનકડા ગામમાં, વિચરતા વિચરતા **આચાર્ય ભગવંતશ્રી સુમતિસૂરિ**ના પગલા પડ્યા. સમાચાર વાયુવેગે આસપાસના બધા ગામોમાં ફેલાઈ ગયા.

જ્યાં મુનિના દર્શન પણ દુર્લભ ત્યાં આચાર્ય મ.સા.ના પધરામણા ચમત્કાર જ હતા. અથવા તો હાર્દકુમારનું ભાગ્ય જ આચાર્ય મ.સા. ને વડગામ સુધી ખેંચી લાવ્યું હતું.

આખું ગામ અને આજુબાજુના ગામડાઓની જૈન તથા ધર્મપ્રિય જૈનેતર જનતા પણ ઉમટી પડી. આપણા હાર્દકુમારની તો વાત જ ન કરો !

ચન્દ્રને જોતા જ દરિયામાં ભરતી આવે ! જ્યારે અહીં તો ચંદ્રને જોયા

વિના હાર્દકુમાર પ્રસન્નતાની ભરતીમાં મહાલી રહ્યા છે. અત્યંત સુપ્રસન્ન હાર્દકુમાર પણ આચાર્ય ભગવંતના દર્શને નીકળી પડ્યા. પ્રવચન માટે શ્રોતાગણ આવી ચૂક્યો હતો. યોગ્ય સ્થળે હાર્દકુમારે પણ જગ્યા લઈ લીધી. હકડેઠઠ મેદની હતી. સમય થતા આચાર્ય મ.સા. પધાર્યા. અને આચાર્ય મ.સા.ના દર્શને જ હાર્દકુમારના હૃદયના તાર ઝણઝણવા માંડ્યા. પૂર્વનો કોઈ ઋણાનુબંધ ન હોય ? તેમ તેમના દર્શને જ હાર્દકુમારના મનમાં થયું - જીવન સોંપવું તો આમના ચરણે.

મંગલાચરણ બાદ પ્રવચન શરૂ થયું. મધમીઠી વૈરાગ્યવાણીમાં શ્રોતાગણો ભીંજાઈ ગયા. હાર્દકુમાર પણ કાંઈક અલગ જ દુનિયામાં પહોંચી ગયો. હવે સંસાર તેમને અળખામણો લાગવા માંડ્યો. **હૃદયમાં જન્મેલી વૈરાગ્યની મીઠી વીરડી, વીરડીમાંથી ઝરણું બની ગઈ. પ્રવચન પૂરું થતાં તો ઝરણામાંથી ઝરો, ઝરામાંથી નદી, નદીમાંથી વૈરાગ્યનો મહાસાગર હાર્દકુમારના હૃદયમાં હિલોળા લઈ રહ્યો છે.**

અંતરથી હવે સંસાર તેને અકારો લાગે છે, અળખામણો લાગે છે, અપ્રિય ભાસે છે. પ્રવચન પૂરું થઈ ગયું. ઉપાશ્રયમાં ગુરુ મહારાજ સાહેબને તથા અન્ય ભગવંતને વંદન કરી ઘર તરફ જવા હાર્દકુમાર પગ માંડે છે. ગુરુ મ.સા.ની દૃષ્ટિ પણ આ બાળક ઉપર પડી ચૂકી છે. તપાસ કરતા ખબર પડી કે આ તો શા. ગંગરાજનો સુપુત્ર હાર્દકુમાર છે.

**આચાર્ય મ.સા. પામી ગયા કે આ તો ઝળહળતો હીરો છે: ઉત્તમ વંશ, ઉત્કૃષ્ટ સંસ્કાર, ઉચ્ચ લાયકાત - આ બધું જ તેના મુખ ઉપર તરવરી રહ્યું હતું.** આ બાજુ હાર્દકુમાર ઘરે પહોંચતા સુધી નિશ્ચય કરી લે છે, હવે આ સંસારમાં રહેવું નથી ! યોગ્ય સમયે તે જ દિવસે હાર્દકુમારે પોતાની માંગણી મૂકી જ દીધી. કાકલૂદીપૂર્ણ સ્વરે માતા-પિતાને વિનંતી કરી, હે પૂજ્યો ! **મારા સુખને, મારી પ્રસન્નતાને, મારા આનંદને આપ ઈચ્છતા હો તો મને રજા આપો ! આ સંસાર મને દઝાડે છે. હું અહીં નહીં રહી શકું.**

ઉત્કટ વૈરાગ્યને કારણે અંતરથી નીકળેલા શબ્દો માતા-પિતાના હૃદયને પણ ભેદી ગયા. છતાં એક આનંદ પણ હતો. અમારો લાલ આખા જગતનો

તારણહાર બનશે. ગુરુ મ.સા.એ તો દીકરાની યોગ્યતા જોઈ જ લીધી હતી. એટલે આગળ-પાછળ બીજું કાંઈ વિચારવાને અવકાશ ન હતો. ઘરના સ્વજનો આનાકાની કરતા હતા કે આટલા નાના છોકરાને શું સમજણ પડે ?' પણ, માતા-પિતાની મક્કમતા તથા તે બાળકનું પ્રભાવશાળી મુખ અને પૂર્ણ વૈરાગ્ય જોઈ સ્વજનોનો વિરોધ પણ શમવા લાગ્યો. આખરે શુભ મૂહુર્તે અને શુભ અવસરે અશ્રુપૂર્ણ આંખે અને આનંદપૂર્ણ હૈયે અંતરના ભાવથી પોતાના હૈયાના હાર જેવા લાલને **સં. ૧૫૨૮ માં આચાર્ય ભગવંત લક્ષ્મીસાગરસૂરિના વરદ હસ્તે દીક્ષા અપાવી.**

નાના એવા સંઘમાં સર્વપ્રથમવાર દીક્ષા, એમાં પણ આખા ગામના લાડકા એવા હાર્દકુમારની દીક્ષા એટલે સંઘનો ઉત્સાહ, ઉમંગ અને ઉલ્લાસ અમાપ હતો. અત્યંત ધામધૂમપૂર્વક વિશાળ જનમેદની વચ્ચે ભવ્ય દીક્ષા સંપન્ન થઈ. **હાર્દકુમાર આચાર્યભગવંત સુમતિસૂરિના શિષ્ય 'મુનિ હેમધર્મ' તરીકે પ્રસિદ્ધ થયા.**

કાળના વહેણની સાથે-સાથે ઘટનાઓ વીતી ગઈ. ક્યાં થોડા વર્ષો પહેલાનો રમતિયાળ-નટખટીયો સહુનો લાડલો બાળ હાર્દ અને ક્યાં આજના ધીર, ગંભીર, જીવરક્ષક મુનિ હેમધર્મ ! સમય અટકાવ્યો અટકાવી શકાતો નથી. પણ, મુનિ હેમધર્મ મ.સા.નો તો હવે 'ગોલ્ડન પીરીયડ' શરૂ થયો. ખાણમાંથી હીરો ઝવેરીના હાથમાં પહોંચી ગયો હતો. એટલે જ ઝળહળતા જવાહરનું સર્જન નિશ્ચિત થઈ ચૂક્યું હતું. થોડા વર્ષોમાં તો ખરેખર તે ઝળહળાટ દેખાવા માંડ્યો. સુવિશુદ્ધ સંયમ અને સુંદર સ્વભાવ, ઉત્કટ વૈરાગ્ય અને ઉત્કૃષ્ટ પુણ્ય, પૂર્ણ જ્ઞાન અને પવિત્ર ચારિત્ર વગેરે ગુણો જોઈ ગુરુએ પોતાના પ્રિય શિષ્યની કદર કરવાનું નિશ્ચિત કર્યું. અને **સં. ૧૫૪૮ પંચલાસ (પંચાસર) ગામમાં તેઓશ્રીને આચાર્યપદ અર્પણ કર્યું. તેઓ 'આચાર્ય હેમવિમલસૂરિ' તરીકે ઉદ્‌ઘોષિત થયા.**

સમય વીતી રહ્યો છે. હીરો તો ઝળહળાટવાળો થઈ ચૂક્યો છે. એક પછી એક ચઢતી કક્ષા થયા બાદ હવે પૂરબહારમાં ઉઘાડ થઈ ચૂક્યો હતો. ગુરુ મ.સા.ની નજર બહાર આ ઉઘાડ રહી જાય તેવું તો કેમ બને ? પોતાની

વૃદ્ધાવસ્થા પણ આવી રહી હતી, એટલે પરિપૂર્ણ યોગ્યતા જોઈ આચાર્ય ભગવંતે **સં. ૧૫૫૧ માં ઈડર મુકામે તેઓશ્રીને 'ગચ્છનાયક' પદવી અર્પણ કરી** !

હવે તેઓ **'ગચ્છાધિપતિ શ્રીહેમવિમલ સૂરિ'** તરીકે જગપ્રસિદ્ધ થયા. પ્રકૃષ્ટ પુણ્ય પ્રભાવે જ્યાં જ્યાં તેમના પગલા થયા ત્યાં ત્યાં ધર્મની સરવાણી ફૂટી નીકળી. તેમની પ્રવચનધારામાં ઝીલી લોકો ટપોટપ સંસાર છોડી સંયમ ગ્રહણ કરવા માંડ્યા, **જેનો આંકડો ૫૦૦ ના મેજિક ફિગરે પહોંચવાનો હતો. ૧૮૦૦ સાધુઓનો પરિવાર ધરાવનારા** આ આચાર્ય મ.સા.ને પણ જાણ ન હતી કે ભાવીના ગર્ભમાં શું પડેલું છે ? આવા પ્રબળ પુણ્યના સ્વામીની પણ મોગલ સલ્તનત કેવી ક્રૂર મજાક કરવાની હતી !

મહાવીર મહારાજાની **૫૫મી** પાટને શોભાવનારા આ આચાર્ય મ.સા. ઉપર આફત ઝળુંબી રહી હતી ! અલબત્ત ! આફતના સમયે આચાર્ય ભગવંતના જોશ અને જવાંમર્દી ઝળકી ઉઠવાના હતા.

તેની પૂર્વભૂમિકા આ રીતે રચાઈ :- **વિક્રમ સંવત ૧૫૭૨ની સાલ** ! આચાર્ય ભગવંત ઈડરથી વિહાર કરી, ખંભાત પધારી રહ્યા હતા. ઠેર-ઠેર સામૈયા-સ્વાગતયાત્રા દ્વારા ગચ્છાધિપતિને જનસૈલાબ અંતરના ઉમળકાથી વધાવી રહ્યો હતો. આચાર્ય મ.સા.ની યાત્રા નિર્વિઘ્ન રીતે ધીરે-ધીરે આગળ વધી રહી હતા. ૨-૩ દિવસ પછી આચાર્ય ભગવંતનો મુકામ કપડવંજમાં થવાનો હતો. આ બાજુ **કપડવંજ નિવાસી શ્રેષ્ઠી દોશી આણંદજી** આચાર્ય ભગવંતના અનન્ય ભક્ત ! એમાં પણ ગચ્છાધિપતિપદ મેળવ્યા બાદ સર્વપ્રથમવાર કપડવંજમાં પોતાના તારણહાર ગુરુ મ.સા. પધારી રહ્યાં છે - એ સમાચાર મળતા જ તે શેઠ આનંદના હિલોળે ચઢ્યા. સકલ સંઘમાં પણ ઘરે-ઘરે આનંદ અમાપ-સમાપ છે !

પોતાના વહાલા ગુરુદેવને વધાવવા સહુ થનગની ઉઠ્યા છે ! **દોશી આણંદજીએ બાદશાહી ઠાઠ સાથે આચાર્ય ભગવંતનું સ્વાગત કરી પોતાની સંપત્તિ સાર્થક કરવાનું નક્કી કરી દીધું.** તે સાથે જ આરંભાઈ ગઈ બાદશાહી સ્વાગતયાત્રાની તૈયારીઓ. આખું નગર જાણે સોળે શણગારે સજાવાઈ ગયું.



[ કપડવંજમાં પૂજ્ય આચાર્ય ભગવંતનું ભવ્ય સામૈયું... ]

આસોપાલવના તોરણીયાથી ઘર-ઘર શોભી ઉઠ્યા ! મધુર સંગીતની સાથે અને હાથી-ઘોડા-રથના મહેરામણ સાથે બાદશાહી સવારીની તૈયારી થઈ ગઈ.

આખરે એ ધન્ય દિવસ આવી ગયો. મુકરર સમયે આચાર્ય મ.સા.ના પધરામણા થઈ ગયા. સામૈયું શરૂ થયું ! આચાર્ય મ.સા.ના દર્શન માટે જૈન-જૈનેતર સહિત આખું ગામ ઉમટ્યું છે ! આજુ-બાજુના ગામોમાં પણ સમાચાર ફેલાતા આખું કપડવંજ માણસોના મહાસાગરમાં ફેરવાઈ ગયું છે. બાદશાહી સ્વાગતયાત્રા જોઈ આવેલા અજૈનો પણ ફીદા થઈ જાય છે - વાહ ! શું શેઠની ઉદારતા !

શેઠે પણ પૈસાને પાણીની જેમ વાપરી લખલૂંટ પુણ્ય ઉપાર્જી લીધું. **આચાર્ય મ.સા. તો શાંતભાવે, સ્થિર ભાવે તદ્દન અલિપ્તતાથી સામૈયામાં સામેલ થઈ ગયા છે !** સામૈયું તો નિયત રસ્તે ફરી જબ્બર શાસનપ્રભાવના કરી રહ્યું છે. પણ, વિધાતાના લેખને કોણ વાંચી શકે ? કે આ રજવાડી સામૈયું જ આચાર્ય મ.સા. ઉપર ગંભીર આફત નોંતરી લાવવાનું છે ! અત્યારે જે તેમના માટે સૌભાગ્ય લાગે છે તે દુર્ભાગ્યમાં ફેરવાઈ જવાનું છે ? ઠાઠ તો ખરેખર બાદશાહને પણ ઈર્ષ્યા કરાવે એવો હતો અને ખરેખર ઘાટ પણ એવો ઘડાયો કે સ્વાગતયાત્રાના સમાચાર જાણી બાદશાહ ઈર્ષ્યામાં બળવા માંડ્યો. તે સાથે જ આચાર્ય ભગવંત ઉપર આપત્તિના ઓળા ઉતરી પડ્યા !

✺



# જુવાળ ૨

## મલિક કહે છે...

અવકાશમાં બેસુમાર ગતિએ પ્રવાસ ખેડતા સેટેલાઈટને ટકરાતો નાનો પથરો પણ તેને ચકનાચૂર કરી દેવા સમર્થ છે. કારણ ? પથરાનો વેગ બેસુમાર હોય છે ! ભરદરીયે પ્રવાસ ખેડતી વિરાટ સ્ટીમરને પણ તેમાં ભરાતું પાણી ડૂબાડી દેવા સક્ષમ છે. કારણ ? પાણીનું વજન બેહદ વર્તાય છે. કંઈક આવું જ ફળ, આવો જ વિપાક આપી શકવા સમર્થ છે પૈશુન્ય !

ભગવદ્‌ભક્તિ કે કરોડોના દાન દ્વારા અત્યંત ઝડપ મેળવી મોક્ષમાર્ગે પ્રયાણ કરી દીધા બાદ પણ ટકરાતો પૈશુન્યનો પથરો આપણી યાત્રાને ત્યાં ને ત્યાં પૂરી કરી દેવા સક્ષમ છે ! ભવસાગરમાંથી પાર ઉતારતું આપણું જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનાઓનું જાજરમાન જહાજ પરનિંદાના કાણા વાટે પ્રવેશતા પાણી દ્વારા તળીયે પહોંચી જાય તે બહુ દૂરની વાત નથી હોતી ! કારણ કે, પૈશુન્યમાં આવેગ છે ! પૈશુન્ય ભારેખમ છે !

સબૂર ! જરા ધ્યાનથી આત્મનિરીક્ષણ કરી લેજો, ક્યાંક ને ક્યાંક હૃદયના કે મગજના કોઈક અજ્ઞાત ખૂણે પણ શું પૈશુન્યે, પરનિંદાએ કે પરદોષદર્શને અડ્ડો તો નથી જમાવી દીધો ને !

ગટરના ઢાંકણાને ઉઘાડવાની મૂર્ખામી કદી ન કરનાર, અરે ! ઉઘાડનારને

પણ અટકાવનાર આજનો માનવી જ્યારે બિન્ધાસ્ત રીતે પરનિંદાના માધ્યમે બીજાની ગટરના ઢાંકણા ઉઘાડે છે ત્યારે ખરેખર સ્તબ્ધ થઈ જવાય છે !

ઉકરડા પ્રત્યે ભારોભાર સૂગ ધરાવનાર માણસ શા માટે બીજાના દોષના ઉકરડાને બેધડક ચૂંથવાની વિચિત્રતા દાખવતો હશે ?

વિષ્ટાના દર્શને પણ ઉબકી જનારો માનવ શા માટે પરદોષદર્શન દ્વારા પોતાની ભૂંડવૃત્તિને પોષી રહ્યો હશે ?

યાદ રહે ! **આંબેલ-એકાસણા એ આંખના સ્થાનમાં છે તો ગુણાનુરાગ દ્રષ્ટિના સ્થાને છે. ભગવદ્‌ભક્તિ જો હૃદયના સ્થાને છે તો તે હૃદયનો ધબકાર ગુણાનુવાદ છે. દાન ધર્મ જો લોહીની જગ્યાએ ગોઠવાયેલ છે તો ગુણદર્શન લોહીને વહેતું રાખનાર, યોગ્ય સ્થાને પહોંચાડનાર 'વેન'ના મતલબ કે નસના સ્થાનમાં છે !** દ્રષ્ટિ વિનાની આંખ શું કામની ? ધબકાર વિનાનું હૃદય શું કામનું ? નસ વિનાનું લોહી શું કામનું ?

ઓ માનવ ! શું તારી કલ્પનામાં પણ આવે છે કે – પૈશુન્યના પાપે ગચ્છાધિપતિ જેવા ગચ્છાધિપતિને પણ શી શી પીડાઓ ભોગવવી પડી ?

પરનિંદાના પાપે જૈનશાસનના મહારાજાની, મહાવીર મહારાજાની ૫૫મી પાટને શોભાવનારની શી અવહેલના થઈ ?

પરદોષદર્શનના પાપે કેટલાય બાળકોના મોઢાના દૂધ ઝૂંટવાઈ ગયા ? અને તે બાળકોના રુદને ઈતિહાસના પાને પાના ભીના-ભીના કરી દીધા !

તો વાંચો હવેની વાત, કદાચ કોઈક હૃદયના ખૂણામાં સંકલ્પ પ્રગટી જાય કે **ગુણાનુવાદ ભલે હું ન કેળવી શકું, પણ પરનિંદાના ઉકરડા ચૂંથવાનું તો હવે બંધ જ કરી દેવું છે !** અલૌકિક, ઐતિહાસિક, અદ્‌ભુત સામૈયું જિનશાસનની જ્વલંત પ્રભાવના કરતું, **દોશી આણંદજી** શેઠની હૃદયની ઉદારતાને, ગુરુભક્તિને આગવી રીતે ખુલ્લી કરતું – પ્રગટ કરતું, નગરજનોની આનંદભરી નજરે જોવાતું જોવાતું આગળ વધી રહ્યું હતું.

માણસોની હઠે સામૈયાની ગતિ અત્યંત મંદ કરી નાંખી હતી ! લોકો મનમૂકીને નાચી રહ્યાં હતા. મધુર સૂરાવલિઓ વાતાવરણને ધ્વનિમય, નાદમય બનાવી રહી હતી.

અનેક નજરોની મીટ આ સામૈયા ઉપર અને એમાં પણ સામૈયાના હાર્દ સમા **આચાર્ય દેવેશ શ્રીમદ્ હેમવિમલસૂરીશ્વરજી મહારાજા** ઉપર મંડાયેલી હતી. એ નજરોમાં ક્યાંકથી અમૃત ઝરતું હતું તો ક્યાંક અહોભાવ ઉછળતો હતો ! ક્યાંક આનંદ નીતરતો હતો તો ક્યાંક આશ્ચર્ય ઝલકતું હતું.

આ અનેક આંખોમાંથી બે આંખ એવી પણ મંડાયેલી હતી જેની આંખમાં અમૃત, અહોભાવ, આનંદ અને આશ્ચર્ય નહીં, પણ વિષ ટપકતું હતું ! ઝેર ડોકાઈ રહ્યું હતું ! કદાચ આ જ બે આંખો અંગારાનું કામ કરી દાવાનળ પેટાવનાર હતી !

એ આંખો હતી મલિક નામના વિધર્મી માણસની ! તે અંદરથી બળી રહ્યો હતો. પ્રજ્વળી રહ્યો હતો. અને એ જ દાહની લાલાશ તેની આંખોમાં પણ ડોકા દેતી હતી ! તેના મનમાં ચિંતાની આગ પેટાઈ ચૂકી હતી !

"અહાહા ! આટલી સંપત્તિ ! જો નાનકડા શહેરનો એક શેઠિયો પોતાના ગુરુની પાછળ આટલી સંપત્તિનો વ્યય કરી શકતો હોય તો સુરત, અમદાવાદના મોટા-મોટા શેઠિયાઓની તો શું વાત કરવી ? તેમની તાકાત શી ?

આટલા પૈસાના જોરે તો આ વાણિયાઓ બાદશાહને પણ ખરીદી લે ! અરે આખું નવું સૈન્ય પણ ઊભું કરી શકે ! પોતાના ધર્મગુરુ પધાર્યાની ખુશાલીમાં જો આ લોકો આટ-આટલી સંપત્તિનો વ્યય કરી શકતા હોય તો આ લોકો પાસે સંપત્તિ હશે કેટલી ?

વાણિયાઓએ જો ખરેખર સૈન્ય બનાવી લીધું હશે તો ? હવે થશે શું ? બાદશાહ તો ચપટીમાં રોળાઈ જશે !

અરે ! આખે આખા બાદશાહના સૈન્યને ફોડી શકે એટલી સંપત્તિ આ લોકો પાસે હશે ! આ તો એક શેઠિયો છે ! આવા તો કેટલાંય હશે ? ના ! મારે કંઈક તો કરવું જ રહ્યું !

અમે અહીં મજૂરી કરીને તૂટી જઈએ છીએ ને આ વાણિયો શેઠ બનીને આટલી સંપત્તિ મેળવી જાય ?"

"બરહાન !"



[ મલિક અને બરહાનની ગુફ્તેગુ ]

"જી."

એક વ્યક્તિ તરત જ મલિક પાસે આવીને ઊભી રહી ગઈ. સમજી શકાય કે આ વ્યક્તિનું નામ જ બરહાન હશે ! આમ દેખાતો હતો મિત્ર જેવો પણ કદાચ મલિકના ઉપકાર હેઠળ દબાયેલો લાગતો હતો !

મલિકનો વૈભવ પણ ઠીક ઠીક હતો. શહેરમાં ધનવાન માણસોમાં તેની ગણના થતી હતી અને ખાસ તો બાદશાહ સાથેના તેના સંબંધો સારા કહી શકાય તેવા હતાં ! પણ તે આણંદજી શેઠનો આ વૈભવ જોઈ ન શક્યો, ઉકળી ઊઠ્યો !

"બરહાન ! આ તે જોયું ?"

"હા મલિક ! મને તો એ જ નથી સમજાતું કે આવી નાની બાબતમાં આટ-આટલી સંપત્તિ ખરચતા આ શેઠિયાનો જીવ કેમ ચાલતો હશે ?"

"અલ્યા ! તે વાત મૂક બાજુમાં, પણ જો આટલી સંપત્તિ એ ખરચી શકતો હશે તો એની પાસે સંપત્તિ હશે કેટલી ?"

"હા, એ વાત તારી સાચી ! કદાચ સંપત્તિ ગણી ન ગણાય એટલી હશે ! મેં તો સાંભળ્યું છે કે આ વાણિયાઓ વેપારના મહારાજા છે. દેશ-દેશાવરમાં આ લોકો પોતાનો વેપાર ફેલાવે છે !

આમ તો કીડીને મારતા પણ આ લોકોની છાતી ન ચાલે. પણ, કરોડો રૂપિયાના જોખમ સાથે વેપાર ખેડવામાં આ લોકોની મિસાલ ન જડે."

"ચૂપ ! મેં તને વાણિયાના વખાણ કરવા નથી બોલાવ્યો !

તને કંઈ ખ્યાલ આવે છે કે આટ-આટલી સંપત્તિ ! એનો મતલબ કે રાજ પણ આ લોકોના ઈશારે જ ચાલશે !

જો ! લોકો પણ તે શેઠ ઉપર કેટલા ફીદા-ફીદા થઈ ગયા છે !

કેટલા વખાણ કરે છે શેઠના !

બરહાન ! જો આમને આમ ચાલે રાખશે, આપણે કોઈ પગલા નહીં લઈએ તો આપણે નામશેષ થઈ જઈશું !"

"પણ ! આમાં આપણને અને વાણિયાને શું લાગેવળગે ? આપણને એ લોકો શાંતિથી રાજ તો કરવા જ દે છે ને ! સાંભળ્યા મુજબ કરચોરી કરતા પણ તે લોકો ક્યારેય પકડાયા નથી !"

"મૂરખ ! થોડું વિચાર ! આ તો કપડવંજ જેવા એક નાના ગામનો શેઠિયો. આવા તો કેટકેટલાય શેઠિયાઓ વાણિયાના હશે !

એ બધાં લોકોની સંપત્તિનો આંક ક્યાંનો ક્યાં પહોંચે ? તે વિચાર !

આ લોકોના ધર્મગુરુ, જે સામૈયાની વચ્ચોવચ્ચ ચાલ્યા જાય છે તેમને જો, વ્યવસ્થિત જો ! કેવા દિવ્યતેજધારી છે ? કેવું એમનું અનૂઠું વ્યક્તિત્વ છે ! આટઆટલા માનપાન મળવા છતા એમના મોંઢા ઉપર કોઈ હરખ નથી દેખાતો ! અત્યાર સુધી મેં ઘણાય વાણિયાઓના ગુરુ જોયા છે. પણ એ તો મંદીરમાં જ પડ્યા રહેતા હતા ! આ વ્યક્તિ કોઈ નિરાળી લાગે છે ! એમનો પ્રભાવ તો જો ! તેમનાથી લોકો કેવા આકર્ષિત અને આવર્જિત થાય છે !"

એમ બોલતા બોલતા મલિક નિર્નિમેષ દ્રષ્ટિએ એ આચાર્ય ભગવંતને

નીરખવા લાગ્યો ! કંઈક વ્યાકુળતાથી થોડી વાર બાદ ખંડમાં આંટા મારવા લાગ્યો અને પુનઃ પોતાની ચિંતાનો ઉભરો ઠાલવતા તે બોલ્યો ''બરહાન ! આવા દૈવી પુરુષનું જો નેતૃત્વ આ વાણિયાઓને મળી ગયું તો પછી, વિચાર, શું થાય ?''

''શું થાય ? મલિક !''

''અરે ! થોડું તો વિચાર ! અત્યાર સુધી જુદા-જુદા રહેલા એ શેઠિયાઓ આ પુરુષના છત્ર નીચે એક થઈ જાય. છૂટી છૂટી પડેલી લાકડીઓ તોડી શકાય છે, પણ તે એકઠી થઈ ગઈ પછી તેને તોડવી મુશ્કેલ અને કદાચ અશક્ય બની જાય છે. પાછા આ લોકો જો ભેગા થયા તો સંપત્તિ અને સમજણનું પીઠબળ આ લોકો પાસે એવું છે કે તલવાર વિના જ આપણે જન્નતનશીન થઈ જવું પડશે ! આપણું આખે આખું સૈન્ય ખરીદાઈ જશે ! અને એમાંય આપણું ઘણું ખરું સૈન્ય હિન્દુઓનું કે વટલાયેલા મુસલમાનોનું જ તો બનેલું છે ! પછી તો એ લોકોને ફોડવા માટે શેઠીયાઓને વાર કેટલી લાગવાની ? અધૂરામાં પૂરું, બાદશાહ પણ અત્યારે આ લોકો પર ખુશ છે ! રાજ્યનો વધારેમાં વધારે કર આ લોકો જ ભરે છે ! વળી, અવસરે જાત-જાતની ભેટો પણ બાદશાહને ધરે છે ! પાછી ભેટો પણ બધી બેશકિંમતી. મને તો હવે આમાં પણ આ વાણિયાઓની કોઈ ચાલ જ દેખાય છે !

કદાચ બાદશાહને વિશ્વાસમાં કે વશમાં લેવા તો આ ભેટસોગાદોનું તરકટ આ લોકો નહીં ચલાવતા હોય ને ? ન કરે ખુદા કે મારી આ કલ્પનાઓ સાચી પડે. પણ યાદ રાખજે બરહાન ! જો વાણિયાઓ ખરેખર આવું જ કરતા હશે તો પહેરેલ કપડે ભાગવાના આપણા દિવસો આવશે !''

''પણ, મલિક ! આપણે કરી પણ શું શકીએ ? બાદશાહ બેઠો છે અમદાવાદમાં. એને આપણે સમાચાર આપીએ તો પણ કોઈ વાંક-ગુના વગર એ આ લોકોને કરી પણ શું શકશે ? પાછા આ લોકો પૈસાના જોરે એટલા મજબૂત છે કે બાદશાહ આ લોકોની સામે પગલા લેતા હજારવાર વિચાર કરશે ! આ લોકો જો અહીંથી ચાલ્યા જાય તો તો આખા વેપાર ધંધાના યંત્રો જ ખોટકાઈ જાય ! અને યાદ રાખ ! આ તો મહાજનના માણસો

કહેવાય. મહાજન એટલે તો લોકોના દિલના દેવ ! આપણા બાદશાહ કરતા મહાજનનું લોકો વધારે માનશે ! પ્રજાના સંયુક્ત બળ સામે બાદશાહ ક્યાં સુધી ટકી શકવાનાં ? અરે ! મહાજન જો સંયુક્ત થઈ ગામમાં હડતાલ પડાવશે તો ઉલમાંથી ચૂલમાં પડશું ! બધો વેપાર-ધંધો બંધ થઈ જશે. મલિક ! તને પણ પારાવાર નુકસાન જશે ધંધામાં !

જો લોકોને ખબર પડશે કે આની પાછળ આપણા બેનો હાથ છે તો આ પ્રજા વીફરશે અને આપણા બન્નેનું ઘર-બાર-દુકાન-ધંધો બધું વેર-વિખેર કરી નાંખશે ! ખેદાન-મેદાન કરી નાંખશે ! મોઢા પર કાળી મેંશ લગાવી આખા ગામમાં ફેરવશે, આખું ગામ આપણી ઉપર થૂંકશે ! આખું ગામ આપણી પર ફીટકાર વરસાવશે. પથરા મારી-મારીને આપણું કાસળ કાઢી નાંખશે. મલિક ! આવા કૂતરાના મોતે મરવાનું આવે તેના કરતા બેહતર છે કે જીવતા જ આપણે આ દેશ છોડી દઈએ ! આ ગામ વીફરશે અને તારી-મારી બદનામી જ્યારે થતી હશે ત્યારે આવી રહ્યો તારો બાદશાહ કે બાદશાહનું સૈન્ય ! માટે કહું છું આ બધું વિચારવું રહેવા દે ! આ લોકો શાંત છે ત્યાં સુધી તો શાંતિ ! પછી જોયું જશે !''

''ના બરહાન ! હરગીઝ નહીં ! શું આપણા પૂર્વજોએ મહામહેનતે ફેલાવેલા આ સામ્રાજ્યને તારે અસ્ત થવા દેવું છે ? શત્રુને ઉગતો જ ડામવો જોઈએ એ વાત તું શા માટે ભૂલી જાય છે ? જો આ લોકોને આપણે ઉગતા જ ડામી દઈશું તો પછી યાદ રાખજે ! આપણા સામ્રાજ્યની ઈમારતની કાંકરી પણ કોઈ ખેરવી નહીં શકે ! પછી તો સત્તાની રુએ વેપારમાં પણ આપણો એકાધિકાર થઈ જશે ! તું ને હું કરોડો રૂપિયા કમાઈશું. આ શેઠિયા કરતા પણ અપરંપાર સંપત્તિના આપણે માલિક હશું. બરહાન ! આપણે મઝેથી લીલાલહેર કરીશું.''

ઈર્ષ્યા-લોભ-સત્તાલાલસા-ક્રોધ વગેરેએ ભેગા થઈ મલિક ઉપર બરાબરનો કબજો જમાવ્યો હતો !

''પણ મલિક ! વાસ્તવિકતા કંઈ જુદું તો નથી કહી રહીને ? કલ્પનાના તરંગોમાં તું વાસ્તવિકતાને શા માટે ભૂલી જાય છે ? **પોતાના દુશ્મનને નબળો**

**ધારી લેવો તે પરાજયનું પહેલું સોપાન છે !** ખાલી શૂરવીરતાની વાતોથી વાસ્તવિકતા તો બદલાઈ નથી જવાની ને !''

''બરહાન ! શું તું ભૂલી ગયો ? અફઘાનિસ્તાન બાજુના પશ્ચિમ એશિયામાં કઠોર જીવન ગાળતા આપણા પૂર્વજો માટે આ ભારત પણ એક કઠોર અને કરુણ વાસ્તવિકતા હતી. તેઓ ગરીબાઈમાં સેકાતા હતા અને આ ભારત પૂર્ણતયા સમૃદ્ધ હતું ! જ્યાં સાદા પંખીઓના દર્શન પણ દુર્લભ એવા રણપ્રદેશમાં જ્યારે આપણા પૂર્વજો રહેતા હતા ત્યારે આ ભારત સોનાની ચીડિયા કહેવાતું હતું ! દૂધની નદીઓ વહેતી હતી અહીંયા ! સંપત્તિનો સુમાર ન હતો. અરે ! સમ્રાટ ચંદ્રગુપ્ત, સમ્રાટ સંપત્તિ જેવા કેટલાય પરાક્રમીઓનું શાસન હતું આ દેશ પર ! એટલે આપણે આંખ ઊંચી કરીને આ દેશ સામે જોઈ પણ નહોતા શકતા.

આપણે તે વખતે માત્ર આ દેશની આશ્ચર્યજનક વાતો સાંભળી દુઃખી થવા સિવાય કશું કરી શકતા ન હતા. આપણને પેટપૂરતું ખાવાનું પણ માંડ મળતું હતું. હા ! આ જ એક કરુણ વાસ્તવિકતા હતી. પણ, આપણા પૂર્વજો આ વાસ્તવિકતાને વળગી ન રહ્યા. કિન્તુ સમયે સમયે આ વાસ્તવિકતાને બદલવા અથાક મહેનત કરતા રહ્યાં !

અહીંના લોકોની યાદવાસ્થળી અને આપણા પૂર્વજોની બહાદુરીને કારણે આખરે આપણે આ દેશના સમ્રાટ બન્યા ! આપણે પણ એવી જાહોજલાલીના ભોક્તા બન્યા કે જેના દર્શન પણ આપણા માટે દોહ્યલા હતાં ! આપણો ધર્મ પણ આ દેશમાં ફેલાવવામાં આપણે ઠીકઠીક સફળ થયા ! હવે શું આવા મનોહર વાતાવરણને છોડી રેગીસ્તાનની રેતી ફાંકવી છે ? સુંદર મજાની આવી ઠંડકભરી આબોહવાને છોડી શું તારે રેગીસ્તાનની આગમાં સેકાવું છે ? મીઠા મધુરા આ બધાં ફળો છોડી લૂખ્ખું સૂકું ખાવું છે ? યાદ રાખજે ! આવી પરિસ્થિતિને હું હરગીઝ ન સાંખી શકું ! ગમે તેટલી કઠોર વાસ્તવિકતાના વહેણને બદલવાની તાકાત આ સમશેરમાં છે !''

આ બોલતાની સાથે જ મલિકની પાણીદાર સમશેર મ્યાનમુક્ત બની ! એક તેજ લિસોટો બરહાનની આંખને આંજી ગયો અને મલિકની ત્રાડ તેના હૃદયને થથરાવી ગઈ !

મલિક આવેગમાં હતો, આવેશમાં હતો ! બરહાન પરિસ્થિતિનો ક્યાસ કાઢી શકતો હતો ! તે સમજતો હતો કે આ વાણિયાઓ સાથે પંગો પાડવો તે હાથે કરીને મુસીબત વહોરવા જેવું કામ હતું ! એટલે જ થોડી હિંમત એકઠી કરી બરહાન બોલ્યો – "મલિક ! તારી વાત સાચી. પણ એક વાત તો બતાવ કે આ લોકોમાં એવું તો તને શું લાગ્યું કે તું આ લોકોની સામે પડવા તૈયાર થઈ ગયો ? સંપત્તિ તો આ લોકો પાસે પહેલા પણ હતી, અને અત્યારે પણ છે ! છતાં આપણે આ લોકો ઉપર રાજ કરતાં જ આવ્યા છીએ ને ! કીડીને મારતા પણ ધ્રૂજતા એવા આ લોકો આપણું શું બગાડી લેવાના હતાં ? એક સંપત્તિ જ શું કરી લેવાની હતી ? સંપત્તિની સાથે-સાથે સૈનિકો પણ જોઈએ. સાહસવૃત્તિ પણ જોઈએ ! તે ક્યાંથી માની લીધું કે આ લોકો આપણી બેડીમાંથી છૂટવા થનગની રહ્યા છે ?" બરહાને મલિકને સમજાવવા થોડો દાવ બદલ્યો !

"બરહાન ! જો ! મારી તમામ ચિંતાઓનું મૂળ જો !" અને મલિકની આંગળી ખંજરની જેમ આચાર્ય ભગવંતની દિશામાં ભોંકાઈ ! બરહાનની નજર પણ એ દિશામાં મંડરાઈ, દિવ્ય પુરુષના દેહ સાથે ટકરાઈ ! મલિકની આંગળી અને બરહાનની આંખ એ જ વાણિયાના ધર્મગુરુ તરફ મંડાયેલા હતા. મલિક બોલ્યે જતો હતો : "બરહાન ! આ લોકોમાં એકતા ન હતી ત્યાં સુધી વાંધો ન હતો. સફળ નેતૃત્વનો અભાવ આ લોકોને નડતો હતો ! તે જ તે લોકોનો સાલતો હતો. પણ મને લાગે છે કે આ લોકોના ગુરુ હવે એ ખોટ પૂરી કરી દેશે. આ લોકો હવે અવશ્ય કંઈકને કંઈક નવાજૂની કરશે જ."

"મલિક ! કદાચ તું વધારે પડતો કાલ્પનિક બોજો તો મગજ પર નથી લઈ લેતો ને ? તે તું વિચારી લે ! કીડીથી માંડી નાનામાં નાના જીવજંતુને હેરાન પણ ન કરનાર, અહિંસાના પરમોપાસક આ લોકો, એમાં પણ એમના ધર્મગુરુ આપણું શું બગાડી લેવાના ? હરણના ટોળા જેવા ભોળા છે આ લોકો, ખાલી ભાગવામાં બહાદુર !"

"બરહાન ! જો આ લોકોના ધર્મગુરુના મોઢા ઉપર ધ્યાનથી જો ! આટ-આટલા માનપાન મળવા છતાં તે અંદરથી ઉદ્વિગ્ન દેખાય છે ને ! પરેશાન

દેખાય છે ને ! દુઃખી દેખાય છે ને ! મિત્ર ! હૃદયના ભાવો મુખ દ્વારા પ્રગટ થયા વિના રહેતા નથી. જો ! એમના મોઢા ઉપર ચિંતા દેખાય છે.

'હું જે ધરતી ઉપર ચાલી રહ્યો છું તે ધરતી મારા ભગવાનની મૂર્તિને તોડનાર વિધર્મી બાદશાહના કબજાની છે.' આ વાત જાણતો કયો ખમીરવંતો માણસ સુખી હોઈ શકે ? શાંત હોઈ શકે ? શું પોતાની તાકાત હોય તો તે પોતાના ભગવાનના મૂર્તિઓનો - મંદીરોનો ધ્વંસ કરનારની આજ્ઞામાં રહે ? તેના નેજા હેઠળ રહે ? કે બળવો અને વિદ્રોહ પેદા કરીને જ રહે ? અરે ! જીવ આપીને પણ આખરે તે બદલો લીધા વિના ન રહે. કંઈક એવો જ મરણિયો ભાવ, કેસરીયાનો ભાવ આમના મોઢા ઉપર દેખાઈ રહ્યો છે.

બરહાન ! તું આ લોકોની ખુમારીને ઓળખતો નથી. યાદ છે ને ધર્મ બદલવા કરતા ભવ બદલનારા ડગલે અને પગલે આપણને ભેટ્યા છે. કોઈ વિધર્મીને આલિંગન આપવા કરતા આગને આલિંગન આપી દેનારી નારીઓ પણ અહીં આપણને બેસુમાર મળી છે. આ લોકોની ખુમારી અને આ લોકોનું ખમીર જ્યાં સુધી ધરબાયેલું છે ત્યાં સુધી વાંધો નથી. પણ આ તો રાખથી ઢંકાયેલો અગ્નિ છે, સતત રાખ નીચે ધરબાયેલો રહે તેમાં જ આપણી સલામતી છે.

જ્યારે આવા ધર્મગુરુ જેવા રાખ ઉડાડનારા આવે ત્યારે આપણી ઊંઘ હરામ થઈ જાય તો તેમાં નવાઈ નથી. કારણ કે કોઈ ખમીર અને ખુમારી પ્રગટાવનારા નેતા આ લોકોને મળી ગયા અને જો તેઓ જાગી ગયા તો સમજી લે બરહાન ! આપણા દહાડા પૂરા થઈ ગયા. પણ, ના ! બરહાન ! પૂર્વજોએ આના માટે આટ-આટલા જાનનો ભોગ આપી આ રાજ્ય નથી ફેલાવ્યું. હું આવું નહીં થવા દઉં, હરગીઝ નહીં !''

ઉત્તેજનાના માર્યા મલિકે હવામાં જોરથી તલવાર ફેરવી ! ભયનું એક ઠંડું લખલખું બચારા બરહાનના શરીરમાં ફેલાઈ ગયું. રોમાંચ ખડા થઈ ગયા બરહાનના !

''મલિક ! બધી વાતો સમશેરના જોરે શક્ય નથી હોતી. સમશેરની સાથે સમજણ પણ જોઈશે જ ને !''

"હા...હા...હા..."

એક અટ્ટહાસ્ય સાથે મલિક બોલ્યો. "બરહાન ! મને ખબર છે. એટલે જ તો હું આ નાગી તલવારથી એક જ ધડાકે એમનું ડોકું નથી ઊડાવી દેતો. જો જે બરહાન ! હવે મારો ખેલ તું જોજે. આ મગજમાં એક જબરજસ્ત યોજના આવી રહી છે, જે સાપને મારીને જ રહેશે અને લાકડીને જાળવી રાખશે ! એટલે કે **સાપ મરી જાય ને લાઠી તૂટે નહીં !** તું જોયા કર હવે હું શું કરું છું ? તે.

ચાલ ! જલ્દી તૈયાર થા ! ઘોડા તૈયાર કરાવ."

આટલું કહી મલિક ચાલ્યો ગયો. હવે વધારે દલીલ સાંભળવા તે તૈયાર નહોતો ! બરહાનના ગાત્રો ગળવા લાગ્યા. શું થશે ? કોણ અટકાવશે આને. કોણ જાણે શું નું શું ભૂત આના મગજમાં ચડી બેઠું છે ! હે અલ્લાહ ! આ શું થવા બેઠું છે ?

બરહાનના હૃદયના ધબક...ધબક...ધબક... ધબકાર સંભળાય તેટલી નીરવ શાંતિ ફેલાઈ ગઈ. મહેલની નીચે હજુ પણ સામૈયાના ઢોલ ધ્રબૂકી રહ્યાં હતાં. શરણાઈઓ વાગી રહી હતી. પણ હવે બધું અકારું લાગી રહ્યું હતું. થોડી વાર પછી નીરવ શાંતિનો ભંગ કરતો બરહાનના પગલાનો અવાજ આવ્યો. બચારો બરહાન ! ભવિષ્યમાં ગધેડે બેસવું પડશે તો શું થશે ? એ વિચાર સાથે ઘોડો લેવા ઘોડાર તરફ ચાલી નીકળ્યો...

✺




## વ્યથા એક પ્રેમીની

અવિરત પડી રહેલા આંસુ, ઉદાસ ચહેરો, અને ઉદ્વિગ્ન મન ! આ ઓળખાણ છે પ્રિયતમનો વિયોગ સહન કરતી પ્રિયાની ! જોયું છું ને એ દૃશ્ય કે રોજ પ્રિયતમ પાસે છણકા કરતી, જીદ કરતી, રીસાતી નારી પ્રિયતમ મરણતોલ રીતે ઘાયલ થયેલો હોય ત્યારે કેવી બેબાકળી બની જાય છે ? ઉદાસ-ઉદ્વિગ્ન બની જાય છે ?

અશાંત હૃદય, ચંચળતા રહિત શરીર અને સંદતર મૌન ! આ પહેચાન છે મરણાસન્ન માતાની બાજુમાં બેઠેલા માતૃભક્ત નાના બાળકની ! જોયું છે ને એ દૃશ્ય કે રોજ માતાને હેરાન કરતો, કંઈને કંઈ માંગ્યા કરતો બાળક માતાને પીડિત જોઈ, દુઃખી જોઈ કેવો સ્તબ્ધ થઈ જાય છે ? મૂંગો થઈ જાય છે ?

મારે કહેવું છે : **આંસુથી લદબદતી આંખો, આર્તનાદ પોકારતું હૃદય, કંઈક કરી છૂટવા મથતા પ્રાણ, આ પરિચય છે શાસનની ઘોર દુર્દશા જોઈ રહેલા શાસનભક્ત શાસનસેવકની !** પ્રિયતમ અસ્વસ્થ હોય છે તો પ્રિયતમા પણ બેચેન હોય છે. માતા આકુળ હોય તો બાળક પણ વ્યાકુળ હોય છે ! શાસન આપદ્‌ગ્રસ્ત હોય તો શાસનસેવક ઉદ્વિગ્ન જ હોય ને ! એટલે જ તો, આ શાસન પાછળ બલિદાન આપી દેનારા, જાન કુરબાન કરી દેનારા

આબાલવૃદ્ધ બધા ઈતિહાસના પાને અમર થઈ ચૂક્યા છે ! આજના ઘણા જૈનોને દુકાન ખોટમાં જાય તેની ચિંતા છે, ઘરનો ખર્ચો વધી જાય તેની ફીકર છે, ઘરમાં તિરાડ પડી જાય તેની પરેશાની છે. **પણ શાસનની, તીર્થની, ધર્મની કે સંઘની એક પણ ચિંતા આજના જૈનોને કેટલી સ્પર્શતી હશે ? તે લાખ ડોલરનો પ્રશ્ન છે !** આપણે એના જ વારસદાર છીએ કે જેણે તિલકની રક્ષા માટે ધગધગતી કડાઈમાં કૂદી પડવાનું પસંદ કર્યું હતું ! આપણે એના જ સપૂત (?) છીએ કે જે જાત કરતા જૈનત્વને વફાદાર રહેવાનું શીખ્યા હતા ! આપણે એના જ વંશજ છીએ કે જે શાસનના કાર્ય કરવા માટે અહર્નિશ તન-મન-ધનથી તૈયાર રહેતા હતા ! ક્યાં ગયું એ ખમીર ? ક્યાં ગઈ એ ખુમારી ?

આવા ગૌરવવંતા પૂર્વજોના વારસદાર, વંશજ કે સપૂત હોવાના નાતે પણ આપણી કાંઈ જવાબદારી છે કે નહીં ? **વાત અંતરીક્ષજી તીર્થની હોય કે શિખરજી મહાતીર્થની હોય, કેશરીયાજી તીર્થની હોય કે ગિરનારજી તીર્થની હોય ! દરેક જગ્યાએ આપણે શાસનદાઝ, શાસનરાગ, શાસનભક્તિનો અભાવ જ સૂચવીએ છીએ કે બીજું કાંઈ ?**

પરંતુ, એટલું તો ખરું કે, આપણા આવા ઉત્તમ પૂર્વજો હોવાને નાતે આપણી જેનેટિક બ્લ્યુપ્રિન્ટ્સમાં હજુ પણ ખુમારીના જિન્સ હોવા જ જોઈએ ! હવે એને જગાડવા છે, વહેલી તકે ઉજાગર કરવા છે. વિધર્મીઓના અને વિકૃતિઓના વાવંટોળ સહી-સહી જર્જરિત થઈ ગયેલી, પરસ્પરની યાદવાસ્થળીઓ, તેજોદ્વેષ, પૂર્વગ્રહો, હઠાગ્રહો, દુરાગ્રહો, મતાગ્રહો વગેરેને લીધે અનેક ધરતીકંપના આંચકાઓને સહી ચૂકેલી, પૂર્ણ શાસ્ત્રોના અને વિશિષ્ટ શાસ્ત્રજ્ઞાતાઓના અભાવે ભૂતઘર જેવી બિહામણી થઈ ગયેલી આ શાસનની ઈમારતનો જીર્ણોદ્ધાર કરવા માટે પહેલી ઈંટ તે જ મૂકી શકશે કે જેનું ખમીર અને ખુમારી ખળભળી ચૂકેલ હશે !

**ખુદ મહાવીર મહારાજાએ સ્વયં વીતરાગ હોવા છતાં જ્યોતિષી બની મુહૂર્ત કાઢી આપ્યું છે કે, ''૨૫૦૦ વર્ષ પછી ભસ્મગ્રહ ઉતરી જશે પછી મારા શાસનનો ઉદય થશે.'' તો પછી હવે વિઘ્નોની ચિંતા શી ? વિઘ્નો સામે લડી**

**શકીશું કે નહીં ? આપણી શક્તિ કેટલી ? આવી વિચારધારા છોડીને "આટલી અલ્પ શક્તિમાં પણ આટઆટલા વિઘ્નો સામે કેવી રીતે સિફતપૂર્વક શાસનઅભ્યુદયનો અરુણોદય લાવવો ? હવે જિનશાસનની આન-બાન અને શાનને ઊંચકે જ છૂટકો"** - બસ ! આ જ વિચારધારાને અપનાવીએ.

બાકી પોતાની માની દુર્દશા જોઈ રહેલો કયો બાળક આનંદ-પ્રમોદ કરી શકે ? અહીં તો શાસનની બેહાલ દશા હોવા છતાં પોતાની મસ્તીમાં મહાલે છે ઘણા માણસો ! શાસનદાઝથી ધગધગતા, શાસન માટે કંઈક કરી છૂટવા મથતા, પ્રાણ કુરબાન કરીને પણ શાસનની ઉન્નતિને જોવા ઈચ્છતા શાસનરાગી, વીતરાગવફાદાર વ્યક્તિની મનોદશા કેવી હોય ? જાણવું છે તમારે એ ? **તેની તમન્ના શું હોય ? તેનો તલસાટ કેવો હોય ? તેનો તરવરાટ કેવો હોય ? શું તમારે તે અનુભવવું છે ?** તો વાંચો હવે આગળની રોમાંચક કથા, જાતની નિર્માલ્યતા ઉપર ધિક્કાર છૂટ્યા વિના નહીં રહે -

અલૌકિક સામૈયું પૂરબહારમાં ખીલ્યું હતું. લોકો પણ મન મૂકીને નાચી રહ્યા હતા. શ્રેષ્ઠિઓ પણ નાચી રહ્યા હતા. અરે ! નાચવું નહોતું પડતું, અંદરનો ઉત્સાહ અને ઉમંગ નચાવતો હતો. શેહશરમ વિના સહુ માન-મરતબાને ભૂલી જઈ ગુરુભક્તિમાં તરબોળ બન્યા હતા. ધીરે ધીરે શરણાઈઓ તેજ થતી ગઈ ! સામૈયાનો અંતિમ મુકામ નજીકમાં હતો. ઉપાશ્રય નજીક આવી રહ્યો હતો. છેલ્લે છેલ્લે તો દોશી આણંદજી શેઠ પણ મન મૂકીને નાચી રહ્યા હતા.

**સહુ આનંદમાં ગુલતાન હતા, સિવાય કે ત્રણ વ્યકિત - (૧) મલિક, (૨) બરહાન અને ત્રીજી વ્યક્તિ હતા - સામૈયાના હાર્દ સમા હેમવિમલસૂરિજી !** હા ! પોતાનું જ આ સામૈયું હતું. પોતાને જ આ માન-પાન મળી રહ્યા હતા, છતાં પણ તેઓ પરાણે મુખ ઉપર પ્રસન્નતા લાવી રહ્યા હતા ! અંદર ઉદ્વેગ હતો, કંઈક ઉકળાટ પણ હતો. કંઈક ઉદાસીનતા પણ હતી. દોશી આણંદજી શેઠની અનુભવી નજરે પણ આ વાત બરાબર નોંધી હતી. ચાલુ સામૈયાએ પૂછ્યું પણ હતું - "ગુરુદેવ ! કાંઈ ઉદ્વેગ છે ?"

"ના-ના દેવ-ગુરુ-કૃપાએ આનંદમંગલ છે" - એ જ દર વખતનો

સૌમ્ય અને સ્વસ્થ જવાબ મળ્યો ! પણ શેઠે નક્કી કર્યું કે સામૈયા પછી શાંતિથી એકાંતમાં ગુરુદેવને વાત પૂછી જ લેવી ! ગુરુદેવ ભલેને કાંઈ ન કહે, પણ જરૂર ગુરુદેવ કોઈક કારણસર ઉદ્વિગ્ન છે. ઉપાશ્રય આવી ગયો. એક જબરજસ્ત સલામી સાથે શરણાઈના સૂરો શમી ગયા. સાથે સાથે એક જબ્બર આંદોલન વાતાવરણમાં ભેળવતા ગયા. કંઈક એવું જ આંદોલન કેટલાય વખતથી આચાર્ય મ.સા.ના હૃદયમાં ઊભું થઈ ચૂક્યું હતું. સામૈયા બાદ ગુરુદેવશ્રીનું પ્રવચન અને ત્યાર બાદ ભવ્ય સાધર્મિકભક્તિ ગોઠવાયેલી હતી. આખો સંઘ ઉપાશ્રયમાં ગોઠવાઈ ચૂક્યો હતો. આચાર્ય મ.સા. પાટ ઉપર બિરાજી ગયા હતા.

શ્રાવકોએ 'આચાર્ય હેમવિમલસૂરિનો જય હો...'' નો જયઘોષ કર્યો. વાતાવરણ શાંત થતા ધીર-ગંભીર અને સાથો સાથ કંઈક વલોવાતી વાણી વાતાવરણમાં પ્રસરી રહી. આચાર્ય ભગવંતે માંગલિકની શરૂઆત કરી. સામૈયું શરૂ થયું ત્યારથી જ આચાર્ય ભગવંતના હૃદયમાં પ્રશ્ન ઘૂંટાતો હતો. **'અનેકાનેક જિનાલય જીર્ણશીર્ણ થઈ ચૂક્યા છે. કેટકેટલીય પ્રતિમાઓ જિનાલય વિનાની નધણિયાતી છે. સાધુઓ પણ ઓછા છે. યતિઓનું જબ્બરજસ્ત વર્ચસ્વ છે. આવી ચીંથરેહાલ હાલત છે જ્યારે શાસનની ત્યારે શું આવું સામૈયું, આવો ઠાઠ મને શોભે છે ?'**

આ જ એક તણખાએ આચાર્ય ભગવંતના દિલો-દિમાગમાં ચિંતાની આગ પેટાવી દીધી. આચાર્ય મ.સા.ની પ્રસન્નતાને હરી લીધી. જેમ-જેમ સામૈયું આગળ ચાલતું ગયું તેમ-તેમ એક પછી એક પછી એક દૃશ્યો આચાર્ય મ.સા.ની આંખ સામેથી પસાર થવા લાગ્યા.

''સવા કરોડથી પણ વધુ મૂર્તિઓથી શોભાયમાન ભારત વર્ષ આજે સવા કરોડથી પણ વધુ હિંદુઓના રક્તથી રંજિત થઈ ચૂક્યું હતું. અનેકાનેક પૂર્વાચાર્યોએ શાસનની અવ્વલકોટિની સેવા કરી શાસનને હેમખેમ અહીં સુધી પહોંચાડ્યું હતું ! પોતાની નાનપણની અવસ્થા-ગામમાં સુમતિસૂરિના પધરામણા, ગુરુદેવનો ભેટો-પોતાના વૈરાગ્યનો વૈભવ બધું તાદૃશ રીતે નજરની સામે તરવરતું હતું.

પોતાના ધૂળિયા વડગામમાં પણ ગમે ત્યારે પરદેશી રાજાના આક્રમણનો ભય રહેતો. લોકો સતત ચિંતામાં સેકાતા, ક્યારે પોતાનું વતન છોડી સ્થાનાંતર કરવું પડે કે ભીષણ સંગ્રામમાં વિધર્મીઓની તલવારના ભોગ બનવું પડે ? તેની ખબર નહોતી. આવી પરિસ્થિતિમાં પોતાની દીક્ષા અને દીક્ષાની પ્રાથમિક અવસ્થામાં જ પોતે ઘણીવાર ગુરુદેવને ચિંતામાં ડૂબેલા જોઈ પૂછતા. "ગુરુદેવ ! આટલી ચિંતા શેની કરો છો ?" ત્યારે ગુરુદેવ મસ્તક ઉપર વહાલથી હાથ ફેરવતા - ફેરવતા કહેતા કે 'હેમ ! શાસનની આવી પરિસ્થિતિમાં કોણ ચિંતામગ્ન ન થાય ?

મારવાડમાં વિચરતા હોઈએ તો મેવાડમાંથી સમાચાર આવે કે ત્યાં મૂર્તિઓનો વિધ્વંસ થયો ! મેવાડમાં લોકોને જાગૃત કરવા જઈએ ત્યાં ગુજરાતમાંથી સમાચાર આવે કે આટલા લોકો વટલાઈ ગયા ! એક તો સાધુઓ ઓછા, એમાં કેટલી જગ્યાએ જાગૃતિ જાળવવાની ? આપણા શ્રેષ્ઠિઓ પાસે આટ-આટલી સંપત્તિ હોવા છતાં આપણે કશું કરી શકતા નથી ? સર્વત્ર લોકોને સતત જાગૃત રાખે તેવા શક્તિશાળી સાધુઓ લાવવા ક્યાંથી ?

અધૂરામાં પૂરું આપણી પરસ્પરની યાદવાસ્થળીઓ છે કેટલી ? કોઈનો ઉત્કર્ષ જોવાની સહિષ્ણુતા જ જાણે મરી પરવારી છે ! યતિઓ વધી રહ્યા છે, તેમનું જોર વધી રહ્યું છે, **શિથિલાચારનો અજગરી ભરડો શ્રમણસંઘને ભીડી રહ્યો છે. આવી પરિસ્થિતિમાં શ્રમણસંઘના પ્રાણ ઘૂંટાય છે. હેમ ! કેમ કરીને સંભાળવું ? કેટલા મોરચે લડવું ? આપણા ગુરુદેવોએ સાચવી રાખેલ, મહામહેનતે સંભાળી રાખેલ આ જૈનશાસનને શું નજર સામે છિન્નભિન્ન થતું જોવાનું ?** કેટકેટલા વિચારભેદો, ગચ્છભેદો, મનભેદો, વિચારવૈમનસ્યો, વિવાદો...?' આ સાથે જ આચાર્ય ભગવંતનો આર્દ્ર અને ઉદ્વિગ્ન ચહેરો પોતાની નજર સમક્ષ આવી ગયો !

તે વખતે પોતે કેવા-કેવા સંકલ્પો અને મનોરથો કર્યા હતા ? હા ! સંવિગ્ન સાધુઓને વધારવાની ગુરુદેવની ઈચ્છાને માન આપી પોતે એ સમયે મથ્યા પણ કેટલા હતા ? એટલે જ તો આજથી ૨૪ વર્ષ પહેલા **એટલે કે સં. ૧૫૪૮ માં પોતે ૫૦૦ સ્ત્રી-પુરુષોને દીક્ષા આપી હતી !** શાસનમાં એક

જબ્બર પ્રાણ ફૂંક્યો હતો ! ગુરુદેવની ઈચ્છા મુજબ શિથિલાચારને ડામવા માટે પોતે કડક હાથે કામ લીધું હતું. પરિગ્રહી અને ક્રિયાભ્રષ્ટ સાધુઓને પોતે ગચ્છની બહાર કાઢી મૂક્યા હતા. ઘણી મહેનત કરી પોતે શાસનને પ્રાણ બક્ષવા માટે. પણ હજી ઘણા કર્તવ્ય બાકી રહેતા હતા.

**શાસનનું ભાવી કંઈક આશાસ્પદ દેખાતું હતું. પણ, દુઃખ એ જ હતું કે એ ખાલી આશા હતી, વાસ્તવિકતા નહીં ! શાસનના પ્રાણને ધબકતા રાખવાની ઉમ્મીદનું ઉન્મૂલન થાય તો ?** એટલે પોતાની ફરજ એ જ હતી કે જીવનના છેલ્લા શ્વાસ સુધી શાસનના ઝીલમીલ થતા દીપકમાં જેટલું તેલ રેડાય તેટલું રેડી જ દેવું. હા ! ગૃહસ્થ પોતાની રીતે બરાબર હતો, તેણે ગુરુભક્તિ જ દેખાડી હતી. તેમાં કંઈ ખોટું ન હતું. પણ મારું કર્તવ્ય એટલું જ છે કે આ લોકોની ગુરુભક્તિ શાસનના ઉત્કર્ષમાં કામે લગાડું.

આ લોકો પાસે આટલી ગુરુભક્તિ છે તેનો મતલબ એ જ કે હજુ શાસનનો રાગ મરી પરવાર્યો નથી ! તો શા માટે હજુ કંઈક એવી નક્કર પરિસ્થિતિનું નિર્માણ ન કરી લેવું કે જેથી શાસનને ઊની આંચ પણ ન આવે ! ભગવાન પણ ભાખી ગયા હતા કે ભસ્મગ્રહ પછી મારા શાસનની ઉન્નતિ જ છે તો એ ઉન્નતિનો પાયો હું જ નાંખી દઉં તો તેના જેવું રુડું શું ?'' આ જ વિચારધારા આખા સામૈયામાં આચાર્ય ભગવંતના મગજમાં ચાલતી હતી.

બીજી બાજુ સંઘની પરિસ્થિતિ પણ હૃદયને કકળાવી નાંખે તેવી હતી. મતભેદો પાર વિનાના થતા હતા. નાની બાબતમાં પણ મતભેદો ઉગ્રસ્વરૂપ પકડી લઈ મનભેદ સુધી પહોંચી જતા હતા. બહારમાં અને અંદરમાં યત્ર તત્ર સર્વત્ર સંઘર્ષ અને સંક્લેશ જન્માવે તેવું વ્યગ્ર વાતાવરણ વ્યાપ્ત થઈ ચૂકેલ હતું. 'રાગ-દ્વેષને ઓછા કરવા' - પ્રભુની એ સર્વોચ્ચ આજ્ઞાને વિસરી જઈ પોતપોતાના મતને બચાવવા કેટલાય સંપ્રદાય-ઝનૂની લોકો શાસનની તો ઘોર ખોદી નાંખતા હતા. રાગ-દ્વેષની હોળીને પેટાવતા હતા. તપ-ત્યાગાદિ આરાધનાઓ કરવા છતાં સંઘસમાધિને સળગાવતા હતા !

**સંતનું ગળું કાપી નાંખવું છે. તે છતાં ગળું કાપતા-કાપતા પગ ન અડી**

**જાય - આશાતના ન થઈ જાય તેની તકેદારી લેવી છે - કેવી હાસ્યાસ્પદ વાત છે.** પણ ! આજે એવું જ થઈ રહ્યું છે, **રાગ-દ્વેષથી મુક્તિ મેળવવા સ્વરૂપ જે જિનાજ્ઞાનું ગળું તેને ટૂંપો દઈ સંઘસમાધિ સ્વરૂપ શાસનના ભાવપ્રાણને ગૂંગળાવી 'નાનામાં નાની પણ આજ્ઞાને અમે શાસ્ત્રાનુસારે પાળીએ છીએ.' આવો ઠેકો લેનારાઓનો ત્યારે પણ તોટો નહોતો !**

શાસનપ્રેમી-સંઘવફાદાર લોકોના બદલે સંપ્રદાયપ્રેમી, સમુદાયઝનૂની, દૃષ્ટિરાગી કે દૃષ્ટિદ્વેષી લોકો સર્વત્ર ઉભરાતા હતા. એટલે જે વ્યથાપૂર્ણ વિચારધારા આચાર્ય મ.સા.ના મગજમાં વહી રહી હતી. આ બાજુ સામૈયું તો પૂરું થઈ ચૂક્યું હતું. આ વિચારધારામાં ક્યાં સામૈયું પૂરું થઈ ગયું તેની ખબર જ ન રહી. પોતે પાટ ઉપર બેસી ગયા, માંગલિક ફરમાવી રહ્યા છે છતાં પણ તે વિચારો હજુ પણ ખસતા નથી !

'શાસનનું શું ? મારી ફરજ શું ? શાસન પ્રત્યે ગચ્છનાયક તરીકે મારું કર્તવ્ય શું ? અહા...હા.. ! કેવી હાલત છે શાસનની ? કહેવાતા શાસનભક્તો જ શાસનને ફોલી ખાય છે. **સિંહના શરીરમાં પેદા થયેલા કીડાઓ જ સિંહને અંદરથી ફોલી ખાય તેવી પરિસ્થિતિ છે આ તો ! મારી જવાબદારી છે આને અટકાવવાની.'** આવા વિચારોનું ઘમસાણ મચ્યું હતું.

બહાર લોકો પણ પુષ્કળ હતા. ધર્મદેશનાનું આચાર્ય ભગવંતના મુખે પાન કરવા લોકો ઉત્કંઠિત હતા. એટલે જ હૃદયના બળાપાને અને બળવાને જેમ તેમ કરી દબાવી આચાર્ય ભગવંતે ધર્મદેશના વહેતી મૂકી...

પ્રારંભિક સામાન્ય શરૂઆત કરી.. 'અનંત ઉપકારી મહાવીર મહારાજાના અસીમ અનુગ્રહથી આપણા સર્વોત્તમ સદ્ભાગ્યે આવા દુલેરા-દુર્લભ શાસનમાં આપણને પ્રવેશ મળી ગયો. માનો કે ચિંતામણિ રત્ન મળી ગયું.' દરેક વખત જેવી શરૂઆત, એ જ વાક્ય. પણ આ વખતે હૃદયને જબરી ચોટ લગાવી દીધી આ વાક્યે !

વાક્ય પૂરું થાય ન થાય ત્યાં તો પાછા વિચારો મગજમાં ઉભરાવા લાગ્યા. 'આવું દુર્લભ શાસન મને મળ્યું, વ્યાખ્યાનમાં તો હું રોજ બીજાને

સમજાવું છું. પણ શું હું શાસનને જાળવી શકું છું ? પરમાત્માએ ભવ્યજીવોના કલ્યાણ માટે રચેલું શાસન મને મળ્યું. અરે ! શાસનના મુખ્ય મોભી તરીકેનું સ્થાન મને મળ્યું. પણ, હું સંપૂર્ણ સફળ ક્યારે થઈશ ?...' આચાર્ય ભગવંતના ગળે ડૂમો બાઝી ગયો. પલ - બે પલ વાણીપ્રવાહ સ્ખલિત થઈ ગયો.

પાછી વર્તમાન પરિસ્થિતિ નજર સામે આવતા જ આચાર્ય ભગવંત પુનઃ ખોંખારો ખાઈને વ્યાખ્યાનવાણીને આગળ ધપાવવા લાગ્યા ! આ બાજુ વ્યાખ્યાન સાંભળતા દોશી આણંદજીનું મન પણ વ્યાકુળ થઈ ગયું.

આચાર્ય મ.સા. ઉદ્વિગ્ન છે એવી શંકા ખાતરીમાં પલટાઈ ગઈ ! તેમના મનમાં પણ વિચારો ઘૂમરાવા લાગ્યા. ''શું હશે ચિંતા આચાર્ય ભગવંતને ? હા, પહેલા આચાર્ય ભગવંત બોલ્યા હતા - 'હજુ મને સફળતા મળી નથી, મારું ધ્યેય અધૂરું છે.' શું હશે એ ધ્યેય ? શેની નિષ્ફળતા આચાર્ય ભગવંતને સાલી રહી હશે ? આમ તો આટ-આટલા શિષ્યપરિવારના સ્વામી છે તેમને શેની ચિંતા ? મારે નિરાંતે તેમનું દિલ ખોલાવવું પડશે, મારે ગુરુદેવને ચિંતામુક્ત કરવા જ છે.''

**જો કે શેઠને નિરાંત મળે તે પહેલા જ શેઠનો એક જાસૂસ મનહૂસ સમાચાર લઈ આવી પહોંચવાનો હતો !**

✵




## સમાચાર ફેલાય છે

ભોજન તૈયાર છે, ભાણું પીરસાઈ ગયું છે, ભૂખ લાગી ગઈ છે, પણ જ્યાં સુધી કોળિયો ઉઠાવવા માટે હાથ પ્રયત્નશીલ, પ્રવૃત્તિશીલ ન બને ત્યાં સુધી ક્ષુધાશમન કે ઉદરપૂર્તિ શેં શક્ય બને ?

**પ્રશ્ન ભોજનના, ભાણાના કે ભૂખના પ્રશ્ને નથી. પણ પ્રવૃત્તિના પક્ષે છે.** શાસન માટે કંઈક કરી છૂટવાની તમન્ના છે, તે માટેના ઉપાયો પણ હાજર છે, યોગ્ય કાળનું પણ નિર્માણ થઈ ચૂક્યું છે, છતાં **જ્યાં સુધી પ્રવૃત્તિ, પ્રયત્ન કે પ્રયાસ તે દિશામાં નહીં થાય ત્યાં સુધી શાસનની ઉન્નતિ, શાસનની પ્રગતિ કે શાસનની ઉત્ક્રાંતિ શેં શક્ય બને ?**

આજે પરિણામલક્ષી પ્રવૃત્તિનો સદંતર અભાવ વરતાય છે. જૈન સંઘમાં જાગૃતિ થોડી-થોડી આવી રહી છે અને આવશે પણ ખરી. છતાં પ્રશ્ન એ જ છે કે - આપણે જાગશું ત્યાં સુધીમાં રાત તો નહીં પડી ગઈ હોય ને ? કોઈ પણ સમયે **૨૦,૦૦૦ થી વધુ અંગ્રેજ લોકોની હાજરી આ દેશમાં ન હતી. છતાં તે લોકો ૧૫૦-૧૫૦ વર્ષ સુધી આ દેશને ગુલામ રાખી ગયા !** ક્યાં કરોડોની સંખ્યા ? ક્યાં ૨૦,૦૦૦ અંગ્રેજ લોકો ? છતાં જ્યારે આઝાદી માટે જાગ્યા ત્યાં સુધીમાં આ દેશને પારાવાર નુકસાન થઈ ચૂક્યું હતું, જેના માઠા પરિણામ હજુ સુધી આ દેશ ભોગવી રહ્યો છે !

આ જ ભૂલનું પુનરાવર્તન જૈનશાસનમાં ન થાય, પણ જૈનશાસનમાં કંઈક પરિવર્તન આવે એમ આપણે ઈચ્છીએ છીએ. બાકી, જે નુકસાન આજે શાસનને છે તેમાં સતત વધારો દેખાય છે. શાસન ઉપરના સંકટોમાં અવિરત ઉછાળો નોંધાય છે. શાસન ઉપરની આપત્તિમાં અનવરત વૃદ્ધિ ગોચર થાય છે.

જો હજુ નહીં જાગ્યા તો, ઈતિહાસ આપણી આ કુંભકર્ણ નિદ્રાની નોંધ લેશે. આપણે ઈતિહાસમાં પ્રસિદ્ધ હશું, નામાંકિત તરીકે નહીં, નામચીન તરીકે ! **'જૈનશાસનની આવી ખરાબ હાલત હતી કે જ્યારે આ ચતુર્વિધ સંઘ હાજર હતો, જૈનો કરોડો રૂપિયાના માલિક હતા, જૈનો વૈભવી અને વીઆઈપી ગણાતા હતા !'** ના, આવી નામોશી તો હરગીઝ માન્ય નથી ! પણ, કરવું શું ? છે જિજ્ઞાસા ? ચાલો, ત્યારે વાંચીએ આચાર્ય ભગવંતની વ્યથાની કથા -

અકથ્ય વેદનાને લીધે, સતત અસ્ખલિત વહેતી આચાર્ય ભગવંતની વાણી આજે વારેવારે સ્ખલના પામી રહી હતી. પ્રવચનનો વિષય પણ આ જ રહ્યો - શાસનની હાડમારી. એ બહાને પોતાના હૃદયનો ઊભરો ઠાલવી આચાર્ય ભગવંત કંઈક સ્વસ્થ થયા. પણ લોકો અસ્વસ્થ થઈ ગયા. કારણ કે આચાર્ય ભગવંતની વાણીએ સૌને ધ્રૂજાવી નાંખ્યા, હલાવી નાંખ્યા, હલબલાવી નાંખ્યા. જાત ઉપર લોકોને ધિક્કાર છૂટ્યો ! ''જાત વધારે વહાલી કે જૈનત્વ ? શું જૈનત્વની રક્ષા કરવા માટે જાનની કુરબાની આપવી પડે તો જાન કુરબાન કરી દેવા તૈયાર ખરા ?''

આચાર્ય ભગવંતના આ પ્રશ્નનો એકી સાથે સભાએ ઉત્તર આપ્યો - ''હા ! અવશ્ય ! શાસન માટે જાન પણ કુરબાન કરી દેવા તૈયાર છીએ.''

''ખરેખર ? જાન પણ કુરબાન કરી દેવા તૈયાર કે જાન જ કુરબાન કરવા તૈયાર ? જાન કુરબાન કરવાની તૈયારી છે પણ શું થોડો સમય કુરબાન કરવાની તૈયારી ખરી ? કરોડોમાં આળોટો છો ! છતાં શું ૫%, ૧૦% ધન કુરબાન કરવાની તૈયારી ખરી ? **શાસનને ઉપયોગમાં આવનાર, તમારી પેઢી કરતા શ્રમણ ભગવાન મહાવીરની પેઢી સાચવવા વધારે લાયકાત ધરાવનાર તમારા પુત્રને કુરબાન કરવાની તૈયારી ખરી ?** આમાનું કશું કુરબાન કરવા

તૈયાર ન થનાર વ્યક્તિની જાત કુરબાન કરવાની તૈયારી **શબ્દચ્છલના જ** કહેવાય કે બીજું કંઈ ?'' **આચાર્ય ભગવંતના આ વેધક પ્રશ્ને સહુના હૃદયને વીંધી નાંખ્યા ! સહુને એક વાર આત્મગવેષણા કરવા મજબૂર કર્યા.**

આચાર્ય ભગવંતની વાણી જેમ જેમ વહેતી જાય છે તેમ તેમ લોકોની આંખમાં આંસુના વહેણ રચાય છે. છતાં આશ્ચર્ય એ હતું કે - વ્યાખ્યાનની પૂર્ણાહુતિ સુધીમાં તો તે આંસુ સૂકાઈ ચૂક્યા હતા. શું તે મગરના આંસુ હતા એટલે ? ના ! આંસુ તો જીગરના જ હતા. પણ હવે દરેકના હૃદયમાં **સંકલ્પની આગ પ્રગટી ચૂકી હતી ! એ આગમાં આંસુની શી મજાલ કે તે ટકી શકે ?** હવે દરેકના હૃદયમાં કંઈક કરી છૂટવાના સંકલ્પો રમતા હતા !

આખી સભાના હાલ જ્યારે આવા હોય ત્યારે દોશી આણંદજી શેઠની તો શું વાત કરવી ? ધારદાર વાણી, ગુરુભક્ત હૃદય અને જાત પર પ્રગટેલો ધિક્કાર - આ ત્રણેય પરિબળોએ દોશી આણંદજી શેઠને વ્યથિત કરી મૂક્યા હતા ! વ્યાખ્યાન સુધી તેમની વ્યથામાં તો સતત વધારો જ થવાનો હતો.

આ બાજુ - બરહાનની વ્યથા પણ વધી રહી હતી. ''અત્યારે ઘોડા ઉપર બેસી મલિકને ક્યાં ફરવા જવું હશે ? અત્યારે મલિકના ઉશ્કેરાટનો પાર નથી. આવેશથી તેના વિવેકચક્ષુ બંધ થઈ રહ્યા છે. આવી અવસ્થામાં આવેશનો માર્યો જો તે કંઈક આડું-અવળું પગલું ભરી બેસશે તો ? ના, આવા સમયે તેને એકલો છોડવો બિલકુલ યોગ્ય નથી. મારે તેની સાથે જ રહેવું પડશે. પણ, તેને ક્યાં જવું હશે ? કે પછી મને ચર્ચા કરતો રોકવા માટે કંઈ પણ બકીને જતો રહ્યો હશે ?'' ઘોડાર તરફ પગલા માંડતા માંડતા બરહાનના મનના ઘોડા મુક્તપણે વિહરી રહ્યા હતા.

ત્યાં જ 'બરહાન !' - મલિકની બૂમ સંભળાઈ ! બરહાનના મનના ઘોડાને બ્રેક લાગી અને તે પાછો ફર્યો.

'બરહાન ! બે ઘોડા તૈયાર કરાવજે. તું પણ જલ્દી ઘરે જા અને ફટાફટ તૈયાર થઈ અહીં આવી જા, આપણે અમદાવાદ જવું છે !' વિચારોમાં ગોથા ખાતા બરહાનને ત્યાં જ છોડી મલિકે ચાલ્યા જવા માટે પગ ઉપાડ્યા. બરહાનના મનનું સમાધાન થવાના બદલે વધુ ગૂંચવાડો પેદા થયો -

અમદાવાદ ? અમદાવાદ શા માટે ? ત્યાં તો મગજમાં કંઈક ઝબકારો થતા જ બરહાનને પસીનો છૂટવા માંડ્યો ! શું હમણાંને હમણાં જ મલિકને આ વાત બાદશાહ સુધી પહોંચાડી દેવી છે ? મતલબ કે મલિકનો આવેગ ક્ષણિક નથી. તે હવે કંઈક પગલું ભરીને જ રહેશે. જો તે બાદશાહને વાત કરશે તો બાદશાહ તો ચડી જશે. આમે'ય મલિકનું કહ્યું માનવામાં બાદશાહ કાચી સેકંડની વાર નથી લગાડતો. બાદશાહ ભરમાઈ ગયો અને જો કોઈ ઊંધું ચત્તું કરી મૂકશે તો આખા રાજ્યમાં હો..હા.. મચી જશે. આ વાણિયાઓ બિલકુલ શાંત નહીં રહે.

**આમે'ય અત્યારે તો એ લોકો ન તો કાંઈ એ હિલચાલ કરે છે, ન તો કાંઈ વિદ્રોહ. તો પછી શા માટે આ લોકોને વિદ્રોહ કરવા મજબૂર કરવા ? શાંતિથી આપણને રાજ તો કરવા જ દે છે ને ?**

કેમ સમજાવું હું આ વાત મલિકને ? મલિક ભારે જિદ્દી છે. એ નહીં જ માને. પોતાનું ધાર્યું કરીને જ રહેશે. એ તો મરતા મરશે સાથે મનેય મારતો જશે. હે અલ્લાહ ! કંઈક રસ્તો સૂઝાડ. લાગે છે ભલે બીજું કંઈ ન થાય. પણ, ગમે તેમ કરી થોડો કાલક્ષેપ તો મારે કરવો જ રહ્યો. સમય જશે, થોડું મગજ શાંત થશે તો શાંતિથી આ બધી વાત વિચારી શકશે. ભવિષ્યનો કંઈક નિર્ણય થઈ શકશે. બાકી આમને આમ તો કંઈક ઊંધું વાગ્યા વિના નહીં રહે'' – આમ વિચારતા વિચારતા આખરે છેલ્લી વાર પ્રયાસ કરી જોવાના આશયથી બરહાને મલિકને બૂમ પાડી –

''મલિક ! આજને આજ તો અમદાવાદ જવાની તૈયારી કેમ કરી શકાય ? બે દિવસનો સમય તો જોશે ને ? આ થોડી નાની મુસાફરી છે.''

''હું આજે નીકળવાનો છું, તું બે દિવસ પછી નીકળજે.'' બરહાનને હવે બોલવાનો અવકાશ ન રહ્યો ! મલિકને એકલો અમદાવાદ જવા દેવા કરતા બહેતર છે કે પોતે પણ સાથે અમદાવાદ જાય. રસ્તામાં ક્યાંક વાતો કરતા-કરતા જો મલિકને ઠંડો પાડી શકાય તો.... એ જ આશાએ બરહાને પોતાના ઘેર જવા પગ ઉપાડ્યા.

દરવાજો ખોલી બરહાન ઓરડાની બહાર નીકળે છે ત્યાં જ એક વ્યક્તિ

સડસડાટ ત્યાંથી પસાર થઈ ગઈ ! કોઈક નોકર હશે એમ સમજી બરહાને બહુ ધ્યાન ન આપ્યું. તે તો પોતાની ધૂનમાં ને ધૂનમાં આગળ નીકળી ગયો.

**જૈનશાસન માટે કાળી ટીલી સમા, છતાં કંઈક અંશે ગૌરવાસ્પદ પણ એવા એક લાંબા વિગ્રહનું બીજ વવાઈ ચૂક્યું હતું !** ઘેર પહોંચી બરહાને તૈયારી કરવા માંડી, છતાં તેની મોઢાની ઉદાસીનતા છૂપી રહી નહોતી શકી. ત્યાં તો એક નોકર દૂધ લઈ બરહાન પાસે આવે છે.

‘‘કેમ સાહેબ ! આજે આટલા ઉદાસ કેમ લાગો છો ? આજે તો આખું ગામ હિલોળે ચઢ્યું છે. મને તો લાગે છે આપે એ શોભાયાત્રાના દર્શન નથી કર્યા લાગતા. એક વાર દર્શન કરી આવો, મન પ્રસન્ન થઈ જશે. શું શોભાયાત્રા છે ? શું આચાર્ય મ.સા.નું તેજ છે ? વાહ રે વાહ !’’

‘‘અલ્યા ! એ તારી શોભાયાત્રાના પાપે જ મારે અમદાવાદ સુધી ટીચાવાનું છે !’’ બરહાનના આ બબડાટને જાણે પોતે સાંભળ્યો જ નથી એવા ભાવ સાથે નોકરે પૂછ્યું ‘‘શું સાહેબ ! શું બોલ્યા ?’’

‘‘ના...ના...ના... કંઈ નહીં આ તો મને એમ કે છેક ત્યાં શોભાયાત્રા સુધી પગે ચાલીને જવું તેના કરતા હમણાં થોડીવાર સૂઈ જવા દે ! પછી મારે અમદાવાદ જવા નીકળવાનું છે !’

‘હેં.. અમદાવાદ ! શું સાહેબ આપ પણ અચાનક બધું નક્કી કરો છો ?’’

‘‘અગત્યનું કામ છે એટલે જવું પડે તેમ છે.’’

નોકર તો ચાલ્યો ગયો. બરહાનને પણ ટાઢક વળી કે હું જે બોલ્યો તે નોકરે સાંભળ્યું તો નહીં. બાકી વાત ફેલાઈ જાત અને શું ની શું નવાજૂની થાત. માણસ ધારે કંઈક અને થાય છે કંઈક ! **બરહાનના બબડાટનો એકે એક અક્ષર નોકરે બરાબર સાંભળ્યો હતો અને જૂજ સમયમાં તો આ વાત દોશી આણંદજી શેઠ સુધી પહોંચી જવાની હતી !**

પ્રવચન પૂર્ણ થઈ ગયું હતું. લોકો ધીરે ધીરે વિખેરાઈ રહ્યા હતાં. બધાંના નહીં તો પણ ઘણાના હૃદય હવે કંઈક ને કંઈક કરવા મજબૂર થઈ ચૂક્યા હતા. તેમાં દોશી આણંદજી શેઠનો પણ નંબર હતો !

આચાર્ય મ.સા. અત્યારે શ્રમિત છે, ઉદ્વિગ્ન છે. માટે અત્યારે ને અત્યારે આચાર્ય મ.સા.ને મળવા કરતા રાત્રિના સમયે નિરાંતથી મળવું - એમ નક્કી કરી શેઠ ઘરે પહોંચ્યા. પણ, ઘરે ય ક્યાં શાંતિ હતી ? આખું ઘર શુભેચ્છકોથી અને મહેમાનોથી ઊભરાતું હતું !

લોકો દૂર દૂરથી આ ભવ્યાતિભવ્ય પ્રસંગને માણવા આવ્યા હતા. એટલે દોશી આણંદજી શેઠને અભિનંદન આપવા પણ સહુ રોકાયા હતા. એમાં ય આજે તો એ લોકોની ધારણા કરતા કેઈગણો અદ્ભુત મહોત્સવ સંપન્ન થયો હતો. માટે સહુના મોઢા ઉપર વિસ્મય અને શેઠને આવકારવા - અભિનંદવા ઉત્કંઠા દેખાઈ રહ્યા હતા.

શેઠ ખુદ અત્યારે ઉદ્વિગ્ન હોવા છતાં માન જાળવવા - ઔચિત્યને ખાતર સહુના અભિનંદન ઝીલી પોતાના શયનખંડમાં આવ્યા. બે ઘડી જેટલો સમય મહેમાનોને મળવામાં જ વ્યતીત થઈ ગયો હતો.

આજ સવારથી સતત દોડધામને કારણે શારીરિક થાક તો હતો જ તથા તેમાં માનસિક થાક પણ ઉમેરાયો હતો. એટલે ભોજનની રુચિ તો બિલકુલ રહી ન હતી. છતાં થોડું જમીને શેઠ એકાદ ઘડી આરામ કરવા શયનખંડમાં ગયા. મહેમાનોનો કલબલાટ થોડા સમય પહેલાં જ શાંત થયો હતો.

હવે ઘરમાં મહદંશે શાંતિ હતી. એમાં પણ શેઠનો શયનખંડ અલાયદો હતો. એટલે કોઈ વિક્ષેપ થાય તેવી શક્યતા ન હતી. બહાર બે પ્રહરીઓ આંટા મારી રહ્યા હતા. બપોરનો સમય હોવાથી વાતાવરણમાં કુદરતી શાંતિ છવાયેલી હતી. શાંત ચિત્તે સૂવાની ઈચ્છાથી શેઠ આડા પડ્યા હતા. પણ, વિચારો એમ ખસે તો ને !

**ત્યાં જ બહાર કંઈક કલબલાટ થતો સંભળાયો.** ''સૂરજ પશ્ચિમમાં ઊગે, મેરુપર્વત ચલાયમાન થાય, સાગરો માઝા મૂકે, પણ મેં જોયેલા જોશ ખોટા ન પડે ! માટે તમને કહું છું શેઠને ઉઠાડો. મારે એમના જોશ જોવા છે. આવા ઉદાર શેઠ છે, જોઉં તો ખરો કેવું છે તેમનું ભાગ્ય ?'' સ્વસ્થ દેહ, મધુર વાણી, લહેકાવાળી ભાષા, ધોતિયું અને ખેસ, ગળે રુદ્રાક્ષની માળા તથા હાથમાં બે ચાર ચોપડા - આટલી ઓળખાણ એમને જ્યોતિષી તરીકે ઓળખાવવા માટે સમર્થ હતી.

બહાર ઉભેલા નોકરોને ખબર હતી કે શેઠ અત્યારે શ્રાન્ત છે, આરામમાં છે, આવા ધૂતારા લોકોને માટે શેઠને જગાડાય નહીં. જોતા હોય પૈસા અને આવા ધતીંગ કરતા હોય. એટલે તરત જ બેમાંથી એક સૈનિક મુખ્ય પ્રહરીને બોલાવી લાવ્યો. મુખ્ય પ્રહરીએ આવતા જ વાત કરી -

''જુઓ પંડિતજી ! શેઠ અત્યારે ખૂબ જ થાકેલા છે, તેમને જગાડી શકાય તેમ નથી. લો, આ સોનામહોર. શેઠ વતી દક્ષિણા સમજી આ સ્વીકારી લો અને બહાર પધારો, જેથી શેઠની નિદ્રામાં ખલેલ ન પહોંચે !''

આ વાત સાંભળતા જ પંડિતજી ભડક્યા ''શું સમજો છો તમે ? મને ભિખારી સમજો છો ? અરે ! તારા શેઠને કહી દેજે કે તમારા ઘરે બૃહસ્પતિ આવીને ચાલ્યો ગયો. જિંદગીભર વસવસો રહી જશે. તમે મારું નામ નથી સાંભળ્યું લાગતું. કહેજો શેઠને પંડિત વેણીશંકરજી આવેલા. અને પાછા ગયા. પછી જો જો તમારામાંથી કેટલાંની નોકરી ટકે છે ?''

ચોકીદાર પણ અવઢવમાં મૂકાયો. **આમ તો ચોકીદારને ખબર હતી કે શેઠ પુરુષાર્થવાદી છે, કોઈ દિવસ પણ જ્યોતિષ વગેરેના ફંદામાં ફસાતા નથી. પણ કદાચ ! આ તો મોટા પંડિત લાગે છે. ઉઠાડું કે ન ઉઠાડું ?**

ત્યાં તો અંદરથી શેઠનો જ અવાજ આવ્યો. કલબલાટ સાંભળી શેઠે જ અંદરથી બૂમ પાડી - ''કોણ છે ?'' એક ચોકીદાર તરત જ દોડતો શેઠ પાસે પહોંચ્યો. ''શેઠ સાહેબ ! કોઈ મોટા પંડિતજી આવ્યા છે. પોતાનું નામ વેણીશંકર બતાવે છે. આપને મળવું છે.''

''જા, આદર સહિત અંદર લેતો આવ. તેમના માટેના યોગ્ય સન્માનની પણ તૈયારી કરી રાખજે.'' ''જી !''

કંઈક ગર્વ સાથે પંડિતજી અંદર પહોંચ્યા. ચોકીદારો પોત-પોતાના કામમાં ગૂંથાઈ ગયા. પંડિતજી બોલ્યા - ''કેમ શેઠ ? આજે તો તમારી કીર્તિ પૂરેપૂરા ભારતમાં ફેલાવા આવી છે ! ચારે બાજુ તમારી પ્રશંસા જ સંભળાય છે. હવે તો જૂજ ક્ષણોમાં એ વાત અમદાવાદ સુધી પહોંચી જશે. ત્યાંથી આપનું ગરમાગરમ સ્વાગત થશે !''



[ જ્યોતિષીના વેશમાં જાસૂસ અહેવાલ આપે છે. ]

"ચલ હવે, નાટક છોડ ! જલદી બોલ શું સમાચાર લાવ્યો છે ?"

"શેઠ ! સમાચાર તો થોડા ગંભીર છે. મલિક ! સળગી ગયો છે. હવે એ કંઈક નવાજૂની કરવાનો છે." એમ કહી બરહાન-મલિકનો સંવાદ તે જ્યોતિષી ઉર્ફે શેઠના જાસૂસે કહી દીધો.

એ વાત સાંભળી શેઠ ગંભીર વિચારમાં ખોવાઈ ગયા. **શેઠને પોતાની ચિંતા ન હતી, આચાર્ય ભગવંતની હતી. મલિકની દાઝ આચાર્ય ભગવંત ઉપર લાગતી હતી. મતલબ ? શું આચાર્ય ભગવંત ઉપર જોખમ છે ?**

✺




## આદિત્યનું આગમન

માંડ ચિંતાની આગ શમાવી શેઠ આરામ કરતા હતા ત્યાં તો જાસૂસે આવી શેઠની ઊંઘ હરામ કરી દીધી. શેઠ ચિંતામગ્ન છે.

શું કરવું ? આચાર્ય મ.સા.ના કાને વાત નાંખવી પડશે. તો જ કંઈક રસ્તો મળશે તેવું લાગે છે. બાદશાહના કોપથી બચવાનો ઉપાય શું ? જો કે બાદશાહ એમ ગુસ્સે થઈ જાય તેવું પણ નથી, એમ તો મહાજનનું જોર ઘણું છે. પણ, મલિકનો ભરોસો નથી અને મલિકની વાત રાજા ઠુકરાવતો નથી. એટલે અમદાવાદના મહાજનને પણ એક વાર સાબદું કરી દેવું જોઈએ. જેથી બાદશાહ થોડો આગળ વધવા જાય કે તરત એને અટકાવી શકાય. મલિકની ગતિવિધિની જાણ પણ મેળવી શકાય. આજે રાત્રે આચાર્ય મ.સા.ને બધી વાત કરી કાલે જ એક ખેપિયાને અમદાવાદ જવા રવાના કરવો પડશે.

શેઠ આવા જ કંઈક વિચારમાં છે. ત્યાં ફરીથી બહાર કોલાહલ સંભળાયો. તરત જ શેઠે બૂમ પાડી ''અલ્યા ! કોણ છે ? જે હોય તેને અંદર આવવા દો. એમ પણ આજે મારા નસીબમાં આરામ નથી લખ્યો !'' શેઠની બૂમ સાંભળી તરત જ એક નોકર હાજર થયો. ''સાહેબ ! એક ચિત્રકાર આવ્યો છે. **પોતાનું નામ આદિત્ય બતાવે છે.** તે કહે છે કે - શેઠનું અંગત

કામ છે. ચિત્ર બતાવવું છે. અમે કહ્યું, ચિત્ર અમને આપી દે, જોઈએ તેટલા રૂપિયા લઈ લે. પણ એ ના પાડે છે, આપને જ મળવાની જીદ લઈને બેઠો છે.'' આદિત્ય નામ સાંભળતા જ શેઠ સહેજ ચમક્યા ! અને કહ્યું ''જા, એને અંદર લઈ આવ અને ૧૦૦ સોનામહોરની થેલી પણ તૈયાર રાખજો.''

''જી !'' કહીને નોકર ચાલ્યો ગયો. **થોડી વારમાં એક હાથમાં પીંછી, ચિત્ર દોરવાના સાધનોની થેલી અને બીજા હાથમાં કેટલાંક ચિત્રો લઈને એક વ્યક્તિ રૂમમાં દાખલ થયો.** આમ તો કપડા સાદા જ હતા. પણ ક્યાંક ક્યાંક કલરના ડાઘ જોઈ ઓળખી શકાય તેમ હતું કે આ કપડાં કોઈ ચિત્રકારના જ છે. ચિત્રકાર તો આવીને બેસી ગયો.

થોડી આંજુબાજુ નજર કરી શેઠે પૂછ્યું ''બોલ ! બરહાનના શું સમાચાર છે ?'' **''સાહેબ ! બરહાન મલિકની સાથે આજે જ અમદાવાદ જવા નીકળે છે. તેનું મગજ સ્વસ્થ નથી લાગતું. આચાર્ય ભગવંત માટે પણ અલગ ટોનમાં બોલતો હતો.''** ''અચ્છા તો એમ વાત છે. સારું વાંધો નહીં. બોલ ! બીજા કોઈ સમાચાર છે ?''

''સાહેબ ! થોડું સાવચેત રહેવા જેવું છે હોં ! કંઈક વધારે પડતું રંધાઈ ગયેલું લાગે છે.''

''સારું ! તને બહાર તારી ભેટ મળી જશે, પેલો નાસીર બહાર શું કરે છે ?''

''એ તો બહાર ક્યાંક ચોકી કરતો લાગે છે. અત્યારે તો અહીંયા નથી દેખાતો, મને અહીં આવતા રસ્તામાં મળ્યો હતો.''

''નાસીરે તને ઓળખી તો નથી લીધો ને ?''

''અરે સાહેબ ! આ તો આદિત્ય કહ્યું એટલે તમે મને ઓળખી ગયા. બાકી તો તમે પણ મને ન ઓળખી શકત !''

''સારું-સારું. પણ સાવચેત રહેજે !'' એ વખતનો જમાનો જાસૂસીનો હતો. શેઠ જાણતા હતાં કે ''મલિકનો હિંદુ સંસ્કૃતિ પ્રત્યેનો દ્વેષ પારાવાર છે ! એટલે જ એના શેતાની ચરખા જેવા દિમાગમાં કંઈને કંઈ પ્લાન આકાર લેતા

જ હોય છે. જો તે યોજનાની આગોતરી જાણ થાય તો જ તે અટકાવવાના રસ્તા શક્ય બને. માટે શેઠે મલિક અને બરહાન - બન્નેના ઘરે ચોકી ગોઠવી હતી. આપણે જોઈ ગયા કે બન્ને જાસૂસો વિશ્વસનીય કામગીરી અદા કરતા હતા. તથા મલિકે પણ શેઠના ઘરમાં પોતાના જાસૂસો ગોઠવી રાખ્યા હતા. શેઠને તે બધાં જાણમાં જ હતા. મલિક આશ્વસ્ત અને વિશ્વસ્ત રહે, અંધારામાં રહે એટલે જ કોઈને પણ શેઠે નોકરીમાંથી કાઢ્યા ન હતા.

**ઉપરની વાતચીતમાં આપણે નાસીરને મલિકના જાસૂસ તરીકે જોઈ શક્યા.** પણ, સદ્ભાગ્યે શેઠની ગતિવિધિની નાસીરને ઝાઝી ગંધ નથી આવી. શેઠને અત્યારે ભારોભાર ચિંતા સતાવે છે. ''શું મલિક આજે ને આજે અમદાવાદ જવા માંગે છે ? મતલબ કે નક્કી કોઈ ભારે આફત લાગે છે.

હવે આ મલિક મરણીયો થયો લાગે છે. મારે પણ પૂરતી તૈયાર કરી રાખવી જોઈએ. **હા ! આ વખતનો જંગ આચાર્ય ભગવંત ઉપર કેન્દ્રિત છે. માટે પહેલાં તો મારે આચાર્ય મ.સા.ને વિગતે વાકેફ કરવા પડશે.** લાગે છે આજે જ મારે એક ખેપિયાને અમદાવાદ રવાના કરી દેવો જોઈએ. આદિત્યને મલિકની પાછળ-પાછળ જવાનું અને અમદાવાદમાં પણ તેના ઉપર નજર રાખવાનું કહેવું પડશે.''

વિચારોમાં ને વિચારોમાં સમય ક્યાં જતો રહે છે તે ખબર નથી પડતી. સંધ્યાનો સમય થવા આવ્યો હતો. શેઠે તરત જ બૂમ પાડી. ''કોઈ છે બહાર ?'' તરત જ એક નોકર હાથ જોડી હાજર થયો. ''વિનાયકને મારી પાસે મોકલ !'' ''જી !'' કહી નોકર ચાલ્યો ગયો. થોડીવારમાં જ એક વ્યક્તિ હાજર થયો. **સશક્ત અને ભરાવદાર શરીર, ઝીણી આંખો, હવામાં લહેરાતા ઝુલ્ફા જેવા વાળો અને ચપટું નાક. આટલી વિશેષતા એ વ્યક્તિને સામાન્ય માણસ કરતા વિશેષતા બક્ષતા હતા.**

''બોલો સાહેબ ! સેવકને કેમ યાદ કર્યો ?'' ''વિનાયક ! અમદાવાદ જવાનું છે, અત્યારે જ નીકળવું પડશે. જોજનવેગી સાંઢણી કે તેવા જ અશ્વ ઉપર જજે. બનતી ત્વરાએ ત્યાં પહોંચી જવાનું છે. અમદાવાદમાં નગરશેઠને ત્યાં જઈ મારી ટપાલ પહોંચાડવાની છે. યાદ રહે ! રસ્તામાં ક્યાંય ટપાલનું

'સીલ' તૂટવું ન જોઈએ. આને જાનથી પણ વધારે કિંમતી ગણજે. વચ્ચે કદાચ તને મલિક કે બરહાનનો ભેટો થશે. ધ્યાન રાખજે કે એમને ગંધ પણ ન આવે. બને તો અત્યારે જ નીકળી જજે. મલિક કદાચ મોડી સાંજે નીકળવાનો હોય. છતાં તું સાવચેત રહેજે.

અને હા ! આદિત્યને સમાચાર આપી દેજે કે શેઠ બોલાવે છે. જા ! તું તૈયાર થઈને આવ ત્યાં સુધીમાં હું ટપાલ લખી નાખું છું.''

''જી !'' કહી વિનાયક નીકળી ગયો.

**પ્રવાસના કોઈ પણ કામ માટે વિનાયક ખૂબ જ ભરોસાપાત્ર વ્યક્તિ ગણાતો હતો. શેઠનો ખૂબ જ વિશ્વાસુ માણસ હતો. નાનપણથી જ શેઠને ત્યાં ઉછરેલો. માટે, શેઠની લાગણી પણ તેના ઉપર હતી.** શેઠે જે રીતે વાત કરી હતી તે જોતાં વિનાયકને પણ ગંધ આવી ગઈ કે કોઈ ખાસ બાબત છે. બાકી શેઠ આવું કહે નહીં. એટલે જ તે ઝટપટ તૈયારી કરવા લાગી ગયો.

થોડી વાર થઈ અને આદિત્ય પણ આવી પહોંચ્યો. આ વખતે તે સાદા વેશમાં જ હતો. શેઠના નોકરો વગેરે તેને 'મધુકર' તરીકે ઓળખતા હતા. શેઠ પાસે આવી તેણે તરત જ પૂછ્યું – ''કેમ સાહેબ ! શું કામ પડ્યું ?'' ''તને બક્ષિસ તો મળી ગઈ ને ?'' ''હા સાહેબ ! ધાર્યા કરતા તમે કાયમ વધારે જ આપતા આવ્યા છો, તમારી કૃપાએ અમારો પરિવાર ચાલે છે સાહેબ !''

**''સારું, હવે બીજું થોડું મુશ્કેલ કામ કરવાનું છે. બરહાન અને મલિકની સાથે સાથે તારે અમદાવાદ જવાનું છે. તેનો પીછો કરવાનો છે !''**

''એમાં શું મોટી વાત છે ?'' **''અલ્યા ! પૂરું સાંભળ તો ખરો ! એ બન્ને જણ રસ્તામાં જે વાતચીત કરે તેનો અક્ષરે અક્ષર તારે સાંભળવાનો છે. સાથે એમને ગંધ પણ ન આવવી જોઈએ કે તું એમનો પીછો કરે છે કે એમની વાતો સાંભળે છે.**

''મતલબ ? મારે એમની પાછળ-પાછળ જવાનું અને એ રીતે કે એમની વાતો સાંભળી શકું. પણ તેઓ મને જોઈ ન શકે. ઠીક છે, અઘરું જરૂર છે, અશક્ય નથી !''

''ખૂબ સરસ ! આટલું કામ હેમખેમ કરી આવ. પછી તારા માટેની બક્ષિસ તૈયાર છે.'' ''સારું'' કહીને આદિત્ય રવાના થયો. આ બાજુ તરત જ શેઠ અમદાવાદના નગરશેઠને ટપાલ લખવા બેઠા.

*''શ્રાદ્ધવર્ય શ્રીમાન નગરશેઠશ્રી,*

*કપડવંજથી દોશી આણંદજીના પ્રણામ વાંચશોજી. ત્યાં દેવ-ગુરુની કૃપાથી આનંદમંગલ હશે. અત્ર આજે ગચ્છનાયક આચાર્યશ્રી હેમવિમલસૂરિ મ.સા.નો સામૈયાસહ પ્રવેશ સુંદર સંપન્ન થયો છેજી.*

*વિશેષમાં જણાવવાનું કે, અત્રે મલિકે ખટપટ ચાલુ કરી છે. તેની નજર ગચ્છનાયક ઉપર મંડરાઈ છે. મલિક તરફથી આપત્તિના એંધાણ જણાય છે. તે આજે જ અહીંથી બાદશાહને સમજાવવા રવાના થયો છે. તો આપશ્રી આ અંગે ઘટતું કરશો અને મલિક ઉપર સવિશેષ ધ્યાન આપશો. કંઈ પણ નવાજૂની થાય તો તાત્કાલિક જણાવશો. જરૂર લાગે તો આ ટપાલ લાવનારને એક દિવસ રોકી દેશોજી. ત્યાં સુધી આચાર્ય મ.સા.ને હું કપડવંજમાં રોકાવા વિનંતિ કરવાનો છું. આ ટપાલ લાવનારને વળતો સંદેશો મોકલશોજી. સર્વત્ર શાંતિની કામના સહ,*

*લિ.*

*દોશી આણંદજીના સબહુમાન પ્રણામ.''*

શેઠે ટપાલને સીલપેક કરી દીધી. આમ તો પહેલા આચાર્ય મ.સાને જણાવી પછી આ પગલું લેવાની ભાવના હતી. પણ, હવે સમય ન હતો. મલિક અને બરહાન જો નીકળી જાય તો પછી તેનો પીછો કરવો મુશ્કેલ થઈ જાય. તે કયો રસ્તો લે તે પણ ખબર ન હતી. તે સીધા અમદાવાદ જ જવાના છે કે વચ્ચે ક્યાંક થઈને જવાના છે ? તે પણ ખબર ન હતી. એટલે પહેલેથી જ તેમનો પીછો કરતા રહેવું હિતાવહ હતું. એટલે જ તરત માણસને મોકલવાની વ્યવસ્થા શેઠે કરી હતી.

થોડીવારમાં વિનાયક તૈયાર થઈ આવી ગયો. શેઠે ત્રણ વાર નમસ્કાર મહામંત્રનું પ્રણિધાન કરી ટપાલ વિનાયકના હાથમાં સુપરત કરી અને કહ્યું - ''નગરશેઠના વળતા સમાચાર પણ લેતો આવજે, એકાદ દિવસ રોકાવું

પડે તો વાંધો નથી. તારી ઉતારા વગેરેની વ્યવસ્થા ત્યાં જ થઈ જશે. રસ્તામાં વચ્ચે, બને તો, સ્ટોપ ન લેતો, સીધે સીધો જ પહોંચી જજે. આ વાટખર્ચીના રૂપિયા તારી પાસે રાખજે.'' એમ કહી શેઠે ૧૦ સોનામહોર વિનાયકને આપી.

**''હા ! જો તારા કોઈ સગા રાજમહેલમાં ગોઠવાયેલા હોય તો મલિક અને બરહાન ઉપર ધ્યાન રખાવજે. એના માટે કદાચ વધારે સોના મહોરોની જરૂર પડે તો નગરશેઠ પાસેથી લઈ લેજે, ચિંતા ના કરતો. હવે જલ્દીથી નીકળ, તારો પંથ નિર્વિઘ્ન બને.''**

વિનાયક શેઠના આશીર્વાદ લઈ નીકળી ગયો. આ ધમાલમાં પાણી પીવાનું પણ શેઠ ભૂલી ગયેલા. હવે તો સૂર્યાસ્તની તૈયારી થઈ ચૂકી હતી. શેઠ તરત જ વાળું કરવા માટે પહોંચી ગયા.

આજે ચિંતામાં ભૂખ પણ મરી ગઈ હતી. એટલે હલકું ભોજન લઈ શેઠે તરત જ ચોવિહારના પચ્ચક્ખાણ લઈ લીધા.

આચાર્ય મ.સા.ને મળવા જવાનું હતું. પ્રતિક્રમણનો પણ સમય થઈ રહ્યો હતો. એટલે તરત જ શેઠ તૈયાર થઈ સંધ્યા સમયે દેરાસર દર્શન કરવા નીકળ્યા. ત્યાંથી સીધા ઉપાશ્રય જવાનું હતું આચાર્ય મ.સા.પાસે ! બે ચાર પોતાના કલ્યાણમિત્રો સાથે શેઠ દેરાસર પહોંચ્યા. પરમાત્માના દર્શન કરી આચાર્ય મ.સા.નો વાળ પણ વાંકો ન થાય તેવી પ્રાર્થના કરી શેઠ ઉપાશ્રય જવા નીકળ્યા.

કપડવંજની શેરીઓમાંથી પસાર થતા-થતા વચ્ચે દરેક જણનું અભિવાદન ઝીલતા ઝીલતા શેઠ ઉપાશ્રયમાં પહોંચ્યા. આજે સામૈયાના કારણે લોકોની નજરમાં શેઠનું માન ઘણું ઊંચકાયું હતું. ઉપાશ્રયમાં પ્રવેશી સહુ પ્રથમ આચાર્ય ભગવંતને વંદન કર્યા. આચાર્ય મ.સા. સ્વસ્થ અને સુપ્રસન્ન હતા. અને એટલે જ શેઠને થોડો વધારે આંચકો લાગ્યો. બાપ રે ! આવા નિરુપમમૂર્તિ આચાર્ય મ.સા. ઉપર કેવી આફત ઝળુંબી રહી છે ?

આચાર્ય મ.સા.એ વંદન પછી ઈશારાથી જ શેઠને કહી દીધું કે પ્રતિક્રમણ પછી કામ છે એટલે રોકાજો. આમ પણ શેઠને તો કામ હતું જ. એટલે રોકાવાનું તો હતું જ. છતાં શેઠને આશ્ચર્ય થયું કે આચાર્ય ભગવંતને શું કામ

હશે ? ખેર ! ઝાઝો સમય વિચારવા માટે ન હતો.

તરત જ પ્રતિક્રમણ શરૂ થયું. **શેઠે પોતાની આદત મુજબ બધા વિચારો કોરાણે મૂકી પ્રતિક્રમણમાં ચિત્ત પરોવ્યું.** બે ઘડીમાં પ્રતિક્રમણ પૂર્ણ થયું. સામાયિક પારી શેઠ આચાર્ય ભગવંત પાસે પહોંચી ગયા.

ધીરે ધીરે સહુ આવી આચાર્ય મ.સા.ને ત્રિકાળ વંદના કરી નીકળવા માંડ્યા. બધાં જ્યારે નીકળી ગયા ત્યારે આચાર્ય મ.સા.એ વાત શરૂ કરી. આચાર્ય મ.સા.એ સીધો જ પ્રશ્ન કર્યો.

**"પુણ્યશાળી ! તમારી પાસે સંપત્તિ કેટલી ?"** પ્રશ્ન સાંભળતા જ શેઠ ચમકી ગયા. આચાર્ય મ.સા.ને આ પ્રશ્ન પૂછવાનું પ્રયોજન શું હશે ?

**જો કે આચાર્ય મ.સા. સંવિગ્નશિરોમણિ તરીકે સમગ્ર જિનસાસનમાં વિખ્યાત હતા. ક્રિયોદ્ધાર દ્વારા જૈનશાસનમાં પલટો લાવનાર હતા. એટલે બીજો તો કોઈ પ્રશ્ન જ નહોતો.**

શેઠે કીધું "ગુરુદેવ ! ગણી ન શકાય એટલી છે. દેશ-દેશાવરમાં વ્યાપારો ચાલે છે, આપ ગુરુદેવની કૃપાથી જ્યાં હાથ નાંખું છું, ત્યાંથી સોનું મળે છે. પણ, આપશ્રીને આ બાબતનું શું પ્રયોજન પડ્યું ? આપ ખાલી આજ્ઞા કરો, આપની બધી ઈચ્છા પૂરી કરવા તત્પર છું."

એ વાત પછી ભાગ્યશાળી ! પણ બીજો જવાબ આપો - **જૈન શાસનમાં તમારા જેવાં શ્રીમંત કેટલા ?"**

"ગુરુદેવ ! આજ તો આપણા માટે ગૌરવ લેવા જેવી બાબત છે. આજે ઘણાં જૈનો સુખી સંપન્ન છે. **મારા જેવા અને મનેય ટક્કર મારે તેવા કેટલાય જૈનો આજે છે. એ પણ વિપુલ સંખ્યામાં હશે.** દૂર દેશાવરોમાં તેમના વેપારો ચાલે છે. પણ, આપને શું કામ પડ્યું ? મને જણાવો. મને લાભ આપો."

**"તમે જેને ગૌરવાસ્પદ સ્થિતિ માનો છો તેને હું જિનશાસન માટે સૌથી નામોશીભરી સ્થિતિ માનું છું."** આચાર્ય મ.સા.ના આ વચને શેઠને ચકરાવામાં નાંખી દીધા.

✹




## અમદાવાદ તરફ...

અંધારું ચોમેર ફેલાઈ ચૂક્યું હતું. બજારો સંપૂર્ણતયા બંધ થઈ ચૂકી હતી. લોકોનું જમવાનું પણ પતી ચૂક્યું હતું. વાસણો પણ માંજી નાંખવામાં આવ્યા હતા. હવે સમય હતો પરિવારગોષ્ઠીનો ! **દિવસભરનો થાક માણસ આ સમયે ઉતારતો. અને પછી નિશ્ચિંત મને નિદ્રાદેવીના ખોળે પોઢતો.**

આ સમયે એક બાજુ ઉપાશ્રયમાં આચાર્યભગવંત અને શેઠનો સંવાદ ચાલી રહ્યો છે, બીજી બાજુ મલિક અને બરહાન અમદાવાદ જવાની તૈયારીમાં વ્યસ્ત છે. બરહાન મલિકના મગજને સારી રીતે ઓળખતો હતો. માટે, સમયસર તે હાજર થઈ ગયો હતો.

થોડીવારમાં મલિક પણ તૈયાર થઈ ગયો. મલિકને જોતા જ બરહાન બોલ્યો – 'મલિક ! આટલી અંધારી રાતે અમદાવાદ જવા નીકળીએ તેના કરતા કાલે જઈએ તો ? જંગલનો રસ્તો છે.'

'બરહાન ! તું આટલો બાયલો ક્યાંથી થઈ ગયો ? થોડો મરદ થા ! આ સમશેર તે જોઈ નથી લાગતી ? ચાલ ! હવે જલ્દી કર. જેટલું બને તેટલું અંતર કાપી લઈએ, રાત્રે વચ્ચે ક્યાંક રોકાઈ જઈશું. હા ! ભાથાની પણ વ્યવસ્થા કરવાનું કહી દીધું છે. ઘોડાની પણ વ્યવસ્થા થઈ જશે.'

ત્યાં જ એક ગુલામ આવીને કહી ગયો – 'સાહેબ ! બધું તૈયાર છે, બે ઘોડા કાઢ્યા છે.' મલિક અને બરહાને જવા માટે પગ ઉપાડ્યા.

**એ જમાનામાં રાત્રે લગભગ કોઈ પ્રવાસ ખેડતું નહી. છતાં મલિકની અધીરાઈએ રાત્રે જ તે બન્નેને અમદાવાદ જવા મજબૂર કર્યા.** શેઠ દોશી આણંદજી મલિકના સ્વભાવને સારી રીતે જાણતા હતા. તેમને ખબર હતી કે મલિક એક વાર જે વાતને પકડી લેશે તે વાતને છોડવા માટે તે હરગીઝ તૈયાર નહીં થાય. એટલે જ પોતાના ચરપુરુષને ખાસ તાકીદ કરી હતી કે **– તું અહીંથી જાય તે પછીની એક પણ ક્ષણ મલિક અને બરહાન તારી નજર બહાર ન જવા જોઈએ !**

શેઠનો માણસ પણ બાહોશ હતો. મલિક અને બરહાન જેવા પોતાના મહેલની બહાર નીકળ્યા કે તરત તે કદમે કદમ દબાવતો એ લોકોનો પીછો કરવા લાગ્યો. તેનો ઘોડો પણ તેજ હતો અને કેળવાયેલો પણ હતો. મૂળ પ્રશ્ન તો એ હતો કે **બરહાન અને મલિકની બધી વાતો સાંભળવાની હતી. ઘોડાને લઈ છેક એટલે નજીક તો જવાય નહીં અને એમને ખબર પડે કે કોઈ અજાણ્યો માણસ સાથે આવે છે તો મુક્ત મને વાતો પણ ન કરે !**

જાસૂસે પોતાના બે માણસો પણ સાથે રાખ્યા હતા. તે બન્ને જણા અમદાવાદના રસ્તે આગળ જઈને અમુક-અમુક અંતરે પૂર્વનિશ્ચિત યોજના મુજબ ગોઠવાઈ ગયા હતા. મલિક અને બરહાન જેવા અમદાવાદના રસ્તે આગળ વધ્યા કે તરત જ જાસૂસ આડા રસ્તે આગળ વધી અમદાવાદના રસ્તાની સાઈડમાં સૂઈ ગયો. સહેજ કણસવાનો અવાજ પણ ચાલુ રાખ્યો. જેથી તે રસ્તે પસાર થનારનું તરત જ ધ્યાન પડે.

મલિક અને બરહાનના ઘોડા ધીરે ધીરે ગતિ પકડી રહ્યા હતા. બહુ ગતિ વધારી શકાય તેમ ન હતી. કારણ કે અંધારું હતું. ખાડા-ટેકરા દૂરથી દેખાય તેમ ન હતા. હા ! ચાંદની હતી ખરી. છતાં મધ્યમગતિ લાભદાયી હતી.

**મધ્યમગતિએ બરહાન અને મલિક અમદાવાદના રસ્તે આગળ વધી રહ્યા હતા. ત્યાં જ કોઈકના કણસવાનો અવાજ સંભળાયો. કોઈક અસ્પષ્ટ**

**બોલતું હોય તેવું લાગતું હતું. પીડાથી કોઈકના કણસવાનો અવાજ આવતો હતો !** અવાજ સાંભળી મલિકે બરહાનને કહ્યું. 'જો તો આ કાળી પછેડી ઓઢી કોણ સૂતું છે ? કોઈ માણસ લાગે છે !''

''મલિક ! આ જંગલનો રસ્તો છે, અહીં રાતે પલીતો પણ ફરતા હોય છે. માટે, આડી અવળી વાતોમાં પડ્યા વિના સીધે સીધા અમદાવાદ જઈએ, બાકી મરાઈ જઈશું !''

''અલ્યા ! આટલો શું નામરદ થાય છે ?'' આટલું બોલીને મલિક સ્વયં જ ઘોડા પરથી ઉતરી તે માણસની નજીક ગયો. જોયું તો માણસ પીડાથી કણસતો હતો. ઘામાંથી લોહી પણ નીકળતું લાગ્યું. જો કે રાત્રિના અંધકારમાં બહુ સ્પષ્ટ ન દેખાયું તો પણ મલિકને તે માણસ મુશ્કેલીમાં લાગ્યો.

મલિકે બરહાનને બૂમ પાડી. ''ચાલ ! તારું આ ભૂત ઘાયલ થયેલું છે, ઊંચકી લે, આગલા ગામે આપણે તેને મૂકી દઈશું.'

**બરહાનનો ભય હજુ દૂર નહોતો થયો. છતાં મલિકને જોઈ તેને કંઈક હિંમત આવી. બન્ને જણાએ તે માણસને ઊંચકી ઘોડા ઉપર વ્યવસ્થિત**



[ મલિક ઘાયલ વ્યક્તિની વહારે... ]

**સૂવાડ્યો. આખરે તો એ જમાનો કંઈક માણસાઈનો હતો !**

હવે મલિકના ઘોડા ઉપર ભાર વધ્યો. માટે ગતિ વધારે ધીમી થઈ. નવું ગામ આવતા-આવતા વચ્ચે ઘણો સમય વીતી જાય તેમ હતો. મલિકે જોયું કે બરહાન ઘણો ભયભીત થઈ ગયો હતો.

એક તો માનસિક અશાંતિ હતી જ. તેમાં બહારનું જંગલનું ભયાવહ વાતાવરણ વધુ ભય ઉત્પન્ન કરતું હતું. તેથી બરહાનને થોડો આશ્વસ્ત કરવા મલિકે જ વાત શરૂ કરી. ''બરહાન ! વિચાર કર, આજે તું કેવું મહાન કાર્ય કરવા જઈ રહ્યો છે ? બરહાન ! ઈસ્લામ જગતમાં તારું અને મારું નામ સુવર્ણાક્ષરે લખાશે.''

''કેમ ? એવી તે શી મોટી ધાડ પાડવા આપણે જઈ રહ્યા છીએ ?''

''ભારતમાં ઈસ્લામ ધર્મ નામશેષ થઈ જાય અને આપણે પુનઃ મધ્ય એશિયામાં સ્થાનાંતર કરવું પડે તેવી શક્યતા જ્યારે ઊભી થઈ ગઈ છે ત્યારે ઈસ્લામ ધર્મની રક્ષા કરી દેવી શું નાનું કાર્ય છે ?''

''મલિક ! તું રાઈ જેવી બાબતને પહાડ જેવી તો નથી બનાવી રહ્યો ને ? ક્યાં ઠાઠમાઠવાળી સ્વાગતયાત્રા અને ક્યાં ઈસ્લામ ધર્મનો વિનાશ ? આ બન્ને વચ્ચે કાંઈ જ ધડમાથું મને નથી સમજાતું.''

''બરહાન ! થોડી ઊંડી દૃષ્ટિ રાખ, વિચાર ! **આપણે રાજ કરવા આવ્યા તે પહેલા આ બધા હિંદુઓ જ હતા. આપણે તેમાંના ઘણાને વટલાવ્યા. પણ, આખરે એ લોકોની વફાદારી તો આ દેશ પ્રત્યે જ હોય ને ! ઊંડે ઊંડે પણ આ દેશ જ તેમને વહાલો હોય ને ? હવે વિચાર ! આપણે કેટલા ? અને એ લોકો કેટલા ?** અત્યારે તો આપણા સૈન્યો એ લોકોના માણસોથી જ બનેલા છે. જ્યાં સુધી એ લોકોને આપણે દાબમાં રાખ્યા છે ત્યાં સુધી તે લોકો આંખ ઊંચી ન કરી શકે.

પરંતુ, જો કોઈ એ લોકોને સમજાવનારું મળી ગયું, જગાડનારું મળી ગયું, સમગ્ર હિન્દુસ્તાન સંગઠિત બની ગયું તો વિચાર ! શી હાલત થાય આપણી ? એ લોકો પાસે ન તો માનવ શક્તિની ખોટ રહે કે ન તો નેતૃત્વ શક્તિની ખોટ રહે. **એ લોકો પાસે બધું જ છે. પણ, બધું વિકેન્દ્રિત છે, કશું**

**સંગઠિત નથી. બસ ! એ જ કારણે આપણે આટલા વરસો સુધી રાજ કરી શક્યા છીએ. જેની ઉપર રાજ કરવા અનેક લોકો ટાંપીને બેઠા છે તે સોનાની ચીડિયા કહેવાતું ભારત આપણા કબજામાં છે. કારણ કે હિન્દુસ્તાન સંગઠિત નથી, હિન્દુઓ વિકેન્દ્રિત છે.**

બસ ! આ સંગઠનના અભાવને નેસ્તનાબૂદ કરી શકવાની શક્તિ મને આ વાણિયાઓના ગુરુમાં દેખાય છે. એટલે જ હું આટલો ચિંતાતુર અને વ્યગ્ર છું. બરહાન ! આવા કામમા વિલંબ ન કરાય. કારણ કે **ઈતિહાસ જેટલી સમયચુસ્ત વસ્તુ બીજી કોઈ નથી. જો ક્ષણ ચૂકી ગયા તો માની લો ઈતિહાસ તમારા હાથમાં નથી અને જો તમે ક્ષણને સાચવી લીધી તો સમજી લો કે ઈતિહાસ તમારા હાથે જ લખાશે !''**

''પણ મલિક ! અહીંથી અમદાવાદ જઈને તું કરવા શું માંગે છે ? બાદશાહને તું આવું બધું સમજાવીશ તો એ કંઈ સમજવાનો નથી. એને આ બધી બાબતોની કાંઈ પડી નથી. ઉલટું વાણિયાઓ સામે એ કદમ ઉપાડતા ધ્રૂજશે. એટલે તારા આ પાયા ઉપર તું જો મહેલ બાંધવા માંગતો હોય તો તે શક્ય નથી.''

''બરહાન ! તારી વાત સો ટકા સાચી. પણ, **યાદ રાખ ! બાદશાહ વારે વારે આ વાણિયાઓ ઉપર બળાપો કાઢતા હોય છે. જ્યારે જ્યારે પણ જલસા માટે પૈસા ઓછા પડે એટલે એ કહેતા હોય છે - ''સાલા ! આ વાણિયાઓ પાસે આટ-આટલી સંપત્તિ છે અને હું એ લોકોનો બાદશાહ રહ્યો, છતાં મારે પૈસાની ખેંચતાણ ?''**

બરહાન ! યાદ રાખજે ! બાદશાહને વાણિયાઓની સંપત્તિ ખૂબ જ ખૂંચે છે. જો કે દરવખતે તો બાદશાહની આજુબાજુના વાણિયાઓના મળતિયા મંત્રીઓ બાદશાહને, **''બાદશાહ ! વાણિયાઓ વેપારમાં મહેનત કરી આટલી સંપત્તિ બનાવે છે. વાણિયાઓ તેને સાચવી જાણે છે. જો તે લોકો જલસા કરવા બેસે અને પૈસા ઉડાડવા લાગે તો મહિનામાં ભિખારી થઈ જાય !''** આવું કહી ટાઢો પાડી દેતા. રાજા એમની સામે કશું બોલી ન શકતો.

પણ, યાદ રાખજે ! રાજાને વાણિયાઓની સંપત્તિ ઉપર આક્રોશ તો છે જ. હવે હું આ આક્રોશને પુનરુજ્જીવિત કરીશ. શોભાયાત્રાનું વર્ણન કરી બાદશાહને કહીશ. 'જુઓ બાદશાહ ! એ લોકો કેટલો સંપત્તિનો વેડફાટ કરે છે ?' બસ ! પછી જોજે રાજાનો આક્રોશ.''

''મલિક ! આનાથી તો દોશી આણંદજી ઉપર આફત ઉતરશે. તારું લક્ષ્ય તો આચાર્ય મહારાજ છે. એમને તો ઊની આંચ નહીં આવે, ઊલટું એ તો પોતાની પાસે ફૂટી કોડીય નથી રાખતા. તો પછી રાજા એમને શું સજા કરશે ?''

''બરહાન ! આ તો બાદશાહને એના મનની વાત કહીએ એટલે તે રાજી થાય, પછી રસ્તો બદલાવતા વાર ક્યાં લાગે છે ? ખ્યાલ છે તને કે પોતાના કરતા વધારે માન-પાન બીજાને મળે તે જોઈ શકવાની કે સાંભળી શકવાની શક્તિ બાદશાહની પ્રકૃતિમાં જ નથી. બસ ! **બાદશાહના એ જ સ્વભાવનો ટેકો લઈ આખી વાત આચાર્ય મહારાજ ઉપર કેન્દ્રિત કરી દઈશ.**''

''પણ, પછી ? પછી શું ?'' ''બીજું શું ? એ આચાર્ય મહારાજ જશે જેલમાં અને જેલમાંથી સીધા જન્નતના મહેલમાં... હા...હા...હા...''

આ છેલ્લી વાતથી બરહાનને પસીનો છૂટી ગયો, કમકમાટી છૂટી ગઈ ! એ જાણતો હતો કે **આ વાત બોલવામાં જેટલી સરળ લાગે છે તેટલી કરવામાં નથી.** હા ! મલિક બાદશાહને ભરમાવશે એટલે બાદશાહ ભરમાઈ ચોક્કસ જશે. પણ, જો આચાર્ય મહારાજને કંઈ પણ થયું તો આ વાણિયાઓ ઉથલપાથલ મચાવી દેશે. ભેગા નહીં થતા હોય તો પણ આ મોકો મેળવી વાણિયાઓ ભેગા થઈ જશે, સંગઠિત થઈ જશે. એમાં મલિકની સાથે મારી પણ નામોશી થશે. હે અલ્લાહ ! આ લોકો મને જીવતો બાળી નાંખશે. હે અલ્લાહ ! મલિકને કંઈક સદ્બુદ્ધિ આપ !

''કેમ બરહાન ! જોયું ? વિચાર હવે - કેટલી શાંતિથી આપણા માર્ગનો કાંટો ટળી જશે. સાથે સાથે દોશી આણંદજી શેઠની સંપત્તિ પણ આપણે જપ્ત કરાવીશું. થોડો મલીદો પણ મળશે. ચિંતા નહીં કર, તને

પણ થોડો ભાગ મળી જશે. પછી તો જલસા જ છે ! હા બરહાન ! એક મહત્ત્વની વાત તો તને કહેવાની રહી જ ગઈ...'

'અરે **મલિક ! કોઈક આપણી પાછળ આવતું હોય તેવું નથી લાગતું ?' મલિકે તરત જ પાછળ નજર ફેરવી.** ધ્યાનથી નજર ફેરવતા જ કોઈ એક ઘોડો ધીરે ધીરે આવતો હોય તેવું લાગ્યું !

હવે મલિકના મનના ઘોડા જુદી દિશામાં દોડવા લાગ્યા. આટલી અંધારી રાતે કોઈ મુસાફરી કરવા નીકળે નહીં. અને નીકળે તો પણ આટલી ધીમી ઝડપે જવાનું શું પ્રયોજન ? મારા ઘોડા ઉપર તો બે અસવાર છે. માટે સ્વાભાવિક અમારી ગતિ ધીમી પડી જાય. વળી, અમે તો બે જણા છીએ. માટે જંગલના રસ્તે ધીમી ગતિએ જઈએ તો યે વાંધો નહીં. જ્યારે આ તો એકલો માણસ ! આ રીતે ધીમી ગતિએ જંગલમાંથી નીકળે તે શક્ય નથી લાગતું. તથા કોઈ ખાસ કામ વિના તો આટલી અંધારી રાતે તેઓ નીકળ્યા ન હોય. જો ખાસ કામ હોય તો તે માટે ઝડપથી જવાનું હોય કે ધીમે ધીમે ?

ઊલટું આ તો અમે ઊભા રહી ગયા એટલે આ પણ ઊભો રહી ગયો ! **પોતાની આગળ કોઈ વ્યક્તિ જાય છે તેવું લાગે તો આટલી અંધારી રાતે સામે ચાલીને માણસ તેને ભેગો થઈ જાય, જેથી પ્રવાસમાં સથવારો રહે. જ્યારે આ માણસ તો જાણે ભેગો જ નથી થવા માંગતો !**

ના, જરૂર કોઈક આડી અવળી વાત છે, દાળમાં કંઈક કાળું છે... હજુ મલિક આમ વિચારી રહ્યો છે ત્યાં જ પોતે જે માણસને શેઠના ઘરે જાસૂસી કરવા મોકલ્યો હતો તેની વાત યાદ આવી..

તેણે કહેલું 'સાહેબ ! આપને ત્યાં કોઈ જાસૂસી તો ચોક્કસ કરી રહ્યું છે. કોણ છે ? ક્યાં રહે છે ? તે બધી વિગત નથી મળી. પણ, શેઠની વર્તણૂક જોતા એટલું નક્કી કે શેઠને તમારા ઉપર શંકા પણ છે. અને એટલે જ તમારા ઉપર તેમણે જાસૂસો ગોઠવી જ રાખ્યા છે.'

હવે મલિકના મગજના તાર ઝણહણી ગયા. વાતોનો તાલમેળ એક પછી એક મળતો ગયો. ત્યાં જ એક વિચાર આવ્યો - **મેં જે ઘોડા ઉપર માણસને સૂવાડ્યો છે તે માણસ કોણ છે ? શું આ માણસ પણ**

**જાસૂસ તો નથી ને ? મલિકે તે માણસને તપાસ્યો, આમ તો બેહોશ જેવા લાગતો હતો, પણ ધબકારા નિયમિત ચાલતા હતા. શરીર ઉપર લોહી ફેલાયેલું હતું. મલિકે જે લોહી નીકળ્યું હતું તે આંગળીમાં લઈ સૂંઘ્યું. કંઈક જુદી જ સુગંધ જણાતી હતી.**

મલિકને જોરદાર ધ્રાસકો પડ્યો. મલિકે વિચાર્યું. કંઈ વાંધો નહીં, બહુ સારું થયું. સમયસર મને જાણ થઈ ગઈ. ગંધ આવી ગઈ. જો આ જાસૂસ હશે તો મારી દરેકે દરેક બાબત આણે સાંભળી જ હશે. જો તે બાબતના સમાચાર દોશી આણંદજી શેઠને મળી જાય તો મુશ્કેલીનો પાર ન રહે.

અત્યારે તો શેઠનો એક જાસૂસ સંપૂર્ણતયા મારા કબજામાં છે. એક વાર તો આ માણસની મારે ઉલટ-તપાસ લેવી પડશે. પણ, અત્યારે લાગે છે કે આ જાસૂસનો માણસ અમારો પીછો કરી રહ્યો છે. કેટલી સંખ્યા છે ? તે પણ હું જાણતો નથી.

માટે, આનાથી તો મારે પીછો છોડાવવો પડશે. પછી, આ માણસ પાસેથી જ બધી વાત ઓકાવીશ, બરાબર ઓકાવીશ. હવે એ દોશી આણંદજી પાસે નહીં પહોંચે પણ યમલોકમાં પહોંચશે.

'મલિક ! શું વિચારમાં પડી ગયો ? કોણ પાછળ આવે છે ? ભૂત-બૂત તો નથી ને ?'

**'મૂરખ ! ચૂપ બેસ, નજીક આવીને વાત કર. જો, આ મારા ઘોડા ઉપર સૂતેલો માણસ અને આ પાછળ-પાછળ આવી રહેલો માણસ શેઠના જાસૂસ હોઈ શકે છે. માટે, આપણે અહીંથી ભાગી જવાનું છે. પહેલા તો આ માણસને બાંધી દઈએ.'** બરહાનની હાલત કાપો તો લોહી ન નીકળે તેવી થઈ ગઈ.

ત્યાં જ પોતે પોતાના નોકર સામે ભૂલથી જે બફાટ કરેલો તે બરહાનને યાદ આવ્યો અને કંપારી છૂટી ગઈ. બાપ રે ! હવે મલિક આ જાસૂસના મોઢેથી બધું ઓકાવશે. ધીરે ધીરે મૂળ કડી સુધી પહોંચીને જ રહેશે. જો તેને ખબર પડી ગઈ કે મારા કારણે શેઠને આ સમાચાર મળી ગયા તો તે મારી હાલત કૂતરાથી ય બદતર કરી નાંખશે. હે અલ્લાહ ! એના કરતા તો

આ માણસ અહીંથી ભાગી જાય તો સારું, કંઈ ભાંડો તો ન ફૂટે ! બરહાન વિચારે ચઢી ગયો.

ત્યાં જ મલિક બોલ્યો, 'ચાલ ! જલદી કર, આને બાંધ !' ફટાફટ બન્ને જણાએ તેને બાંધવાનું શરૂ કર્યું. શેઠના જાસૂસે પણ નક્કી કર્યું – બચવાનો બીજો કોઈ રસ્તો નથી, અત્યારે ચૂપચાપ પડ્યા રહેવામાં જ ભલાઈ છે. આગળ જોયું જશે.

એ માણસના હાથ-પગ બાંધતા બાંધતા મલિક બોલ્યો – **'આ શેઠને આટલી જલદી કેવી રીતે ખબર પડી ગઈ ? મેં આ વાત તો બીજા કોઈને કરી નથી. બરહાન ! તું તો ક્યાંય બફાટ કરીને નથી આવ્યો ને ?'** આ પ્રશ્ને બરહાનનો જીવ ગળે આવી ગયો ! એ કંઈ જવાબ આપે તે પહેલા તો અવાજ આવ્યો – 'રુક જાવ !'

**તરત જ મલિકે કહ્યું – 'ભાગ ! બરહાન ! ફટાફટ કોઈ પણ રસ્તે ભાગી જા ! ચિંતા નહીં કર, હું તને ભેગો થઈ જઈશ.'**

✷




## આચાર્ય ભગવંતની સ્પષ્ટતા

અંધારી રાતે મલિક અને બરહાને ભાગી છૂટવાનો પ્રયાસ કર્યો. પાછળ આવતા માણસે પણ ઘોડો દોડાવ્યો. **આમ, અમદાવાદના રસ્તે ધાંધલ મચી છે ત્યારે બીજી બાજુ આ બધી ઘટનાઓથી તદ્દન બેખબર શેઠ અને આચાર્ય મ.સા. વચ્ચે ચર્ચા ચાલી રહી છે.**

શેઠને તો આદિત્ય ઉપર ભરોસો હતો. એટલે શેઠ એ બાબતમાં નિશ્ચિંત હતા તથા નગરશેઠને પોતે સમાચાર પણ મોકલાવી દીધા હતા. આ બધી વાત કહેવા માટે શેઠ આચાર્ય મ.સા. પાસે આવ્યા હતા. આચાર્ય મ.સા. અને શેઠ વચ્ચે થોડો સંવાદ ચાલે છે.

**''ભાગ્યશાળી ! જિનસાસનમાં શ્રાવક તરીકેની ઓળખ મેળવનારા આપણા જૈનબંધુઓ ઘણા એવા છે જેની પાસે અમાપ સમાપ સંપત્તિની છોળો ઉછળી રહી છે. તમે આને ગૌરવ માનો છો કે 'વાહ ! જૈનો કેટલા સમૃદ્ધ છે.' પણ, ના ! આના જેવી નામોશીભરી સ્થિતિ મારા મતે બીજી કોઈ નથી.''**

''ગુરુદેવ ! કારણ શું ? શું જૈનો સદ્ધર હોવાના બદલે દયનીય દશામાં હોય તે ઈચ્છનીય છે ?''



[ આચાર્ય મહારાજ અને આણંદજી શેઠનો વાર્તાલાપ ]

"ના, મારો કહેવાનો મતલબ આવો નથી. પણ, જ્યારે શાસનના માથે ઝંઝાવાતો ઝળૂંબી રહેલ હોય ત્યારે જો શ્રાવકની સંપત્તિ પર્વતનું કામ આપવા તૈયાર ન હોય તો તે સંપત્તિ સારી કેમ કહું ? મરતા માણસને બચાવવામાં અસમર્થ એવા દરિયાના પાણીને કયો માણસ પ્રશંસનીય ગણશે ? એ વખતે તો મીઠા જળનો એક પ્યાલો પણ લાખ લાખ ધન્યવાદને પાત્ર છે. મતલબ ? શાસન ઉપર આટ આટલી આપત્તિઓ ઝળૂંબે છે, આટ-આટલા મંદિરોનો ધ્વંસ થાય છે, કેટકેટલી મૂર્તિઓ વિધ્વસ્ત થાય છે, કેટકેટલા જ્ઞાનભંડારો સળગીને સાફ થઈ જાય છે, ઢગલાબંધ સાધર્મિકો પૈસાના અભાવે વટલાઈ જાય છે, શાસનની આવી ઘોરાતિઘોર દુર્દશા વખતે જે સંપત્તિ લેશમાત્ર પણ ઉપયોગમાં ન આવતી હોય તો એ સંપત્તિ ગૌરવાસ્પદ શી રીતે કહેવાય ?"

"પણ, ગુરુદેવ ! આટ-આટલા નવા જિનાલયોના નિર્માણ પણ થયા જ છે ને ? જૈનો જેટલા પૈસા કોઈ ખર્ચતું નથી."

"ભાગ્યશાળી ! **તમારી વાત સાચી છે, પણ, જ્યારે કરોડો રૂપિયા**

**ખર્ચીને બનાવેલા જિનાલયને જમીનદોસ્ત કરી દેતા વિધર્મી બાદશાહને કાચી સેકન્ડનીય વાર નથી લાગતી ત્યારે જૂના જિનાલયોનો વિધ્વંસ અટકાવવા, તેની રક્ષા કરવા શા માટે પૈસા ખરચવામાં નથી આવતા ?**

નૂતન જિનાલયનિર્માણ કરતા તેના ઉપર શા માટે વધુ ધ્યાન નથી આપવામાં આવતું ? નવા જિનાલયો બનતા જાય અને જૂના જિનાલયોનો ધ્વંસ થતો જાય, તેની લેશ માત્ર પણ સાર-સંભાળ ન લેવાય તે શું બતાવે છે ? એટલે હવે હું ઈચ્છું છું કે શાસનનો નક્કર અભ્યુદય થાય.

**જિનાલયો વધારે બંધાવે રાખશો તેનાથી શાસનને લાભ તો જરૂર થશે. પણ, શાસનનો નક્કર અભ્યુદય તેમાં દૃષ્ટિગોચર નથી થતો. બહારથી શાસનની જાહોજલાલી દેખાય. પણ, અંદરથી શાસન વધારે ને વધારે ખવાતું જાય છે. હવે, આનો એક જ ઉપાય છે - વિધર્મીઓની સમગ્ર આર્યાવર્તમાંથી હકાલપટ્ટી !''**

આ શબ્દે દોશી આણંદજીને ચમકાવી દીધા. 'એટલે ગુરુદેવ ! આપ શું કહેવા માંગો છો ?'

'પુણ્યશાળી ! અત્યાર સુધી તો મેં જિનાલયોના જીર્ણોદ્ધાર, પુનરુદ્ધાર અને સાધુસંસ્થાને મજબૂત કરવા ઉપર લક્ષ્ય કેન્દ્રિત કર્યું હતું. જે-જે ગામડાઓ જિનાલયવિહોણા છે ત્યાં જિનાલયનું નિર્માણ અને બેનમૂન સાધુ સંસ્થાનું નિર્માણ - આ બન્ને કાર્ય ઉપર અત્યાર સુધી મેં લક્ષ્ય આપ્યું હતું. તેમાં મને મહદંશે સફળતા પણ મળી ચૂકી છે. પણ, **દરેક કાર્ય, જ્યાં સુધી અહીં વિધર્મીઓની સત્તા છે ત્યાં સુધી, અધૂરા અને ખોડખાંપણવાળા લાગે છે. માટે, હવે તમારા જેવાનો સાથ મેળવી એક એવું અજોડ સાહસ ખેડી લેવું છે, જેથી વિધર્મીઓની હકાલપટ્ટી અવશ્યમેવ થઈ જાય. અને તો જ શાસનની પરિસ્થિતિ સુદૃઢ બનશે.**

હા ! શાસનનો અભ્યુદય કાળ પણ નજીકમાં છે. માટે અવશ્ય આપણને સફળતા મળી શકશે - તેવું મારું માનવું છે. શુભ તત્ત્વોનું સંનિધાન આપણા સાહસને નિર્વિઘ્ન બનાવશે. બનતી ત્વરાએ આ કામ કરવાનો મેં નિર્ણય કર્યો છે. આ કામ માટે જરૂરી જાપસાધના પણ હવે હું કરવાનો છું.''

શેઠ તો આખી વાત સાંભળી સ્તબ્ધ જ થઈ ગયા. હા ! સાથે-સાથે મલિકને દાદ આપવાનું પણ શેઠને મન થઈ ગયું. કારણ કે, અત્યાર સુધી શેઠના મનમાં ચકરાવો ચાલતો હતો કે "મલિક આટલો ઉશ્કેરાટમાં કેમ આવી ગયો ? હજુ તો પહેલીવાર આચાર્ય ભગવંતને જોયા છે ત્યારે એની ઉપર આટલો દ્વેષ શા માટે ? એમ પણ આચાર્ય મ.સા. શું કરી શકવાના હતા ? આખું સૈન્ય બાદશાહ લઈને બેઠો છે. આચાર્ય મ.સા. શું કરી શકે ? શું મલિકની બીજી કોઈ ગર્ભિત ચાલ નથી ને ?

કદાચ મારા ઉપરનો ગુસ્સો કાઢવા આચાર્ય મ.સા.ને હાથો બનાવ્યા લાગે છે. મારી થોડી સંપત્તિ જપ્ત કરી પોતે ચાઉં કરી જશે, એટલે પછી બધું ટાઢું પડી જશે. બાકી મલિકને આચાર્ય મ.સા. ઉપર અકારણ વૈર શા માટે જન્મે ?" એવો વિચાર પણ શેઠને આવતો કે - "ખાલી પૈસા જપ્ત કરવા માટે મલિક આટલો હોબાળો મચાવે, આટલી ઉતાવળ કરે તે શક્ય નથી લાગતું." આમ, શેઠ દ્વિધામાં હતા.

હવે સ્પષ્ટ થઈ ગયું કે **મલિકે ખરેખર પહેલી જ નજરમાં આચાર્ય મ.સા.ને બરાબર ઓળખી લીધા હતા. આચાર્ય મ.સા. ના ટકોરાબંધ વચને શેઠમાં વિશ્વાસ લાવી દીધો કે હવે આ વિધર્મીઓની હકાલપટ્ટી થઈને જ રહેશે !** એમ પણ આચાર્ય મ.સા. બધી રીતે સમર્થ હતા. વિધર્મીઓ માટે આચાર્ય મ.સા. જેટલા ભયંકર થાય તેમ હતા તેટલા જ જૈનશાસન માટે ભદ્રંકર સાબિત થાય તેમ હતા.

આચાર્ય મ.સા.ના પ્રાણ માત્ર કિંમતી જ નહીં. પણ, અણમોલ હતા. તેમની સુરક્ષા માત્ર આવશ્યક નહીં, પણ અનિવાર્ય હતી. શેઠે હવે બધાં ગતિચક્રો ચાલુ કરવાનું નક્કી કરી લીધું. સાથે સાથે આચાર્ય મ.સા.ના ઈચ્છિત કાર્ય માટે પોતાની સંપત્તિ ન્યોછાવર કરવાનું પણ નક્કી કરી લીધું.

આચાર્ય મ.સા.ને મલિક વગેરેની બધી વાતથી વાકેફ કરવા જરૂરી હતા. એટલે શેઠે વાત શરૂ કરી. "ગુરુદેવ ! આપશ્રીની ભાવના અત્યુત્તમ છે. આપની મનોવ્યથા હું સમજી શકું છું. પરંતુ કાળ ખૂબ જ વિપરીત છે. એ હકીકત નજર બહાર ન રહી જાય. આપણી નાની ઈચ્છાઓ પણ સાકાર

નથી થઈ રહી ત્યારે આટલી મોટી વાત શેં સાકાર બનશે ? આ અંગે જ આપને એક વાત કરવા માંગું છું - આજે અહીં આપશ્રીનું સામૈયું થયું તે સાથે જ અહીંનો એક મલિક નામનો માણસ ઉશ્કેરાટમાં આવી ગયો છે.'' આમ કહી આખો મલિકનો સંવાદ, મલિકે લીધેલા પગલા, પોતે નગરશેઠને લખેલ પત્ર વગેરે તમામ વિગત જણાવી.

છેલ્લે ખાસ કહ્યું કે ''**બાદશાહ ઉપર મલિકનો સારો એવો પ્રભાવ છે. મલિકની નજર હવે આપની ઉપર છે. માટે, આપશ્રીએ સાવધ રહેવું જરૂરી છે. મામલો કેટલે સુધી બિચકે તે કહી શકાય નહીં.** કાચા કાનના બાદશાહના મગજનો પણ ભરોસો નથી.

એટલે મારી વિનંતિ એટલી જ છે કે - નગરશેઠનો જવાબ ન આવી જાય, પરિસ્થિતિ કેવી છે તે ખબર ન પડી જાય, ત્યાં સુધી આપશ્રી અહીં જ રોકાવ, વચ્ચે રસ્તામાં ક્યાં શું થાય ? તેના સમાચાર પણ મને ન મળી શકે. આપની ઉપર કોઈ પણ જોખમ હોય તો તેનું નિવારણ પણ શી રીતે થાય ? તેને નિવારવાના ઉપાયો પણ શું મળે ?''

''ભાગ્યશાળી ! એ વાત ન બને. **નદી અને સાધુ વહેતા ભલા ! ખંભાત તીર્થ અમારે જવાનું છે. અમે અમારી સંયમયાત્રાને સ્વાભાવિક જ રાખવા માંગીએ છીએ. તથા જ્યારે મારા મનોરથો આટલા ઊંચા હોય ત્યારે આટલી નાની બાબતમાં ગભરાઈ જવું કે એક જગ્યાએ રોકાઈ જવું તે મને શોભાસ્પદ નથી લાગતું.**

મારે ઝડપથી ખંભાતતીર્થે પહોંચી જાપસાધના કરવી છે. એ માટે પળનો પણ વિલંબ મને પાલવે તેમ નથી. મારી બીજી કોઈ ચિંતા તમે ન કરતા. શાસનદેવી સહુ સારા વાના કરશે.''

''પણ ગુરુદેવ ! થોડા દિવસ રોકાઈ જાવ તો...''

''ના ભાગ્યશાળી ! મારી જે શુભ કાર્યની ભાવના છે તેની આ તો પહેલી કસોટી છે. તેમાંથી જ પીછેહઠ કરું તો બીજી કસોટીઓનો તો શેં પાર પામી શકું ? આવી તો કેટ-કેટલી કસોટીઓ આવશે. ત્યાર પછી તો

આપણી ધ્યેયસિદ્ધિ શક્ય બનશે. એમને એમ થોડી સિદ્ધિ હાથ લાગે ? માટે તમે આ વાત રહેવા દો. નિયત સમયે અમે ખંભાત તરફ વિહાર કરીશું. તમે ચિંતા ના કરતા !''

શેઠને વધુ બોલવા જેવું રહ્યું નહીં. પણ, શેઠ ઘેરી ચિંતામાં ડૂબી ગયા. નગરશેઠનો જવાબ આવે પછી જ આગળની પરિસ્થિતિનો ક્યાસ નીકળી શકે તેમ હતો. મલિક અને બરહાન ક્યાં પહોંચ્યા ? બાદશાહ માની જશે કે નહીં ? બધું ભાવીના ગર્ભમાં છૂપાયેલું હતું. આચાર્ય મ.સા.ના આવા નિર્ણયની તો શેઠને કલ્પના સુદ્ધાં પણ ન હતી.

રાત્રિ ઘણી પસાર થઈ ચૂકી હતી. માટે શેઠે ઘેર જવા માટે આચાર્ય મ.સા.ને ત્રિકાળવંદના કરી રજા માંગી. આચાર્ય મ.સા.એ પણ તેમને જવાની ગર્ભિત અનુજ્ઞા આપી. મોડું થઈ ગયેલું હોવાથી **શેઠ થોડા ઉતાવળા ઉપાશ્રયની બહાર નીકળ્યા. ત્યાં જ કાળા લેબાશમાં સજ્જ થયેલો એક માનવ સડસડાટ બીજી ગલીમાં અદૃશ્ય થઈ ગયો. શેઠને માત્ર તેની આછેરી ઝલક જ જોવા મળી. શેઠના દિલો દિમાગમાં ચિંતાનું ઠંડું લખલખું પસાર થઈ ગયું.**

✺




## રામ રાખે તેને કોણ ચાખે ?

આદિત્ય અર્ધ બેહોશ જેવી હાલતનો દેખાવ કરતો મલિકના ઘોડા ઉપર છે. લાગ મળે તો ભાગી છૂટવાની તેની ગણતરી છે. **પણ, મલિકની પક્કડ ભારે છે. બીજાની સહાય વિના બચી જવાની શકયતા નથી.** પાછળથી ‘રુક જાવ !’ એવો અવાજ આવતા જ મલિક અને બરહાન જુદી જુદી દિશામાં ભાગી છૂટ્યા હતા.

પાછળ પડેલા માણસે પણ સમજીને મલિકની જ દિશા પકડી હતી. તે મલિકનો બરાબર પીછો કરી રહ્યો હતો. ઘટાટોપ જંગલમાં ઘનઘોર અંધારામાં બેય ઘોડા ચીલવેગે માર્ગ કાપી રહ્યા હતા. પથરા-ખાડા- ટેકરા વગેરેના કારણે ઘોડાના પગ પણ વારે ઘડીયે લથડીયા ખાતા હતા.

આદિત્યનો માણસ બાહોશ હતો. જંગલના આડા રસ્તે પણ તે મલિકના ઘોડાની બરાબર સીધ પકડી પીછો કરી રહ્યો હતો. ઘોડો પણ માલિકની ઈચ્છાને સમજી વફાદારી પૂર્વક આગળ ધપી રહ્યો હતો. બન્ને વચ્ચેનું અંતર ક્રમશઃ ઘટી રહ્યું હતું. કારણ કે, મલિકના ઘોડા ઉપર આદિત્ય પણ હતો. બેવડો ભાર ઘોડાને ખમવો પડતો હતો. સ્વાભાવિક રીતે જ તેની ગતિ ધીમી પડી રહી હતી.

મલિકને પણ લાગ્યું કે, હવે આ માણસને સાથે રાખી પીછો છોડાવવો અઘરો છે. જો તે શેઠ પાસે પહોંચી ગયો તો પણ મારી મુસીબતનો પાર નથી. માટે હવે આને પતાવવો જ રહ્યો. હા, જો એ જીવતો રહે તો એની પાસેથી શેઠની ઘણી બધી વાતો હું ઓકાવી શકું. બાદશાહ પાસે આને જ રજૂ કરી શેઠ ઉપર કોઈ મોટો આરોપ મૂકી શેઠને પણ બરાબર સાણસામાં લઈ શકું. પણ, હવે એ વિચારવાનો મતલબ નથી. આનાથી મને લાભ ભલે કંઈ ન થાય, કિંતુ નુકસાન થતું બચે તે માટે પણ હવે મારે આને પતાવી દેવો પડશે.

આ જ વિચારધારા ચાલતી હતી ત્યાં તો પાછળ આવતા ઘોડાના અવાજે મલિકને વિચારતંદ્રામાંથી જગાડ્યો. **મલિકે જોયું તો ઘોડો નજીક આવી રહ્યો હતો. જ્યારે પોતાના ઘોડાની હાલત બગડી રહી હતી. મલિકે તરત જ કટાર કાઢી. રાતના જંગલમાં કટાર મલિકના હાથમાં ચમકારા લગાવતી હતી. તમરાં જોરશોરથી અવાજ મચાવી રહ્યા હતા.** આખરે મરણિયા બની મલિકે



[ મલિક આદિત્યની હત્યા માટે કટાર ઉગામે છે... ]

કટાર ઉગામી જ દીધી. પણ... રામ રાખે તેને કોણ ચાખે ?

રસ્તામાં રહેલા એક મોટા પથ્થર સાથે ઘોડાનો પગ અથડાયો. ઘોડાના આગળના બે પગ નમી પડ્યા. અને મલિકને જોરદાર આંચકો લાગ્યો. અચાનક જ આવું થતા તેના હાથમાંથી કટાર છૂટી ગઈ. માંડમાંડ તેણે પોતાનું સમતોલપણું જાળવ્યું.

પણ, આ સમય દરમ્યાન આદિત્ય ઉપરની તેની પક્કડ ઢીલી પડી. એક આંચકા સાથે આદિત્ય ઘોડા ઉપરથી ધડામ... દઈને નીચે પછડાયો. નીચે ઉતરી આદિત્યને પાછો કબજે લેવો મલિક માટે શક્ય ન હતું. તેટલો સમય પણ તેની પાસે ન હતો. પાછળનો ઘોડો ઘણો જ નજીક આવી ચૂક્યો હતો. એટલે મલિકે તરત જ ઘોડો ભગાવી મૂક્યો.

આછી ચાંદનીના અજવાળામાં પાછળ આવતા જાસૂસે પણ જોયું કે મલિકના ઘોડા ઉપરથી કોઈ ધડામ... દઈને નીચે પડ્યું. તેણે ગતિ ધીમી કરી. ઘોડા ઉપરથી નીચે ઉતરી તે જગ્યાએ તે પહોંચ્યો. જોયું તો ખ્યાલ આવી ગયો કે તે પોતાનો સાથીદાર આદિત્ય જ હતો. માથું પથ્થર સાથે પછડાયું હતું. માટે **ઘા જોરદાર લાગ્યો હતો. દડદડ લોહી વહ્યું જતું હતું. જાસૂસના માણસે હાથેથી સ્પર્શ કર્યો. તેને પણ ખ્યાલ આવી ગયો કે માથામાં ઘણો મોટો ઘા લાગ્યો છે.**

તેણે તરત જ પોતાનું ઉત્તરીય ફાડી તેનો પાટો બનાવી કસીને માથા ઉપર બાંધી દીધો. ઘોડા ઉપરથી મશક લાવી થોડું પાણી છાંટ્યું. જાસૂસ બેહોશ જેવી હાલતમાં આવી ગયો હતો. પાણીનો છંટકાવ થતા કંઈક ભાનમાં આવ્યો. પછડાટનો માર જબ્બરજસ્ત હતો એટલે બોલવામાં પણ તકલીફ જણાતી હતી.

**અવ્યક્ત શબ્દોમાં તેણે બબડાટ કર્યો. મલિક... આચાર્ય મહારાજ... શેઠ... અને પાછો બેહોશ થઈ ગયો. આદિત્યના સાથીદારને પણ હવે આદિત્યની હાલત ગંભીર લાગી.** મલિક કદાચ અહીં જ ક્યાંક છૂપાયો હોય તો તેના હુમલાનો પણ ભય હતો.

આદિત્યને પોતાના ઘોડા ઉપર મૂકી, તેના બંધનો ખોલી તે, કપડવંજ પાછો જવા નીકળી પડ્યો. મલિક જંગલમાં આડા રસ્તે ફંટાઈ ગયો હતો. બરહાન પણ જંગલમાં આડા રસ્તે હતો. તારાના આધારે દિશા નક્કી કરી અમદાવાદના રસ્તે ચડવાનો મલિક પ્રયત્ન કરે છે. પણ, કોઈ રસ્તો જડતો નથી. આડાઅવળા રસ્તે તેની દડમજલ ચાલી રહી છે. મલિક અને બરહાન બન્ને અત્યારે જુદી-જુદી દિશામાં છે.

આ બાજુ શેઠનો એક જાસૂસ - વિનાયક અમદાવાદના રસ્તે ઘણી દડમજલ કાપી ચૂક્યો છે. નગરશેઠને સહીસલામત પત્ર પહોંચાડવાની જવાબદારી તેના માથે છે. શેઠની તાકીદને લીધે તે આખી રાત મુસાફરી ખેંચી કાઢી વહેલામાં વહેલી તકે સવારના પહોરમાં જ અમદાવાદ નગરશેઠને ત્યાં પહોંચી જવા ધારણા રાખે છે. એક જાસૂસ કપડવંજ તરફ શેઠને ત્યાં પહોંચવા દડમજલ ખેડી રહ્યો છે. પરિસ્થિતિનો ક્યાસ અત્યારે તો આ દેખાઈ રહ્યો છે. શું ધાર્યું હતું ને શું થઈ ગયું ? કાળની કરવત ઘણી ભયાવહ છે, ક્યારે ક્યાં કેવી રીતે તે ફરશે ? તેના કોઈ આગોતરા એંધાણ મળતા નથી.

આ બાજુ પ્રતિક્રમણ બાદ લાંબો સમય આચાર્ય મ.સા. સાથે ચર્ચા કર્યા પછી જ્યારે શેઠ ઉપાશ્રયની બહાર આવ્યા ત્યારે એક કાળા લેબાશમાં સજ્જ માણસ સડસડાટ ઉપાશ્રયની દિવાલને અડીને જતી ગલીમાં ચાલ્યો ગયો. શેઠ તરત જ તેની પાછળ પડ્યા.

**રાતના કાજળઘેરા અંધારામાં તે ઓગળી ગયો, ઓઝલ થઈ ગયો. ક્યાં, કઈ દિશામાં ગયો ? કશી જ ખબર ન પડી. શેઠ ઘેરી ચિંતામાં ડૂબી ગયા** - કોણ હશે આ વ્યક્તિ ? આ રીતે કાળા વસ્ત્રોમાં ઊભો રહ્યો એનો મતલબ એ જ કે મારી કોઈ જાસૂસી કરી રહ્યું છે. તદુપરાંતમાં, તે વ્યક્તિએ મારી તથા આચાર્ય મ.સા. વચ્ચે થયેલી બધી વાતચીત અક્ષરશઃ સાંભળી લીધી છે. આ વાતો સાંભળવાનો રસ મલિક સિવાય બીજા કોને હોય ? મલિક તો અમદાવાદ જતો રહ્યો છે. તો શું અમદાવાદ જતા જતા મારી પાછળ જાસૂસો ગોઠવતો ગયો છે ?

એટલે કે શું મલિકને ખબર પડી ગઈ કે હું શું કરવા માંગું છું ? જે

હોય તે, પણ પરિસ્થિતિ સારી ન હતી. મલિકના અણસાર સારા દેખાતા ન હતા. ત્યાં જ એક વિચાર શેઠના મગજમાં વીજળીની જેમ ઝબૂક્યો. ભયનું એક ઠંડું લખલખું શેઠના દિલોદિમાગમાં ફરી વળ્યું.

**શું એ માણસ આચાર્ય મ.સા.નું તો અહિત કરવા નહીં આવ્યો હોય ને ? પોતે અમદાવાદ જવા નીકળી જાય ત્યારે અહીં રાતોરાત જ આચાર્ય મ.સા.ને પતાવી નાંખવાનો તો એ મલિકનો મનસૂબો નહીં હોય ને ? મલિકના શયતાની ચરખા જેવા મગજનો કશો ય ભરોસો ન કરાય.**

મારે આચાર્ય મ.સા.ની સુરક્ષાની વ્યવસ્થા અત્યારે જ કરવી પડશે. વિહારમાં પણ મારે પૂરેપૂરી તકેદારી રાખવી પડશે. ભવિષ્યકાળ ગમે તે આફતો લઈને આવી શકે તેમ છે. તે દરેક પરિસ્થિતિનો મુકાબલો કરવા પૂરેપૂરી તૈયારી મારે રાખવી પડશે. જો આમાં મેં ગફલત કરી તો જૈનશાસનના એ નુકસાનને કોઈ ભરપાઈ નહીં કરી શકે. ઈતિહાસમાં કાળા અક્ષરે આ પ્રકરણ લખાશે. ના, હરગીઝ નહીં. ગમે તે પરિસ્થિતિને હું પહોંચી વળીશ. ગુરુદેવને પણ ધન્યવાદ છે. ગમે તેટલી આપત્તિમાં પોતાની સ્વસ્થતાને ટકાવી જાણે છે. આટ-આટલી આપત્તિઓની સંભાવનામાં પણ પોતાના વિહારનો કાર્યક્રમ નિર્ધારિત રીતે આગળ ધપાવવાનો નિર્ણય ભારે આત્મવિશ્વાસ માંગે છે.

વિચારતંદ્રામાંથી શેઠ બહાર આવી ઝડપથી પોતાના ઘર તરફ ચાલ્યા. પેલી વ્યક્તિ ડરીને તરત ત્યાંથી રવાના થઈ ગઈ હતી. માટે અત્યારે તરત જ તે પાછો આવે તેવી શક્યતા ન હતી. જો તેનો ઈરાદો ખ઼રાબ હોય તો તે પાછો આવ્યા વિના ન રહે. માટે શેઠે ઘરે પહોંચી તરત જ પોતાના બે માણસોને ઉપાશ્રયે ચોકીપહેરો કરવા મોકલ્યા.

કડક ચોકીપહેરો કરવાની શેઠે તાકીદ કરી. કોઈ પણ વ્યક્તિ રાત્રિ દરમ્યાન ક્યાંયથી પણ અંદર ન ઘૂસે તેની સાવધાની રાખવાનું કહ્યું. **ખાસ તો આચાર્ય મ.સા.ની નજરે ન ચડી જવાય તેની સાવધાની રાખવાનું પણ જણાવી દીધું. કારણ કે જો આચાર્ય મ.સા.ને ખબર પડી જાય તો તો તેઓ ચોક્ખી ના જ પાડી દે.**

તે બન્ને પણ કાળા કપડામાં જ સજ્જ થઈને ઉપાશ્રય તરફ પહોંચી

ગયા. કાળા કપડાને લીધે સહજ રીતે જ તેઓ અદશ્યપ્રાયઃ બન્યા. જો કોઈ પણ ઉપાશ્રયમાં છૂપી રીતે પ્રવેશ કરવાની કોશિશ કરે તો અચાનક છાપો મારી તે વ્યક્તિને ઝબ્બે કરી શકાય તેમ હતી.

ઉપરાંતમાં, ઉપાશ્રયની ચારે બાજુ આંટા મારતા હોવા છતાં પણ આચાર્ય મ.સા.ની નજરે ચડવાનું જોખમ લગીરે ન રહ્યું. તે બન્ને જણા દિલ દઈને કામે લાગ્યા. **કામ જો વ્યવસ્થિત થાય તો શેઠના રાજમાં દામ પણ મલબખ જ મળે - તે સિદ્ધાંત તેમને બરાબર ખ્યાલમાં હતો.**

સવારનો આનંદોત્સવનો માહોલ સાંજ સુધીમાં તો ચિંતાની ચિનગારીમાં પલોટાઈ ચૂક્યો હતો. સવારથી જ માનસિક અને શારીરિક અનહદ થાક શેઠે અનુભવ્યો હતો. રાત પણ ઘણી વીતી ગઈ હતી. છતાં ઊંઘ શેઠની દુશ્મન બની ગઈ હતી.

ઘરમાં આવ્યા પછી તરત જ સામાયિકના કપડા બદલાવી ઉપકરણો યોગ્ય સ્થાને મૂકી શેઠ શયનખંડમાં આવ્યા હતા. સમય આટ-આટલો પસાર થઈ જવા છતાં શેઠને કેમે કરીને ઊંઘ આવતી જ ન હતી.

**આચાર્ય મ.સા.નું શું થશે ? આ પ્રશ્ન અને ખાસ તો એ કાળા લેબાશમાં સજ્જ વ્યક્તિ કોણ હતી ? આ પ્રશ્ન શેઠને કોરી ખાતો હતો.**

✺

જુવાળ

૯

## નાસીર આવે છે....

સમ-સમ કરતી રાત પસાર થઈ રહી હતી. ચોતરફ નીરવ શાંતિ ફેલાયેલી હતી. વચ્ચે વચ્ચે ચોકીદારોના હાકલા શાંતિનો ભંગ કરતા હતા. **શેઠનો શયનાગાર આમ સાદો હતો છતાં તેની સ્વચ્છતા આંખે ઉડીને વળગે તેવી હતી.** મધ્યમ કદના એ ઓરડામાં વચ્ચોવચ્ચ એક પલંગ હતો. જેના ઉપર શેઠ આરામ ફરમાવતા હતા. શેઠની બાજુમાં જ એક ટીપોઈ ઉપર દીવો સળગી રહ્યો હતો. આ દીવા સિવાય ઓરડામાં કશું જ પ્રકાશ કરતું ન હતું. એટલે આછા અંધકારની અંદર આખો ઓરડો જાણે લપેટાઈ ગયો હતો. દીવા ઉપર પણ કાણાવાળું ઢાંકણું શેઠે ઢાંકી રાખેલું. એ કાણામાંથી નીકળતી પ્રકાશની ટસરો વાતાવરણના અંધકારને કંઈક ચીરી રહી હતી. શેઠની આજુબાજુનું વાતાવરણ પણ કંઈક એવું જ સર્જાયું હતું.

મલિક પોતે ભલે અમદાવાદ ગયો. પણ તે અવશ્ય પોતાના જાસૂસોને કામ ભળાવી ગયો હતો. એટલે જ શેઠની ચિંતા ઘેરી બની હતી. આચાર્ય મ.સા. હવે વિહાર કરશે જ - એ વાત નિશ્ચિત થઈ ગઈ હતી. આચાર્ય મ.સા.ને રોકવા એ નામુમકિન થઈ ચૂક્યું હતું. વિહારમાં મલિકના જાસૂસો કંઈક કરી બેસે તો ? આ વિચાર શેઠને શાંતિની નીંદ લેવા દે તેમ ન હોતો.

આચાર્ય મ.સા.ની પાછળ બે જાસૂસોને મોકલવા તેવો નિશ્ચય તો શેઠે કરી જ દીધેલો. પણ, બે જાસૂસો આચાર્ય મ.સા.ની રક્ષા કરી શકશે ? ન કરે ઈશ્વર ને કંઈક જો આચાર્ય મ.સા.ને થઈ ગયું તો ? **વધારે જાસૂસો મોકલી શકાય તેમ ન હતા. કારણ કે આચાર્ય મ.સા.ને ખબર પડી જાય કે શેઠે મારી પાછળ પોતાના માણસો મૂક્યા છે.** પછી તો આચાર્ય મહારાજ જાસૂસોને રવાના કરીને જ રહે. વળી, અહીં કાબેલ જાસૂસો પણ ન હતા. મલિકની પાછળ-પાછળ જે બેને, આદિત્યને અને તેના સાથીદારને અમદાવાદ મોકલ્યા હતા જો એ આવી જાય તો ઘણી ચિંતા હળવી થઈ જાય.

શેઠના મનના ઘોડા અવિરત દોટ મૂકી રહ્યા હતા. મલિકનો ઈરાદો શું હશે ? મલિકનો આગામી પ્લાન શું હશે ? મલિકની પાછળ જે આદિત્ય ઉર્ફે મધુકર જાસૂસને મોકલ્યો છે તે અને તેનો સાથીદાર આવે પછી જ ખબર પડે કે મલિકનો શું આશય હશે ? કારણ કે મલિક બરહાન સાથે પોતાના ભાવી પ્લાનની ચર્ચા તો કરે જ. કોણ જાણે, અચાનક શેઠને એકદમ આદિત્યની ચિંતા થઈ આવી.

**શું આદિત્ય પોતાનું કામ કરી શકશે ? આમ તો છે ચતુર ! પણ મલિક ભારે શેતાની મગજનો છે.** જો મલિકને ખબર પડી કે આદિત્ય મારી પાછળ આવે છે તો આદિત્યને ભાગવું ભારે થઈ પડશે. કામ જ એવું જોખમી છે કે પૂરું થવાની શક્યતા જ ઘણી ઓછી છે.

શેઠ અત્યારે આદિત્યના વિચારમાં જ ગળાડૂબ બન્યા હતા. કારણ કે એના સમાચાર આવ્યા પછી જ આગળ કેમ વધવું તેનો નિર્ણય લઈ શકાય તેમ હતો. કોણ જાણે કેમ પણ શેઠને આદિત્યની ખૂબ જ ચિંતા સતાવા લાગી. આ એ જ સમય હતો કે જ્યારે મલિક આદિત્યના હાથમાં ઝડપાઈ ગયો હતો. આદિત્યનો વિચાર કરતા કરતા કંઈક અશુભનો શેઠને અણસાર મળ્યો. **ત્યાં તો વળી શેઠની ડાબી આંખ ફરકવા લાગી. શેઠ સફાળા પથારીમાં બેઠા થઈ ગયા.**

અપશુકનના નિવારણ માટે શેઠે તરત જ નવકાર ગણ્યા. પંચપરમેષ્ઠીનું પ્રણિધાન કર્યું. હવે શેઠને ઊંઘ આવે તેવી શક્યતા ન રહી. એક તો પહેલેથી

ચિંતા સતાવતી હતી જ. તેમાં આ અશુભ અણસારે શેઠને થોડા વ્યાકુળ બનાવી દીધા.

આમ તો શેઠ પૂરેપૂરા કાબેલ હતા. શેઠ ખુદ જાસૂસી વગેરે તમામ બાબતોમાં પારંગત હતા. શેઠની મેધા પણ ભારે કુશાગ્ર હતી. પરંતુ, આ વખતે શેઠને મામલો થોડો ગૂંચવાયેલો લાગ્યો, થોડો ગંભીર પણ. શેઠને લાગ્યું હવે આદિત્યના બહુ વિચારો કરવા જેવા નથી. શેઠે પ્રયત્નપૂર્વક મનને બીજા વિચારોમાં વાળવા પ્રયત્ન કર્યો.

ચિંતાતુર વદને શેઠે બે હાથ પાછળ કરી હોલમાં આંટા મારવા માંડ્યા. આદિત્યના વિચારો હજુ તો પ્રયત્નપૂર્વક દૂર કર્યા ત્યાં પેલો નકાબપોશ માણસ શેઠની ઉપર છવાઈ ગયો. ફરી ફરીને એ કાળી આકૃતિની છાયા શેઠની નજરમાં ઉપસી આવતી.

એ વ્યક્તિ કોણ હશે ? તે કેમે કરીને શેઠને નહોતું સૂઝતું. **પોતાની અને આચાર્ય મ.સા. વચ્ચેની વાતો તેણે સાંભળી લીધી હતી. માટે એ માણસ ભયંકર નીવડી શકે તેમ હતો. ગમે તેમ કરીને એને ઝબ્બે કરવો આવશ્યક હતો.**

જો મારી અને આચાર્ય મ.સા. વચ્ચેની વાતચીત મલિક સુધી પહોંચી જશે તો ભારે આપત્તિ સર્જાશે. મલિક પોતાના કામની ઝડપ પણ વધારી નાંખશે. પછી પરિસ્થિતિને કાબૂમાં લેવી અશક્ય થઈ પડશે.

એક વાર 'એ કોણ હતો ?' તેનો મારે પત્તો લગાવવો પડશે. મારી ઉપર જાસૂસી કરનાર, હું ઉપાશ્રયમાં છું - એ ખબર રાખનાર કોણ હોઈ શકે ? શેઠનું મગજ એ વ્યક્તિને ઓળખવા દોડધામ કરી રહ્યું હતું.

મલિકના, પોતાના જાણીતા, જેટલા પણ જાસૂસો હતા તેટલા સહુને શેઠે યાદ કરી જોયા. ત્યાં જ મગજમાં કંઈક ઝળહળાટ થયો... હા... કાંખમાં છોરું ને ગામમાં શોધવું... **પેલો નાસીર તો નહીં હોય ને ? જો કે નાસીરને શેઠ સારી રીતે ઓળખતા હતા. તે આટલી હિંમત કરી શકે તેવું લાગતું ન હતું.**

પણ, હાલના સંજોગો તો તે નાસીર જ હશે તેવું કહેતા હતા. કારણ

કે શેઠ ઉપાશ્રયમાં છે - તેવું જાણી તેની પાછળ જાસૂસી કરવાની હિંમત કદાચ મલિકના પીઠબળે તે જ કરી શકે તેમ હતો.

એટલે જ શેઠે નાસીરની બરાબર તપાસ કરી લેવાનું નક્કી કર્યું. રાત્રે પણ નાસીરની ચોકી ચાલુ રહેતી. તરત જ શેઠે તેની તપાસે જવાનો નિર્ણય કર્યો કે જોઈ તો આવું, હાલ એ ક્યાં છે ? અને શું કરે છે ? તરત જ વસ્ત્ર થોડા વ્યવસ્થિત કરી માથે પાઘ પહેરી એક નાની કટાર ધોતીની અંદર છૂપાવી શેઠ બહાર નીકળ્યા. શેઠના ઓરડાને અડીને જ એક લાંબી ઓસરી હતી. પોતાના શયનખંડની બહાર બે સિપાઈ હતા. તે સિવાય આખી ઓસરી સૂમસામ હતી. શેઠે જેવો દરવાજો ખોલ્યો કે તરત જ એક દરવાન આવી હાથ જોડી બોલ્યો - ''બોલો શેઠજી ! શું કામ પડ્યું ?'' શેઠે તેને ચૂપ રહેવાનો ઈશારો કરી જણાવ્યું -

''તું પૂર્વવત્ ચોકીપહેરો ચાલુ રાખ. હું અંદર છું. એ પ્રમાણે જ ચોકી ચાલુ રાખજે. જો જે ગરબડ ન થાય. હું થોડી વારમાં પાછો આવી જઉં છું.'' દરવાન માથું નમાવી પોતાના કામે લાગ્યો.

શેઠ આંટો મારતા-મારતા ઓસરીમાંથી થઈ સામેના ખુલ્લા ચોગાનમાં આવી ગયા. વિશાળ મહેલાત જેવું સ્થાન પણ શેઠને અકારું થઈ પડ્યું. બહાર સુંદર મજાનો બગીચો ફેલાયેલો હતો. ચોકીદારો સજાગ બની ચોકી કરી રહ્યા હતા.

સમગ્ર વાતાવરણમાં એક પ્રકારની નિઃસ્તબ્ધતા છવાયેલી હતી. બગીચા ઉપર રેલાતો સુંદર ચાંદનીનો પ્રકાશ બગીચાની સુંદરતામાં વધારો કરતા હતા. વાતાવરણમાં ઠંડક પણ સારી હતી. આ જ ચાંદનીમાં જંગલમાં ભયાવહ યુદ્ધ ખેલાઈ ચૂક્યું હતું. અહીં તો શાંતિ હતી. વાતાવરણ મનને સ્વસ્થ કરી દે તેવું હતું. પણ શેઠના મનના ઉચાટે શેઠને અહીં પણ ઉકળાટનો જ અનુભવ કરાવ્યો. આ શાંતિ પણ શેઠને દુઃખદાયી થઈ પડી !

શેઠે બહાર ઉડતી નજર ફેંકી. પછી ઓસરી તરફ વળ્યા. આ એક મુખ્ય ઓસરી હતી. તેમાંથી નાની-નાની ઓસરીઓ ઘણી ફંટાતી જે મહેલના જુદા-જુદા ભાગો સાથે સંકળાયેલી હતી.



[ અજ્ઞાત વ્યક્તિની આછેરી ઝલક મળતા શેઠ સ્તબ્ધ ! ]

**શેઠ હજુ તો પાછા વળ્યા ત્યાં જ એક કાળી આકૃતિ ઝડપથી મુખ્ય ઓસરીમાંથી એક નાની ઓસરીમાં દોડી ગઈ. શેઠ ફક્ત તેની ઝલક જોઈ શક્યા. તે વ્યક્તિ દોડી છતાં તેના પગલાનો સહેજ પણ અવાજ શેઠને કે બીજા કોઈને પણ ન સંભળાયો !**

આ આકૃતિને જોતા જ શેઠ ઓળખી ગયા કે ઉપાશ્રયમાં દેખાયેલી તે જ આ આકૃતિ છે. એના જેવો જ બાંધો દેખાતો હતો. આ બાંધો બરોબર નાસીરને મળતો આવતો હતો. શેઠે પળનો પણ વિલંબ કર્યા વિના તે નકાબપોશ વ્યક્તિનો પીછો કર્યો. તે જે ઓસરીમાં ગયેલો ત્યાં જ શેઠ પહોંચ્યા. પણ ત્યાં નીરવ શાંતિ હતી. અહીંથી બે-ત્રણ રસ્તા ફંટાતા હતા. નાસીર કઈ દિશામાં ગયો હશે તે કળાતું ન હતું.

આખરે શેઠે બૂમ પાડી – 'નાસીર !' પણ જવાબ ન મળ્યો.

શેઠે આજુબાજુમાંથી ત્રણ-ચાર સિપાઈઓને બોલાવી કહ્યું – **'જાઓ ! આખા બંગલાને ખૂંદી વળો. ક્યાંય પણ નાસીર કે કોઈ નકાબધારી વ્યક્તિ**

**મળે કે તરત તેને મારી સામે હાજર કરો. ત્યાં સુધી બંગલા ફરતે પહેરો કડક બનાવી દો !'**

આટલી સૂચના આપી શેઠ તરત જ પોતાના શયનકક્ષમાં પાછા વળ્યા. શેઠના મગજમાં ધમધમાટી બોલતી હતી. શેઠ સમજી ગયા કે હું ક્યાંક બહાર જઉં છું - તેવો અણસાર આવતા જ નાસીર મારી પાછળ પડ્યો. મતલબ કે નાસીરની કે તેના કોઈ બાતમીદારની નજર સતત મારા ઉપર જ છે.

હવે નાસીરને જ ગમે ત્યાંથી પકડી લાવવો પડશે. તેની ઉલટતપાસ લેવી પડશે. એ આવે અને પૂછપરછ થાય પછી જ ખબર પડશે કે એ કેટલી વાત જાણી લેવા સમર્થ બન્યો છે ? શેઠે મનોમન નક્કી કરી દીધું કે આજે નાસીર જોડે ચોખવટ કરી જ લેવી છે કે 'તું મલિકનો જાસૂસ છે, મને બધી જ ખબર છે.' જો નાસીર ન માને તો એને કેદ કરવા સુધીની બધી જ તૈયારી શેઠે કરી રાખી. નાસીર આવે તેની શેઠ વ્યાકુળતાથી રાહ જોવા લાગ્યા.

નાસીર હજુ બંગલામાં જ ક્યાંક હશે તેવો શેઠને વિશ્વાસ હતો. માટે આખો બંગલો ખૂંદી વળવાનો શેઠે આદેશ કરેલો. રાત્રિ ઘણી બધી વીતી ચૂકી હતી. પરિસ્થિતિ શેઠને ઊંઘથી ઘણે વેગળે લઈ જઈ ચૂકી હતી.

થોડીવારમાં બે ત્રણ જણા પાછા આવ્યા અને સમાચાર આપ્યા કે ''આખા બંગલામાં તેવી શંકાસ્પદ કોઈ વ્યક્તિ નથી મળી. તથા નાસીર તો આજે રજા ઉપર છે. માટે રાત્રે તે બંગલામાં હતો જ નહીં.''

શેઠ કંઈક ઊંડા વિચારમાં પડી ગયા. 'મતલબ કે મારો પીછો કરવા માટે જ નાસીરે આજે રજા લીધી લાગે છે. પણ, આટલી વારમાં તે બંગલામાંથી ક્યાં જતો રહ્યો ? બંગલામાંથી કોઈક તો મળવું જ રહ્યું !

જો નાસીર અહીંથી ભાગી ગયો હશે તો પોતાના ઘરે જ ગયો હશે. તેણે કયા કારણે રજા લીધી તે પણ તેના ઘરેથી જ ખબર પડી શકે. તેના ઘરે જ તપાસ કરાવડાવવી પડશે. જો આટલી મોડી રાત્રે પણ નાસીર ઘરમાં ન હોય તો સમજવું પડે કે નાસીરની દાનત સારી નથી.

તરત જ શેઠે ચોકીદારોને કહ્યું - **'તમે જાઓ નાસીરના ઘરે ! નાસીર**

**ક્યાં છે તે પૂછો. જો નાસીર ઘરમાં હોય તો સાજો કે માંદો તેને પકડીને અહીં લઈ આવો. કહેજો કે શેઠને અગત્યનું કામ છે. જાઓ, ઝડપથી મને સમાચાર આપો.** તથા ચોકીપહેરો મજબૂત કરી દો. કોઈ મહેલમાંથી બહાર ન નીકળી શકે કે અંદર ન આવી શકે. મારી રજા વિના ન તો કોઈને અંદર આવવા દેવા કે બહાર જવા દેવા. કોઈ પણ શંકાસ્પદ વ્યક્તિ લાગે તેને પકડી જ લેજો.'

'સારું' કહી સેવકો નાસીરના ઘરે રવાના થયા.

અમુક સેવકોએ બાકીના બધાં ચોકીદારોને જગાડી બંગલાની ચોકીએ લગાડી દીધા. વાતાવરણમાં ચોકીદારોના અવાજો ગુંજવા લાગ્યા. શેઠને થયું કે બહાર હજુ એક આંટો મારી આવું. કદાચ નાસીર મારો ફરી પીછો કરે અને પકડાઈ જાય તો ! પણ શેઠનું શરીર હવે જવાબ આપતું હતું. માનસિક થાકથી મન તો શ્રાન્ત હતું જ. પણ, આજે શારીરિક શ્રમ પણ ગજબનો થયો હતો. શેઠના પગ-હાથ વગેરે હવે વધારે પરિશ્રમ લેવાની જાણે ના પાડતા હતા. શેઠ પથારીમાં પડ્યા.

જો કે ઊંઘ આવે તે તો શક્ય જ ન હતું. પણ, આરામ તો અવશ્ય થતો જ હતો. શારીરિક પરિશ્રમ ભલે બંધ થયો. પણ માનસિક વિચારો અટકાવવા અત્યારે શેઠના હાથમાં ન હતા. હવે શું થશે ? આ જ પ્રશ્ન ઉપર ફરી-ફરીને વિચારો કેન્દ્રિત થતા હતા. આ બધી પરિસ્થિતિ વર્ણવી આચાર્ય મ.સા.ને ફરીથી રોકાઈ જવાની વિનંતિ કરવાનું શેઠને મન થયું.

પરંતુ આચાર્ય મ.સા.ના સ્પષ્ટ શબ્દો યાદ આવ્યા. **શેઠને હવે ગમે તેટલો આગ્રહ નિરર્થક લાગ્યો. તથા આચાર્ય મ.સા.ને ખબર પડે કે તેમના માટે મેં આટલી દોડધામ કરી તો તો મારો ઉધડો લઈ લે. આ બધી ધમાલ કરવાની ના જ પાડી દે.**

**હે ભગવાન ! શું થશે ??**

✷




## ઘાયલ આદિત્યનું આગમન

સૂમસામ વાતાવરણમાં અંધારી રાત પસાર થઈ રહી હતી. કેટ-કેટલીય ઘટનાઓ રાત દરમ્યાન બની ચૂકી હતી. માંડ આ બધી ઘટનાઓથી શેઠ પરવાર્યા હતા. પણ, વિચારો શેઠને ઊંઘવા દે તેવા ન હતા. સતત આચાર્ય મ.સા.ના વિચારો શેઠના મગજમાં ઘમસાણ મચાવતા હતાં !

શેઠની ઈચ્છા ઘણી થતી હતી કે આચાર્ય મ.સા.ને અહીં રોકી દઉં. શેઠ એના જ વિચારોમાં અટવાતા હતા. વિચાર કરતા-કરતા શેઠને લાગ્યું. અહીં નાસીર આચાર્ય મ.સા.ની પાછળ પડી ગયો છે. એટલે જ આચાર્ય મ.સા. ઉપર અહીં વિશેષ જોખમ છે.

જો આચાર્ય મ.સા. અહીંથી વિહાર કરી જાય તો નાના-નાના ગામડામાં આચાર્ય મ.સા.ને શોધવાનું નાસીર માટે ઘણું મુશ્કેલ બની જાય. એમાં ય જો આચાર્ય મ.સા. વિહારના કાર્યક્રમમાં થોડો આડો-અવળો ફેરફાર કરી લે તો નાસીરને હાથતાળી આપવાનું અને હાથ કરવાનું એકદમ સરળ થઈ જાય. વિચારતા-વિચારતા જ શેઠની આંખમાં ચમક પથરાઈ ગઈ. નાસીરને સપડાવવાની એક યોજના શેઠના દિમાગમાં આકાર લઈ રહી હતી. બસ ! આચાર્ય મ.સા.નો થોડો સહયોગ જોતો હતો !

હા ! આચાર્ય મ.સા. વિહાર કરે ત્યારે તેમની સાથે કોઈ ચર પુરુષને મોકલવો જ પડે. રસ્તામાં કે સ્થાનમાં, કોઈ પણ જગ્યાએ ગમે તેવી પરિસ્થિતિમાં અડીખમ રીતે આચાર્ય મ.સા.ની તકેદારી રાખી શકે તેવા બાહોશ જાસૂસની શેઠને જરૂરત લાગી.

પણ, તેવો બાહોશ જાસૂસ, હાલ તો, શેઠ પાસે કોઈ ફિજૂલ ન હતો. **વિહારમાં આચાર્ય મ.સા. સાથે કોને મોકલવા ? તેની શેઠને દ્વિધા થઈ.** કારણ કે બન્ને બાહોશ જાસૂસોને શેઠે અમદાવાદ મોકલ્યા હતા. એકને નગરશેઠ સુધી સંદેશો પહોંચાડવા, બીજાને મલિકનો પીછો કરવા ! જો એ બન્ને આવી જાય તો તો એ બન્નેને જ આચાર્ય મ.સા. ની પાછળ પાછળ મોકલવાની શેઠની ઈચ્છા હતી. છતાં એની અવેજીમાં બીજી વ્યવસ્થા પણ વિચારી રાખવી જરૂરી હતી.

જો એ લોકો ન આવ્યા તો પણ આચાર્ય મ.સા.ને એકલા વિહાર કરવા દેવાય તેમ હતા જ નહીં. કોઈને કોઈ જાસૂસ તો આવશ્યક હતો જ. આચાર્ય મ.સા.એ વિહારની તિથિ તો નક્કી કરી ન હતી કે જણાવી પણ ન હતી. પણ, આજ કાલમાં જ આચાર્ય મ.સા. વિહાર કરી જશે તેવું જણાતું હતું. હવે જે પણ કરવાનું હતું તે ઝડપથી કરવાનું હતું.

આવા જ વિચારોમાં શેઠ અટવાયા કરે છે. વિચારો અને સમયની ગતિ ઝડપી બની. આખરે વિચારો ન ખૂટ્યા, પણ સમય ખૂટી ગયો ! પ્રાતઃ કાળને વધાવતી ઝાલર મહેલમાં વાગી ઉઠી. શેઠ પણ ચમકી ગયા ! વિચારોમાં સમય ક્યાં જતો રહ્યો તે જ ખબર ન પડી.

**શેઠ તરત જ વિચારતંદ્રામાંથી બહાર આવ્યા. બહાર ભડભાંખરું થઈ ગયું હતું. શેઠ પ્રાતઃકર્મ કરવા માટે ઉઠ્યા !** દરવાજામાંથી બહાર નીકળતા 'જો નાસીર મળી આવે તો મને તુરંત જાણ કરજો' એમ પહેરો ભરતા સંત્રીને કહી શેઠ પ્રાતઃકર્મ કરવા ગયા !

થોડી વારે પ્રાતઃ કાળ થઈ જતા શેઠ પોતાના કાયમી સહવર્તી ચાર પાંચ શ્રાવકો સાથે જિનાલય જવા નીકળ્યા. શેઠનો આ નિત્યક્રમ હતો. જતા-જતા નાસીરની તપાસ કરાવી. પણ નાસીરનો હજુ સુધી કોઈ પત્તો મળ્યો



[ લોહી નીંગળતી હાલતે આદિત્યનું આગમન ]

**ન હતો. શેઠ ધીરે ધીરે ચારે બાજુ નજર કરતા કરતા ઉદ્યાનને વટાવી બહાર દરવાજા પાસે પહોંચવા જ આવ્યા હતા. ત્યાં કાને ભારે કોલાહલ અથડાયો.**

શેઠ ઝડપથી દરવાજા પાસે પહોંચ્યા. પ્રવેશદ્વારમાં જ માણસોનું નાનું સરખું ટોળું જમા થઈ ગયું હતું. એનો જ કોલાહલ હતો. શેઠ પહોંચ્યા ત્યાં જ એક માણસ આવી પહોંચ્યો. શેઠ પણ ચમક્યા હતા. સવારના પહોરમાં અહીં કોણ આવ્યું હશે ? શું થયું હશે ? શું નાસીર બહાર નીકળવાનો પ્રયત્ન કરતો હશે, એમાં ઝપાઝપી થઈ હશે ?

ખેર ! શેઠે બધાં વિચારો અળગા મૂક્યા. જે સમાચાર હશે તે જણાઈ જ આવવાના હતા. શેઠે આવેલ માણસ તરફ પ્રશ્નાર્થદૃષ્ટિ નાંખી. માણસે તરત જ કહ્યું – 'શેઠ ! બહાર કોઈ માણસ ઘાયલ થઈને આવ્યો છે. આપને મળવા માંગે છે. આપે ના પાડી છે એટલે અમે તેને પાછો મોકલી રહ્યા હતા. પણ, એ આપને ધરાર મળવા માંગે છે. એમાં આ બધાં માણસો ભેગાં થઈ ગયા છે.'

'ઘાયલ માણસ' આ સાંભળતા જ શેઠ તરત જ દરવાજા તરફ આગળ વધ્યા. દરવાજા પાસે પહોંચતા જ, ઘોડા ઉપર બેઠેલો માણસ દેખાયો. **તેના ખોળામાં લોહી નીંગળતી હાલતમાં એક માણસ સૂતો હતો. માણસની પરિસ્થિતિ ઘણી ગંભીર લાગતી હતી.** એમાંય જ્યારે શેઠે ધ્યાનથી એ બે માણસ તરફ જોયું કે શેઠ ચમક્યા !

શેઠની આજ્ઞા હતી એટલે ચોકીદાર એને અંદર જવા દેવા માંગતો ન હતો. એમાં રકઝક જામી પડી હતી. એ બન્નેને જોતાં તરત જ શેઠે કહ્યું – 'અરે ! તું અહીં ક્યાંથી ? એક કામ કર. તું આપણા પાછળના ઘરમાં પહોંચ. લે આ એની ચાવી. હું બાકીની બધી વ્યવસ્થા કરું છું.' શેઠે ચાવીના ઝૂડામાંથી એક ચાવી કાઢી માણસના હાથમાં મૂકી દીધી.

ચાવી આપી શેઠે તરત જ એક નોકરને સારામાં સારા વૈદ્ય લાવી પાછળના ઘરમાં તાત્કાલિક પહોંચાડવાની તાકીદ કરી. પ્રાથમિક ઉપચાર માટે જેની પણ જરૂરત પડે તે બધી વ્યવસ્થા કરવાની પણ આજ્ઞા શેઠે આપી. તરત જ ચાકરો પોત-પોતાના કામે લાગ્યા.

બે જણા પેલા મકાનમાં સાથે ગયા. એક જણ વૈદ્યને બોલાવવા ગયો. હવે બધાં લોકો વિખરાઈ રહ્યા હતા. શેઠે પોતાના મહેલના પાછળના ભાગમાં આરાધના-સાધના માટે એક અલાયદું મકાન બનાવેલું. ત્યાં જ બન્ને જણને ઉતારવાનું શેઠે કહ્યું. શેઠ હવે તરત જિનાલય જવા ઉપડ્યા. કારણ કે જિનાલયથી આવ્યા પછી તરત એ ઘાયલ માણસની શુશ્રૂષામાં પહોંચવાનું હતું. આ તો આદિત્ય જ હતો કે જેને પોતે મલિકની પાછળ મોકલ્યો હતો !

એટલે જ શેઠ સ્તબ્ધ થઈ ગયા હતા. અત્યારે પણ શેઠ એ જ વિચારી રહ્યા હતા કે 'આ બન્ને જણા મલિકની પાછળ જવાના બદલે અહીં કેવી રીતે આવી પહોંચ્યા ? આવી લોહી નીંગળતી હાલત કેવી રીતે થઈ ગઈ ? લોહી તો એટલું બધું દેખાતું હતું કે આટલું લોહી વહી ગયા પછી એ માણસ જીવતો હશે કે કેમ ? એની શંકા ઉઠતી હતી. પણ, આટલું લોહી કેમ કરીને નીકળ્યું હશે ? શું પીછો કરતા-કરતાં મલિકની સાથે ઝપાઝપી થઈ હશે ? લાગે છે તો એવું જ. પણ, જો ખરેખર આવું થયું હશે તો ભારે ઉપાધિ સર્જાશે.

જો એને ખબર પડી ગઈ હશે કે મેં જ આ માણસો મોકલ્યા છે તો એ કિન્નાખોર મગજનો માણસ વેર વાળ્યા વિના ન રહે. આમાં તો આચાર્ય મ.સા.નો જ મરો થશે ! એક બીજી પણ શક્યતા છે કે **આટલી બધી લોહીલુહાણ હાલત છે, માટે ઝપાઝપી કદાચ ભારે થઈ હોય. જો એમાં મલિક મૃત્યુ પામ્યો હોય તો પણ મુશ્કેલીનો પાર ન રહે. પછી તો રાજાના ખોફમાંથી બચવું અશક્ય જ થઈ પડે !'**

આવા વિચારો ચાલી રહ્યા હતા ત્યાં જ સામે જિનાલયના શિખરના દર્શન થયા. શેઠે તરત જ બે હાથ જોડી મસ્તક નમાવી 'णमो जिणाणं' ઉચ્ચાર્યું. દેરાસર હવે નજીકમાં જ હતું. જિનાલયના દર્શન થતાં જ શેઠના મનમાંથી સઘળા વિચારો ચાલ્યા ગયા. પ્રભુદર્શનની એક તલપ જાગી ! દેરાસર તો આવી ગયું. નિસીહી કહી શેઠે અંદર પ્રવેશ કર્યો. વિચારો તો બધાં દૂર કરી જ દીધાં હતા.

હવે માત્ર પ્રભુ તરફ પોતાનું ચિત્ત તેમણે કેન્દ્રિત કર્યુ. પરમાત્માના દર્શન થતા તો શેઠના રોમરોમ ખડા થઈ ગયા. પ્રતિમામાંથી પ્રશાંતરસ જાણે વહી રહ્યો હતો. શેઠ એમાં ગળાડૂબ થઈ રહ્યા હતા. શેઠ જિનદર્શનમાં જ તલ્લીન બની ગયા હતા. પ્રતિમા પણ એવી અફલાતૂન હતી કે ઘડીમાં નજર હઠે પણ નહીં. બાજુમાંથી સ્તુતિના અવાજ આવતા શેઠ થોડા વર્તમાનમાં આવ્યા. ભાવવિભોર બની દર્શન કરી શેઠ દેરાસરમાંથી બહાર નીકળ્યા.

બાજુમાં ઉપાશ્રયમાં જ આચાર્ય મ.સા. બિરાજમાન હતા. શેઠ આચાર્ય મ.સા.ને વંદન કરવા માટે ઉપાશ્રયમાં પ્રવેશ્યા. પ્રાતઃકાળમાં સ્વાધ્યાયનો મંજુલ ઘોષ ઉપાશ્રયમાં ફેલાયેલો હતો.

**એક પાટ ઉપર આચાર્ય મ.સા. પ્રસન્નમુદ્રામાં બિરાજમાન હતા. આચાર્ય મ.સા. પોતાની સાધનામાં નિમગ્ન હતા. જોઈને જ મસ્તક ઝૂકી જાય તેવું અજબ તેજ આચાર્ય મ.સા.ના મુખકમલ ઉપર ઝળકી રહ્યું હતું. સામેવાળાને અચૂક પ્રભાવિત કરી જાય તેવી તેમની ગજબ પ્રતિભા હતી.**

શેઠ નિસીહી કહીને પ્રવેશ્યા કે તરત જ આચાર્ય મ.સા.ની નજર શેઠ ઉપર પડી. શેઠની આંખોમાં ચિંતા અને વ્યગ્રતા આચાર્ય મ.સા.એ નિહાળી.

આચાર્ય મ.સા. સમજી ગયા કે શેઠ કોઈ ચિંતામાં છે અને સાથે સાથે ઉતાવળમાં છે. આચાર્ય મ.સા. પરિસ્થિતિ કળી ગયા.

શેઠ ઉપાશ્રયમાં પ્રવેશી સીધા આચાર્ય મ.સા. પાસે પહોંચ્યા. આચાર્ય મ.સા.ને વંદન કર્યા. પચ્ચક્ખાણ લીધું. શાતા પૂછી કે તરત જ આચાર્ય મ.સા. બોલ્યા - 'ભાગ્યશાળી ! અહીં તો દેવ-ગુરુકૃપાએ આનંદમંગલ પ્રવર્ત્તે છે. પણ, તમારી પરિસ્થિતિ જુદી કળાય છે. ચિંતા કરશો નહીં. બધો ભાર ઉતારી દો. અત્યારે તમે તમારું અગત્યનું કામ પૂરું કરી શકશો. પછી નિરાંતે આપણે વાત કરીશું. આવતીકાલે અમારી વિહાર કરવાની ધારણા છે.' આચાર્ય મ.સા.ની વાત શેઠ સમજી ગયા.

આચાર્ય મ.સા.નો ઈશારો સમજી શેઠ તરત જ બહાર જવા નીકળ્યા. આમે ય શેઠને આદિત્યના સમાચાર જાણવાની ઉત્કંઠા હતી.

શું આદિત્ય પાસે કોઈ વાત આવી હશે ? આદિત્યની પરિસ્થિતિ દેખાતી'તી તો ઘણી ભારે ! શેઠ ઉતાવળે પગલે ઘર તરફ ચાલ્યા...

✺



# જુવાળ ૧૧

## આદિત્ય બોલે છે...

આચાર્ય મ.સા.ને વંદન કરી શેઠ પોતાના ઘર તરફ પાછા વળી રહ્યા હતા. આચાર્ય મ.સા. પોતાના અંતરની વાત કળી ગયા હતા - તેનું શેઠને આશ્ચર્ય જરૂર થયું. પણ, આદિત્યના વિચારોમાં બીજું બધું ગૌણ થઈ ચૂક્યું હતું. આદિત્યનો મામલો શેઠ માટે મૂંઝવણનું કારણ હતો. એમ પણ એના ઉપર જ હવે ભવિષ્યનો આધાર હતો. આદિત્યના પ્રાણ પણ એટલા જ કિંમતી હતા !

કપડવંજના રાજમાર્ગ ઉપરથી સીધા જ શેઠ પોતાના ઘર તરફ આવ્યા. જિનાલય અને ઘર વચ્ચે ઝાઝું અંતર હતું નહીં. એમ પણ શેઠ જિનાલયે પગે ચાલીને જ જવાની ટેકવાળા હતા. આમ તો રોજ ધીરી ચાલે પસાર થતા શેઠના પગમાં ઉતાવળ જોઈ લોકોના મનમાં થોડું કુતૂહલ પણ જાગ્યું હતું. શેઠ પોતાના ઘરે જવાને બદલે સીધા પાછળના મકાનમાં જ પહોંચ્યા. શેઠે જોયું તો બે-ચાર ચોકીદારો બહાર ઊભા હતા. આમે ય નાસીરથી આદિત્યની રક્ષા જરૂરી હતી.

રાતના સમયે પણ ચોકી ચાલુ રાખવાની શેઠે તાકીદ કરી. પગાર પણ શેઠે વધારી આપ્યો. ચોકીદારો પણ રાજી થયા. એક બગી પણ આવીને ઉભી

હતી. શેઠ સમજી ગયાં કે વૈદ્યરાજ આવી ગયા છે. ઉપચાર ચાલુ થઈ ગયા હશે. ફરીથી એક વાર આદિત્યનો ચહેરો શેઠ સમક્ષ તરવરી ઊઠ્યો.

શેઠની નજર બાજુમાં જ બાંધેલા એક ઘોડા ઉપર પડી. ઘોડાની દશા પણ દયનીય દેખાતી હતી. મોઢે ફીણ વળેલા દેખાતા હતા. થાક હદ બહાર લાગ્યો હોય તેવું જણાતું હતું. આખા શરીરે સાબુના ફીણ જેવો પરસેવો વળ્યો હતો. આંખો પણ ચકળ-વકળ થતી હતી.

તે ઘોડાને જોઈ શેઠના દિલમાં પણ કંઈક થઈ ગયું. શેઠ સમજી ગયાં કે આ આદિત્યનો ઘોડો જ લાગે છે. રાત્રે હદબહાર શ્રમ પડ્યો લાગે છે. તો જ આટલા ઓછા સમયમાં કપડવંજ પાછું આવી શકાય. એમાં ય આ ઘોડાએ તો બે-બે માણસોના ભાર ખમ્યા હતા. શેઠને ઘોડાની દયા આવી ગઈ.

શેઠે બાજુમાં ઉભેલા ચોકીદારને કહ્યું - 'આ ઘોડો કેમ અહીં બાંધી રાખ્યો છે. જા, આપણી અશ્વશાળામાં આને મૂકી આવ. અશ્વપાલકને કહેજે કે આજનો દિ આની પાસે કંઈ કામ ન કરાવે. ગરમ પાણીથી સ્નાન કરાવી ચારોપાણી વ્યવસ્થિત આપી આ ઘોડાને તાજોમાજો કરી દે.'

ચોકીદારે પણ જવાબ વાળ્યો. 'હા જી !' શેઠે બે મિનિટ ઘોડાને માથે હાથ પસવાર્યો. ઘોડો પણ જાણે માલિકની લાગણી જોઈ સ્વસ્થ થઈ ગયો. માણસ ઘોડાને લઈ રવાના થયો. બહાર ચોકી વ્યવસ્થિત કરવાની તાકીદ બાકીના બીજા માણસોને કરી શેઠ તરત જ ઉપરના માળે જવા રવાના થયા.

બે માળનું મધ્યમ પ્રમાણનું આ મકાન હતું. બહાર ફળીયું હતું. અંદર કંઈક વિશાળ કહી શકાય તેવો એક હોલ તથા બાજુમાં બે ઓરડા હતી. ઉપરના માળે પણ કંઈક એવી જ રચના હતી. બારી-બારણા ઘણાં ઓછા હતા. છતાં પણ જેટલા હતા તેમાંથી હવા-ઉજાસ પૂરતા પ્રમાણમાં આવી રહેલા હતા.

આગળ એક મુખ્ય દરવાજો હતો. પાછળના ભાગમાં પણ એક નાનકડો દરવાજો હતો. જે મોટા ભાગે બંધ જ રહેતો. મકાનમાં બીજું રાચ-રચીલું ખાસ હતું નહીં. પણ સાદાઈ અને સ્વચ્છતા આંખે ઉડીને વળગતા હતા.

સ્વચ્છતા જોતા જ ખબર પડી જાય કે આ મકાનની સફાઈ રોજે રોજ વ્યવસ્થિત થઈ રહી છે. મકાનની આજુબાજુમાં થોડી જગ્યા અવાવરું જેવી હતી. એને ફરતે એક કોટ ચણેલો હતો. આ કોટને અડીને જ શેઠનું મુખ્ય નિવાસસ્થાન હતું.

આ સ્થાન બધાંથી અલાયદું થઈ ગયું હતું. વાતાવરણમાં પણ શાંતિ હતી. શેઠના શયનકક્ષની બારીમાંથી આ મકાન સારી રીતે જોઈ શકાય તેમ હતું. શેઠના શયનકક્ષની બારીની પાછળ જ થોડી જગ્યા હતા. એ જગ્યાને વટાવી દીધા પછી એક દરવાજો પડતો હતો.

આ દરવાજાને વટાવો એટલે તરત જ કોટ આવી જતો હતો. કોટમાં જવા માટેનો પણ એક દરવાજો હતો. પણ એને શેઠે બંધ જ રખાવ્યો હતો. આમે ય પર્વતિથિ સિવાય એ મકાનનો ઝાઝો ઉપયોગ પણ ન હતો.

મકાનને ફરતે કોટ હતો તે આમ તો કાળા પથ્થરોનો બનેલો હતો. પણ માવજતના અભાવે અત્યારે થોડો દુરસ્ત દેખાતો હતો. કોટમાંથી ઠેર-ઠેર ઘાસ પણ ઊગી નીકળ્યું હતું. એકાદ જગ્યાએ તો ઝાડ પણ કિલ્લાને ભેદીને ઉગી ગયું હતું.

શેઠને પણ એની માવજત લેવાનું જરૂરી ન હોતું લાગ્યું. કારણ કે આ મકાન તો સાધના માટે રાખ્યું હતું. રહેવા માટે નહીં. મકાનનો બહારનો દેખાવ કંઈ સારો ન હતો. છતાં અંદરથી મકાન સુંદર હતું.

ખેર, શેઠ ઉપરના માળે પહોંચ્યા. બે રૂમમાંથી ઉગમણી દિશાના રૂમમાં આદિત્યને રાખવામાં આવ્યો હતો. એ રૂમની બારીમાંથી સામે જ શેઠનો શયનકક્ષ દેખાતો હતો. રૂમની વચ્ચોવચ્ચ આદિત્યની પથારી હતી. આજુબાજુમાં બીજા બે ચાર જણા હતા. વૈદ્ય પોતાના ઉપચારમાં લાગેલા હતા. વ્યવસ્થા સુચારુ હતી. મુનિમે બધી વ્યવસ્થા સુંદર કરી હતી. મુનિમજી પણ ત્યાં હાજર હતા. શેઠના એ અત્યંત ભરોસાપાત્ર હતા.

વૈદ્ય પણ સારી ખ્યાતિ ધરાવતા હતા. શેઠ સાથેના એમના સંબંધો પણ ઘણા સારા હતા. વૈદ્યની નજર પણ થોડી વાર રહીને શેઠ ઉપર પડી. શેઠે પ્રશ્નાર્થ દૃષ્ટિએ વૈદ્ય સામે જોયું. ઈશારાથી જ 'સારું છે' એમ વૈદ્યે શેઠને જણાવી દીધું.



[ આદિત્યની શુશ્રૂષામાં સહુ ખડેપગે...]

શેઠની ચિંતાતુર અવસ્થા જોઈ વૈદ્ય પણ સમજી ગયા કે આ માણસની શેઠને તાતી જરૂરિયાત છે. અત્યાર સુધી ઘાવ ઉપરનું લોહી તો વૈદ્યે સાફ કરી દીધું હતું. વૈદ્ય પાટાપિંડી કરી રહ્યા હતા. દર્દી ભાનમાં આવ્યો ન હતો. એટલે જ વૈદ્યને થોડી ચિંતા થતી હતી.

પાટાપિંડી થઈ ગયા પછી વૈદ્યે નાડ પકડી. થોડીવાર કંઈક ઊંડા વિચારમાં સરકી ગયા. ત્યાર બાદ પોતાના થેલામાંથી કંઈક મૂળિયા કાઢી, તેને ઘસવા માટે ખરલ કાઢી પોતાના માણસને આપ્યું. માણસ પણ પારંગત હતો. તેણે તરત જ ઔષધિ તૈયાર કરી આપી. વૈદ્યે તે ઔષધિને દર્દીના ગળામાં ઉતારી દીધી. પછી વૈદ્ય ઊભા થઈને બહાર આવ્યા.

શેઠ પણ વૈદ્યની પાછળ-પાછળ બહાર આવ્યા. ઉપચારમાં ઘણો સમય નીકળી ગયો હતો. મૂળ તો પહેલા લોહી સાફ કરવું જરૂરી હતું. પણ, સમય ઘણો વીતી જવાને કારણે લોહી જામ થઈ ગયું હતું. અને અમુક-અમુક ઘામાંથી હજુ પણ લોહી નીકળી રહ્યું હતું. વૈદ્યને આવીને લોહી સાફ કરવામાં જ ઘણી વાર લાગી હતી.

વૈદ્યને આટલું બધું લોહી જોઈને પહેલા ચિંતા થઈ આવી હતી. પણ ઘા સાફ કરતા-કરતા આશ્ચર્ય થયું. કારણ કે ઘા કરતા લોહી ઘણું વધારે પડતું હતું. લોહીની ક્વોલિટી પણ બે પ્રકારની જોવા મળતી હતી. વૈદ્યને શંકા ગઈ હતી. પણ, ઉપચારમાં વ્યગ્ર હોવાથી બીજી કશી પૂછપરછ ન કરી.

હા, જેવા વૈદ્ય બહાર આવ્યા કે તરત જ શેઠને પ્રશ્ન કર્યો - 'આમના શરીર ઉપર કૃત્રિમ લોહી નાંખવાની શી જરૂરત પડી ? જેટલું દેખાતું હતું તેટલું બધું લોહી ન હતું. બીજું પણ પ્રવાહી અંદર દેખાતું હતું. આમ કેમ હતું ?' પ્રશ્ન સાંભળી શેઠ પણ મૂંઝાયા.

શેઠને કશી ખબર હતી નહીં. છતાં શેઠ એટલું ચોક્કસ સમજી ગયાં કે આદિત્યે કોઈ ચાલાકી જરૂર કરી હતી. એ વખતે તો શેઠે આડો અવળો જવાબ આપી વાત ઉડાડી દીધી. વૈદ્યને સંતોષ ન થયો. છતાં વૈદ્ય શેઠને ઓળખતા હતા. એટલે કંઈક જરૂરિયાત હશે તેમ સમજી તેઓ ચૂપ રહ્યા.

શેઠે પૂછ્યું - 'અત્યારે હવે આની સ્થિતિ કેવી છે ? ક્યારે ભાનમાં આવશે ? ભયજનક અવસ્થા તો નથી ને ?' વૈદ્ય પણ બોલ્યા - 'જુઓ શેઠ ! તમારી ચિંતા હું સમજું છું. પણ અત્યારે દર્દીની સ્થિતિ ગંભીર છે. એક વાર ભાનમાં આવે પછી જ ભય ટળે. ત્યાં સુધી તો બધું ઈશ્વરના હાથમાં છે. ઘા ન પાકે તે માટે મેં પાટાપિંડી કરી દીધી છે. ભાનમાં આવે તે માટેનું ઔષધ પણ આપી દીધેલ છે. તે મુજબ લગભગ ૧-૨ પ્રહરમાં ભાનમાં આવી જવા જોઈએ. બાકી પછી તો હરિઈચ્છા બલીયસી.'

'બીજું કોઈ ઔષધ આપવાનું કે ચરી પાળવાની ?'

'હા ! એ ભાનમાં ન આવે ત્યાં સુધી તો કશું આપવાનું નથી. તે પછી પ્રવાહી દ્રવ્યો વધુ આપવાનું રાખશો. દર્દીની જેવી રુચિ હોય તેમ તે લઈ શકે છે. ખટાશ ન લેવી.' શેઠે પણ તે વાત સાંભળી અને સ્વીકારી લીધી. પોતાના મુનિમને સમજાવી પણ દીધી. શેઠ વૈદ્યની સાથે જ નીચે ઉતર્યા, વૈદ્યને વળાવવા માટે.

વચ્ચે એકાંત મળતા જ વૈદ્યે પૂછ્યું - 'શેઠ ! આ ઘા તલવારના છે, તેવું નથી. પણ ઊંચેથી નીચે પછડાયા પછી જે ઘા લાગે તેના છે. માથાનો

ઘા આમાં થોડો ભયાનક છે. છતાં લગભગ સારું થઈ જશે તેમ લાગે છે. મેં મારાથી બનતો પ્રયત્ન કર્યો છે. છતાં આમાં દર્દીની પ્રબળ જીજિવિષા વધુ અસરકારક બનતી હોય છે. હું હવે આવતી કાલે આવીશ.'

વૈદ્યને વળાવીને શેઠ પાછા ઉપર આવ્યા. આદિત્ય હજુ ભાનમાં આવ્યો હોય તેવા કોઈ ચિહ્ન દેખાતા ન હતા. થોડી ભલામણ બધાને કરી બીજા ઓરડામાં શેઠ ગયા. ત્યાં આદિત્યની જોડેના માણસને બોલાવ્યો. વાત કરી -

'બોલ ! તમે લોકો અહીંથી ગયા પછી શું થયું ? આ કૃત્રિમ લોહી કેમ છાંટવું પડ્યું ?' (વાચકો તો જાણે જ છે કે આદિત્યે મલિકને છેતરવા માટે કૃત્રિમ લોહી નાંખેલું.)

પેલા માણસે પણ આખી વાત ધીરે-ધીરે ઝીણી-ઝીણી વિગતો જણાવવા પૂર્વક જણાવી દીધી. પણ, મલિક અને બરહાન વચ્ચે શું વાતચીત થઈ હતી ? તે તો આદિત્ય જ જાણતો હતો. મહત્ત્વ પણ તેનું જ હતું.

આખી વાત સાંભળ્યા પછી શેઠને સમજાયું કે આટલું બધું લોહી કેમ દેખાતું હતું ? હા, શેઠને જે જાણવું હતું તે જાણવા મળ્યું નહીં. 'છેલ્લે કંઈ બોલ્યો હતો આદિત્ય ?' શેઠે આવું પૂછ્યું. એટલે આદિત્યની સાથેનો માણસ બોલ્યો કે 'હા ! છેલ્લે છેલ્લે આદિત્ય બોલ્યો હતો કે શેઠ... મલિક... આચાર્ય ભગવંત...' શેઠ આખી વાત સાંભળી ચિંતાતુર થઈ ગયા. મલિકને ગંધ આવી ગઈ હતી કે શેઠ મારી પાછળ જાસૂસી કરાવે છે. હવે ???

✱




## સુરક્ષાવ્યવસ્થા તૂટી

જાસૂસના મોઢેથી આદિત્યની આખી બિના જાણી શેઠ ચિંતાતુર થઈ ગયા. કારણ કે મલિક સાવધ થઈ જવાનો હતો. અને કાર્યમાં પણ ઝડપ કરી શકે તેમ હતો ! હવે શેઠને જે કરવું હોય તે ઝડપથી કરવાનું હતું. શેઠનું મગજ પણ ઝપાટાબંધ ગણતરીએ લાગી ગયું હતું. આખરે 'પડશે તેવા દેવાશે' આ ગણતરીએ શેઠે વિચારો અળગા મૂક્યા. આદિત્યની કાળજી લેવાની ખાસ તાકીદ કરી. તેની તમામ પ્રકારની વ્યવસ્થા શેઠે કરી દીધી.

પોતે મકાનની બહાર નીકળ્યા. મકાનની બહાર નીકળતા ફરીથી શેઠે મકાનનું નિરીક્ષણ કર્યું. એક બારી સીધી શેઠના શયનકક્ષની સીધમાં આવતી હતી. શયનકક્ષમાંથી આ મકાનનું સારી રીતે નિરીક્ષણ થઈ શકતું હતું. શેઠે, મનમાં ને મનમાં જ કંઈક નક્કી કર્યું અને ઘર તરફ ચાલી નીકળ્યા. મકાનમાંથી બહાર નીકળતા નીકળતા જે બાજુ આદિત્યના ઓરડાની બારી પડતી હતી તે સાઈડ પણ એક નજર શેઠે નાંખી લીધી.

ત્યાં ઝાડી-ઝાંખરા થોડા પ્રમાણમાં હતા. આદિત્યના રૂમની દિશામાં કોટ તથા મકાન વચ્ચેનું અંતર ઝાઝું ન હતું. કોટ પછીનો થોડો વિસ્તાર ઉજ્જડ જેવો હતો. ત્યાંથી આગળ જતા થોડે દૂર મકાનો શરૂ થતા હતા.

આ બધી બાબતોની અછડતી નોંધ શેઠના મગજમાં લેવાઈ ગઈ.

શેઠે ચોકીદારને બોલાવ્યો, થોડી બક્ષિસ આપી અને કહ્યું '**જો આજનો દિવસ તથા આજની રાત બરાબર જાગીને ચોકી કરવાની છે. તારા બીજા જોડીદારને બોલાવી લેજે.** પણ, એકે ક્ષણ તારા ધ્યાનબહાર કોઈ અહીં પ્રવેશવું કે બહાર નીકળવું ન જોઈએ. બરાબર ?'

'જી, સાહેબ ! આપ નચિંત રહેજો.'

શેઠે પુનઃ પૂછ્યું - 'શું હમણાં કોઈ વ્યક્તિ આવી હતી અહીંયા ?'

'હા શેઠ ! સવારથી ઘણી ધમાલ છે અહીંયા, વૈદ્ય આવ્યા, સાથે આપે ચીંધેલા બે જણા પણ હતા. બીજા એક બે જણા પણ આવી ગયા. છેલ્લે થોડી વાર પહેલાં આપની સાથે તાત્કાલિક વાત કરવા માટે એક માણસ આવ્યો હતો. એ હમણાં જ અહીંથી ગયો !'

શેઠ છેલ્લી વાત સાંભળીને ચમક્યા ! 'મારી સાથે વાત કરવા માટે કોણ આવ્યું હતું ? કોઈ તો મને મળ્યું નથી.'

એટલે શેઠે પૂછ્યું - 'કોણ હતો એ ? તું ઓળખે છે એને ?'

**'અરે હા ! એ તો આપનો જૂનો માણસ છે. એનું નામ...હા ... કંઈક 'ના' ઉપરથી છે. હા...હા.. હા.. નાસીર હા, નાસીર આવ્યો'તો !'**

'શું ? નાસીર ?' શેઠને તો ધ્રાસકો જ પડ્યો ! નાસીર અહીં ક્યાંથી ? શેઠની ચિંતા હવે હદબહાર વધી ગઈ હતી. શેઠે ઉભરો ઠાલવતા ચોકીદારને ખખડાવી જ નાંખ્યો - 'અલ્યા ! તને ખબર નથી ? મેં બધાંને આજ્ઞા કરી છે કે નાસીર ક્યાંયથી પણ મળે તો મારી સામે લાવવાનો છે. તેં એને એમને એમ જવા દીધો ? અક્કલનો ઓથમીર છે કે આટલી મારી સ્પષ્ટ આજ્ઞા ય નથી સમજી શકતો ?'

ચોકીદાર તો આ હાલતમાં શેઠને જોઈ હેબતાઈ જ ગયો ! ક્યારેય શેઠને આટલા ગુસ્સામાં ન હોતા જોયા. કોઈ વસ્તુ તૂટી-ફૂટી જાય, ચોકી કરતા ઝોકું આવી જાય તોય શેઠ પ્રેમથી ટપારતા. પણ, આટલો ગુસ્સો કે આક્રોશ તો ચોકીદારે ક્યારેય ન હતા જોયા.

વસ્તુસ્થિતિ પાછી એ હતી કે પોતે ય આજે જ પરદેશથી પાછો આવી થોડા સમય પહેલાં એ જ દિવસે નોકરીએ લાગ્યો હતો. રજા લઈને તે બહારગામ ગયેલો હોવાના કારણે અહીં શું - શું થઈ ગયું ? શેઠે શું શું કહેલું ? તેની કશી તેને ખબર જ ન હતી. સવારે જેવો પોતે આવ્યો કે થોડીવારમાં જ આદિત્ય લોહી નીંગળતી હાલતમાં આવી પહોંચ્યો. બધાં એની ધમાલમાં ગોઠવાયેલા હતા. શેઠે પણ આવીને આદિત્યને સંભાળવાનું કામ પોતાને સોંપ્યું હતું. માટે, પોતે પણ એમાં પડી ચૂક્યો હતો. એટલે નાસીરની વાતથી એ તદ્દન અજાણ્યો હતો.

પહેલેથી એ નાસીરને ઓળખતો જ હતો. એ શેઠનો જૂનો માણસ હતો. તે આવ્યો ત્યારે એનો અભિનય પણ એટલો લાજવાબ હતો કે તેને પોતાને અવિશ્વાસ કરવાનું કોઈ કારણ ન લાગ્યું. માટે, એણે જવા દીધો. પોતે એ બાબતમાં તદ્દન નિર્દોષ તથા બેખબર હતો. પણ અત્યારે શેઠનો આક્રોશ જોયા પછી એને વાત બહુ ભયંકર લાગી. ગંભીર પણ લાગી. બાકી શેઠ આવું ન જ બોલે.

એને ખુદને શેઠ ઉપર લાગણી હતી. શેઠની રક્ષા કરવા એ દિલથી પ્રયત્ન કરતો. આઘાત અને આશ્ચર્યથી એણે ડરતા ડરતા શેઠને કહ્યું - ''સાહેબ ! મારી ભૂલ માફ કરો, હું હજી આજે જ આવ્યો છું. મને નાસીરની કશી જ ખબર નથી. હવે, તે મારી સામે આવશે તો તે નાસીરને છોડીશ નહીં. આપ ચિંતા નહીં કરો. એ નાસીરનો બચ્ચો છટકીને જશે ક્યાં ?''

એના હાવભાવ પરથી શેઠને પણ લાગ્યું કે - 'આનો ઝાઝો વાંક નથી. આમેય જે થવાનું હતું તે થઈ ગયું. આ વ્યક્તિ છે પાછી વફાદાર. માટે, મને દગો આપવાનું કામ તો નહીં જ કરે. આને જ રાતની ચોકી સોંપી દેવા જેવી છે. હવે, જો નાસીર અહીં ફરક્યો તો આ એને જવા નહીં દે. છે પાછો મરદનો બચ્ચો.

આમ વિચારી શેઠે કહ્યું - 'નાસીર, ક્યારે આવ્યો અને ક્યારે ગયો ?'

'બસ ! આપ આવ્યા કે થોડી જ વારમાં એ આવ્યો અને હમણાં થોડી વાર પહેલાં જ અહીંથી ગયો.'

'એના કપડાં ખ્યાલ છે કેવા હતા ?'

'પોતાના નિત્ય વેશમાં જ હતો !'

'તોયે રંગ વગેરે..' 'આછા તપકીરીયા રંગના હતા.'

'સારું ! હવે આવી ભૂલ ફરીથી ન થવી જોઈએ. હવે જો **નાસીર અહીં ફરકે તો તારા હાથમાંથી બચીને છટકવો ન જોઈએ.** આદિત્યની જવાબદારી તારા માથે છે. અહીં કશું પણ જો અજૂગતું થયું તો તારી ખેર નથી. નાસીર જો પકડાઈ ગયો તો બક્ષિસ પણ તારા માટે તૈયાર જ છે. તારે જેટલા માણસને બોલાવવા હોય તેટલા માણસને બોલાવી લેજે. બરાબર ? અને હા ! નાસીર સિવાય પણ હવે કોઈ વ્યક્તિને આદિત્ય સુધી જવા નહીં દેતો.

કોઈ પણ શંકાસ્પદ વ્યક્તિ લાગે તો પકડીને મને જાણ કરજે. હું બાજુમાં જ છું. અહીંથી સીધી મારા શયનખંડની બારી પડે છે. વૈદ્યની સાથે જે માણસ આવે તેને પણ સાચવીને - ચકાસીને જવા દે જે. ટૂંકમાં, તારે હવે અહીં પૂરેપૂરો જાપ્તો રાખવાનો છે. હું મારો સંદેશો કંઈને કંઈ નિશાની સાથે જ મોકલાવીશ. તો જ સાચો માનજે.'

**આટ-આટલી તાકીદ કે સૂચના તો શેઠે પહેલા ક્યારેય નહોતી આપી. ચોકીદાર તો બધું સાંભળતો જ રહ્યો.** આ બધું સાંભળી મનમાં એક સંકલ્પ જમાવી દીધો કે - 'પરિસ્થિતિ અસાધારણ છે. આ વખતે તો શેઠ ખરેખરી કટોકટીમાં જણાય છે. માટે અત્યારે શેઠનું ખરેખરું કામ કરી આપી એમના આટલા ઉપકારોનો બદલો મારે વાળી આપવો છે.'

મલિક અને બરહાન વચ્ચે જે વાતચીત થઈ હતી તે જાણનાર એક માત્ર આદિત્ય જ હતો. માટે, આદિત્ય ભાનમાં આવે તે શેઠ માટે અનિવાર્ય હતું. તો જ આગળની યોજના વ્યવસ્થિત વિચારી શકાય તેમ હતી. અહીં નાસીરના ઉપદ્રવને કારણે પરિસ્થિતિ દિવસે દિવસે વણસી રહી હતી. મલિકનો ભય પણ વધી રહ્યો હતો.

એમાંય વૈદ્ય સાથે શેઠને થયેલી વાતચીત નાસીરે સાંભળી લીધી હતી. નાસીરની નજર સતત શેઠ ઉપર છે. તે શેઠની દરેક વાત જાણવા પ્રયત્નશીલ છે. હવે નાસીર એક ખતરનાક-ભારે ઉપદ્રવી થઈ ચૂક્યો હતો.

આદિત્ય મોઢું ના ઉઘાડે તે માટે કદાચ આદિત્યનું કંઈક અહિત પણ નાસીર કરી નાંખે. એટલે જ શેઠને માથે ચિંતાનો બોજો વધી રહ્યો હતો.

ધંધાની કે કુટુંબની કેટ-કેટલીય ભારે ચિંતાઓ અત્યાર સુધીમાં આવી પડી હતી. દરેક ચિંતાઓનો સામનો ખૂબ જ હસતે મોઢે શેઠે કર્યો હતો. કોણ જાણે ? પણ આ વખતે સ્વસ્થ રહેવાનો ભરચક પ્રયાસ કરવા છતાં મન અસ્વસ્થ થઈ જતું હતું. હૈયું રડી પડતું હતું. અકથ્ય ચિંતાઓના માર્યા બેવશ બની જતા હતા શેઠ. આચાર્ય મ.સા.નું કંઈ અહિત થઈ જશે તો ? બસ, આ જ ચિંતા હૃદયને કોરી ખાતી હતી.

આટ-આટલી મુશ્કેલીઓનો કેમ સામનો કરવો તે જ શેઠને સમજાતું નહતું. પોતાની વ્યથાને પોતાનામાં જ સમાવી શેઠે પોતાના ઘર તરફ ડગલા માંડ્યા. ઘર સુધી પહોંચતા-પહોંચતા શેઠ ઘણાં સ્વસ્થ થઈ ચૂક્યા હતા. પોતાની ચિંતાની અસર કુટુંબના સદસ્યો ઉપર ન થાય તેની પૂરેપૂરી તકેદારી શેઠ રાખતા હતા.

શેઠ ઘરે પહોંચી ગયા. શિરામણનો સમય તો ક્યારનો થઈ ગયો હતો. આટલી ચિંતામાં ભૂખ તો ક્યાંથી લાગે ? પણ, ઘરના સદસ્યોને ઝાઝી શંકા ન પડે, તે લોકોનું પણ મન સચવાય માટે શેઠે થોડું શિરામણ કર્યું. શિરામણ કરતાં ય શેઠના વિચારોના ઘોડા સહેજેય કાબૂમાં રહેતા ન'હતા.

શેઠને પોતાની ચિંતા હળવી કરવા માટે પોતાનું દિલ આચાર્ય મ.સા. પાસે ખોલી દેવા મન થતું હતું. જેને પોતાના સર્વસ્વ માન્યા હતા, જેને પોતાના ગુરુ તરીકે હૃદયથી સ્વીકાર્યા હતા, તેની પાસે છૂપાવતા દિલમાં ડંખ લાગતો હતો. પણ, આચાર્ય મ.સા.ને વાત કર્યા પછી આચાર્ય મ.સા. આ બધું બંધ કરવાની આજ્ઞા કર્યા વિના રહે નહીં. આચાર્ય મ.સા.ની આજ્ઞાનું ઉલ્લંઘન તો સ્વપ્ને પણ શી રીતે વિચારી શકાય ?

જો આચાર્ય મ.સા. અહીં રોકાય અને પોતે જ કંઈક રસ્તો કાઢે તો શેઠની બધી ચિંતા ઓછી થઈ જાય. માત્ર, ૧૫ જ દિવસ માટે આચાર્ય ભગવંત ભૂગર્ભમાં ઊતરી જાય તો બધું ય સમુસૂતરું ઉતરી જાય. પછી શેઠને

લગીરે ચિંતા ન રહે. પણ, આચાર્ય મ.સા. એ વાત સ્વીકારે તેવી કોઈ શક્યતા શેઠને દેખાતી ન હતી.

આચાર્ય મ.સા.ને ભૂગર્ભમાં ઉતારી દેવા માટે **એક બહુ જ અદ્ભુત કરામતી સ્થળ શેઠ પાસે હતું. શેઠના બંગલામાંથી જ ત્યાં જવાતું હતું.** શેઠના ઘરના કોઈ પણ સદસ્યને તે અંગે ગંધ સુધ્ધાં ન હતી.

આચાર્ય મ.સા. ભૂગર્ભમાં ઉતરે પછી પણ કોઈને ખબર ન પડે તેવી તમામ વ્યવસ્થા કરવાની શેઠની તૈયારી હતી. પણ, મુખ્ય સવાલ તો એ જ હતો કે આચાર્ય મ.સા. માને ? આચાર્ય મ.સા.ની સત્ત્વશીલતા જોયા પછી શેઠને તેવી શક્યતા દેખાતી ન હતી.

જ્યારે બીજી બાજુ પરિસ્થિતિ આટલી હદે વણસી ગઈ છે તેવું જાણ્યા પછી આચાર્ય મ.સા. ફેર વિચારણા કરે તેવી પણ પ્રબળ સંભાવના જણાતી હતી. એક વાર બધી પરિસ્થિતિ અંગે પેટછૂટી વાત કરી દીધા પછી શેઠ બંધાઈ જતા હતા. આચાર્ય મ.સા.ની આજ્ઞા અનુલંઘનીય જ નહીં, અવિચારણીય પણ હતી. શું કરવું ?

✵




## શેઠ અવાચક...

શિરામણ કરતા કરતા આજે શેઠના મનમાં બસ આચાર્ય મ.સા.ના જ વિચારો ચાલી રહ્યા હતા. વર્તમાન પરિસ્થિતિની રજૂઆત આચાર્ય મ.સા. પાસે કરવી કે નહીં ? તેનો નિશ્ચય શેઠ કરી શકતા ન હતા. આચાર્ય મ.સા.ને વાત કરે તો કદાચ આચાર્ય મ.સા. રોકાઈ જાય તેવી આશા હતી. **તેમને ભૂગર્ભમાં ઉતારી દેવાની શેઠની ભાવના હતી. જેથી મલિક કે નાસીર આચાર્ય મ.સા.નો વાળ પણ વાંકો ન કરી શકે.**

પરંતુ આવી પરિસ્થિતિ સાંભળ્યા પછી આચાર્ય મહારાજ પોતાની રીતે એનો મુકાબલો કરવાનો નિર્ણય લઈ લે તો ? તો પછી આચાર્ય મ.સા.ની રક્ષા શી રીતે થઈ શકશે ? આચાર્ય મ.સા. છે નિઃશસ્ત્ર ! રાજાભિયોગ સામે એમનું કેટલું ચાલવાનું ?

હવે મલિક તો બાદશાહને વાત કર્યા વિના રહેવાનો નથી. બાદશાહ સાથેની સીધી અથડામણ ટાળવાનો આ એક જ ઉપાય છે કે - આચાર્ય મ.સા. ભૂગર્ભમાં ચાલ્યા જાય. આચાર્ય મ.સા.નો શો અભિગમ છે ? એ કેમ જાણવું ?

આખરે આચાર્ય મ.સા.ને હમણાં વર્તમાન પરિસ્થિતિની આછેરી ઝલક

જ આપવાનું - વધુ વિગત ન કહેવાનું શેઠે નક્કી કર્યું. વાત કહેતા-કહેતા આચાર્ય મ.સા. કઈ દિશામાં પોતાનો ઝોક દેખાડે છે તે પરખી પછી વાત આગળ વધારવી' - આ પ્રમાણે શેઠે નક્કી કર્યું.

કંઈક નિર્ણય થતા શેઠે થોડી હળવાશ અનુભવી. જો કે હજુ આદિત્યની ચિંતા તથા નાસીરની ઉથલપાથલની ચિંતા સતાવતી જ હતી. **નાસીરે શું મલિક સાથે સંપર્ક જાળવી રાખ્યો હશે ? જો મલિક સાથે સંપર્ક જાળવ્યો હશે તો આદિત્યને જીવતો ન રાખવાની - તે મોઢું ન ખોલે તે જોવાની જવાબદારી મલિકે નાસીર ઉપર નાંખી જ હશે.** નાસીર શેઠના ધાર્યા કરતા વધુ ચાલાક પુરવાર થઈ રહ્યો હતો. આખરે આ વિચારોમાં ને વિચારોમાં શેઠે શિરામણ પૂર્ણ કર્યું.

શિરામણમાં દરરોજ કરતા સમય વધુ થઈ ગયો હતો. હાથ-મુખ સ્વચ્છ કરી શેઠ પાછા પોતાના અલાયદા શયનકક્ષમાં પહોંચી ગયા. શરીરમાં થાક તો હતો જ અને ખાસ તો બધાં જાસૂસો વગેરે માટે શેઠને મળવાનું સરનામું આ શયનકક્ષ જ હતો. એટલે આવા વખતે શયનકક્ષમાં શેઠની વધુ વાર હાજરી અનિવાર્ય હતી. શેઠની બારીમાંથી સામે જ આદિત્યવાળું મકાન દેખાતું હતું. **ચોકીદારે બે-ત્રણ માણસો બોલાવી દીધા લાગતા હતા. પહેરો સજાગ હતો. તે જોઈ શેઠને સંતોષ થયો.**

શયનકક્ષમાં આવવાનું શેઠનું બીજું પ્રયોજન એ હતું કે કદાચ નગરશેઠ પાસે મોકલેલ જાસૂસ કે તેનો કોઈ માણસ સંદેશો લઈને આવે તો ! જો કે આટલી વારમાં આવું કામ કરીને માણસ પાછો આવી જાય તેવી શક્યતા નહીંવત્ હતી. છતાં શેઠની ચિંતા શેઠમાં થોડી અધીરાઈ લાવી રહી હતી.

એટલે જ શેઠ આવી આશા બાંધી શયનકક્ષમાં આવ્યા હતા. જો કે શયનકક્ષમાં કોઈ રાહ જોતું બેઠું ન હતું. શયનખંડ સૂમસામ હતો. પુનઃ તે સ્વચ્છ થઈ ગયો હોય તેવું જણાતું હતું. બહાર બે ચોકીદારો સજાગ રીતે પહેરો ભરતા હતા. રાતના ચોકીદારો બદલાઈ ગયા હતા.

આ દિવસની પાળીવાળા ચોકીદારો હતા. શેઠ આવતા જ બન્નેએ શેઠનું

અભિવાદન કર્યું. શેઠે પણ સ્મિત કર્યું. શેઠ વ્યાકુળ હતા. માટે, 'સજાગ રહેજો' એટલું કહીં ખંડમાં ચાલ્યા ગયા.

આ શયનખંડ આમ હતો મૂળ ગૃહનો જ એક વિભાગ. **છતાં શેઠે કરાવેલી રચના પ્રમાણે તે ઘણો અલાયદો પડી જતો હતો. મૂળ ગૃહનો ઘોંઘાટ અહીં સહેજે સ્પર્શી શકે તેમ ન હતો.** એટલે જ વાતાવરણમાં નીરવ શાંતિ છવાયેલી હતી. આજે મુલાકાતીઓને મળવા આવવાની શેઠે ના પાડી દીધી હતી.

કોઈને પણ શયનખંડમાં ન મોકલવાની સૂચના શેઠે આપી દીધી હતી. યાચકોને જેટલું જોઈએ તેટલું આપી દેવાની સૂચના શેઠે મુનિમને આપી દીધી હતી. શેઠ શયનખંડમાં પ્રવેશી પલંગ ઉપર બેઠા. પણ, અંદરની વ્યાકુળતા શેઠને ચેનથી જંપવા દે તેમ ન હતી.

શેઠે શયનખંડમાં આંટા મારવાના ચાલુ કર્યા. શેઠની મુખમુદ્રા અત્યારે શેઠનું મુત્સદ્દીપણું અભિવ્યક્ત કરતી હતી. થોડી ચિંતા પણ એમાં ભળેલી હતી. શયનખંડની શાંતિ કોણ જાણે કેમ ? પણ ખૂબ ભેંકાર લાગી રહી હતી.

**આજનું વાતાવરણ શેઠને અજૂગતું લાગતું હતું. શેઠની છઠ્ઠી ઈન્દ્રિય તરત જ જાગ્રત બની ઊઠી. કંઈક વિચાર આવે ત્યાં તો શેઠનું ડાબું અંગ ફરકવા લાગ્યું. શેઠ સ્તબ્ધ થઈ ગયા.** થોડા સાવધ પણ થઈ ગયા. શેઠને કોઈ અમંગળના એંધાણ લાગ્યા !

એક વાર રાત્રે ડાબી આંખ ફરકી ત્યારે સવારના પહોરમાં આદિત્ય લોહીલુહાણ હાલતમાં આવી પહોંચ્યો હતો. શેઠને આદિત્યનો વસમો ફટકો લાગ્યો હતો. મલિકને ગંધ આવી ગઈ હતી. આ વખતે આ ડાબુ અંગ ફરકવું શું સૂચવતું હશે ? કોણ જાણે હવે શું થવાનું હશે ?

શેઠે તરત જ 'ૐ નમઃ સિદ્ધમ્' કહી પંચ પરમેષ્ઠીનું પ્રણિધાન કર્યું. નિવાર્ય વિઘ્નના નિવારણ માટે અને અનિવાર્ય વિઘ્નમાં સામર્થ્ય અને સમાધિની સંપ્રાપ્તિ માટે પ્રાર્થના કરી. શેઠની છઠ્ઠી ઈન્દ્રિય એકદમ સતેજ હતી.

જ્યારથી આ શયનખંડમાં શેઠ આવ્યા હતા ત્યારથી જ જોખમનો અહેસાસ એમને થયા કરતો હતો !

**જોખમ પોતાની આજુ-બાજુમાં જ ક્યાંક છે - એવું શેઠને લાગતું હતું. પોતાની આજુ-બાજુમાં કોઈક છૂપાયું છે, કોઈકની નજર મારી ઉપર છે - એવું શેઠને અનુભવાતું હતું.** આમ, તો શયનખંડમાં કોઈ ચકલું ય ફરકતું ન હતું. તદ્દન શાંતિ હતી. બહાર ચોકીદારો સિવાય બીજું કોઈ કળાતું ન હતું. આખા રૂમમાં બે જ બારી હતી. એક પૂર્વ દિશામાં પડતી હતી. ત્યાંથી સામે જ આદિત્યનું મકાન દેખાતું હતી.

બીજી બારી દક્ષિણ દિશામાં હતી. દક્ષિણ દિશાની બારીમાંથી સીધો મુખ્ય દરવાજો દેખાતો હતો. શેઠ દક્ષિણ દિશાની બારી મુખ્યતયા બંધ જ રાખતા. પૂર્વ દિશાની બારીમાંથી જ પર્યાપ્ત માત્રામાં હવા-ઉજાસ મળી રહેતા.

શેઠે કંઈક વિચારી તાળી પાડી. તાળીનો અવાજ સાંભળી બહારથી એક ચોકીદાર તરત જ અંદર આવ્યો. એણે પૂછ્યું - 'જી સાહેબ ! શું કામ છે ?'

શેઠે કીધું. 'મારા ગયા પછી આ શયનખંડમાં શું કોઈ આવેલું ?' ચોકીદારે જવાબ આપ્યો - **'રાબેતા મુજબ સાફ સફાઈ માટે બાઈ આવી હતી. બસ, એ સિવાય બીજું કોઈ નથી આવ્યું.'**

**'વિચારી લે, આજુબાજુના તારા સાથીદારોને ય પૂછી લે. કોઈ ખરેખર ન હતું આવ્યું ને ?'**

'જી ! સાહેબ !' કહી ચોકીદાર તરત જ બહાર ચાલ્યો ગયો. એ ગયા પછી શેઠ પાછા વિચારમાં ચડ્યા. હવે આમાં કેમ કરીને આગળ વધવું તેની પાકી રૂપરેખા નક્કી કરવા માટે શેઠ આખા ઘટનાચક્રને એક વાર વાગોળી ગયા. ગઈ કાલથી શેઠ આ જ વિચારમાં ખોવાયેલા રહેતા હતા. પહેલા સામૈયાની તૈયારીની ધમાલ ચાલતી હતી. અને હવે આચાર્ય મ.સા.ની ચિંતા ! આ બધામાં શેઠ ધંધાને તો વિસરી જ ગયા હતા.

પેઢી મુનિમના ભરોસે જ શેઠે મૂકી હતી. જો કે મુનિમ અતિ પ્રામાણિક

હતો. પહેલાં એક ગરીબ ઘરના બેકાર યુવાન જેવી મુનિમની પરિસ્થિતિ હતી. એકાદ-બે વાર દેરાસરમાં શેઠની નજરે પડી ગયો. અમુક પ્રસંગોમાં તેની પ્રામાણિકતા અને વ્યવહારકુશળતા જોઈ શેઠ તે યુવાનમાં રહેલા હીરને ઓળખી ગયા.

શેઠ આમે ય માણસોની પરખ કરવામાં કુશળ હતા. ઝવેરી સમા હતા. **શેઠ માણસને ઓળખી પણ જાણતા અને સાચવી પણ જાણતા.** યુવાન બેકાર છે અને ઘરે ખાવાનું પણ માંડ માંડ થાય છે, ઘર પણ સાવ જીર્ણશીર્ણ છે - યુવાન અંગેની આટલી માહિતી એકઠી કરી શેઠે તે યુવાનનો હાથ ઝાલી લીધો. તેને ઘર બંધાવી આપવાથી માંડી તમામ જવાબદારી શેઠે ઉપાડી લીધી.

**એ પ્રામાણિક યુવાન સદાનો શેઠનો આભારી બની ગયો. દિલ દઈને શેઠની સેવામાં લાગી ગયો.** ગુમાસ્તા તરીકે શેઠની દુકાનમાં કામે લાગેલો યુવાન આજે મુનિમ બની દુકાનનો તથા સમગ્ર પેઢીનો કર્તા હર્તા બની ચૂક્યો હતો. શેઠની દુકાનના-વ્યાપારના તમામ માણસોમાં તેનું માન હતું. શેઠ પણ તેના ઉપર આંખ મીંચીને વિશ્વાસ મૂકી શકતા હતા.

દેશ-દેશાવરમાં શેઠની પેઢીઓ હતી. શેઠની શાખ પણ એટલી જ જબરજસ્ત જામી હતી. શેઠનું પુણ્ય અને મુનિમનો પુરુષાર્થ શેઠને ગજબનાક સફળતા અપાવતા હતા. મુનિમના કારણે જ શેઠ આટલી નિશ્ચિંતતા ધંધા અંગે અનુભવી શકતા હતા.

અત્યારે તો શેઠ આચાર્ય મ.સા. આવ્યા ત્યારથી જે - જે ઘટનાઓ ઘટી તેને વાગોળી રહ્યા હતા. આખા ઘટનાચક્રમાં હવે નાસીર વધારે ખતરનાક પુરવાર થઈ શકે તેમ હતો.

નાસીરની યાદ આવતા જ શેઠને આદિત્યની ચિંતા થઈ આવી. **અચાનક શેઠની નજર દક્ષિણ દિશાની બારી ઉપર પડી. શેઠ સ્તબ્ધ જ થઈ ગયા. અવાક્ થઈ ગયા...**

❋



# જુવાળ ૧૪

## ખૂની હુમલો...

શયનકક્ષમાં ઘેરો સન્નાટો છવાઈ ગયો હતો. એક જ દૃશ્યની આછેરી ઝલકે શેઠ થોડા સ્તબ્ધ અને અવાચક બની ગયા હતા. શેઠની નજર સ્વાભાવિક રીતે જ શયનકક્ષમાં ફરતી હતી. ત્યાં અચાનક જ દક્ષિણ દિશાની બારી પર શેઠની નજર પડતા શેઠની આ હાલત થવા પામી હતી.

બારીનો કાચ દૂધિયો હતો. સાવ જ પારદર્શક ન હતો. એ દૂધિયા કાચની પાછળ જ કાળા લેબાશમાં સજ્જ માણસના મોઢાની આછેરી ઝલક શેઠને જોવા મળી.

એ મુખ ઉપર જે ખુન્નસ છવાયેલું હતું તે જોઈ શેઠ સ્તબ્ધ થઈ ગયા હતા. એ મુખકમલ(?) શેઠને નાસીરનું જ લાગ્યું. પહેલા ક્યારેય ન જોયેલી ક્રૂરતા તેના ચહેરા ઉપર જણાતી હતી.

શેઠને જાણે કાચો ને કાચો ફાડી ખાવો હોય તેવી તીવ્ર ઝંખના તેની આંખમાંથી અભિવ્યક્ત થતી હતી. શેઠ અને તેની નજર ભેગી થતા તે તરત જ ભાગી છૂટ્યો.

શેઠની નજર પોતાની ઉપર પડશે - એવી કદાચ તેની ધારણા ન હતી.

કારણ કે જેવો તે ઉપર આવ્યો કે તરત જ તેની નજર શેઠ સાથે ટકરાઈ હતી.

હા, બારી પાછળ ઘણાં સમયથી તે છૂપાયો હતો. પણ, જેવો અંદર ઘૂસવાના આશયથી ઉપર ચડ્યો કે શેઠની નજર પડી. એનાથી એ ખુદ પણ હેબતાઈ ગયો. શેઠ પણ તેની આ હિંમત અને હિકમત જોઈ પલ-બે પલ સ્તબ્ધ થઈ ગયા.

જૂજ ક્ષણોમાં જ પુનઃ સ્વસ્થ થયેલા શેઠે બહારથી ચોકીદારને બોલાવ્યો. પોતે તરત જ બારી તરફ ધસી ગયા. બારીમાંથી મોઢું બહાર કાઢી જોવા જ જતા હતાં કે એ ક્યાં ગયો ?

પણ, 'કદાચ એ બારીની ઉપર જ છૂપાયો હોય અને જેવી ડોક હું બહાર કાઢું કે તરત જ મારી ઉપર હુમલો કરે તો ?...' આ વિચારે શેઠ અટકી ગયા. પહેલાં જે ચોકીદાર આવ્યો હતો તે જ ચોકીદાર ત્યાં આવી પહોંચ્યો.

તરત જ તેણે કહ્યું - ''સાહેબ ! અહીં આપના પહેલા સફાઈવાળી બાઈ સિવાય કોઈ આવ્યું ન હતું. મેં બધાંને પૂછી જોયું...''

શેઠે એકદમ મંદ સ્વરે કહ્યું - ''એ વાત પછી, પહેલા તાત્કાલિક આ બારી ખોલી નીચે જો, કોઈ વ્યક્તિ દેખાય છે ?''

જેવી ચોકીદારે ડોક બહાર કાઢી કે તરત જ ઉપરથી સંપૂર્ણ કાળા લેબાશમાં સજ્જ કોઈ વ્યક્તિએ તેના ઉપર હુમલો કર્યો. પણ, શેઠ સજાગ હતા.

એ જાણતાં જ હતાં કે આવો હુમલો થવાની શક્યતા પૂરેપૂરી છે. માટે ચોકીદારનો દાંડો તેમણે હાથમાં જ પકડી રાખ્યો હતો. જેવો પેલા માણસે છરીથી ઘા કર્યો કે શેઠે લાકડીથી તેને અટકાવી દીધો.

અચાનક થયેલા આવા પ્રતીકારથી પેલા માણસે બેલેન્સ ગુમાવ્યું અને એ નીચે પડ્યો. શેઠનો આ શયનકક્ષ જમીનથી થોડે જ ઊંચે હતો.

પેલી વ્યક્તિ કે જે નાસીર તરીકે શેઠને લાગી હતી તે પણ ભારે ચપળ

નીકળી. જમીન ઉપર પડતાવેંત જાણે કંઈ થયું નથી તેમ તે માણસ ભાગવા લાગ્યો. આ બાજુ છરીથી જેવો તેણે ચોકીદાર ઉપર હુમલો કરેલો ત્યારે હેબતાઈને ચોકીદારે જોરથી રાડ નાંખેલી.

તેની રાડ સાંભળી ઘણા અંદર દોડી આવેલા. શેઠે તરત જ નાસીરને પકડવા આખી હવેલીને સાબદી કરવાનું કહી દીધું. નાસીર જે દિશામાં જ્યાં પડેલો તે સ્થાન પણ શેઠે બતાવી દીધું. ચોકીદારો પણ તરત જ નાસીરને પકડવા ભાગ્યા.

શેઠ પાસે સમય ન હતો. શેઠ થોડા સમયમાં ચોકીદારને બધું સમજાવી શકે તેમ ન હતા. માટે જેવો ચોકીદાર આવ્યો કે તરત શેઠે ચોકીદારને બારીની બહાર જોવા જણાવ્યું. વાસ્તવમાં એમ કરવા જતા ચોકીદારનો પ્રાણ જોખમમાં મૂકાતો હતો. પણ, શેઠ સજાગ હતા. નાનપણમાં યુદ્ધકળા પણ શેઠે શીખેલી, એટલે લાકડી ઉપર તે છરીનો વાર ઝીલી લેવા શેઠ સફળ થયા હતા. ચોકીદારના પ્રાણને જોખમમાં નાંખવા સિવાય બીજો કોઈ રસ્તો ન હતો. જો પોતે માથું બહાર કાઢે તો પોતાને બચાવનાર બીજું કોઈ ન હતું.

ચોકીદારને તો આવી કોઈ બાબતના અણસાર જ ન હતા. મુદ્દેથી વાત જણાવવાનો સમય જ ન હતો. ત્યાં સુધીમાં તો નાસીર છટકી જાય. માટે જ શેઠે આ રસ્તો અપનાવ્યો હતો. પોતાના પ્રાણ બચાવવા માટે નોકરનો પ્રાણ લે તેવા તો શેઠ નો'તાં જ, ઉલટું નોકરની, પોતાના ઘરે કામ કરતા નાના માણસની રક્ષા કરવા માટે શેઠ ખુદ પ્રયત્નશીલ રહેતા.

શેઠ તમામ નોકર-ચાકર પ્રત્યે કુટુંબના સદસ્ય જેવો જ વ્યવહાર રાખતા. એટલે જ તમામ નોકરવર્ગ શેઠની સેવા દિલ દઈને કરવા ખડે પગે તૈયાર રહેતો. પેલા ચોકીદારને જ્યારે કળ વળી ત્યારે તો એ સીધો શેઠના ચરણોમાં નમી જ પડ્યો. એને તો એમ જ થયું હતું કે બસ, ચપ્પુનો ઘા થયો કે હું ગયો ઉપર !

પણ, કોણ જાણે અચાનક કોઈ આવી ગયું. પોતે આંખો મીંચી દીધી હતી. જ્યારે આંખ ખોલી ત્યારે પોતાને જીવતો-જાગતો જોઈ પહેલાં તો એને

વિશ્વાસ જ નહીં બેઠો. પછી ખબર પડી કે મને બચાવનાર બીજા કોઈ નહીં, પણ મારા શેઠ જ છે ત્યારે તો તે શેઠના ચરણોમાં ઝૂકી જ પડ્યો.

શેઠે બેઠો કર્યો અને કહ્યું – "જે થવાનું હતું તે થઈ ગયું. પણ હવે તારી ઉપર હુમલો કરનારને તારે પકડવો છે કે નહીં ?"

"અરે સાહેબ ! હવે તો એ બચ્ચાને આકાશમાંથી કે પાતાળમાંથી ક્યાંયથી પણ શોધી કાઢી છઠ્ઠીના ધાવણ યાદ ન કરાવી દઉં તો મને કહેજો. એ જાણતો નથી કે એણે પોતે એક રજપૂત બચ્ચાને છંછેડ્યો છે. સૂતેલા સિંહની કેશવાળી ખેંચવાની ગુસ્તાખી કરી છે. હવે આ ગુસ્તાખીનું પરિણામ એને મળીને જ રહેશે ! હવે એને હું નહીં છોડું. સાહેબ ! આપ ચિંતા ના કરતા. ક્યાંયથી પણ હું એને શોધી કાઢીશ ! શું આપ એને ઓળખો છો ?"

શેઠે કહ્યું – "એ બીજો કોઈ નહીં, આપણો નાસીર જ છે, હવે તું જલદીથી દોડ, આ બારીની આગળપાછળમાં – આજુબાજુમાં જ ક્યાંક તે છૂપાયો હશે. આખા ઘરમાં બધાંને ખબર આપી દે. ક્યાંય કોઈ પણ અજાણ્યો શખ્સ દેખાય તો તાત્કાલિક એને પકડી લેવો, મુખ્ય દરવાજા બધા બંધ કરાવી દે. બે ઘડી સુધી કોઈને પણ અંદર કે બહાર ન જવા દેવાનો મારો હુકમ કહી દેજે. ફટાફટ કામ કર." એકીશ્વાસે આટલું બોલી જવાને કારણે શેઠને હાંફ ચડી ગઈ.

શેઠને વિશ્વાસ હતો કે નાસીર હવે પકડાઈ જ ગયો. કારણ કે પોતે જોયેલું તે મુજબ બધે ચોકીદારોની ચોકી સજાગ હતી. શેઠે બારીની બહાર નજર કરી તો જમીન ઉપર કોઈના પછડાટના નિશાન હતા. એ સિવાય કોઈ ચિહ્ન કે નિશાન જણાતા ન હતા.

શેઠે જોયું કે બારીની આજુબાજુના નકશીકામ-લાકડા વગેરેનો ટેકો લઈ ઘણો સમય ત્યાં બેસી શકાય તેવું હતું. ઉપર પણ છજિયું હતું. આ બધાંનો નાસીરે આબાદ ઉપયોગ કર્યો હતો.

સાથે શેઠે એ પણ જોયું કે પરિસરની ચારે બાજુની જે દિવાલ હતી તેના ઉપર ચોકીપહેરો કડક થઈ ગયો હતો. બીજા ઘણાં માણસો આવી ગયા

હતા. શેઠે સંકટ સમયની સાંકળ તરીકે ઘણાંને ગરીબ/તવંગર સહુને સહાય કરી હતી. માટે જ શેઠની નોકરીમાં રહેવા સહુ પડાપડી કરતા.

શેઠને જરૂરત પડે તો સહુ ખડે પગે હાજર થઈ જતાં. પૈસાની બાબતમાં શેઠ ક્યારેય રકઝક ન કરતા. ૧૦-૧૫ સોનામહોરમાં કંઈ ઝાઝો ફરક શેઠને પડતો ન હતો. માટે જ શેઠને જોઈએ તેવા માણસો ગમે તે સમયે મળી રહેતા.

અત્યારે તો આખી હવેલીમાં શોર-બકોર મચી ગયો હતો. શેઠે આવા સત્તાવાહી સ્વરે કડક રીતે ક્યારેય આજ્ઞા કરેલી નહીં. માટે, આ આજ્ઞાનું મહત્ત્વ પામી તરત જ સહુ દિલોજાનથી કામે લાગી ગયા હતા.

શેઠને તો એમ હતું કે થોડી જ ક્ષણોમાં નાસીર પકડાઈ જશે. પણ, આશ્ચર્ય ! નવા ચોકીદારો આવ્યા, દરવાજો બંધ થઈ ગયો. ચોકીદારોએ અને મહેલના નોકરોએ પણ આખો મહેલ ફેંદી નાંખ્યો. ક્યાંય કોઈના વાવડ ન મળ્યા. બે ઘટિકા જેટલો સમય જોતજોતામાં પસાર થઈ ગયો. શેઠ અત્યંત આકુળ-વ્યાકુળ થઈ ગયા.

નાસીર આટલી વારમાં હાથ લાગી જવો જોઈતો હતો. કેમ હજુ સુધી કોઈ ખબર આપવા પણ નથી આવ્યું ? શેઠ પોતાની ધીરજ ખોઈ રહ્યા હતા. એક વાર તો વિચાર આવ્યો કે હું પોતે તલવાર લઈને નીકળી પડું અને નાસીરને શોધી વળું. પણ, પોતાના ઉપર જોખમ હતું. અહીં જેવી સલામતી બીજે ક્યાંય ન હતી. સાથે પોતાના માણસો કાબેલ અને વિશ્વાસુ હતા.

બે ઘડી જેટલો સમય પસાર થઈ ગયો હતો. હજુ વધારેને વધારે સમય પસાર થઈ રહ્યો હતો. ત્યાં જ એક ચોકીદારે બહારથી બૂમ પાડી - ''સાહેબ ! આવું ?''

✱



# જુવાળ ૧૫

## નાસીરના સગડ મળ્યા...

બે ઘડીથી નાસીરના કોઈ સમાચાર આવ્યા ન હતા. શેઠની ધારણા મુજબ તો નાસીર ક્યારનો ય પકડાઈ જવો જોઈતો'તો. આમે ય નીચે પડવાને કારણે એને વાગ્યું તો હોવાનું જ. એ હાલતમાં એ ક્યાં ભાગી શકવાનો ? છતાં નાસીરના કોઈ જ સમાચાર ન હતા આવ્યા. થોડી વાર પહેલા થોડો કોલાહલ શેઠને સંભળાયો હતો. ત્યાં જ દરવાને બૂમ પાડી - "સાહેબ ! આવું ?" શેઠે રજા આપી.

એક દરવાન ૧૫-૧૬ વર્ષના એક છોકરાને પકડી અંદર આવ્યો. એણે શેઠને સમાચાર આપ્યા - "સાહેબ ! અમે લોકો આખો બંગલો ફરી વળ્યા. હજુય ફરી-ફરી તપાસ કરવાનું ચાલુ જ છે. છતાં ક્યાંય નાસીર તો નથી જ મળ્યો. કોઈ વ્યક્તિ શંકાસ્પદ પણ નથી લાગી. કુટુંબના સદસ્યો તથા ચાકરો સિવાય બીજું કોઈ જ અમને ન મળ્યું. અમે બધાં જ ઓરડાઓ વ્યવસ્થિત ચેક કરી લીધા. એક આ છોકરો મળ્યો. પણ એ તો બગીચામાં ફળ તોડવા આવ્યો હતો. હવે આપ કહો તે સજા આને કરું."

શેઠે કહ્યું "જો ભાઈ ! આ છોકરાએ ગુનો તો કર્યો જ છે..." શેઠ આગળ કંઈ બોલે તે પહેલાં જ એ છોકરો દોડતો દોડતો શેઠના પગમાં પડ્યો.

"શેઠ ! મને માફ કરી દો. હું ગરીબનો દીકરો છું, ક્યારેય ફળ મને ચાખવા નથી મળ્યા. આપના બગીચામાં મને ફળ જોવા મળ્યા. કોઈ આજુબાજુમાં દેખાયું નહીં. એટલે મેં ફળ તોડવા માટે પથ્થરો નાંખ્યો. પણ ત્યાં તો આ જમાદાર સાહેબે મને પકડી લીધો. શેઠ ! મને ફળ ખાવાની ઈચ્છા થઈ હતી. પણ, મારી એક ભૂલ માફ કરી દો. મારા ઘરે આ સમાચાર ન આપતા. મારા મમ્મી અને પપ્પા બન્નેને ચોરી પ્રત્યે સખ્ખત ચીડ છે. મને બહુ મારશે. રહેમ કરો શેઠ !"

બાળકની આંખમાંથી આંસુ ઝરવા માંડ્યા ! શેઠની આંખમાં પણ ઝળઝળિયા આવી ગયા. એને છોકરાને ઊભો કર્યો અને કહ્યું. "**બેટા ! ચિંતા નહીં કરતો. મારે તને કોઈ સજા નથી કરવી. હું તો તને ઈનામ આપીશ. તેં તો મને ઘણી સહાય કરી છે.**"

શેઠે તરત જ ચોકીદારને કહ્યું - "જુઓ, ચોકીદાર ! આજે જેટલા પણ ફળ ઉતરે તે બધાં આ છોકરાંને આપી દેજો, એક પણ ફળ આઘું-પાછું ના થાય જો જો હોં !"

બન્ને જણા પાછા જતા હતા. બન્નેના મગજમાં આશ્ચર્ય હતું. ખાસ, તો એ બાબતનું કે શેઠ બોલ્યા હતા કે "બેટા ! તેં તો મને સહાય કરી છે." આ વાત બેમાંથી એકેયને ન હતી સમજાતી. પોતે બહાર જ નીકળી રહ્યા હતા ત્યાં શેઠે કહ્યું - "ક્યાં જાઓ છો ? મેં તમને જવાની રજા ક્યાં આપી છે ?"

શેઠનો આ પ્રશ્ન સાંભળી ચોકીદાર પણ છક્ક થઈ ગયો. શેઠે ક્યારેય આટલી રુક્ષતાથી કોઈનીય જોડે વાત કરી ન હતી. શેઠનો વર્તાવ કેમ આટલો રુક્ષ થઈ ગયો હતો ? જો કે પોતાની હેસિયત નોકર જેટલી જ હતી. માટે, આ બધી વિચારણાનો કોઈ મતલબ ન હતો. શેઠ જે કહે તે એના માટે અંતિમ સત્ય કહેવાય. જો કે દરવાનના મોઢા ઉપર થોડી ભયની રેખાઓ ઉપસી આવી હતી !

દરવાને તરત જ જવાબ વાળ્યો - "જી સાહેબ ! ભૂલ થઈ ગઈ, માફ કરજો સાહેબ !"

"તમારી આ ભૂલ તો અવશ્ય ક્ષમાપાત્ર છે, પણ તમે બીજી જે ભૂલ કરી છે તે વિશ્વાસઘાતની કરી છે, તે હરગીઝ ક્ષમાપાત્ર નથી..." છેલ્લા છેલ્લા શબ્દો બોલતા તો શેઠના દેદાર અને દેખાવ બન્ને એકદમ જ બદલાઈ ગયા. ચોકીદારના તો સમગ્ર શરીરમાં ભયનું એક ઠંડું લખલખું પસાર થઈ ગયું. ધરતી માર્ગ આપે તો સમાઈ જવાનું મન થઈ ગયું.

તે સમજી ગયો કે આખરે શેઠને મારી વાતની ખબર પડી જ ગઈ. પોલ પકડાઈ જ ગઈ. છતાં તેણે શેઠને કહ્યું - "પણ સાહેબ ! મેં એવું તો ....." **શેઠની પ્રભાવવંતી મુખમુદ્રા સામે આનાથી વધારે બોલવાની તેની હિંમત જ ન હતી !** આમેય શેઠને જૂઠ પ્રત્યે સખ્ખત નફરત છે તે વાતની પણ તેને જાણ હતી. હવે તે, વાત ખેંચવામાં લાભ ન જોયો.

ત્યાં તો શેઠ બોલ્યા - "પેલો છોકરો ક્યાંથી આવ્યો ?" ચોકીદારની હિંમત જ આ પ્રશ્નથી ઓસરી ગઈ. રહી-રહીને એને ભાન થયું, પોતે જ પોતાના પગ ઉપર કુહાડી મારી છે. પણ, શેઠ આ પ્રશ્ન પૂછીને અટકી ન હતા ગયા. શેઠે તરત જ છોકરા સામે જોઈ છોકરાને પૂછ્યું - "બેટા ! તું અંદર કેવી રીતે આવ્યો, એ બાબતને થોડી વ્યવસ્થિત કરીને મને કહીશ ?"

છોકરો કહેવા માંડ્યો, "શેઠ સાહેબ ! એમાં થયું એવું કે હું રસ્તા ઉપરથી જતો હતો. ત્યાં આપની વાડીમાં રહેલા ફળો મેં જોયા. એને ખાવાની તીવ્ર ઈચ્છા મને જાગી. એને ટીકીટીકીને કેટલી વાર સુધી હું જોતો ઊભો રહ્યો. ત્યારે તો હું અંદર આવી શકું તેમ ન હતો. કારણ કે આ જમાદાર સાહેબ ત્યાં જ આંટાફેરા કરતા હતા. પણ, થોડીવાર પછી ધુબાક્ દઈને કોઈના પડવાનો અવાજ આવ્યો અને કોઈની ચીસ સંભળાઈ. હું ચમકી ગયો. ત્યાં આ જમાદાર અને બધાં બીજા લોકો ભેગા થઈ ગયા. આ જમાદારે બધાંને થોડા દૂર લઈ જઈ થોડી વાર સુધી બધાંને કંઈક કહ્યા કર્યું. ત્યાં તો કોઈ કાળા-કાળા કપડાવાળી વ્યક્તિ આપની દિવાલમાંથી બહાર નીકળી.

એને જોઈને તો હું ચમકી જ ગયો ! કારણ કે **જે દિવાલ મેં આખી જોઈ હતી. તેમાંથી એ બહાર કેવી રીતે આવી ગયો ? તપાસ કરતાં મને ખબર પડી ગઈ. કારણ કે ચાર પથરા બરાબર માપોમાપ કાઢી તેમાંથી જવા-**

**આવવાની જગ્યા કરી દેવામાં આવતી હતી.** પછી પાછા તેને જેમ છે તેમ ગોઠવી દો એટલે ખબર પણ ન પડે. હું પણ, એ જ રસ્તેથી અંદર ઘૂસી ગયો.''

''અલ્યા ! મારી દિવાલ તો ઘણી ઊંચી છે. ત્યાંથી તને કેવી રીતે આ બધું જોવા મળ્યું ?''

''સાહેબ ! એમાં થયું એવું કે જેવો ધુબાક્ અવાજ મેં સાંભળ્યો ને કે તરત જ ત્રણ-ચાર પથરાને એક ઉપર એક ગોઠવી હું અંદર જોવા લાગ્યો. ત્યારે તો મને ખબર પડી. આ બાજુ આ જમાદારને બીજા બધાં થોડે દૂર હતા માટે કોઈને ખબર ન પડી કે હું અંદર આવ્યો છું. પણ, થોડી વારમાં તો બધાં ફટાફટ એકદમ ચોકી ઉપર લાગવા માંડ્યા.

હું ગભરાયો. હજુ પથરો નાંખીને ફળ પાડવા જ જતો હતો કે આ જમાદાર સાહેબે મને પકડ્યો. પછી તો એ મને અહીં લઈ આવ્યા. પણ, આ જમાદાર સાહેબને ખબર જ છે કે હું ક્યાંથી આવેલો.''

નાના છોકરાને મોઢે પોતાનું જમાદાર નામ વારે ઘડીએ સાંભળી ચોકીદાર પણ શરમાતો હતો. શું કરે ? પોતાના એક જ વખતના વ્યવહારે બાળકના મનમાં ચોકીદારની નહીં, જમાદારની છાપ પડી ગઈ હતી. **આમે ય બાળકો તો નિર્દોષ અરીસા જેવા હોય છે. તેમના શબ્દોમાં આપણને આપણા અંતરનું પ્રતિબિંબ જોવા મળતું હોય છે.**

શેઠે છોકરાને પૂછ્યું - ''આ જમાદાર સાહેબ કેવી રીતે જાણે કે તું ક્યાંથી આવેલો ?''

''સાહેબ ! દીવાલમાં જવા-આવવાનો રસ્તો છે એવું એમને ખબર છે. કારણ કે મને આપની જોડે લાવતા પહેલા પેલા ચાર પથરાઓને એમણે પાછા વ્યવસ્થિત કરી દીધા હતા. જેથી ખબર જ ન પડે કે કોઈ ત્યાંથી આવ્યું-ગયું છે કે નહીં ?'' શેઠ પણ નાના છોકરાની વિચારવાની આટલી ઊંડી શક્તિ જોઈ રાજી થયા. છોકરાની છેલ્લી વાતે તો ચોકીદારના મોતિયા જ મરી ગયા !

એ તો દોડ્યો, સીધો શેઠના પગમાં જ પડ્યો. ‘‘શેઠ ! મને માફ કરી દો, હું લાચાર હતો, મજબૂર હતો...’’

એ હજુ આગળ બોલે તે પહેલા જ શેઠે કહ્યું - ‘‘જો, તું નાસીરની નાતનો છે એ વાતની મને ઘણાં સમયથી ખબર હતી. પણ, મને એમ કે તું આટલો બધો વિશ્વાસઘાતી નહીં થાય. આટલી હદનો દગો તું નહીં કરે ! શું તને ખબર છે કે - નાસીર અહીં શેના માટે આવ્યો હતો ?’’

‘‘ના, શેના માટે આવ્યો હતો ?’’

‘‘મારું ખૂન કરવા !’’

‘‘શું ... ? આપનું ખૂન કરવા ?’’

‘‘હા ! જો તને વિશ્વાસ ન આવતો હોય તો બહાર જે ચોકી કરે છે તે બહાદુરને પૂછી જોજે. તારી મા જ્યારે માંદી પડી હતી ત્યારે મેં તને આપેલી સહાય પણ તું ભૂલી ગયો. મને એમ કે એ સહાયને કારણે પણ તું કૃતઘ્ન થતાં અટકીશ, પણ, તું તો ભારે કૃતઘ્ન નીકળ્યો...’’

‘‘ના, ના, સાહેબ ! આપ હવે આગળ ન બોલો, સાહેબ ! હું આમ કરવા લાચાર હતો. આપે મારી માની જિંદગી બચાવી તે પહેલા હું નાસીર સાથે ભળેલો હતો, આપની જાસૂસી પણ મેં કરેલી હતી. ત્યારે મને ખ્યાલ નહીં કે આપ આ બધું જાણતા જ હશો ! પણ, જ્યારે **આપે મારી માને બચાવી ત્યારથી હું આપનો હિતકામી થઈ ગયેલો. છતાં પ્રત્યક્ષથી મારે નાસીરને પણ સાથ આપવો પડતો. હા ! આપની જાસૂસી જેવા કામ તો મેં છોડી જ દીધેલા.**

થોડા દિવસ પહેલાં નાસીર મારી પાસે આવ્યો અને મને કહે તારે મારું એક કામ કરવાનું છે. અહીંથી જવા-આવવાનો મારો રસ્તો કરી આપવાનો છે. મેં ના પાડી તો એણે મને ધમકી આપી કે તારી બધી પોલ શેઠ પાસે હું ખુલ્લી પાડી દઈશ. ત્યારે મને ખબર નહીં કે આ નાલાયક આપના ખૂન સુધીની હિંમત કરશે.’’

✵




# વિસ્ફોટક પરિસ્થિતિ

શેઠના શયનકક્ષમાં વાર્તાલાપ ચાલી રહ્યો છે. શેઠે ચોકીદારને જણાવ્યું કે - ''આવડો છોકરો જો આવા કડક ચોકી પહેરાની મારી આજ્ઞા હોવા છતાં આવી શકતો હોય તો નાસીર ઉડન છૂ થઈ જાય તેમાં શું નવાઈ ? આટલી વાર સુધી કોઈ નાસીરને પકડી ન લાવ્યું એટલે જ મને સમજાઈ ગયું હતું કે અવશ્ય રક્ષણવ્યવસ્થામાં ક્યાંક છીંડું છે. આપણામાંથી જ કોઈક ફૂટ્યું છે. એને સપડાવવાની જ કોઈક યુક્તિ હું શોધતો હતો, ત્યાં તો દૈવી અનુગ્રહથી આ ઘટના ઘટી.

બોલ, આ બાબતે શું તું કંઈ બચાવ કરવા માંગે છે ?''

શેઠના આ પ્રશ્નના જવાબમાં ચોકીદાર કહી રહ્યો હતો - ''શેઠ સાહેબ ! મારી લાચારી હતી માટે મારે આ કરવું પડ્યું ! નાસીરે મને ધમકી આપી કે જો તું મને આટલી (= મહેલમાંથી સહીસલામત જવા-આવવાની) વ્યવસ્થા નહીં કરી આપે તો તારી પોલ હું શેઠ પાસે છતી કરી દઈશ. હું આપની જાસૂસી કરતો હતો એ વાત આપ જાણો તો આપને કેટલું દુઃખ થાય ? એ વિચારે **છેલ્લી વાર નાસીરને સાથ આપી એની સાથે કાયમનો છેડો ફાડી દેવાનું મેં નક્કી કર્યું હતું.** સાહેબ ! ખરેખર આ બાબતમાં હું નિર્દોષ છું.

જો મને ખબર હોત કે એ નાલાયક આપનું ખૂન કરવાનો છે તો તો હું જ એને જીવતો ન છોડત. આવવા દો હવે એને રાતે ! બતાવી દઉં કે મારી સાથે છેતરપીંડી કરવાનો શું અંજામ આવે છે ?''

શેઠે કહ્યું - ''શું બોલ્યો ? આજે રાતે નાસીર તને મળવા આવવાનો છે ?...'' શેઠ આગળ કંઈ બોલે તે પહેલાં જ ચોકીદાર નજીક આવી શેઠના કાનમાં કંઈક બોલી ગયો, જે સાંભળી શેઠ ચિંતાતુર થઈ ગયા.

શેઠે કંઈક વિચારી ચોકીદારને કંઈક કહ્યું. તે સાંભળી ચોકીદાર રાજી-રાજી થઈ ગયો. એ બોલ્યો - ''શેઠ ! આપ નચિંત રહેજો મારા તરફથી. મારી જોડે વાત થઈ છે તે મુજબ **એ રાત્રે આવવો તો જોઈએ. ત્યારે આપે જેમ જણાવ્યું છે તેમ જ બધી વ્યવસ્થા હું ગોઠવી દઈશ. હવે તો હું ય આપને દેખાડી દઈશ કે આ બચ્ચો ય કેવો નિમકહલાલ છે. આપે જેમ જણાવ્યું કીધું છે એમ જ થશે !''** શેઠે પણ સંતોષથી માથું હલાવ્યું અને ઈશારાથી જ જવાની રજા આપી.

થોડી વારમાં શેઠે બૂમ પાડી - ''બહાદુર !'' (આ એ ચોકીદારનું નામ છે કે જેનો જાન શેઠે બચાવેલ હતો.) તરત જ બહારથી બહાદુર અંદર આવ્યો.

શેઠે પૂછ્યું ''કેમ ? તપાસ થઈ ગઈ ? નાસીર ન મળ્યો ? કેમ મને કંઈ સમાચાર ન આપ્યા ? કેટલો સમય વીતી ગયો ?''

''સાહેબ ! મેં આખો બંગલો ખૂંદી નાંખ્યો. ક્યાંય એ નાલાયક ન મળ્યો. આપને સમાચાર આપવા માટે જ આવ્યો હતો. પણ અંદર આપની જોડે બીજું કોઈ હતું એટલે હું સમાચાર ન આપી શક્યો. સાહેબ ! એક વાત કહું ? આ ચોકીદાર, જે બહાર ગયો, તેનો બહુ ભરોસો કરવા જેવો નથી. નાસીરનો મળતિયો લાગે છે. એના કારણે જ નાસીર ભાગી છૂટવા સમર્થ થયો હશે.''

''કેમ ? તને કેવી રીતે ખબર પડી ?'' બહાદુર એકદમ નજીક આવી ધીમા અવાજે બોલવા લાગ્યો - ''સાહેબ ! હું અહીંથી સીધો જ્યાં નાસીર

પડ્યો'તો તે જગ્યાએ જ ગયો. હું બહાર નીકળ્યો ત્યાં સુધીમાં તો તપાસ ચાલુ થઈ ગઈ હતી. મેં આજુબાજુ જોયું તો નાસીર મને ક્યાંય ન દેખાયો. મારા બે વિશ્વાસુ સાથીદારોને મેં આખો મહેલ ખૂંદી વળવા માટે કહ્યું. હું એ જગ્યાની આજુબાજુ જોવા લાગ્યો.

**ઝીણવટથી જોતા જોતા મને આજુબાજુમાં થોડા પગલા દેખાયા, મેં એને જ અનુસરવાનું શરૂ કર્યું. સવારના જ પાણી છાંટ્યું હતું. માટે, માટી થોડી પોચી હતી. પરિણામે પગલા વ્યવસ્થિત પડ્યા હતા.** જો કે નાસીરની તપાસ માટે ઘણા ચોકીદારો આવેલા, તેના પણ પગલા પડ્યા હતા. માટે, નાસીરના પગલા ઓળખવા મારે માટે મુશ્કેલ હતા. પણ નાસીર પડ્યો એના કારણે એક પગમાં કંઈક ખોટ થઈ ગઈ હોય તેવું લાગતું હતું. કારણ કે એના પગલામાં એક પગલાની માટી ખૂબ જ ઊંડી ઉતરી જતી હતી. બસ, આ જ નિશાનીના આધારે હું એની પાછળ-પાછળ ચાલ્યો.

આખરે એક દિવાલ પાસે એનો અંત આવ્યો. એ દિવાલમાં હું હજી જોતો જ હતો **ત્યાં મેં આપને કહ્યું તે ચોકીદાર આવ્યો. મને એમ કે નાસીર દીવાલ ટપીને જતો રહ્યો હશે. એટલે હું તપાસ કરતો જ હતો. પણ, પેલો દરવાન વાતોમાં ને જાત-જાતના કામમાં મને ધરાર ત્યાંથી દૂર લઈ ગયો.**

આપ જો ત્યાં વ્યવસ્થિત તપાસ કરશો તો અવશ્ય કંઈક છીંડુ મળી જશે. તેના ઉપર મને શંકા છે. બાકી, આટલી વારમાં નાસીર ભાગી જાય તે બાબત ઉપર તો મને ય વિશ્વાસ નથી બેસતો. પણ, નાસીર અંત્યારે આ પરિસરમાં નથી જ. એ પણ એક હકીકત છે !''

શેઠ તો આ બધી જ વિગત જાણતા હતા, છતાં એમણે કહ્યું - ''ખૂબ જ સરસ ! રજપૂત થઈને ય તેં સરસ બુદ્ધિ વાપરી છે. સતત આ રીતે બુદ્ધિ વાપરતો રહીશ તો જરૂર આગળ વધીશ. હું હવે આ બધાંની ઊલટતપાસ લઈશ. તું એક કામ કર. અહીં નાસીરના પહેલાના મિત્રો કોણ હતા તેની તપાસ કરી લે. સાથે તારા એકદમ વિશ્વાસુ હોય તેવા ૬-૭ માણસોને બોલાવી લે. મારે કામ છે. હું નોકરીએ રાખી લઈશ.

તથા આદિત્યના મકાન પાસે એક મુખ્ય ચોકીદાર છે. એની જગ્યાએ

તું ગોઠવાઈ જા, એને અહીં મોકલી આપ. મારે કામ છે. પણ, ત્યાંની ચોકી એક પણ ક્ષણ રેઢી નહીં મૂકતો. સતત સજાગ રીતે ચોકીપહેરો કરજે. બીજા બધાં વ્યવસ્થિત ચોકી કરે છે કે નહીં ? તેનું પણ ધ્યાન રાખજે ત્યાં નાસીર કે અન્ય કોઈ પણ અજાણી વ્યક્તિને અંદર જવા દેવાની નથી. આદિત્યના કોઈ ઘરના આવે તો પૂરેપૂરી વ્યવસ્થિત તલાશી લઈ પછી જ જવા દેવાના છે. આ બાબતમાં તું કોઈનીય શરમ ન રાખતો. **આદિત્યનો પ્રાણ ઘણો જ કિંમતી છે. તેના ઉપર જાનનું જોખમ છે અત્યારે. બસ ! હવે તું જા અને ફટાફટ કામ પૂરું કરી આવ !''**

''જી સાહેબ !'' કહી બહાદુર પોતાના કામે લાગી ગયો.

સવારનો પહોર હતો. નાસીરના મનમાં સવાર-સવારમાં કોણ જાણે શું ભૂત ઉપડ્યું હશે કે આખા શેઠના મહેલના વાતાવરણને એણે સંક્ષુબ્ધ બનાવી દીધું. નાસીર.. નાસીર.. નાસીર.. આ નામનો તો જાણે શેઠના મગજમાં હથોડો પડતો હતો. કોણ જાણે શું તાકાત આવી ગઈ હતી એનામાં ? ભર દિવસે આ રીતે અહીં આવવાની તેની હિંમત ! શેઠના મનમાં આ વાતની ગડ કેમે બેસતી ન હતી. નાસીરમાં શું આટલી હિંમત હતી ?

નોકરીમાં રાખી શેઠે નાસીરને તો બરાબર નાણી જોયો હતો. પણ, નાસીરમાં આટલું સાહસ તેમને જણાયું જ નહોતું. શું આ નાસીરના આકારવાળો બીજો કોઈ પુરુષ હશે ? આમ તો નાસીર લાપતા છે. એટલે સ્વાભાવિક દોષનો ટોપલો એના માથે જ આવવાનો હતો. નાસીર જ પેલા દરવાનને મળવા આવ્યો હતો. પરંતુ, મને મારવા જેટલી હિંમત અને હિકમત તો નાસીરમાં નથી જ. શેઠને અટલ વિશ્વાસ હતો.

અચાનક શેઠને મગજમાં સ્ફૂર્યું કે મલિક અને બરહાન એ બેની સાથે આદિત્યને મગજમારી થઈ પછી મલિક જંગલમાં ભૂલો પડ્યો હતો. શું એવું ન બને કે **મલિક ખુદ જ આદિત્ય વગેરેની પાછળ-પાછળ પાછો કપડવંજ આવી ગયો હોય ? અથવા તો રસ્તો ન જડવાને કારણે ઊંધે રસ્તે ચડી ગયો હોય અને અહીં આવી ગયો હોય ?** મારી ઉપર આવેલા ભારે ગુસ્સાને કારણે

જ તે આ રીતે મને મારવા લાલયિત થઈ શકે છે. કદાચ તેણે વિચાર્યું હોય કે હવે તો મારા હાથે જ હું શેઠનો નાશ કરી દઉં.

મલિક સિવાય આવી હિંમત કોણ કરી શકે ? તે જ શેઠને સમજાતું ન હતું. કદાચ બરહાનને અમદાવાદ મોકલી દીધો હોય અને પોતે પાછો આવી ગયો હોય એમ પણ શક્ય જ છે ને ? તો તો અત્યારે આચાર્ય મ.સા. ઉપર પણ ભારે જોખમ છે. કારણ કે મને મારવાની સાથે સાથે એ આચાર્ય મ.સા.ને પણ ન છોડે, કારણ કે મુખ્ય વૈર તો એને આચાર્ય મ.સા. સાથે બંધાયું છે ! શું આટલા નાના કારણે મલિક અહીં કપડવંજ પાછો આવે ? - એ પણ શેઠને મૂંઝવતો પ્રશ્ન હતો.

હા, કોઈ સબળ કારણ આવે તો ચોક્કસ એ શક્ય બને. પણ, એવું પ્રબળ અને સબળ કારણ કોઈ દેખાતું ન હતું. શેઠ આકુળ થઈ ઊઠ્યા.

મલિક જો અહીં પાછો આવ્યો હોય તો પરિસ્થિતિ ભારે ખતરનાક બની જતી હતી. મલિક ઘાયલ સિંહ જેવો ભયાવહ અને ભયાનક બની જતો હતો. એ છંછેડાયેલો હતો.

અરે હા... **કદાચ આદિત્યનું મોઢું બંધ કરવા માટે તો નથી આવ્યો ને ? હે ભગવાન ! તો-તો આજની રાતે પૂરેપૂરા જમેલા સાથે મલિક હુમલો કરવાનો એ નક્કી... ધીરે-ધીરે આખી વાત શેઠને સમજાઈ ગઈ. પરિસ્થિતિ ભારે વિસ્ફોટક બની ગઈ હતી.**

✷




## યોજના ઘડી...

**“આદિત્યનું મોઢું બંધ રહેવું મલિક માટે કદાચ અત્યંત અગત્યનું છે. માટે જ તે અહીં આવ્યો હોવો જોઈએ.** ચોક્કસ, એક વાર આદિત્ય મોઢું ન ખોલે તો મલિકનો પ્લાન મને જણાય નહીં. મલિક પોતાનું ધાર્યું કરાવી લે. મારી ઉપર જ હુમલા કરી કદાચ એ મારું ધ્યાન આદિત્ય ઉપરથી ખસેડી નાંખવા માંગે છે. હવે તો આજની રાત કટોકટીની છે. જો હું જીતીશ તો મલિક પણ હાથમાં આવી શકે તેમ છે. મારે તાબડતોબ એક માણસને મલિકના ઘરની આજુબાજુ મોકલી દેવો પડશે. મલિક આવ્યો હશે તો જણાયા વિના નહીં રહે. બરહાનના ઘરે પણ માણસો મૂકવા પડશે. જરૂર કંઈક તથ્ય બહાર આવશે. આજની રાતે તો જંગ ખેલી જ લેવો છે.”

શેઠના વિચારો તો ચાલ્યા જ કરત, પણ બહાર દ્વિતીય પહોર પૂર્ણ થયાની ઝાલર વાગી ઉઠી. શેઠ વિચારતંદ્રામાંથી બહાર આવ્યા. કંઈક વિચારી શેઠ ઊભા થયા. શેઠ બહાર જવા જાય છે ત્યાં જ આદિત્યના ઘરની પાસે ચોકી કરનાર માણસ આવી પહોંચ્યો. શેઠે તેના પણ કાનમાં કેટલીક વિગતો કહી. એ સાંભળી એ પણ રાજી થઈ ગયો. એણે તરત જ કહ્યું -

“વાહ સાહેબ ! વાહ, આપની બુદ્ધિને તો ખરેખર સલામ ભરવી પડે. આપે જેમ કહ્યું છે એમ જ થશે. આપ ચિંતા ન કરતા. સાંજ સુધીમાં

જ બધી વ્યવસ્થા હું કરાવી દઈશ. આપ, સાંજે એક વાર આવી જોઈ જજો. બધું 'ટનાટન' થઈ જશે.'' શેઠે કહ્યું - ''જો જે હોં ! આ બધું પૂરેપૂરી ગુપ્તતાથી પૂરું કરી દેવાનું છે. કોઈને ગંધસુધ્ધાં ન આવવી જોઈએ.

તારા સાથીદારોને પણ આ બાબત માટે કશું કહેવાનું જરૂરી નથી. માત્ર જેટલું જેને કામ કરવાનું હોય તેટલું જ તેને કહી દેવું. તે સિવાય આડો -અવળો એક અક્ષર પણ કોઈને ન કહેતો. **જો આ યોજના ફૂટી ગઈ તો પછી જે ધાર્યું છે તેનાથી ઊંધું જ પરિણામ આવશે. માટે કહું છું. વાત પેટની બહાર ન જ જવી જોઈએ. સમજ્યો ?''**

''ચોક્કસ જ સાહેબ ! આપ ચિંતામુક્ત થઈ જાઓ. નાસીર તો હવે હાથમાં આવીને જ રહેશે !'' ''ઠીક છે, હવે તું જા, આદિત્યની સાથે જે સાથીદાર આવ્યો છે તેને અહીં મોકલ. બહાદુરને પણ કહી દેજે કે 'તમને રાતે કરવાનું કામ શરુ કરી દેવાનું શેઠે કહ્યું છે.' તું પણ અત્યારે બરાબર ચોકી કરજે !'' ''જી !'' કહી ચોકીદાર પણ રવાના થયો. પુનઃ આચાર્ય મ.સા. શેઠના મગજમાં ઉપસ્થિત થઈ ગયા.

શેઠે ગળગળા થઈને મનોમન જ કહ્યું - ''**કૃપાળુદેવ ! આપને કહ્યા વિના આ કાર્ય કરી રહ્યો છું. પણ, મને સાથ-સહકાર આપવાનું, આશિષ અને સધિયારાનું સંબલ પૂરું પાડવાનું ચૂકી નહીં જતા. કૃપા કરીને આજનું સાહસ હેમખેમ પાર પડી જાય એટલું તો અવશ્ય કરશો.**'' શ્રદ્ધાપૂર્વક આચાર્યદેવને નમસ્કાર પણ શેઠે કર્યા. પછીની ઘટનાઓ ઝડપથી બની.

આદિત્યની સાથે આવેલો માણસ જે એક જાસૂસ જ હતો તે શેઠને મળીને ગયો. શેઠે એને પૂછ્યું - ''અત્યારે આવા કામ માટે વિશ્વાસુ માણસો જોઈતા હોય તો કેટલા મળી શકે ?'' ''દસેક તો આરામથી મળી શકે.''

''સારું, તો એ દસેયને તું એક વાર મળી એકીસાથે બધાંની મુલાકાત મારી જોડે ગોઠવજે. અત્યારે તું મલિકના મકાને પહોંચ. ત્યાં તારે કડક જાપ્તો રાખવાનો છે, વ્યવસ્થિત તપાસ કરવાની છે કે મલિક આવ્યો છે કે નહીં ?

તારી જોડે બે માણસ લઈ જજે. બીજા ત્રણ માણસોને બરહાનના ઘરે કામે લગાડી દેજે. સાંજ સુધીમાં જ મને પ્રાથમિક માહિતી આપી દેજો કે

મલિક અને બરહાન શું આવી ગયા છે ? તેવી શક્યતા છે કે નહીં ? તારા દસ માણસોમાંથી જ અત્યારે સારા-સારા માણસો નક્કી કરી લેજે. જો સમય મળે તો સાંજના સમયે તમે બધાં આવજો અથવા તો તું એકલો જ આવજે. બરાબર ? અરે, તારું નામ તો પૂછવાનું ભૂલી જ ગયો ?''

''સાહેબ ! મને બધાં શિવાનંદ તરીકે ઓળખે છે.'' ''ઓહ ! સારું, તો તને ઓળખાવનારો શબ્દ 'નીતિ !' જ્યારે આ શબ્દ બોલીશ ત્યારે હું સમજીશ કે આ શિવાનંદ જ છે. બીજો કોઈ બહુરૂપી નથી. જ્યારે પણ મને મળે ત્યારે અચૂક આ શબ્દ બોલી જવો.'' ''જી, સાહેબ !'' ''સારું તો હવે કામે લાગી જા.'' એમ કહી શેઠે એને જવાની રજા આપી. શિવાનંદ પણ તરત જ રવાના થયો. ઘણાં કામ એને પતાવવાના હતા. સંધ્યા પહેલા તપાસનો રિપોર્ટ એણે આપી દેવાનો હતો. એ પણ ઉતાવળમાં હતો.

**શેઠે અને પોતાના જાસૂસ તરીકે રાખ્યો હતો એનો આનંદ એના મુખ પર તરવરતો હતો.** અત્યાર સુધી આદિત્યના સાથીદાર તરીકે જ એ શેઠના કામ કરતો. હવે એની કાયદેસર શેઠના જાસૂસ તરીકે નિમણૂંક થઈ જતી હતી. આ બાજુ શયનકક્ષમાં પુનઃ પૂર્વવત્ સ્તબ્ધતા છવાઈ ગઈ હતી. રાત્રિની યોજના અંગે વિચારી-વિચારી શેઠ થાક્યા ! થોડું ભગવાનના ભરોસે છોડવાનું નક્કી કરી ઉઠ્યા. મધ્યાહ્નનો સમય થવા આવ્યો હતો. માત્ર, આ જ કામમાં શેઠનો ઘણો સમય વીતી ગયો હતો.

શેઠના માટે તો કોઈ પણ કામ કરતા એ જ કામ મુખ્ય હતું કે જેમાં સંઘની અને આચાર્ય ભગવંતની સેવા હોય મધ્યાહ્ન કાર્યનો અવસર હતો. વિચારતા વિચારતા જ શેઠ સ્નાનકક્ષ/સ્નાનગૃહ સુધી પહોંચી ગયા.

બહુ જૂજ ક્ષણો એવી પસાર થતી કે જે વખતે શેઠને આ અંગેના વિચારો ન આવતા હોય. રાબેતા મુજબ સ્નાનગૃહમાં બધી વ્યવસ્થા થઈ ચૂકી હતી. એમ પણ રોજના સમય કરતા શેઠ આજે મોડા હતા.

શાસ્ત્રોક્ત વિધિથી પરિમિત જલથી સ્નાનકાર્ય પતાવી શેઠ પૂજાના જાજરમાન વસ્ત્રોમાં સજ્જ થઈ ગયા. **શેઠના પહેરવેશના કોઈ પણ કપડા કરતા પૂજાના કપડા ચડિયાતા અને ચડિયાતી કિંમતના જ રહેતા.** પૂજાના

વસ્ત્રોમાં શેઠ ખરેખર શોભી ઉઠતા. મધ્યાહ્નકાલીન મંગલ વાદ્યો બહાર વાગી રહ્યા હતા. શેઠ મધ્યાહ્ન પૂજા માટે બરાબર તૈયાર થઈ ગયા.

આજે તો સામગ્રી જોવાનો શેઠને સમય ન હતો મળ્યો. બાકી, નોકરોએ તૈયાર કરેલી ફૂલ, ફળ વગેરે પૂજાની સામગ્રી શેઠ ખુદ તપાસી જોતા. ઉત્તમોત્તમ વસ્તુ જ પ્રભુના ચરણે પહોંચાડવાનો શેઠનો સખત આગ્રહ ! સહેજ પણ સડેલી કે બગડેલી વસ્તુ શેઠ કઢાવી જ દેતા.

ભવ્ય સામગ્રીઓ તૈયાર થઈ ગઈ હતી. શેઠ રોજ પૂજા માટે આ રીતની વિશાળ સામગ્રી લઈને જતા. એ સામગ્રી જોઈને જ અધ...ધ..ધ.. થઈ જવાય. ગજબ ઉદારતાથી શેઠ પોતાની સામગ્રી પ્રભુચરણે અર્પિત કરતા. તે જોઈને આશ્ચર્ય અને અનુમોદના જાગ્યા વિના ન રહે !

અષ્ટ પ્રકારી પૂજાની તમામ સામગ્રી સાથે શેઠે જિનાલય તરફ પ્રયાણ કર્યું. બીજા શ્રાવકો પણ શેઠની સાથે જવા માટે તૈયાર હતા. શ્રાવકોના સમૂહ સાથે તથા વિશાળ સામગ્રીના ઠઠારા સાથે શેઠે જિનાલય તરફ પ્રયાણ કર્યું.

કપડવંજના લોકો માટે આ રોજનું હતું. છતાં જ્યારે પણ આ રીતે શેઠ નીકળતા ત્યારે જૈન-જૈનેતર સહુના મોઢામાંથી અહોભાવ-આશ્ચર્યભાવ વ્યક્ત થયા વિના રહેતો નહીં. દેરાસર જતા રસ્તામાં આવતા યાચકોને પણ શેઠ સંતુષ્ટ કરતા. કેટકેટલી બગીઓ શેઠના તાબામાં હોવા છતાં ઉઘાડા પગે ચાલીને જ શેઠ જિનાલય જતા. **શાસ્ત્રોક્ત વિધિ પ્રત્યેનો રાગ પણ શેઠનો અજીબોગરીબ હતો.** દૂરથી જ જિનાલયના દર્શન થતાં શેઠનો મનમયૂર નાચી ઉઠ્યો. 'णमो जिणाणं'નો એક સંયુક્ત ઘોષ વાતાવરણમાં ગાજ્યો. નિસીહી... નિસીહી...નિસીહી કરી જિનાલયમાં પ્રવેશ થયો. તિલક પણ થયું.

જિનાલય રળીયામણું હતું. વિશાળ પણ હતું. અદ્‌ભુત ભાવોલ્લાસ સાથે શેઠે અષ્ટ-પ્રકારી પૂજા શરૂ કરી. મનમાંથી બીજા બધાં વિચારો તો શેઠે ક્યારનાં ય અળગા કરી દીધા હતા. પૂજામાં શેઠનો ભાવોલ્લાસ અને પ્રસન્નતા જોઈ કોઈ અનુમાનસુદ્ધાં ન કરી શકે કે ચિંતાનો ભારે બોજો આ વ્યક્તિના માથે ખડકાયેલો છે ! પ્રભુની તમામ ભક્તિ મારે કરવી છે એવી ભાવના સાથે દરેક ક્રિયા ઉલ્લાસપૂર્વક શેઠ કરી રહ્યા હતા.

✷



# જુવાળ ૧૮

## આચાર્ય મહારાજની વાત..

શેઠની અષ્ટપ્રકારી પૂજા ખૂબ જ ભાવથી ચાલી રહી હતી. **પૂજા માટેની શેઠની તાલાવેલી પણ કોઈનું ય મસ્તક ઝૂકાવી દેવા માટે કાફી હતી.** મનમૂકીને દ્રવ્ય અને ભાવભક્તિ કરી શેઠ આવસ્સહી બોલતા જિનાલયમાંથી બહાર નીકળ્યા. વળતી વખતે પણ યાચકોને મન મૂકીને ધન આપતા શેઠ પોતાના ગૃહ જિનાલયે આવ્યા.

નાનું પણ રમ્યતમ જિનાલય શેઠે બનાવ્યું હતું. ત્યાં પણ મન મૂકીને ભક્તિ કરી શેઠ પોતાના નિવાસસ્થાને પહોંચ્યા. આચાર્ય મ.સા.ને બપોરના સમયે શાંતિથી મળવા જવાની ઈચ્છા હતી. માટે, જિનાલય પછી ઉપાશ્રયે જવાના બદલે શેઠ હવેલીએ પાછા આવ્યા. મધ્યાહ્ન ભોજનનો સમય થઈ ગયો હતો.

એક બાજુ આટલી ચિંતા તો હતી જ, બીજી બાજુ શેઠને એક ઘેરું દુઃખ થયું. વાત એમ બની હતી કે જિનાલયમાંથી બહાર નીકળતાં જ શેઠને યાદ આવ્યું - **આજે તો આચાર્ય મ.સા.નું પ્રવચન હતું. શેઠને ભારે આઘાત લાગ્યો. ચિંતામાં ને ચિંતામાં તથા નાસીરની દોડધામમાં શેઠ પ્રવચનને સાવ ભૂલી જ ગયા હતા.**

બહુ થોડા દિવસ આચાર્ય મ.સા. રોકાવાના હતા. ઘણાં જૂજ દિવસ સુધી જિનવાણીનો લાભ મળવાનો હતો. આ અમૂલ્ય લાભ ચૂકાઈ ગયાનો વસવસો - ડંખ શેઠને રહી ગયો. વારે વારે શેઠને એનો અફસોસ થતો હતો, જિનવાણી પ્રત્યે અવિહડ પ્રેમ હતો માટે જ સ્તો !

જિનવાણી ચૂકી ગયાના દંડ રૂપે શેઠે મીઠાઈત્યાગની પ્રતિજ્ઞા લઈ લીધી. આજના સંપૂર્ણ દિવસમાં મીઠાઈનો ત્યાગ શેઠે આ નિમિત્તે કર્યો. છતાં કંઈક મહામૂલું ગુમાવી દીધાની લાગણી તો શેઠના દિલમાં રમતી જ હતી - શેઠના દિલને કોરી ખાતી હતી.

શેઠ ઘરે પહોંચી ચૂક્યા હતા. વસ્ત્રો વગેરે બદલાવી યથાયોગ્ય સ્થાને બધી વસ્તુ ગોઠવી દેવાની નોકરને તાદીદ કર્યા પછી શેઠ ભોજનખંડમાં આવ્યા. સહુ સંયુક્ત રીતે સાથે જ ભોજન કરતા. **ઘરના ચાકરો માટેની રસોઈ પણ ભેગી જ બનતી, એટલે સાધુ-સાધ્વીજી ભગવંતોને નિર્દોષ ગોચરી વિપુલ પ્રમાણમાં શેઠને ત્યાં મળી રહેતી.**

જમતા પહેલાં શેઠે પૂછ્યું - ''કોઈ મહાત્મા આજે પધાર્યા હતાં કે નહીં ? આજનો દિવસ વાંઝિયો તો નથી ગયો ને ?''

શેઠના પ્રશ્નના જવાબમાં શ્રાવિકા હજુ કશું કહે તે પહેલાં તો ''ધર્મલાભ !'' આ પ્રમાણે મીઠો મધઝરતો શબ્દ શેઠના કાનમાં પડ્યો. શેઠની રોમરાજી વિકસ્વર થઈ ગઈ. શેઠ દોડતા દરવાજે પહોંચ્યા અને પધારો.. પધારો.. કહી મહાત્માને અંદર તેડી લાવ્યા.

જોવા જેવી વાત એ છે કે કોઈ પણ વ્યક્તિ શેઠની રજા વિના અંદર-બહાર ન જઈ શકે તેવી શેઠની કડક આજ્ઞા હોવા છતાં ચોકીદારે મહાત્માને બિલકુલ ન અટકાવ્યા. મહાત્મા બેધડક અંદર આવી શક્યા. કારણ કે શેઠના માણસો પણ જાણતા હતા કે શેઠની આજ્ઞા આ સાધુ-સાધ્વીજી ભગવંતોને સહેજ પણ લાગુ નથી પડતી. એમના માટે તો શેઠના બારણા સદા માટે ખુલ્લા જ હોય છે, માણસો પણ કેવા કેળવાઈ ગયા હશે ? **શ્રાવકના હૃદયના અને ગૃહના દ્વાર સાધુ-સાધ્વીજી ભગવંતો માટે સદાના ખુલ્લા જ હોય !**

શેઠે ઉત્તમ મહાત્માને ઉત્તમ ભાવોથી ઉત્તમ પ્રકારની જિનોક્ત વિધિને

સાચવી ઉત્તમ નિર્દોષ દ્રવ્યો વહોરાવ્યા. મહાત્મા પણ યથાયોગ્ય ગોચરી પાણીનો લાભ આપી 'ધર્મલાભ' કહીને નીકળી ગયા. શેઠે તેમને દરવાજા સુધી વળાવ્યા પણ ખરા.

શેઠને બપોરે આચાર્ય મ.સા.ને મળવા જવાનું હતું. ત્યાર પછી જાસૂસોની કામગીરી અને રાતની યોજનાના અંકોડા મેળવવાના હતા. આદિત્યની તબિયત પણ જોવાની હતી. આદિત્ય ભાનમાં આવી જવો જોઈતો હતો. પણ, હજુ સુધી એના પણ કંઈ સમાચાર ન હતા આવ્યા, મલિક-નાસીરની પણ તપાસ શેઠને કરવાની હતી. ઘણાં કામ શેઠને જમ્યા પછી આટોપવાના હતા. આટલા કામોની વ્યસ્તતા વચ્ચે પણ શેઠ પરિવારના બધાં સદસ્યોની સાથે જ જમવા બેઠા હતા.

**જિનવાણીના શ્રવણથી વંચિત રહી જવાના કારણે કરેલા અભિગ્રહને યાદ રાખી મીઠાઈ વગેરેનો ત્યાગ કરી શેઠે ભોજન કર્યું. સાદા અને પરિમિત દ્રવ્યોથી શેઠે ભોજન પૂર્ણ કર્યું.** અતિઝડપથી પણ નહીં કે અતિધીરે પણ નહીં, મધ્યમગતિએ વાપરવામાં શેઠ માનતા હતા. ભોજન પતી ગયા બાદ પરિવારના સહુ સદસ્યો દીવાનખંડમાં ભેગા થયા.

શેઠે પૂછ્યું - 'આજે બધાં વ્યાખ્યાનમાં ગયા હતા કે નહીં ? મને કેમ યાદ નહીં કરાવ્યું ?'' બધાંએ સમ્મતિ પૂરાવી અને શ્રાવિકાએ કહ્યું કે -

''આપે અમને ના પાડી હતી કે હું શયનકક્ષમાં હોઉં ત્યારે મને નહીં બોલાવવો. માટે હું ન આવી. બાકી આપને હું બોલાવવાની જ હતી. આપ હમણાં હમણાં થોડા ચિંતામાં લાગો છો ?''

શેઠે કહ્યું - ''ના..ના.. એવું કશું નથી. હું ચિંતામાં નથી. પણ, આજે વ્યાખ્યાનમાં શું આવ્યું હતું ? તે તો મને કહે.'' ત્યાર બાદ વ્યાખ્યાનમાં આવેલા પદાર્થો ઉપર વિચાર-વિમર્શ થયો.

ત્યાર પછી દરેક જણ પોત-પોતાના કાર્યમાં ગૂંથાઈ ગયા. દીકરા વગેરે પાછા દુકાને જવા વિદાય થઈ ગયા. શેઠ પણ થોડીવાર વામકુક્ષિ કરી વ્યવસ્થિત થઈ ઉપાશ્રય જવા નીકળ્યા. આચાર્ય મ.સા.ને આછી ઝલક આપવાની શેઠની ધારણા હતી.

સૂમસામ અને ધોમધખતા રાજમાર્ગ ઉપરથી પસાર થઈ શેઠ ઉપાશ્રય પગપાળા જ પહોંચ્યા. બપોરના સમયે બજારો બંધપ્રાયઃ રહેતી. સાંજના સમયે પુનઃ દુકાનો ધમધોકાર ચાલવા લાગતી. શેઠ ઉપાશ્રય પહોંચ્યા.

ઉપાશ્રયમાં આચાર્ય મ.સા. શિષ્યોને વાચના આપી રહ્યા હતા. **મંજુલ સ્વરે આચાર્ય મ.સા.ની વાચના ચાલી રહી હતી. અવાજ ન થાય તે રીતે ઉપાશ્રયમાં પ્રવેશી ઈશારાથી જ આચાર્ય મ.સા.ની રજા લઈ વંદન કરી શેઠ છેક પાછળ વાચના સાંભળવા બેસી ગયા.**

એકાદ ઘટિકા સુધી શેઠ આવ્યા પછી વાચના ચાલી. શેઠ પણ વાચનામાં ગળાડૂબ બની ગયા. શાસ્ત્રના અઘરા પદાર્થો પણ ઘણાં સરળ અને સરસ રીતે પીરસાઈ રહ્યા હતા. શેઠને પણ ઘણો જ આનંદ આવ્યો. પોતાના કાર્યો, ચિંતા, વ્યગ્રતા, ઉદ્વેગ બધું જ શેઠ વિસરી ગયા.

જિનવાણી શ્રવણની પોતાની પ્યાસ આ રીતે કંઈક પૂર્ણ થઈ, તૃપ્ત થઈ, છીપાઈ હોય તેવું શેઠને લાગ્યું. નિયત સમયે વાચના પૂર્ણ થતા આચાર્ય ભગવંત પાસે શેઠ પહોંચી ગયા. આચાર્ય મ.સા.ને વંદન કરી શાતા પૂછી પોતે આજે જિનવાણી શ્રવણ ન કરી શક્યા તેનો ખેદ શેઠે વ્યક્ત કર્યો.

આચાર્ય મ.સા.એ તરત જ પૂછ્યું – **''ભાગ્યશાળી ! ધંધાના કે પરિવારના એવા કોઈ કામો તમારા ન જ હોય કે જેની અંદર વ્યસ્ત થવાથી તમે જિનવાણી શ્રવણ વિસરી જાઓ.** તમારી જિનવાણીશ્રવણની લગન મારાથી ક્યાં અજાણી છે ? શ્રાવકનું પરમોચ્ચ કર્તવ્ય હોવાને નાતે તમે પણ તેની મહત્તા સારી રીતે જાણો જ છો. તો પછી એવું તો કયું મહત્ત્વનું કાર્ય અત્યારે તમારે આવી પડ્યું છે કે જેથી જિનવાણી શ્રવણ વિસરી ગયા ?''

આચાર્ય મ.સા.એ દુઃખતી જ નસ દબાવી હતી. શેઠ સાચું કારણ જણાવી શકે તેમ ન હતા. કારણ કે, તેમ કરવા જતા આખી અથથી ઈતિ જાસૂસોની ભરમારવાળી વાત જણાવી દેવી પડે. અને એ જાણ્યા પછી આચાર્ય મ.સા. શાંતિથી બેઠા રહે ?

અરે ! મને આ બધું છોડી દેવાની સ્પષ્ટ આજ્ઞા જ એક ક્ષણમાં ફરમાવી દે. પછી તો... ના, ના, ના, સાચી વાત તો ન કહી શકાય. આચાર્ય મ.સા.ના

પ્રાણનો પ્રશ્ન છે. હા, ઉપરછલ્લી આછેરી ઝલક તો આપવાની જ હતી. **પણ એ વાત જિનવાણી શ્રવણ ન કર્યું તેના કારણ તરીકે તે રજૂ કરી શકાય તેમ ન હતી.**

આખરે શેઠે મૌનનો જ આશરો લીધો. આચાર્ય મ.સા.ના ચરણોમાં પોતાનું મસ્તક ઝૂકાવી દીધું. આચાર્ય મ.સા. પણ સમજી ગયા. તેમણે બીજો પ્રશ્ન પૂછ્યો - ''ભાગ્યશાળી ! તમે ગઈ કાલે રાત્રે અહીંથી ગયા ને પછી થોડી વાર રહીને અહીં તમારા બે માણસો ફરતા હતા. શું એ ભૂલથી તો ન હતા આવી ચડ્યા ને ?'' આચાર્ય મ.સા. એક પછી એક વેધક પ્રશ્ન પૂછી રહ્યા હતા.

આ પ્રશ્ન સાંભળીને શેઠ તો ચમકી જ ગયા. કારણ કે પોતે માણસોને સ્પષ્ટ તાકીદ કરી હતી કે આચાર્ય મ.સા. કે કોઈ પણ સાધુ ભગવંતને ગંધ સુધ્ધાં આવવા દેતા નહીં કે તમે અહીં આંટાફેરા લગાવો છો.

છતાં આચાર્ય મ.સા.ને કેવી રીતે ખબર પડી ગઈ ? શું આચાર્ય મ.સા.એ જોઈ લીધા હશે ? રાતના અંધારું ગાઢ હતું. માણસો બાહોશ હતા. એમ તો કોઈને ખબર ન પડે. આચાર્ય મ.સા. વગેરેને રાતના સમયે ઉપાશ્રયની બહાર નીકળવાનું પણ ક્યાં થાય ?

છતાં આચાર્ય મ.સા.ને આટલી સ્પષ્ટ ખબર કેવી રીતે મળી ગઈ કે મારા જ અને એ પણ બે જ માણસો ઉપાશ્રયની આજુબાજુ ચોકી માટે આવ્યા હતા ? શેઠ હજુ કંઈક આવા વિચારોમાં છે ત્યાં તો આચાર્ય મ.સા.એ વાત આગળ ચલાવી -

''પુણ્યશાળી ! આત્મા ઉપરના અને શરીર ઉપરના હુમલાને ખાળવા અને સહન કરવા સાધુ સમર્થ હોય. **જો સાધુ આત્મા ઉપરના હુમલાને દૂર કરી શકતો હોય તો શરીર ઉપરના હુમલાને દૂર ન કરી શકે ? સાધુની રક્ષા કરવી તે તમારું કર્તવ્ય જરૂર છે. પણ તે માટે તમે આટલી ગુપ્તતા કેમ રાખો છો ?'' શેઠ આ ઓજસ્વી વાણી સાંભળી સ્તબ્ધ જ થઈ ગયા. જાણે આમની આગળ તો કશું અપ્રગટ છે જ નહીં...**

✺




## શેઠની મથામણ

આચાર્ય મ.સા.ના વેધક પ્રશ્નોએ શેઠને મૂંઝવણમાં નાંખી દીધા. એક પ્રશ્નના ઉત્તરમાં તો શેઠે મૌનનો આશરો લીધો હતો. પરંતુ મૌન પણ કેટલું ચાલે ? આખરે શેઠે જવાબ વાળ્યો - ''ગુરુદેવ ! આપના પ્રાણ ઉપર સંકટ હતું, માટે મેં બે માણસોને રાતે ચોકી કરવા મોકલ્યા હતા !'' ''તો પછી રાત્રે મળીને જતા-જતા આ વાત મને કેમ ન કરી ?'' આચાર્ય મ.સા.ની વાણી ઓજસ્વી થતી જતી હતી. શેઠ પોતાની જાતને લાચાર અનુભવતા હતા. લાગતુ'તું કે પોતે ઝાઝીવાર સંયમ નહીં રાખી શકે. **આચાર્ય મ.સા.ની સામે પોતે બધું પ્રગટ ન કરી બેસે, તેવો ભય શેઠને સતાવવા લાગ્યો.** આચાર્ય મ.સા.ના પ્રતાપને પોતે ક્યાં સુધી જીરવી શકે છે ? તે જ જોવાનું હતું.

અત્યારે તો ભરપૂર અજવાળું હતું. આચાર્ય મ.સા. ભારે વિચક્ષણ હતા. **પોતાના મોઢા ઉપર પલોટાતા ભાવને જોઈને જ આચાર્ય મ.સા.ને કદાચ નિશ્ચય થઈ જાય કે - ''ચોક્કસ શેઠ મારાથી કશું છૂપાવે છે.''** ચિંતાના આવા વમળોમાં અટવાતા શેઠે જવાબ આપ્યો - ''આપની પાસેથી નીકળ્યા બાદ જ મને જાણ થઈ કે આપના પ્રાણ ઉપર સંકટ તોળાય છે !'' ''એવું તો શું થયું ? કે જેથી તમને ખબર પડી ગઈ કે મારા પ્રાણ ઉપર જોખમ છે !''

"આપની પાસેથી નીકળીને બહાર જતા દરવાજા પાસે એક કાળા લેબાશમાં સજ્જ અજ્ઞાત માણસને અહીંથી બહાર ભાગી જતો જોયો."

"એના દ્વારા તમે એમ કેમ માની લીધું કે તે મારું ખૂન કરવા જ આવ્યો હતો ? બીજા કોઈ કામ માટે પણ આવેલો સંભવી શકે છે ?"

"બીજા કયા કારણોસર ? બીજું એવું શું કારણ છે કે જેનાથી તેણે આ રીતે અહીં આવવું પડે ?"

આચાર્ય મહારાજે સામો પ્રશ્ન કર્યો – "એવું તો કયું કારણ છે કે મનથી પણ જેનું મેં અહિત નથી વાંછ્યું તે મને જાનથી ખતમ કરવા તૈયાર થઈ જાય ?" શેઠની બાંધી મુઠ્ઠીઓ એક પછી એક ખૂલે રાખતી હતી. શેઠ પણ વાતચીતમાં તદાકાર થતા જતા હતા.

બધું જાણવા છતાં આચાર્ય મ.સા. શેઠને વાતોના પ્રવાહમાં તાણી તેમની પાસેથી બધું જાણી લેવા માંગે છે. શેઠ જવાબ વાળે છે – "આપ સમર્થ છો ! બધી રીતે સક્ષમ છો ! તો શું આપ કોઈની આંખમાં કણાની જેમ ખૂંચી ન શકો ?" "શા માટે ખૂંચું ? શું હું કોઈનું અહિત કરવા માંગુ છું ?" "આપ જિનશાસનની ઉન્નતિની કામના અને ખેવના શું નથી રાખતા ? આપ પૂજ્યશ્રી શું જિનશાસન ખાતર મરી ફીટવા તૈયાર નથી થયા ?"

**"જિનશાસનના હિતની વાતને બીજાના અહિતની સાથે શું લાગે વળગે ? એનાથી કોનું શું બગડી જવાનું ?"** "વિધર્મીઓનું તો અહિત થાય જ ને ? તેમના પેટમાં તો તેલ રેડાય જ ને ? તે આપનું કાસળ કાઢી નાંખવા શા માટે આકાશ પાતાળ એક ન કરી નાંખે ? આખરે આપ જ તો એવા સમર્થ પુરષ છો કે જો કાળની સહાય મળે તો આપ તે વિધર્મીઓને મુશ્કેલીમાં મૂકી દો !"

"માન્યું કે વિધર્મીઓ મને મારી નાંખવાને ઈચ્છે. પણ, તે આગંતુક માણસ વિધર્મી જ છે અને મને મારવાને જ આવ્યો છે – તેની તમને કેવી રીતે ખબર ? આટલા આત્મવિશ્વાસથી તમે કેવી રીતે વાત કરી શકો ?"

શેઠે જવાબ વાળ્યો – "મેં આપને અછડતો ખ્યાલ આપેલ જ છે કે બરહાન અને મલિક આપના વિરુદ્ધ ગુફ્તેગુ કરતા હતા ? તો શું તે આ માણસને ન મોકલી શકે ?" "અરે ભાગ્યશાળી ! એ મારા માટે ફક્ત બે

ચાર શબ્દો બોલ્યા એટલા માત્રથી તે મારું ખૂન કરવા સુધીનો ઈરાદો ધરાવે છે - તેમ કેમ માની શકાય ? મારા ગળે તો આ વાત ઉતરતી નથી જ. તમે વધુ પડતી કલ્પના કરતા હો - તેવું મને લાગે છે.''

શેઠ હવે અવઢવમાં પડ્યા. શું આચાર્ય મ.સા.ને કહી દઉં કે મલિક અમદાવાદના રસ્તે પડ્યો છે ? તે આપને નુકસાન પહોંચાડી શકે તેમ છે ? ના, ના, ના, એવું તો ન કહેવાય. કારણ કે, આચાર્ય મ.સા. જો પૂછે કે ''તમને કેવી રીતે આ બાબતની ખબર પડી ?'' - તો એનો જવાબ શું આપવો ? જો એક અસત્ય ઉચ્ચારીશ તો અસત્યોની હારમાળા મારે સર્જવી પડશે. પણ, એમાં ક્યાંક મારાથી ગફલત થઈ જ જશે. આચાર્ય મ.સા. તરત એ પકડી પાડશે.. ના, આવું તો ન જ થવા દેવાય.

આમેય મારે મારા ગુરુદેવની પાસે તો અસત્ય ન જ ઉચ્ચારવું જોઈએ... શેઠને વિચારમાં પડેલા જોઈ આચાર્ય મ.સા.એ પુનઃ પૂછ્યું - ''કેમ ? શું વિચારમાં પડી ગયા ? કંઈક અસત્યનો આશરો લેવાનો વિચાર તો નથી આવતો ને ?''

''ના, ના, ગુરુદેવ ! આપની સામે અસત્ય ઉચ્ચારી મારે શું કામ કરવું છે ? આ તો મલિકનો એક નાસીર નામે જાસૂસ મારે ત્યાં નોકરી કરતો હતો, તે કેટલાક દિવસથી લાપત્તા છે. મલિકને બેખબર રાખવા માટે જ નાસીરને મેં નોકરીએ ચાલુ રાખ્યો હતો. પણ, હમણાં મલિક-બરહાનની વાતચીત થઈ તે પછી તરત જ નાસીર લાપત્તા છે. મેં તેના ઘરે પણ તપાસ કરાવી છે. છતાં ક્યાંય તેનો અતોપતો નથી.

ગઈ કાલે રાતે ઉપાશ્રયમાંથી બહાર નીકળતા તેના જેવા જ લગભગ સરખા બાંધાવાળી એક માનવાકૃતિ મેં જોઈ. મને શક પડ્યો કે આ નાસીર તો ન હોય ? મારી શંકાને મજબૂત બનાવતા ઘણા પરિબળો મોજૂદ હતા. મેં તેનો પીછો કર્યો. પણ તે ચપળતાથી છટકી ગયો. અહીં આવવા માટેના તેણે વિચારેલા બે કારણો મને ધ્યાનમાં આવ્યા - (૧) **કાં એ આપણા બન્ને વચ્ચેની વાતચીત સાંભળવા માટે આવ્યો હોય** અથવા તો (૨) **આપનું કંઈક અહિત, સંભવતઃ ખૂન કરવા આવ્યો હોય.** બીજી શક્યતા વધુ હતી, કારણ

કે જો પ્રથમ સંભાવના માનો તો સમયસર મારી આંખે ન ચડે તેવી રીતે તે રવાના થઈ ગયો હોત. પરંતુ તેનો આશય તેવો ન હતો. બીજા આશયથી જ આવ્યો હોય તેવી સંભાવના મને વધુ લાગી.''

**''એને વાતો જ સાંભળવી હોય, પરંતુ થોડો મોડો પહોંચ્યો હોય અને ત્યાં જ તમે બહાર નીકળતા હો... તેવું ન બની શકે ?''** આચાર્ય મહારાજે વચ્ચે પૂછ્યું. શેઠને થોડી નવાઈ લાગી. કારણ કે આચાર્ય મહારાજ આ રીતે પૂછે એ થોડું અજુગતું લાગતું હતું. છતાં આમાં પણ કંઈક આચાર્ય મહારાજનો આશય હશે તેમ માની શેઠે ઉત્તર વાળ્યો - ''આપની વાત પણ સુશક્ય છે. પરંતુ જો એને વાતો જ સાંભળવી હોય તો તેણે તેવી તપાસ કરાવી જ હોત. તે ખુદ પણ નજર રાખતો જ હોત. હું તો આપની પાસે ઘણા સમય પહેલા આવી ગયો હતો. જો તે મારી ઉપર નજર રાખતો હોત તો હું આપની પાસે આવ્યો છું તે વાત તે જાણી જ ગયો હોત.

આટલા વખત સુધી તેને ખબર ન પડી હોય અને હું નીકળ્યો ત્યારે જ તેનું આવવાનું થયું હોય તે વાતની સંભાવના ઘણી ઓછી લાગે છે. તથા મારો અનુભવ એવો છે કે મલિક બુદ્ધિથી કામ કરવાને બદલે તડને ફડમાં વધુ માને છે. માટે, શક્ય છે કે તેણે જ નાસીરને હુકમ કર્યો હોય.

બીજી વાત એ પણ છે કે **૧ % પણ જો આપના અહિતની સંભાવના હોય તો ગુરુદેવ ! હું હાથ જોડીને તો ન જ બેસી રહું ને !** એટલે અહીંથી ઘરે ગયા પછી પહેલું કામ બે ચોકિયાતોને અહીં મોકલવાનું કર્યું. કારણ કે નાસીર જો આપનું અહિત કરવા આવ્યો હોય તો ફરીથી થોડા સમય બાદ તે આક્રમણ કરે તેવી પૂરી સંભાવના હતી. શું મેં આમાં કંઈ અજુગતું કર્યું ?''

''ના, ભાગ્યશાળી ! છતી શક્તિએ સંઘ, શાસન ઉપરની આપત્તિઓ દૂર કરવી પ્રત્યેક શ્રાવકની ફરજ છે. પરંતુ, તમે મારા માટે આટલી સાવદ્ય પ્રવૃત્તિ કરાવો તે મને ઈષ્ટ નથી. હા ! કોઈક તેવી તીવ્ર કટોકટીના સંયોગ હોય તો વાત જુદી છે. પરંતુ અત્યારે તો મને તેવી કોઈ કટોકટી જણાતી નથી. હું સમજું છું કે પાણી પહેલા પાળ બાંધી રાખવી જોઈએ.

તથા મલિકના સ્વભાવથી તમે સુપેરે માહિતગાર હોવાથી તમને ચિંતા

પણ થાય. પરંતુ, હજુ આપણે એટલા નબળા નથી કે ધૂળ જેવા બહાને બાદશાહ આપણને હાથ લગાડી શકે. એવું કશુંક થાય તો પણ તે સહેવાની મારી પૂરી તૈયારી છે. આપ કશી ચિંતા ન કરો !''

''ગુરુદેવ ! આપની બધી વાત સાચી. પરંતુ, મારું મન નથી માનતું. **વિધાતાએ ઘણા સમયે અમારી ઉપર રહેમ નજર કરી આપ જેવા ગુરુભગવંતને ધરતી ઉપર મોકલ્યા છે. આપ નિયતિના સુપુત્ર છો. આપને છોડી દેવા કે ગુમાવી દેવા અમને પાલવે તેમ નથી. તે પણ શાસનની આવી બેહાલ હાલત હોય ત્યારે તો હરગીઝ નહીં !** મલિકની શી મજાલ છે કે તે આપનો વાળ પણ વાંકો કરી શકે ? તેનો પ્રતિકાર કરવા આપણે પણ પૂરી તૈયારી કરીશું !''

**આચાર્ય મ.સા.ની ડાબી આંખ અચાનક ફરકવા માંડી. આચાર્ય મ.સા. મનોમન સાવચેત થઈ ગયા. આચાર્ય મ.સા.ને લાગ્યું કે નક્કી કોઈ આપત્તિના એંધાણ લાગે છે.** આમેય જાપના સમયે 'પોતાની ઉપર કોઈ આપત્તિ આવશે' – તેવા સંકેતો અવારનવાર મળતા રહેતા હતા. એટલે જ આચાર્ય મ.સા. ખંભાત પહોંચી જલ્દીથી જાપસાધના કરવા ઈચ્છતા હતા. આચાર્ય મ.સા. ગમે તેવી આપત્તિ સામે લડી લેવા તૈયાર હતા. આચાર્ય મ.સા.નો આત્મવિશ્વાસ બુલંદ હતો. સામે શેઠ કોઈ પણ રીતે મચક આપે તેમ જણાતું ન હતું.

''સમષ્ટિગત કોઈ આપત્તિ નિવારણ માટે શેઠે કરેલી મહેનત અને સાવદ્ય દેખાતી પ્રવૃત્તિ ક્ષમ્ય ગણી શકાય. પરંતુ, મારી ઉપર આવનારી આપત્તિથી રક્ષણ મેળવવા હું સમર્થ છું. તો પછી મારે આ પ્રવૃત્તિની સમ્મતિ શા માટે આપવી ? હવે મારે અહીંથી વિહાર કરી દેવો જોઈએ. એ જ આનો ઉપાય છે.'' અચાનક આચાર્ય મ.સા. એક નિર્ણય ઉપર આવી ગયા. તેઓએ સ્પષ્ટ અને શાંત ભાષામાં શેઠને જણાવી દીધું – '':આપની લાગણી આપને આ બધું કરવા પ્રેરી રહી છે. તે વાત હું જાણું છું. પણ, મને તેની જરૂરત નથી. તેવી કટોકટીભરી સ્થિતિ લાગશે તો હું અવશ્ય તમને યાદ કરીશ.''

''પણ....'' ''આગ્રહ રહેવા દો, એમ પણ કાલે સવારે તો અમારો વિહાર છે.....'' આ સાંભળતા જ શેઠના માથે તો જાણે વીજળી ત્રાટકી...

✺




# વિહાર નક્કી થાય છે

આચાર્ય મહારાજે કાલે જ વિહાર કરવાની વાત કરી શેઠને જોરદાર આંચકો આપ્યો હતો. કોઈ હિસાબે શેઠને આ પાલવે તેમ નથી. કારણ કે આ બધી ભરમાર આચાર્ય મ.સા.ની રક્ષા કાજે તો શેઠે સર્જી હતી. હવે જો આચાર્ય મ.સા. જ અહીંથી વિહાર કરી જતા હોય તો આ બધાનો મતલબ શો ? આચાર્ય મ.સા.ની રક્ષા કાજે આચાર્ય મ.સા.ની પાછળ મોકલી શકાય તેવા બાહોશ અને કુશળ માણસો પણ શેઠ પાસે હાલમાં હાજર ન હતા.

જે જે મહત્ત્વના માણસો હતા તેમાંના બધાં અન્ય અન્ય કાર્યોમાં વ્યસ્ત હતા. અલબત્ત ! આચાર્ય મ.સા.ની રક્ષા માટેના જ તે કાર્યો હતા. એક માણસને નગરશેઠ પાસે મોકલ્યો હતો. તે શું જવાબ લાવે છે ? તે પણ મહત્ત્વપૂર્ણ હતું. મલિક આજે અમદાવાદ પહોંચે તેવી વકી હતી.

મલિક અમદાવાદ પહોંચી બાદશાહના કાન ભંભેરે. પછી, બાદશાહનું વલણ કેવું થાય છે ? - તે જાણ્યા પછી જ આચાર્ય મ.સા.નો વિહાર થાય તે શેઠને ઈષ્ટ હતું. પાકેપાયે તે સમાચાર મેળવતા કમ સે કમ ચારેક દિવસ તો નીકળી જ જાય. આચાર્ય મ.સા.એ તો બીજે જ દિવસે મતલબ કે કાલે જ વિહારની વાત કરી દીધી.

જો આચાર્ય મ.સા. વિહાર કરી જાય તો રસ્તામાં સંપર્ક શેં સાધવો ? માણસોને આચાર્ય મ.સા.ની રક્ષા માટે મોકલેલું તો પણ, બાદશાહના લાવ-લશ્કર સામે તેઓનું કેટલું ગજુ ? **મને વિશેષ સમાચાર મળે એ પહેલા મલિક બાદશાહના હુકમ સાથે આવી આચાર્ય મ.સા.નું કંઈક અહિત કરી બેસે તો ?** છૂપાવવાની, બચવાની, ભાગવાની જે પણ તક મળશે તે અહીં મળશે. વિહારમાં તો કેવી રીતે છૂપાવવું શક્ય બને ?

આચાર્ય મહારાજ મલિકના કબજામાં આવી જાય પછી બાદશાહના શરણે ગયે જ છૂટકો. એ બે કોડીનો બાદશાહ જિનશાસનના મહારાજાની અવહેલના કરે એ હરગીઝ સાંખી ન લેવાય. આચાર્ય મ.સા. પણ આટલું તો વિચારી જ શકે છે. તો પછી શા માટે તેઓ વિહારની વાત કરે છે ?

લાગે છે કે આચાર્ય મહારાજ હજુ મલિકના સ્વભાવથી પરિચિત નથી થયા. જો કે ન જ થયા હોય તે સ્વાભાવિક છે. કારણ કે આચાર્ય ભગવંતે તો એને જોયો પણ નથી. જો એકાદવાર પણ આચાર્ય મ.સા.એ મલિકને જોયો હોત તો પૂરેપૂરો માપી લીધો હોત.

**આચાર્ય મહારાજનો આત્મવિશ્વાસ પણ બુલંદ છે. એટલે જ પોતાના ઉપર આવી શકતી સંભવિત આપત્તિઓનો કાયરની જેમ સામનો કરવા કરતા બહાદુરીથી મુકાબલો કરવાનું વિચાર્યું હોય.** આમેય એક મહાસંયમી હોવાને નાતે પોતાના માટે થતી આ બધી વિરાધનાઓ પણ તેમને કઠતી હોય.

ગમે તે હોય, પણ પરિસ્થિતિ ધીમે ધીમે વધુને વધુ ગંભીર થતી જતી હોવા છતાં આચાર્ય મ.સા. સહેજ પણ ગંભીરતાથી એને મન પર લેતા નથી. એ સહજ રહેવા માંગે છે. પરંતુ આચાર્ય મ.સા. અહીંથી વિહાર કરી જાય અને કંઈક અજુગતું બને તો ?

શેઠ આવા જ પ્રકારના મુદ્દાઓને ધ્યાનમાં લઈ લઈ વધુ મૂંઝાયે રાખે છે. શેઠની મૂંઝવણ પારખી આચાર્ય મહારાજે કહ્યું– ‘‘શાને આટલા મૂંઝવણમાં પડી ગયા છો ? એવું તો મેં શું કહી દીધું કે આટલો ગંભીર વિચાર કરવો પડે છે ? હું અહીં આવ્યો ત્યારે પણ મારા વિહારની વાત નક્કી જ હતી. અચાનક તમારો આગ્રહ શા માટે વધી ગયો ? તમે જે કારણ દર્શાવો છો,

તે સાવ વાહિયાત છે - તેવું હું નથી કહેતો, કિન્તુ એટલું બધું ડરવાનું પણ મને જરૂરી નથી લાગતું. તમે ચિંતા નહીં કરો. સહુ સારા વાના થશે. કેવલજ્ઞાનીએ દીઠું નવિ અન્યથા થાય. આપણે કોણ તેમાં ફેરફાર કરનારા ?''

**આજની રાત શેઠ માટે મહત્ત્વની હતી. જો હકારાત્મક પરિણામ મળે તો ઘણી મોટી ચિંતા શેઠની ટળી જતી હતી.** કદાચ કાલે જ અમદાવાદથી સંદેશો આવી જાય તેવી વકી હતી.

તે સંદેશો આવી જાય પછી આચાર્ય મ.સા. વિહાર કરે તે જરૂરી હતું. આચાર્ય મ.સા.ને એક દિવસ તો રોકવાના હતા.

શેઠે આજીજીભર્યા સ્વરે કહ્યું - ''ગુરુદેવ ! આપ આપની દૃષ્ટિએ સાચા છો. પણ અમારા મનની માંગણીને, દિલની લાગણીને, અંતરની આરઝૂને આપે સ્વીકારવી જ રહી. આપ ફક્ત એક દિવસ રોકાઈ જાવ. એક દિવસ વધારે માંગુ છું. બીજું કશું જ નહીં. પછી આપને અમે નહીં રોકીએ. અમારી લાગણીને માન આપી આપે એક દિવસ તો વધારે રોકાવું જ રહ્યું.''

''આમ તો એક દિવસ વધારે રોકાવામાં કશું ખાટું મોળું મારે થતું નથી. પરંતુ એ એક દિવસમાં તમે મારા ખાતર જે પણ દોડધામ મચાવી દો તે મને બિલકુલ પસંદ નથી.

જો હું વિહારમાં હોઉં તો તમારી પાસે કોઈ વિકલ્પ નથી. જો તમે કશી પણ દોડધામ ન કરવાના હો તો મને રોકાવામાં કોઈ વાંધો નથી. પણ, મને ખાતરી છે કે તમે દોડધામ કર્યા વિના રહી શકવાના નથી.''

''શું હું મારા માટે ઉચિત એવી પ્રવૃત્તિનો પણ ત્યાગ કરું ?''... અચાનક બહાર કોલાહલ સંભળાતા શેઠે વાતચીત અટકાવી દીધી. શેઠનું પુણ્ય ચમકતું હતું. શેઠને અણધારી સહાય મળવાની હતી.

વાત એમ હતી કે કપડવંજનો શ્રીસંઘ આચાર્ય મહારાજથી અને આચાર્ય મહારાજના વ્યાખ્યાનોથી અત્યંત પ્રભાવિત થયો હતો. તે આચાર્ય મહારાજને માસકલ્પની વિનંતિ માટે ઉપસ્થિત થયેલ હતો. તેઓ દોશી આણંદજી શેઠને જ શોધતા હતા. શેઠને ઉપાશ્રયમાં જોતાં જ તેઓ આનંદિત થઈ ઉઠ્યા.

એક બે જણા તો બોલ્યા પણ ખરા - ''કેમ શેઠ ! આપ અહીં જ છો ? અમે તો આપના ઘરે તપાસ કરી આવ્યા. જ્યારે આપ તો અહીં આચાર્ય મહારાજ સાથે ગૂફ્તેગુ કરી રહ્યા છો શું વાત છે ? કંઈ આપણા સંઘ માટેની વાત કરો છો કે નહીં ? કેટલા વખતે શ્રીસંઘમાં જાગૃતિનો નવસંચાર થયો છે એ જાગૃતિને ચિરસ્થાયી કરવા માટે આચાર્ય ભગવંતે અહીં માસકલ્પ તો કરવો જ જોઈએ ને ! આપ વિનંતિ કરો. આપનું તો આચાર્ય મહારાજે પણ માન રાખવું જોઈએ.''

શેઠ મનોમન અત્યંત આનંદિત થયા, ભગવાને જ જાણે આ લોકોને મોકલ્યા હતા.

શેઠે જવાબ વાળ્યો - ''અરે ! હું શું વિનંતિ કરવાનો. મારી વિનંતિને તો હજુ આચાર્ય ભગવંત ઠુકરાવી શકે. પણ, શ્રીસંઘ તો પચ્ચીસમો તીર્થંકર કહેવાય, તેની વિનંતિને તો આચાર્ય મ.સા. પણ શી રીતે ઠુકરાવી શકે ?''

બધાની નજર આચાર્ય ભગવંત ઉપર મંડરાઈ. આચાર્ય ભગવંતે કોઈના ધ્યાનમાં ન આવે તે રીતે ઝીણી નજરે શેઠ સામે જોયું, આચાર્ય મ.સા.ની અને શેઠની નજર પલ - બે પલ ભેગી થઈ. શેઠ મરક-મરક હસી રહ્યા હતા.

આચાર્ય મહારાજે શ્રીસંઘને જવાબ વાળ્યો - ''આપ સહુની લાગણીને હું પીછાણું છું. મને પણ આ ક્ષેત્ર ઘણું જ યોગ્ય જણાયું છે. સ્વાધ્યાયદિ માટેની નિર્દોષ ભૂમિઓ પણ અહીં ઉપલબ્ધ છે. માસકલ્પ શું, ચાતુર્માસ માટે પણ મને કોઈ વાંધો નથી.''

હજુ આચાર્ય મ.સા. આગળ કંઈ બોલે તે પહેલાં તો હર્ષાવેશમાં શ્રીસંઘે જયજયકાર મચાવી દીધો. દોશી આણંદજી શેઠ મનોમન થોડા ચિંતિત થઈ ગયા. એ સમજતા હતા કે આચાર્ય મહારાજ મહાગીતાર્થ અને વિચક્ષણ મહાપુરુષ છે. એક દિવસ પણ વધુ રોકાવા તૈયાર ન થનાર આચાર્ય ભગવંત ચાતુર્માસ સુધીની વાત કરે તેમાં નક્કી બીજું જ કાંઈ છૂપાયેલું છે.

આમે ય 'હું ચાતુર્માસ માટે આવીશ કે તેવા પ્રકારનું તો આચાર્ય મ.સા. કંઈ જણાવતા જ નથી. કિન્તુ 'આ ક્ષેત્ર યોગ્ય છે' - તેવું જ જણાવે છે.

લાગે છે શ્રીસંઘને કોણીએ ગોળ લગાડી આચાર્ય મ.સા. મનાવી, પટાવી દેશે. શેઠ આ અવસરને હવે ગુમાવવા માંગતા ન હતા.

જો ૩-૪ દિવસ આચાર્ય મ.સા. રોકાઈ જાય તો બહુ સારું, પરંતુ એક દિવસ તો આચાર્ય મ.સા.ને રોકવાના જ હતા. શ્રીસંઘ અત્યંત આનંદિત થઈ જયકારો મચાવતા હતા. ત્યાં પાછી આચાર્ય મહારાજે વાત આગળ વધારી -

'ભાગ્યશાળીઓ ! આપ સહુનો આનંદ-ઉત્સાહ-ઉમંગ જોઈ મને પણ ખૂબ જ આનંદ થયો છે. આપના સંઘ પ્રત્યે મને ખૂબ જ માન છે. તે વાતમાં મીનમેખ ફેર નથી. પરંતુ, અત્યારે મારે અતિ અગત્યની શાસનને ઉપયોગી જાપસાધના કરવા જવાનું છે. માટે, હું ઈચ્છું છું કે અત્યારે તો શ્રીસંઘ મને આગ્રહ ન કરે.'

શ્રીસંઘ આચાર્ય મ.સા.ની ચાતુર્માસની વાતથી જ ઓળઘોળ થઈ ગયો હતો. તરત જ એક આગેવાન શ્રાવકે વાત કરી કે -''ગુરુદેવ ! જો આપનું કોઈ અગત્યનું કામ હોય તો અમે આપને અંતરાય કરવા નથી માંગતા...'

આ સાંભળતા શેઠે વચ્ચે જ કહ્યું - ''પરંતુ અમારી એટલી તો વિનંતિ છે જ કે કાલે વ્યાખ્યાનમાં આખો શ્રીસંઘ આપને વિનંતી કરે ત્યારે આપ પુનઃ આ જ વાત દોહરાવો, જેથી સંઘના પ્રત્યેક સદસ્યને આપની વાતનો ખ્યાલ આવે.''

શેઠે સમયસૂચકતા વાપરી મૂકેલો પ્રસ્તાવ સંઘના દરેક આગેવાનોના મનમાં બરાબર જચી ગયો. તરત જ તે જ લોકોએ આ વાત ઉપાડી લીધી. કારણ કે આચાર્ય મ.સા. જ જ્યારે શ્રીસંઘને જણાવી દે ત્યારે સંઘના આગેવાનોની જવાબદારી ઘણી ઘટી જતી હતી.

આખરે શ્રીસંઘના આગ્રહ સામે આચાર્ય મહારાજે નમતું જોખ્યું અને એક દિવસ વિહાર મુલતવી રાખવાની વાત કરી. શેઠના રોમરોમમાં આનંદ છવાઈ ગયો. **આ આનંદ સ્થાયી નીવડશે કે ક્ષણિક ? તે તો આજની રાત જ જણાવવાની હતી. એવું તે શું થવાનું હશે રાતના ?**

✷




## છીંડું પડે છે...

આવતી કાલે વ્યાખ્યાન દરમ્યાન કપડવંજનો સંઘ આચાર્ય મહારાજે માસકલ્પ કરવા માટે વિનંતિ કરવાનો હતો. શેઠ જાણતા હતા કે આચાર્ય મહારાજ શ્રીસંઘને પણ સમજાવી દેશે. આચાર્ય મહારાજનો વિહાર અટકાવવા શું કરવું ? એની જ મૂંઝવણમાં શેઠ પડી ગયા.

કપડવંજનો શ્રીસંઘ ઉઠ્યો તેની સાથે શેઠ પણ જવા માટે ઉઠ્યા. જતા જતાં શ્રીસંઘને જણાવી પણ દીધું કે ચાતુર્માસ થાય ત્યારે ખરું. પણ અત્યારે આ માસકલ્પ માટે ઢીલું ન મૂકતા હોં ! કાલે આપણે જોરદાર વિનંતિ કરવી છે. શેઠ ઘરે આવ્યા. હવે, રાતની ચિંતા છે.

આજે રાતે ચોક્કસ કંઈક અવનવું બનવાનું છે - તેવું શેઠને લાગતું હતું. **આજની એક રાત જો આદિત્ય ખેંચી લે તો તેના ઉપરથી ભય ઊતરી જતો હતો. પછી, તેની મૂર્ચ્છા પણ વળી જશે - તેવું વૈદ્યે જણાવ્યું હતું. ખાસ તો આજની રાત જાળવવી જરૂરી હતી.**

શેઠ સમજતા હતા કે મલિકે અહીં નાસીરને સમાચાર મોકલ્યા હોય કે નાસીરે અનુમાન કર્યું હોય, પણ તે હવે આદિત્યનું મોઢું ન ઉઘડે તે માટે તનતોડ પ્રયાસ કરવાનો. તે જે પણ કરશે તે આજે રાતે જ કરશે. કારણ

કે એને સમાચાર મળી જ જવાના કે કાલે આદિત્ય ભાનમાં આવી જવાનો છે. કદાચ મારે ત્યાં નોકરી કરતા-કરતા નાસીર આદિત્યને મારા જાસૂસ તરીકે ઓળખી પણ શક્યો હોય. માટે, એનું કાસળ કાઢવાના બદલે કદાચ અપહરણ પણ કરી જાય.

ટૂંકમાં, આજની રાત આદિત્ય માટે બન્ને રીતે ભારે હતી. શારીરિક અવસ્થા પણ આજ રાત સુધીમાં સુધરે તો સુધરે ! જો આજની રાત હેમખેમ પસાર થઈ જાય તો પછી શેઠ રાજા હતા. હજુ બીજો પણ એક નિર્ણય કરવાનો હતો કે નાસીર જેવો બીજો કોઈ તો મલિકનો ગુપ્તચર આ હવેલીમાં નથી ને ? શેઠે એક વાર સહુને નાણી જોવાનું નક્કી કરી લીધું.

શેઠે રાત માટે એક જબ્બર યોજના વિચારી હતી. જેમાં નાસીર પણ પકડાઈ જાય અને આદિત્યનો જાન પણ બચી જાય - બન્ને ફાયદા હતા. પોતાની રીતે મનમાં ને મનમાં શેઠે આખી યોજના તપાસી લીધી. ક્યાંય કોઈ છીંડું ન મળ્યું.

જો આ યોજના પ્રમાણે બધું પાર ઉતરે તો પછી નાસીર હાથમાં આવ્યા વિના ન રહે. યોજનાને લાગતા-વળગતા સહુ આવી - આવી શેઠને મળી ગયા. શેઠે બધી વાતની ચકાસણી કરી. બધું કાર્ય સંતોષપ્રદ રીતે પાર પડ્યું હતું. ક્યાંય કોઈ ખામી દેખાઈ નહીં.

યોજનાને આખરી ઓપ આપવા માટે હવે એ મકાનની મુલાકાત લેવાનું શેઠે નક્કી કરી લીધું. શેઠનું વાળું પણ થઈ ગયું હતું. આછું-આછું અજવાળું હતું. આ જ સમય શ્રેષ્ઠ હતો. શેઠ એ જૂની હવેલીમાં પહોંચ્યા.

**શેઠની આ જૂની હવેલી આખી નગરીમાં 'ભૂતિયા મહેલ' તરીકે પ્રસિદ્ધ હતી.** હજુ પણ ધ્યાનથી જોતા 'એ હવેલી કોઈક સમયે ભવ્ય અને જાજરમાન મહેલ હશે' - તેવું જણાયા વિના રહેતું નહીં. એમ કહેવાતું કે ઘણાં વર્ષો પહેલા શત્રુ રાજાના હુમલા વખતે આ હવેલી ખંડેર બની અને શેઠના પૂર્વજોએ નવી હવેલી બંધાવી. ત્યાર બાદ એ હવેલી અવાવરું જેવી જ બની ગઈ હતી.

ફક્ત પર્વતિથિએ કે તેવા વિશેષ પ્રસંગે એકાંત સાધના-પૌષધ માટે જ તેનો વપરાશ થતો, તે પણ ત્યારે જ જ્યારે ઉપાશ્રયમાં મહાત્માનો યોગ ન

હોય. બાકી ઉપાશ્રયમાં જ આરાધના થતી. છતાં શેઠના પરિવાર માટે આ હવેલી ખૂબ જ ઉપયોગી હતી.

આની અંદર જ શેઠનો ગુપ્ત ખજાનો પડેલો રહેતો. જેની ખબર વંશપરંપરાગત રીતે એક માત્ર શેઠ પાસે જ હતી. અન્ય આવક પૂરતી હોવાથી કદાપિ એ ભંડાર ખોલવાની જરૂરત જ પડી ન હતી. માટે, એની ગુપ્તતા હજુ એવી ને એવી અકબંધ હતી. કોઈને ગંધ સુધ્ધાં પણ આવી ન હતી.

તે ઉપરાંત કોઈ પણ કટોકટીના સંયોગે જો છૂપાવવું જરૂરી હોય તો તે હવેલીની નીચે એવા ભોંયરા હતા કે જ્યાં મહિનાઓ સુધી ગુપ્ત રીતે રહી શકાય, જો તમારી પાસે ખાધાખોરાકી હોય તો. એ સિવાય પાણીની વ્યવસ્થા પણ ત્યાં હતી. હવા-ઉજાસ આદિ એટલા ભરપૂર કે ભોંયરામાં છો તેવો અહેસાસ જ ન થાય. મા-દીકરીના શીલ બચાવવા જરૂરી લાગે ત્યારે આ ભોંયરું જ આશીર્વાદ રૂપ બની શકે તેમ હતું.

આ ભોંયરામાં કૂવો ખોદાવેલ હોવાથી પાણીની ચિંતા ન હતી. એ સિવાય રાંધવા માટેના સાધનો વિગેરે પણ તૈયાર રહેતા. આ ભોંયરામાંથી એક રસ્તો કોઠાર તરફ જતો. ગુપ્ત ભોંયરા વાટે જ છેક કોઠાર સુધી જઈ શકાતું. આ રીતે, અનાજની સમસ્યા પણ સૂલઝાવી શકાતી. વર્ષે એક-બે વાર એક પ્રજ્ઞાચક્ષુભાઈ શેઠની સાથે આવી સાફસૂફી કરી જતા.

હજુ આ ભોંયરું પણ ગુપ્ત રહી શક્યું છે - તેવી શેઠની ધારણા હતી. **આ ઉપરાંત નગરમાંથી ભાગી જવા માટેના ચાર દિશાના ચાર રસ્તા પણ હતા. ધન છૂપાવવા માટેની છૂપી જગ્યાઓ પણ ઠેર-ઠેર હતી. ઉપરાંતમાં થોડી ભૂલ-ભૂલામણીવાળી રચનાઓ પણ હતી.** જેથી, પાછળ પડનાર આ ભોંયરામાં આવી જાય તો પણ આ ભોંયરાની બહાર ન નીકળી શકે.

માત્ર શેઠને જ વંશપરંપરાએ એ રસ્તાની જાણકારી રહેતી. એ બધું શેઠની પોતાની નજર હેઠળ જ હતું. માટે, આ બધી બાબતોની ગુપ્તતા જળવાઈ રહી હતી. આ બધાં રસ્તાની સાફ-સફાઈ થયે સમય વીતી ગયો હોવાથી થોડા અવાવરું થઈ ગયા હતા.

જવા-આવવાના રસ્તે દરવાજા પણ હતા. જે બધાંની ચાવી શેઠ પાસે

જ રહેતી. આજે ભોંયરાના એક ઓરડાનો ખપ હતો. માટે, એક સાદું ભોયરું શેઠે કાઢી આપ્યું હતું. આખી હવેલી આ રચનાથી રહસ્યમય બની હતી.

આ હવેલીમાં જનાર માણસને ક્યારેક હવેલી એવી રીતે ગળી જતી કે પછી એના હાડકાનો ટુકડો પણ હાથ ન લાગતો. પોતાની યોજનાને આખરી ઓપ આપવા માટે શેઠ હવેલીએ પહોંચી ગયા. જોયું તો ચોકીએ માણસો વધી ગયા હતા. લોકોને પણ કુતૂહલ થયું હતું.

આજે એ હવેલીમાં માણસોની અવરજવર લોકોમાં આશ્ચર્ય પ્રેરતી હતી. શેઠને આવતા જોઈ તરત જ મુખ્ય ચોકીદાર આગળ આવ્યો. શેઠને નમન કરી તેણે કાનમાં કહ્યું કે – 'અડધાં પાછળ રાખ્યા છે. થોડા ગુપ્ત પણ છે. અંદર જતા-આવતા દરેક ઉપર નજર રાખનારા ગોઠવાઈ ગયા છે. બીજું કાંઈ ખૂટે છે ?'

શેઠે ઝીણી આંખ કરી આજુબાજુ જોયું તો પાસેના ઝાડ ઉપર એક માણસ ગોઠવાયેલો હતો. પહેલી નજરે તો લાગે જ નહીં કે તે માણસ હશે. પણ, ધ્યાનથી જોતા જ શેઠને ખ્યાલ આવ્યો કે ઝાડ ઉપર માણસ છે.

એની નજર પોતાના ઉપર જ હતી. જેવી શેઠની નજર ત્યાં પડી કે એ માણસ અલોપ થઈ ગયો. શેઠને પોતાની હાજરી જણાવવા માટે જ તે પ્રગટ થયો હતો.

શેઠે સંતોષથી માથું ધૂણાવ્યું. શેઠ મુખ્ય મકાન તરફ આગળ વધ્યા. બધે જાગ્રત ચોકીપહેરો દેખાયો. અભિમન્યુના સાત કોઠા જેવી રચના હતી. એક ચોકીમાંથી પાસ થનાર બીજી ચોકીમાં અટવાયા વિના ન રહે. સંતોષથી શેઠે માથું ધૂણાવ્યું. શેઠની યોજના મુજબ કદાચ નાસીર છેક આદિત્યના કમરા સુધી પહોંચી જાય તો પણ તેને હારવું પડે તેવી ગોઠવણ હતી.

પણ, અત્યારની સજ્જડ રક્ષણવ્યવસ્થા જોતા નાસીર હવેલી સુધી પહોંચી શકે એ વાતમાં માલ ન હતો. કદાચ આ ચોકીવ્યવસ્થા જોઈ એ હુમલો કરવાનું જ માંડવાળ કરી દે – તેવી વધુ વકી હતી.

પલભર શેઠને વિચાર આવી ગયો કે – 'કદાચ નાસીર હુમલો જ ન કરે તો આદિત્ય બચી જાય, પણ નાસીર છૂટો જ રહે. આદિત્ય બચી જાય

એ જેટલું જરૂરી છે તેટલું જ જરૂરી નાસીર પકડાઈ જાય તે પણ છે. માટે કદાચ નબળી રક્ષણવ્યવસ્થા બહારથી રાખી અંદર સજ્જડ રક્ષણવ્યવસ્થા રાખી હોય તો ?' પલવાર આ વિચાર આવ્યો ન આવ્યો અને રવાના થઈ ગયો. નાસીર આજે આવવાનો એ નક્કી હતું. આ બાબતે એ શાંત બેસી રહે તે શક્ય જ ન હતું.

શેઠને તો લાગતું હતું કે કદાચ તે આ બધી રક્ષણવ્યવસ્થા ભેદીને આદિત્યના કમરા સુધી પણ પહોંચી જશે. માટે બધું યથાવત્ જ રાખવાનું નક્કી કરી આદિત્યના કમરામાં શેઠ પહોંચી ગયા. દવાની તીવ્ર ગંધ વાતાવરણમાં હતી. બાજુમાં આદિત્યની સેવામાં રોકાયેલ એક માણસ હતો.

**આદિત્ય પથારીમાં શાંતિથી સૂઈ રહ્યો હતો. હજુ કોઈ ચેતન આવ્યું હોય તેવું જણાતું ન હતું. સહેજ ઝીણવટથી નજર નાંખી શેઠે બાજુમાં બેઠેલા માણસ સામે જોયું. શેઠના ઈશારાને કળી ગયો હોય તેમ તેણે કહ્યું – 'બધું બરાબર થઈ ગયું છે.'**

આંખથી જ બાજુમાં રહેલા એક કબાટ તરફ ઈશારો કર્યો. કબાટ જોઈ શેઠે સંતોષથી માથું ધૂણાવ્યું. હવે, બધી વ્યવસ્થા થઈ ગઈ હતી. શેઠ મુખ્ય ખંડમાં આવ્યા. ખૂબ જ વિશાળ ખંડ હતો. અત્યારે તો અવાવરુ જેવો હતો. પણ કોઈક સમયે આ ભવ્યતાથી ઓપતો હશે તેવું સ્પષ્ટપણે જણાઈ જતું હતું.

થોડીવાર સુધી આખા ખંડમાં ફરી-ફરીને બારીકાઈથી નિરીક્ષણ કરી લીધું. આ ખંડની એક બારીમાંથી શેઠનો શયનકક્ષ નજરે પડતો હતો. ઘડી-બે ઘડી તે બારીમાંથી શયનકક્ષને શેઠ જોઈ જ રહ્યા. થોડીવારે કંઈક ઝબકારો થયો. શેઠને મગજમાં એક વાત સ્ફુરી આવી. શેઠ કંઈક ગંભીર થયા.

નાસીરે જે શયનકક્ષમાં દેખા દીધી હતી તેની કોઈક કડી હાથમાં આવી. પણ, કશું નક્કી ન થઈ શક્યું. આખરે એ વિચારો ખંખેરી આજ રાતની યોજનામાં ગૂંથાયા. આખો ખંડ શેઠ બે-ત્રણ વાર ખૂંદી વળ્યા. બધું વ્યવસ્થિત હતું. કંઈક સંતોષ સાથે શેઠ બહાર આવ્યા.

**નાનપણમાં શેઠે શસ્ત્રચાલન, મલ્લયુદ્ધ વગેરેની પણ તાલીમ લીધી હતી.**

**એક વીરપુરુષ પણ શેઠની અંદર બેઠો હતો. એ હવે જાગ્રત થયો. શેઠની અદા ફરી ગઈ, મુદ્રા ફરી ગઈ. અરાજકતાના એ કાળમાં શસ્ત્રવિદ્યા અનિવાર્ય લેખાતી. શેઠનું અંગકૌશલ્ય પણ અદ્ભુત હતું.** અત્યાર સુધી વેપારીરૂપે જ શેઠે જીવન જીવ્યું હતું. આજે યોદ્ધા બનીને, એ પણ મુત્સદ્દી યોદ્ધા બનીને જીવવાનું હતું.

શેઠ ઝપાટાબંધ બહાર આવ્યા. બધાંને એક વાર ભેગા કરી ઘટતી સૂચના કરી. જો આજની રાત હેમખેમ નીકળી જાય તો બધાંને બક્ષિસની પણ વાત કરી. એક-એક સોનામહોર બધાંને આપી પણ દીધી. આ ઉદારતાએ જ શેઠ સૌમાં પ્રિય થઈ પડ્યા હતા.

જે બધાં ભેગા થયા હતા તેમાંથી આયુધ, કૃપાણ અને કાર્તિકને શેઠે જુદા પાડ્યા. આ ત્રણ શેઠના વિશ્વાસુ માણસો હતા. આ લોકોના પૂર્વજો સોલંકીયુગમાં વિખ્યાત યોદ્ધાઓ હતા. આ ત્રણે જણા શૂરવીર હોવાની સાથે મુત્સદ્દી હતા. આ ત્રણેય શેઠના આવા કામોમાં હાજર જ હોય. શેઠ ત્રણેયને અલગ તારવી પોતાની હવેલીમાં લઈ ગયા.

આ ત્રણમાં પણ આયુધ શેઠની અંગરક્ષાનો ભાર વહન કરતો. કૃપાણ અને કાર્તિક શેઠે સોંપેલ જવાબદારી અદા કરતા અને અવસરે મળી જતા. જો કે અત્યાર સુધીમાં કોઈ મોટું સાહસ ખેડવાનું આવ્યું ન હતું. આ વખતે પોતાની ઈચ્છા પાર પડશે - તેવું જણાતું હતું.

ત્રણે ય ઉપર શેઠના ચાર હાથ હતા. આદિત્ય એટલે કે મધુકર, વિનાયક... આ બધાંનો પણ શેઠના વિશ્વાસુમંડલમાં સમાવેશ થતો હતો. આ બધાંને આપણે પૂર્વે જોઈ જ ગયા છીએ. આદિત્ય, વિનાયક વગેરે ગુપ્તચરવિદ્યામાં પારંગત હતા. કૃપાણ, આયુધ, કાર્તિક વગેરે રજપૂતી વારસો લઈને આવ્યા હતા. આમ તો તેઓ પણ જાસૂસી કરી જ શકતા હતા, છતાં શેઠ એ કામ મુખ્યત્વે આદિત્ય અને વિનાયક મારફત જ કરાવતા.

કૃપાણ, આયુધ અને કાર્તિક આ ત્રણેયને સંકેત કરી શેઠ અંદર પોતાની હવેલીમાં ગયા. અંધકાર પોતાની જાળ ફેલાવી રહેલ હતો. હજુ આછું આછું, એકદમ ઝાંખું અજવાળું પૃથ્વીપટ ઉપર ફેલાયેલું હતું.

શેઠે ઝપાટાબંધ સંધ્યાના કાર્યો પતાવ્યા. ગઈ કાલની જેમ જ દેરાસર દર્શન કર્યા બાદ પ્રતિક્રમણ માટે ઉપાશ્રયે પહોંચ્યા. આમ તો યોજના ઉપર વ્યવસ્થિત કાબૂ રહે, કંઈક અજૂગતું ન થઈ જાય તે માટે શેઠને ઘરે જ પ્રતિક્રમણ કરી લેવાનો વિચાર આવ્યો. પણ, શેઠનું મન ન માન્યું.

એમ પણ આચાર્ય મહારાજની નિશ્રામાં પ્રતિક્રમણ ક્યાં કરવા મળે ? સવારે વ્યાખ્યાન ગુમાવ્યું, હવે જો પ્રતિક્રમણ પણ ચૂકી જઈશ તો પછી આચાર્ય મ.સા.ની શંકા પણ દૃઢ થશે. પછી તો તે આજ્ઞા કર્યા વિના નહીં રહે. માટે શેઠે ઉપાશ્રયે જ પ્રતિક્રમણ કરવાનું રાખ્યું. થોડું મોડું થઈ ગયું હતું. છતાં શેઠ સમયસર પહોંચી ગયા. ઉપાશ્રયની બહાર વાતાવરણમાં જાણે ઘર્ષણના, સંઘર્ષના ભણકારા વાગતા હતા.

**શેઠે ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો કે આખું વાતાવરણ બદલાઈ ગયેલું લાગ્યું. આવનાર માણસના દિલોદિમાગમાં ટાઢક થઈ જાય તેવું શાંત-પ્રશાંત વાતાવરણ હતું. શેઠ આનંદિત થઈ ઉઠ્યા. આ આચાર્ય મ.સા. અને એમનું વાતાવરણ ચિરંજીવ બની રહે - તેવી એક ઈચ્છા શેઠની નાભિમાંથી પ્રગટી.**

આચાર્ય મહારાજમાં શાંતિ અને સત્ત્વ ઉભયનો મેલાપ હતો. એમના મુખકમળમાંથી નીકળતા શબ્દો ભલે શાંત હોય, સીધા હોય. પણ, સામેવાળી વ્યક્તિને એ પોતાના પ્રમાણે વર્તવા મજબૂર કરતા હતા. એ શબ્દોને ઉલ્લંઘી શકાતા નહીં. આચાર્ય મ.સા.ની ઉન્નત નાસિકા જાણે આખા મુખની શોભા જ બદલી નાંખતી હતી.

એક શાંત પણ ધારદાર સત્ત્વ આચાર્ય મ.સા.ની આંખોમાં હતું. એવું કશુંક હતું કે આચાર્ય મ.સા.ની આંખો સામે જોનાર તેમને નમ્યા વિના રહેતો નહીં, એમની નજરનો તાપ એનાથી ઝીલાતો નહીં. મુખ ઉપરનું રૂપ તેજથી ઓર દિપ્તિમંત બન્યું હતું.

કોણ જાણે એવું તો શું એમના મુખમાં હતું કે આવનારો માણસ એક વાર તો શેહમાં આવી જતો. શાંત-દિવ્ય તેજ સદાનું એમના અંગ-અંગમાંથી ઝરતું. એમના વાતાવરણમાં આવનાર એમનો થઈ જતો. શત્રુને પણ ઘડીભર નમી જવાનું મન થઈ જાય - એવું અદ્‌ભુત વ્યક્તિત્વ એમનું હતું.

વીતરાગ પરમાત્મા સિવાય કોઈને પણ દાદ ન આપતી તેમની સ્વમાની મુદ્રા હતી. ત્રણ લોકનું રાજ આપવા આવેલ દેવને પણ છોભીલા થઈ જવું પડે તેવી તેમની આંખોમાંની વેધકતા હતી. દેવ પણ એમનો કિંકર થવામાં સૌભાગ્ય માનતો.

શેઠ પણ આ આચાર્ય ભગવંતના સેવક તરીકે રહેવામાં જ પોતાનું સૌભાગ્ય સમજતા હતા. મહાકાલ પણ જાણે એમના સેવક તરીકે ગોઠવાઈ ગયો હતો. ભૂત-ભાવીની ઘણી ઘટનાઓ એમની આગળ પ્રગટ થઈ જતી.

**વ્યક્તિગત ગમે તેટલી આપત્તિઓને ખમી લેવાની તાકાત ધરાવતું પ્રબળ સત્ત્વ એમનામાં વિલસતું. તો જૈનશાસનની કાંકરી ખેરવનારને અસહ્ય થઈ પડતું પ્રબળ શૌર્ય પણ ત્યાં ચમકતું.**

શેઠે સમૂહમાં દિલ દઈને, મન મૂકીને પ્રતિક્રમણ પૂર્ણ કર્યું. અત્યારે આચાર્ય મ.સા. પાસે ઝાઝું બેસવાનું ન હતું. ઘણું કામ હજુ બાકી હતું. માટે, આચાર્ય મ.સા.ને ત્રિકાળવંદના અને કામકાજપૃચ્છા કરી શેઠ તરત જ બહાર નીકળ્યા.

એક આશ્ચર્ય શેઠને થયું કે 'આચાર્ય મ.સા.એ શા માટે કોઈ વાત મારી સાથે ન કરી ? જાણે મારી ઈચ્છા કળી ગયા હોય તેમ તેમણે મને તરત જ જવા દીધો. બાકી, આજની સવારના અનુસંધાનમાં પણ ઘણા પ્રશ્નો આચાર્ય મ.સા. મને કરી શકતા હતા.'

જો કે આ વિચાર શેઠના મનમાં ઝાઝો ન ટક્યો. બીજા ઘણા વિચારો શેઠના મનમાં ઉભરાતા હતા. શેઠ ઝપાટાબંધ હવેલીએ પહોંચ્યા. જોયું તો ચોકીપહેરો સજાગ હતો. પ્રતીહારોના અવાજ આવી રહ્યા હતા. હજુ લોકોની અવરજવર ચાલુ હતી. શેઠ તરત જ પોતાના શયનકક્ષમાં ગયા. કપડા બદલાવ્યા. પરિવારગોષ્ઠી આજે મુલતવી રાખેલ હતી.

આજે શેઠે શસ્ત્રાસ્ત્ર સજ્યા હતા. આમાં શેઠનો દેખાવ કંઈક જુદો જ અનુભવાઈ રહ્યો હતો. જાણે શેઠની જુવાની પાછી આવી ગઈ હતી. જાનફેસાનીની ભાવના શેઠમાં રમી રહી.

શાંત વીરત્વ શેઠમાં ઝળકી રહ્યું હતું. દુશ્મન પણ સમજી જાય કે આ

વખતે મારે જેવા તેવા સાથે કામ નથી પાડવાનું. સામનો કરતા પહેલા એ દસ વાર વિચારી લે. પછી જ સામનો કરવાની હિંમત કરી શકે.

આયુધ પણ શેઠનો આ વેશ જોઈ પળભર અંજાઈ ગયો. આ કોણ ? આ વેપારી શેઠ કે ગુપ્તયુગના કોઈ મહાસેનાપતિ ? આયુધ બોલી ઉઠ્યો - "પ્રભુ !...."

"તારે શું કહેવું છે તે મને ખબર છે. આજે આવી પડેલા કર્તવ્યને કારણે મારે આ વેશ લેવો પડેલ છે. હવે તું આગળ વધ. આપણે વહેલી તકે હવેલીમાં જઈ ગોઠવાઈ જવું છે. જેથી પછી કોઈ વાંધો ન આવે."

રાતનો અંધકાર વ્યાપ્ત થઈ રહ્યો હતો. શેઠ ઝપાટાબંધ ગુપચૂપ આયુધની સાથે જ જૂની હવેલીમાં જઈ પહોંચ્યા. દરવાજા પાસે સખ્ત ચોકીપહેરો હતો. શેઠ પણ સીધા ન ઘૂસી શક્યા. સંકેતશબ્દ જણાવ્યો ત્યારે અંદર જવા મળ્યું. શેઠ છૂપાવેશમાં હતા. રણરંગી વેશ ઉપર કાળો બુરખો ઓઢી લીધો હતો.

શેઠે અંદર હવેલીમાં જઈ આદિત્યના કમરામાં તપાસ કરી. આદિત્યની સ્થિતિ યથાવત્ હતી. યોજના મુજબ હવેલીના મુખ્ય ખંડમાં નિશ્ચિત જગ્યાએ શેઠ ગોઠવાઈ ગયા. બધે સૂનકાર વ્યાપી રહ્યો. રાતનો પહેલો પહોર પૂરી થયાની ઝાલર રણકી ચૂકી હતી.

વાતાવરણમાં ધીરે ધીરે ઘેરી નિઃસ્તબ્ધતા ફેલાઈ રહી હતી. માનવો, પશુ-પક્ષીઓ સહુ જંપી ગયા હતા. **અંધકારનો એક કાળો ઘેરાવો આખા કપડવંજને પોતાની સોડમાં લપેટી રહ્યો હતો. એક પ્રકારની નિઃસ્તબ્ધતા વાતાવરણને વધુને વધુ તીક્ષ્ણ બનાવી રહી હતી. રાત્રિની આ નિઃસ્તબ્ધતા કાચાપોચાના દિલને હલબલાવી દે તેવી થઈ ગઈ હતી. પ્રતિહારીઓના સાવધાનીસૂચક શબ્દો સિવાય સર્વત્ર ઘેરી શાંતિ છવાઈ ગઈ હતી.**

આવા વાતાવરણમાં કપડવંજના છેક છેવાડાના ભાગમાં બે વ્યક્તિ ઉતાવળે ચાલી રહી હતી. અંધારામાં જલદીથી કોઈની નજરે ન ચડાય તે રીતે કામ સાધવાનું હતું. ઘાસની ગંજી અને રૂના ઢગલાને લઈ બન્ને જણા ગામની બહાર રહેલ એક અવાવરું મંદિરમાં અટક્યા. બન્ને જણમાંથી હજુ સુધી કોઈ કશું બોલ્યું ન હતું. બન્ને જણા મંદિરમાં ગયા અને કશુંક શોધવા લાગ્યા.

એક પ્રૌઢ જેવા દેખાતા ભાઈએ કહ્યું – 'આમ તો મને આ રસ્તાની ખબર જ ન હોય. પણ, આ તો એક દિવસ શત્રુરાજાનું આક્રમણ થયું ત્યારે શેઠની સાથે મારે આ રસ્તે જ નીકળવાનું થયું. એટલે મને યાદ રહી ગયું.

ઘણાં વર્ષો થઈ ગયા એ વાતને. તે વખતે તો આ શેઠ પણ બહુ નાના હતા. એમના પિતાજીની તે વખતે વૃદ્ધાવસ્થા ચાલી રહી હતી. એ વખતની આ વાત હતી. અરે !..'

કંઈક વિચાર આવતા તે થોડી વાર થોભી ગયો. એણે ધારી-ધારીને પોતાની સાથે ચાલનાર વ્યક્તિ તરફ જોયું. એ સાથે ચાલનાર વ્યક્તિની આંખમાં કંઈક ક્રૂર ચમક આવી ન આવી અને વિલીન થઈ ગઈ. પેલી પ્રૌઢ વ્યક્તિએ પૂછ્યું "તમે કોના તરફથી આવો છો ?"

"અત્યારે જે શેઠ છે તેના તરફથી."

"તમે પ્રમાણ શું બતાવ્યું ?"

તરત પેલી વ્યક્તિએ એક વીંટી દેખાડી. 'જુઓ આ શેઠની મુદ્રિકા.'

પેલી પ્રૌઢ જેવી વ્યક્તિએ ધારી-ધારીને એ વીંટી જોઈ. વીંટી અસલી જ હતી. શેઠના વંશમાં પરાપૂર્વથી આ વીંટી ચાલી આવતી હતી. આ અતિવૃદ્ધ જેવી વ્યક્તિને આ બાબતની ખબર હતી. વીંટી અસલી જણાતી હતી એમાં કશો જ ફેર ન દેખાયો. પણ.... આખરે એમણે વીંટી લઈ આવનાર માણસને જ પૂછ્યું કે "જુઓ ! આજે ૯૦ વર્ષ તો મને થયા. છતાં મારી સ્મૃતિશક્તિ છે તે મુજબ આ મુદ્રિકા છે તો અસલી ! માટે, તમે આવ્યા છો શેઠ તરફથી જ. એમાં હવે શંકા કરવા જેવું રહેતું નથી.

પણ, મારો પ્રશ્ન એ છે કે – નાના શેઠને ખબર કેવી રીતે પડી આ રસ્તાની ? કદાચ રસ્તાની ખબર પડી શકે. પણ, હું તેમના બાપુજીને આ રસ્તે લઈ ગયો હતો. માટે મને આ રસ્તાની ખબર હશે, તેવી પણ તેમને કેવી રીતે ખબર પડી ? એમના બાપુજી જ્યારે આ રસ્તેથી મને લઈ આવ્યા ત્યારે શેઠની ઉંમર નાની હતી. તેમને તો આ ઘટનાનો અંદાજ પણ નથી."

આગંતુક માણસ પણ વિચારમાં પડી ગયો. જો આ પળ ગઈ તો ક્યારેય પણ આવી પળ આવવાની નથી. આ વૃદ્ધને પણ રહી-રહીને કંઈક વાત

સૂઝી ગઈ. કોઈક રીતે તો એને સમજાવવો જ પડશે. કેટલી મહેનતના અંતે આ મળ્યો હતા. શેઠના બધાં સેવકો વિશ્વાસુ હતા. કોઈને ફોડી શકાય તેમ ન હતા. એટલે પોતે જાતે તપાસ કરી.

ઊંડી તપાસ બાદ જાણવા મળ્યું કે શેઠના ઘરમાં ઘણાં વર્ષોથી નોકરી કરનાર એક વિશ્વાસુ વૃદ્ધ છે. હાલ એ નોકરીમાં નથી. શેઠ તરફથી રકમ આવે છે, તેનાથી જ તેમનું જીવન ચાલે છે. એ છે વૃદ્ધ સ્વમાની અને ભારે વફાદાર, ત્રણ લોકનું રાજ કોઈ આપી દે તો પણ શેઠનો વિશ્વાસઘાત એ કદાપિ ન કરે. એને દામથી તો પટાવી શકાય જ નહીં.

રાતના સમયે જૂની હવેલીમાં પહોંચવા માટે આ વૃદ્ધ ચોક્કસ કામમાં આવી શકે તેમ હતો. આગંતુકને ખબર હતી કે જૂની હવેલીમાં ઘણા ગુપ્ત રસ્તાઓ છે. પણ, એમાંથી એકે રસ્તાની એને ગંધ સરખી ય આવી ન હતી.

કદાચ આ વૃદ્ધ પુરુષને ખબર હોય તે આશાએ તેમની પાસે આવ્યો હતો. પણ, તે વિશ્વાસમાં કેવી રીતે આવે ? તે મૂંઝવણભર્યું હતું. આખરે અજાણતા જ એને એક વસ્તુ યાદ આવી ગઈ.

**ઘણાં વર્ષો પૂર્વે શેઠે પોતાનો જાસૂસીનો કારભાર વધારવો પડ્યો. માટે, જૂની જે મુદ્રા પરાપૂર્વથી ચાલી આવતી હતી તેની જગ્યાએ વધારે સંખ્યામાં નવી મુદ્રા બનાવી હતી. આ નવી મુદ્રાના આધારે જ શેઠનો વ્યવહાર ચાલતો હતો. જૂની બધી મુદ્રાઓ ભંડારમાં હતી. તેનો હવે કશો ઉપયોગ ન હતો. એમાંથી એક મુદ્રા ઉઠાવવાની તક મળી ગઈ હતી.** કોઈક વખત કામ લાગશે - એમ સમજી તેણે એ મુદ્રા રાખી લીધી.

આજે એ મુદ્રા ખરેખર કામ લાગી ગઈ. આ વૃદ્ધને નવા ફેરફારની જાણ ન હતી. તેના વખતમાં આ જ મુદ્રા ચાલતી હતી. તેણે આ મુદ્રાને જ શેઠની આજ્ઞા તરીકે ગણી લીધી હતી. આગંતુક વ્યક્તિએ (એટલે કે ....?) એટલી સિફતથી અને વિશ્વાસથી વાત મૂકી કે તેમાં કોઈ શંકા કરવા જેવું લાગે જ નહીં. જાણે પોતાને ખબર જ છે તેવી રીતે તેણે વાત મૂકી.

એ મુદ્રાના જોરે વૃદ્ધ પુરુષને આંગતુક અહીં સુધી લઈ આવ્યો હતો. રસ્તાનો ભેદ હવે ખૂલવાનો જ હતો. ત્યાં આ વૃદ્ધના મગજમાં નવો વિચાર

આવ્યો. વાત અટકી પડી. હવે જો આ વૃદ્ધના મગજમાં વિશ્વાસ ન પ્રગટે તો આખી વાત ફોક થઈ જાય તેમ હતી.

પરિણામ, ફરીથી એ આગંતુક વ્યક્તિએ પોતાની વાણી ફેલાવી - 'આ હા ! ગજબ છે તમારી તર્કશક્તિ ! આટલી ઉંમરે પણ તમારી બુદ્ધિશક્તિ આવી તીવ્રતાથી ચાલે છે. ખરેખર દાદ આપવી પડે. મને જો કદાચ આવી શક્તિ મળી હોત તો મેં શેઠને ત્યાં જ પૂછી લીધું હોત. મારી જિજ્ઞાસા શાંત થઈ જાત. પણ શું કરું ? મારી બુદ્ધિ બુઠ્ઠી !' ખુશામત ખુદા કો ભી પ્યારી હૈ - આ સિદ્ધાંતને આગંતુકે સિફતથી અપનાવ્યો હતો.

જો કે આ વૃદ્ધ પુરુષની વફાદારી ખુશામતથી ડગી જાય તેમ ન હતી. પરંતુ તેની વાણીમાં 'જાણે પોતે તો ૧૦૦ % શુદ્ધ જ છે, નિર્દોષ જ છે' એવો આત્મવિશ્વાસના ટંકારભર્યો રણકો આ વૃદ્ધને અસર કરી ગયો. આગંતુકે વાત આગળ ચલાવી - "કદાચ એવું પણ હોય કે મોટા શેઠે પોતાના અંતિમ સમયે બધાં રસ્તાની માહિતી આપતા આ રસ્તાની માહિતી પણ આપી હોય.

જો કે એક પ્રશ્ન હજુ ઊભો રહે કે - 'તો પછી આ રસ્તાની જાણકારી તમને છે - એવી શેઠને ખબર કેવી રીતે પડી ?' કેમ બરાબર ને ?" વૃદ્ધના મનમાં આ જ પ્રશ્ન ઊઠ્યો હતો. તે જ પ્રશ્નને આગંતુકે સ્વયં વાચા આપી એટલે એની અનુમાનશક્તિ અને તર્કશક્તિ ઉપર વૃદ્ધ પુરુષને માન ઉપજ્યું. આગંતુકની નજરમાં આ ઝડપાઈ ગયું.

વૃદ્ધ પુરુષને વધુ વિચારનો અવકાશ આપ્યા વિના પોતાની અસર હેઠળ પૂરેપૂરો લઈ લેવા માટે વાત તરત જ આગળ વધારી - "આપણે એનો પણ જવાબ વિચારી શકીએ. કદાચ એવું ન હોય કે મોટા શેઠને આપની વફાદારી ઉપર અત્યંત માન હોય, અગાધ વિશ્વાસ હોય. માટે, પોતાના અંતિમ સમયે નાના શેઠને કહી રાખ્યું હોય કે -

'બેટા ! તને આ બધી માહિતી આપી દીધી છે, તેને જાળવજે. મારો એક અતિવિશ્વાસુ સેવક છે. તે હવે નોકરીમાંથી છૂટો થવાનો છે. પણ, જરૂર પડે અડધી રાતે ય તેને બોલાવી લેજે. એને એકાદ રસ્તાની ખબર પણ છે. આ વીંટી જોશે પછી એ વિના વિકલ્પે એની ઉપર જાન પણ કુરબાન કરી

**દેશો. બેટા ! જગતમાં તને કોઈ પણ વિશ્વાસપાત્ર ન લાગે ત્યારે આના ઉપર વિશ્વાસ કરજે....'**

મોટા શેઠના આ શબ્દો કદાચ આજે એવી કોઈક કટોકટીમાં યાદ આવી ગયા હોય. તેથી અડધી રાતે આપને યાદ કર્યા હોય એવું ન બને ? ખરેખર તમે ભાગ્યશાળી છો. મોટા શેઠે અંતિમ સમયે અતિવિશ્વાસુ તરીકે આપનું નામ નાના શેઠને આપ્યું. આટલો વિશ્વાસ જો મને મારા માલિકનો મળી જાય તો મારો જન્મારો સફળ થઈ જાય. પછી તો પ્રાણ આપતાં ય એક ક્ષણ મને ન લાગે...''

**શબ્દોની આ અજબ મોહિનીમાં પેલો વૃદ્ધ તો બરાબર સપડાયો. એની આંખ સામે મોટા શેઠનો ચહેરો તરવરી ઊઠ્યો !** આહા... મોટા શેઠે મારું નામ નાના શેઠને આપ્યું ! એની વફાદારીને આ કલ્પના એટલી સ્પર્શી ગઈ કે એની તથ્યાતથ્યની ચર્ચા કરવાનું એને જ પસંદ ન પડ્યું.

મોટા શેઠની યાદ આવતા જ એ ભાવવિભોર બની ઊઠ્યો. આંખમાં ઝળઝળિયા આવી ગયા. જીવન સફળ લાગ્યું. જાણે મોતની પણ એને પરવાહ ન રહી. આગંતુક વ્યક્તિ ગજબનો પાવરધો હતો. તેણે ધાર્યા શબ્દો બોલી ધારી અસર નીપજાવી હતી. હવે સાચા-ખોટાનો વધુ વિવેક તે વૃદ્ધ કરી શકે તેમ ન હતો.

ત્યાં જ ફરીથી આગંતુક વ્યક્તિ બોલી - ''મારા સાહેબ ! હવે થોડી ઝડપ કરશો. બાકી કદાચ નાના શેઠ કોઈક આફતમાં મૂકાઈ જશે. મોટા શેઠે આપના ઉપર મૂકેલો વિશ્વાસ નાના શેઠને કદાચ અસ્થાને જણાશે.

અત્યારે તો પલે પલ ગણાય છે. અણીનો વખત જો ગુમાવી બેસશું તો પછી પહોંચવું - ન પહોંચવું બધું એક સરખું જ છે. આ ઘાસ-રૂ વગેરે પણ સંભાળીને લઈ જવાનું છે. થોડી ઉતાવળ કરો.' વૃદ્ધ પુરુષ તરત જ કામે લાગ્યો. અંધાર ઘેરી રાતમાં આ બન્ને જણા મંદિરમાં રસ્તો શોધી રહ્યા છે.

**આ મંદિર એવી જગ્યાએ હતું કે જ્યાં દિવસે પણ આવતા લોકો ડરતા. બાજુમાં જ જંગલ હતું. જંગલી પશુના ક્યારેક ક્યારેક રસળતા રસળતા આવી પડતા શબ્દો વાતાવરણની ઘેરી નિઃસ્તબ્ધતાને વધુ ભયંકર બનાવી નાંખતા**



[વૃદ્ધ પુરુષ સાથે ગુપ્ત રસ્તે પ્રવેશ]

હતા. લગભગ આ મંદિર અપૂજ જેવું દેખાતું હતું. ક્યારેક ક્યારેક જ પૂજારી આવી પૂજા કરી જતો. જાળા-કચરો વગેરે પણ વધી રહ્યા હતા. મંદિરની હાલત પણ બિસ્માર જેવી જણાતી હતી.

બન્ને જણા આ મંદિરમાં પેઠા થોડા આમ-તેમ આંટા મારી પછી સીધા ગર્ભગૃહ તરફ ગયા. આગંતુક વ્યક્તિ સહેજ આજુબાજુ નજર કરી મંદિરની હાલત જોવામાં પડ્યો. કાચોપોચો માણસ તો આ મંદિરની ભેંકારતાને અનુભવીને જ છળી જાય. ગર્ભગૃહમાં પ્રવેશ કરતા જ બે ચામાચીડીયા ગભરાઈને ઉડ્યા. કેટલા ય ચામાચીડીયાઓએ ઘર બનાવી લીધા હતા.

**આગંતુક વ્યક્તિને નવાઈ તો એ લાગી કે આ વૃદ્ધ પુરુષ આટલી ઉંમરે આવા વાતાવરણમાં પણ હિંમતભેર આગળ વધી રહેલ હતો. પગમાં સહેજે થડકાટ ન હતો.** આગંતુક વ્યક્તિને પલભર વિચાર આવી ગયો કે કદાચ આને અસલિયતની જાણ થઈ જાય કે શંકા પડે અને મારે ઝપાઝપી થાય તો કોણ જીતે ?... લાગ્યું કે કદાચ જીત મારી થાય.

પણ, આ વીરપુરુષ મને લોહીલુહાણ કર્યા વિના ન રહે. આની સાથે સામે મોંએ યુદ્ધ કરવાનો મતલબ એ જ થતો હતો કે સિંહને છંછેડવો, સાપના બિલમાં હાથ નાંખવો.

આગંતુક હજુ આવા વિચારમાં છે ત્યાં અવાજ આવ્યો - 'આ બાજુ !' અવાજ સાંભળી આગંતુક વ્યક્તિ ગર્ભગૃહમાં પ્રવેશી, ગર્ભગૃહમાં ઘેરી નિઃસ્તબ્ધતા અને ગાઢ-પ્રગાઢ અંધકાર છવાયેલ હતો. કશું જ દેખાતું ન હતું. અવાજના આધારે દિશા નક્કી કરી તે આગળ વધ્યો.

ત્યાં પાછો અવાજ આવ્યો, 'તમારી પાસે દીવો કરવાનું સાધન છે ?'

આગંતુકે હકારમાં ઉત્તર વાળ્યો. પોતે ઘાસ, રૂની સાથે ચકમકના પથ્થર પણ લઈ આવ્યો હતો. હાથથી ખાંખાખોળાં કરતા કરતા કોડીયું અને ઘી પણ મળી ગયું. કોડીયું ખાસું મોટું હતું. ઘી પણ સારા પ્રમાણમાં હતું. તરત જ ચકમક ઘસી દીવો પેટાવ્યો. વાતાવરણમાં શાંત પ્રકાશ ફેલાઈ રહ્યો. ચામાચીડીયાઓમાં થોડો ખળભળાટ થયો. દૂરથી આવતો ઘુવડનો કે ચિબરીનો અવાજ વાતાવરણને વધુ ભયંકરતા અર્પતો હતો.

દીવાનો પ્રકાશ થતાં જ વૃદ્ધ પુરુષે તરત પોતાનું કામ શરૂ કર્યું. આગંતુક વ્યક્તિને કશું કામ ન હોવાથી તેણે મંદિરનું નિરીક્ષણ કર્યું. **દીવાના પ્રકાશમાં એની નજર ગર્ભગૃહની વચ્ચોવચ્ચ રહેલી મૂર્તિ ઉપર પડી અને એ છળી ગયો. શું ભયાનક મૂર્તિ ! બીજા કોઈ સમયે પોતે એકલાએ જો આ મૂર્તિને આવા વાતાવરણમાં જોઈ હોત તો ચોક્કસ ધબકારા ત્યાં ને ત્યાં બંધ થઈ જાત.**

જીભ બહાર, આંખોનો ભયંકર રીતે ચમકાટ, ગળામાં નરમુંડની માળા, વિકરાળ હાસ્યમુદ્રા.... વર્ણન અશક્ય થઈ પડે તેવી એ મૂર્તિ હતી. એમાં ય આંખની જે ચમક હતી, તે ઘડીભર પ્રતિમા જીવંત હોવાનો ભ્રમ પેદા કરતી હતી. પલ-બે પલ માટે આગંતુક આંખ મીંચી ગયો.

થોડી વાર બાદ એણે વૃદ્ધને પૂછ્યું - 'આ મૂર્તિની પૂજા કોણ કરે છે ?' 'કહે છે કે કાપાલિકો ઘણી વાર રાત્રિના અહીં આવતા હોય છે. એના લીધે જ આ મંદિર છે. અહીં એનો ભય પણ ઘણો ફેલાયેલો છે.

રાત્રિના તો આ બાજુ આવવાની કોઈ હિંમત જ નથી કરતું. એટલે આ રસ્તો પણ એકદમ ગુપ્ત રહી શક્યો છે.'

આગંતુક વ્યક્તિના આખા શરીરમાં ભયનું ઠંડું લખલખું પસાર થઈ ગયું. રોમે રોમ ઊભા થઈ ગયા. વૃદ્ધ પુરુષ તો મસ્ત હતા. જાણે ભયની કશી અસર જ નથી. આ જોઈને આગંતુક વ્યક્તિના મનમાં શરમ ઉપજી.

વૃદ્ધ પુરુષ પોતાનું કાર્ય કરે જતા હતા. બહુ આછા સંસ્કાર મગજમાં હતા. છતાં તે તે વસ્તુને જોતા તેમની યાદશક્તિ ખીલતી ગઈ. આખરે દ્વાર જડી ગયું. મૂર્તિની બરોબર પાછળના ભાગમાં જ દ્વાર હતું.

એની કળ વૃદ્ધ પુરુષે આગંતુક વ્યક્તિથી અજાણી જ રાખી. દ્વાર ખૂલવાનો અવાજ આવતા જ આગંતુક વ્યક્તિ મૂર્તિનું નિરીક્ષણ પડતું મૂકી અવાજની દિશામાં આવી ગયો. જોયું તો દરવાજો ખૂલી ગયો હતો. અંદર ગાઢ અંધકાર ફેલાયેલો હતો.

દીવો લાવી વૃદ્ધ પુરુષે અંદર જોયું. દીવાની જ્યોતિથી વરસો જૂનો અંધકાર ભેદાઈ ગયો. અજવાળું ફેલાયું. નીચે ઉતરવાના પગથિયા દેખાતા હતા. ઘોડા સાથેનો માનવ આખો આવી જાય તેવી ઊંડાઈ હતી.

આગંતુક વ્યક્તિ આ જોઈને આશ્ચર્યચકિત થઈ ગઈ. એણે પૂછ્યું - 'આ જ રસ્તો સીધો જૂની હવેલીએ પહોંચશે ?'

વૃદ્ધ પુરુષે માત્ર માથું હલાવી હકારમાં જવાબ વાળ્યો. આગંતુક વ્યક્તિ મનમાં ને મનમાં મલક્યો. શેઠ બહારથી ગમે તેટલી વ્યવસ્થા ગોઠવે. હવે બંદા મજેથી નાની હવેલીએ (= જૂની હવેલીએ) પહોંચી જવાના. આદિત્ય થોડી ઘડીનો મહેમાન છે.

**આ આગંતુક વ્યક્તિ જાણે નાસીર જ છે ! કારણ કે નાસીર જેવો જ તેનો દેખાવ છે. હવે એની મંઝીલ એનાથી દૂર નથી. શેઠની રક્ષણવ્યવસ્થામાં છીંડું પાડવામાં તે સફળ થયો હતો. સાથે ઘાસ-રૂ અને દીવો છે. હવે તો ત્યાં જે ખેલ થાય તે ખરો !**

✷




# આદિત્યનું ખૂન ???

રાત્રિનો ગાઢ અંધકાર સર્વત્ર વ્યાપ્ત છે. ઘેરી નિઃસ્તબ્ધતા છવાયેલી છે. આખા વાતાવરણમાં એક પ્રકારની ઘેરી ચૂપકીદી ફેલાયેલી હતી. વચ્ચે વચ્ચે સંભળાતા ચિબરીના અવાજ વાતાવરણને ભયાનકતા બક્ષતા હતા. વાતાવરણમાં તીવ્ર શાંતિ હતી. ક્યાંય કશો પદસંચાર ન હતો, પદરવ ન હતો.

એમાં ય શહેરના અંતિમ ભાગે આવેલા એ મંદિર તરફ તો વાતાવરણ અત્યંત ભયાનક હતું. **હવામાં સતત ભયના ભણકારા સંભળાતા. એની હવામાં પ્રવેશનારો આપોઆપ ભયના ઓથાર હેઠળ આવી જતો. ભલભલા મજબૂત છાતીવાળાની પણ છાતી બેસી જાય તેવી ભયંકર રાત હતી. કપડવંજના એ મંદિર તરફ સૂર્યાસ્ત પછી તો ભૂલે ચૂકે પણ કોઈ ફરકતું નહીં.**

આવા સમયે મંદિરમાંથી આવી રહેલો દીવાનો પ્રકાશ પ્રેતસૃષ્ટિનો ભ્રમ પેદા કરાવતો હતો. દીવાનો પ્રકાશ વાતાવરણને વિચિત્ર બનાવી રહેલ હતો. એ દીવાના પ્રકાશમાં મંદિરની અંદર બે જણા કોઈક ભૂગર્ભ માર્ગે પ્રવેશ કરવાની વ્યવસ્થા કરી રહ્યા હતા.

એક આગંતુક વ્યક્તિ નાસીર એટલે કે એના જેવા જ બાંધાવાળી હતી. જેને આગંતુક વ્યક્તિ તરીકે જ આપણે ઓળખીએ છીએ. એક શેઠનો વૃદ્ધ સેવક હતો. એને ભૂગર્ભ રસ્તાની જાણ હતી. રસ્તો મળી ગયો હતો.

સારા એવા પ્રમાણમાં ઘાસ-રૂ વગેરે લઈને પાછળ આગંતુક વ્યક્તિ આવતી હતી. આગળ દીવાની સાથે વૃદ્ધ પુરુષ હતો. લાંબો સમય દીવો ચાલે તેમ હતો. બન્નેએ ભૂગર્ભ રસ્તાની અંદર પ્રવેશ કર્યો. જુગ-જુગ જૂનો અંધકાર દીવાના પ્રકાશે ભેદી નાંખ્યો. બન્નેએ પોતાનો પ્રવાસ ઝડપી કર્યો.

માર્ગમાં ક્યાંય કશી તકલીફ ન પડી. ભૂલભૂલામણી વચ્ચે ઘણી હોવા છતાં વૃદ્ધ પુરુષ જાણકાર હોવાથી ક્યાંય કશી મુસીબત ન નડી. સાવચેતીપૂર્વક જતાં જતાં લગભગ એકાદ ઘટિકા જેટલો સમય વીતી ગયો હતો.

આ બાજુ શેઠ જૂના મહેલમાં પોતે નક્કી કરેલા સ્થાને ગોઠવાઈ ગયા હતા. આજે સમય સાચવી લેવાનો હતો. 'તકને જે સાચવી જાણે છે, તક તેને સાચવી લે છે' - આ ઉક્તિને શેઠ સારી રીતે સમજતા હતા. ચોકીદારો સિવાય કોઈનો અવાજ સંભળાતો ન હતો. ચોકીદારોના અવાજથી સજાગ ચોકીનો ખ્યાલ શેઠને આવી જતો હતો.

શેઠના મગજમાં આ જ વિચાર ચાલી રહ્યા હતા કે 'જો નાસીર આવશે તો આવશે ક્યાંથી ? સર્વત્ર ચોકીદારો જાગૃત છે. આટ-આટલી ચોકી વટાવી તે આવશે કેવી રીતે ? કેટલા માણસો સાથે આવશે ? શેઠને પળભર વિચાર આવી ગયો - 'કદાચ એ ભૂગર્ભમાર્ગે તો નહીં આવે ને ?' પણ તે વિચાર આવ્યો તેવો ચાલ્યો ગયો. કારણ કે શેઠને વિશ્વાસ હતો કે આ ભૂગર્ભ માર્ગોની જાણકારી મારા સિવાય કોઈને નથી. ઘણી વખત આ સત્યની ખાતરી પણ શેઠને થઈ હતી. માટે, એ બાબતે શેઠ નિશ્ચિંત હતા.

એટલે જ વધારેમાં વધારે ચોકીદારો જૂની હવેલીની બહાર મકાનને ફરતે ગોઠવાયા હતા. હવેલીની અંદર માત્ર પાંચ જ જણ દેખાતા હતા. આયુધ, કૃપાણ, શેઠ - આ ત્રણ જણા અલગ અલગ જગ્યાએ પોત-પોતાનું સ્થાન લઈને ગોઠવાયા હતા.

આ ત્રણેય વચ્ચે નેત્રસંદેશાની આપ-લે થઈ શકે તેમ હતી. કાર્તિક હવેલીની બહાર હતો. તેની નજર સતત ચારે કોર ફરતી રહેતી. છૂપી રીતે પણ કોઈ ચકલું ય અંદર ન ફરકી જાય તે જોવાની જવાબદારી એની હતી.

થોડીવાર થઈ અને શેઠ **જૂની હવેલીમાં અંદર એક ચક્કર લગાવી પાછા**

**પોતાના સ્થાને ગોઠવાઈ ગયા. ક્યાંય કરતા ક્યાંય કોઈ અજૂગતી હિલચાલ કે શંકાસ્પદ બનાવ - કશું જ દેખાતું ન હતું.** સમય પસાર થઈ રહ્યો હતો.

શેઠને થઈ ગયું કે - 'કદાચ નાસીર નહીં આવે. આ વ્યવસ્થા જોઈ તે પાછો વળી ગયો હશે.' ત્યાં તો રાત્રિના બીજા પ્રહરની સમાપ્તિસૂચક ઘોષ સંભળાયો. મધ્યરાત્રિનો સમય થઈ ચૂક્યો હતો. સમય પસાર થઈ રહ્યો હતો.

આ બાજુ નાસીર અને વૃદ્ધ લાંબી દડમજલના અંતે બરાબર ભૂગર્ભમાર્ગના અંતિમ ભાગમાં આવી પહોંચ્યા. હવે એ આગંતુક વ્યક્તિ વધુ સાવચેત થઈ ગઈ. કટોકટીનો સમય આવી ગયો હતો. જેવો આ દરવાજો ખૂલે કે તરત જ આ વૃદ્ધ પુરુષને બંધનમાં નાંખી દેવો જરૂરી હતો. બાકી ભાંડો ફૂટી જાય તેમ હતો. દરવાજો ખૂલતા જ શું પરિસ્થિતિ હશે ? તેની શી જાણ થાય ?

એવે વખતે જો આ વૃદ્ધ પુરુષને શંકા જાય તો આની સાથે મુકાબલો લેવો ભારે પડી જાય. એની સાથેની ઝપાઝપીના અવાજમાં બીજું કોઈ ત્યાં આવી ચડે તો ત્યાં ને ત્યાં શરણે થવું પડે. મુખ્ય ઉદ્દેશ્ય તો અધૂરો જ રહી જાય. એક વાર એ ઉદ્દેશ પાર પડે પછી મોત ભલે ને આવતું.

પેલા વૃદ્ધ પુરુષે દીવાની મદદમાં થોડી તપાસ કરી અને કળ મળી આવી. કળ જોઈને નાસીર જેવી આગંતુક વ્યક્તિને ધ્યાનમાં આવી ગયું કે આ કળને જ દબાવવાથી દરવાજો ખૂલી જશે. હવે આ વૃદ્ધ પુરુષને છૂટો ન રખાય.

સામે મોંએ આમને બંધનમાં નાંખવા તે હાથે કરીને આત્મઘાત કરવા બરાબર હતું. અત્યારે તેને સામે મોંએ યુદ્ધ આપવું તે નિરર્થક હતું. એમાં જય મેળવવો પરાજય કરતા ય બદતર હતો. આવા વૃદ્ધની સામે લડવું જ શરમ લાવી દે તેમ હતું. એટલે દગો કર્યા વિના બીજો કોઈ ઉપાય ન હતો. ને આમે'ય એને સંસ્કાર દગાના જ હતા. ધર્મ સિવાય લગભગ તેઓ બીજે કશે વફાદાર ન રહી શકતા. દગો કરવામાં કોઈ બાધક ન બનતું.

જેવો વૃદ્ધ પુરુષ કળ દબાવવા માટે આગળ વધ્યો કે તરત જ ચિત્તા જેવી ઝડપે, ઘાસના પૂળામાં રહેલી દોરી દ્વારા વૃદ્ધ પુરુષને બંધનમાં લેવા માટે, વૃદ્ધ પુરુષ ઉપર કૂદ્યો. હજુ વૃદ્ધ પુરુષ કંઈક વિચારે કે તે પહેલા જ તે બંધનમાં આવી પડ્યા.

આ બાબતમાં આગંતુકની ઝડપ જોનાર શત્રુ પણ એને ધન્યવાદ આપ્યા વિના ન રહી શકે. એટલી ચીલઝડપે એણે કાર્ય પતાવ્યું હતું કે વૃદ્ધ પુરુષ પણ ઘડીભર કશું સમજી ન શક્યા. સમજીને કંઈક બોલવા જાય ત્યાં તો તેમના મોઢામાં કપડાનો ડૂચો આવી ગયો. આંખે પાટા બંધાઈ ગયા. પગ પણ બંધનમાં જતા રહ્યા. સાવ જ અવશ સ્થિતિમાં વૃદ્ધ પુરુષ આવી ગયા. એમને આવી બંધન અવસ્થામાં ધકેલી આગંતુક દરવાજો ખોલવા આગળ ગયો.

વૃદ્ધ પુરુષ એકદમ લાચાર અવસ્થામાં હતા. કશું જ કરી શકે તેમ ન હતા. જ્યારે એમને આ બાબતની ખબર પડી કે – ''આ દગો થયો છે.'' ત્યારે તેમને ભયંકર આઘાત લાગ્યો. **આ ગુપ્ત માર્ગ એક અજાણી વ્યક્તિને પોતે બતાવી દીધો** – આ બાબત તેમને શૂળની જેમ ખૂંચી રહી હતી. આખી જિંદગી દરમ્યાન જાળવેલી વફાદારી ઉપર બટ્ટો લાગ્યો હતો.

એમનું લોહી ઉકળી આવ્યું. કોઈ એમને બંધનમાંથી મુક્ત કરે તો એ આગંતુક વ્યક્તિને યુદ્ધ આપ્યા વિના ન રહે. આ વૃદ્ધ ઉમ્મરે એ મર્દાનગીપૂર્વક લડે અને કદાચ સામેવાળાને શિકસ્ત આપીને જ રહે. આ બાજુ આગંતુક વ્યક્તિએ કળને જમણી બાજુ ફેરવી. પણ, દરવાજો બિલકુલ ખૂલ્યો નહીં. કળ દબાવી તો પણ દરવાજો ન ખૂલ્યો. ઘણી મહેનત કરી. બીજી કળ શોધવા માટે પણ ઘણો પ્રયત્ન કર્યો. પણ કશું જ મળ્યું નહીં.

સમય પસાર થઈ રહ્યો હતો. સમયસર પહોંચી જવું જરૂરી હતું. બાકી ગોઠવાયેલી આખી યોજના ધૂળમાં જાય તેમ હતી. તેણે ઉતાવળ કરી. પણ કશું જ ફળ ન મળ્યું. હવે વૃદ્ધ પુરુષ કદાચ મરી જાય છતાં આ અંગે કશું કહે નહીં – એ બાબત ઉપર આ આગંતુક વ્યક્તિને પણ વિશ્વાસ હતો.

માટે, કોઈ જ પ્રયત્ન એ દિશામાં આગંતુક વ્યક્તિએ ન કર્યો. આખરે કોઈ જ ઉપાય કારગત ન નીવડ્યો ત્યારે એ વૃદ્ધ પુરુષ પાસે ગયો. વાત કરી કે 'તમે દરવાજો ખોલવાની પદ્ધતિ બતાવો તો તમને બંધનમાંથી મુક્ત કરી દ્વંદ્વયુદ્ધ કરવાની તક આપું. પછી તેમાં જે જીતે તેનું ધાર્યું થાય.'

જેવી વૃદ્ધને ખબર પડી કે 'આને દરવાજો ખોલતા નથી આવડતું' કે

તરત જ તેમણે નક્કી કરી લીધું કે હવે એ ગમે તે લાલચ આપે, પણ તેનો ભરોસો ન કરાય. જો કે વૃદ્ધને ખબર હતી કે થોડી જ બુદ્ધિ વાપરે તો દરવાજો ખૂલી જવાનો હતો. છતાં અત્યારે તો એ જ પ્રાર્થના કરવાની રહી કે દરવાજો ખોલવાની યુક્તિ આને ન મળે.

આગંતુક વ્યક્તિ વૃદ્ધનો નકારમાં જવાબ સાંભળી તરત જ પાછો પોતાના પ્રયત્નમાં લાગી ગયો. કારણ કે આ કાળી ડિબાંગ શિલા સાથે માથું અફળાવવાનો પ્રયત્ન કરવા કરતાં કળ શોધવાનો પ્રયત્ન કરવામાં સફળતાની વધુ શક્યતા જણાઈ. શરીરની પ્રત્યેક શક્તિને તેણે માત્ર કળ શોધવામાં ખરચી. પણ, નવી કળ ન મળી તે ન જ મળી.

આખરે થાકી હારી પાછી જૂની કળને અજમાવી જોવાનું મન થયું. ફરી તે જ કળને બે-ત્રણ વાર ફેરવવાનો પ્રયત્ન કરી જોયો. પણ, કોઈ કારી ન ફાવી. અચાનક કંઈક વિચાર આવતા તે કળને ઊંધી રીતે ફેરવવાનો પ્રયત્ન કર્યો. નસીબ જાગી ગયું. ગડગડાટી બોલી દિવાલમાં ધ્રૂજારી ઊપડી. ઘણા મંદ છતાં ગહેરા અવાજ સાથે દરવાજો ખૂલી ગયો.

આગંતુક વ્યક્તિના મોઢા ઉપર પ્રસન્નતા ફરી વળી. વૃદ્ધ પુરુષના કાનમાં આ અવાજ પડતાં જ તે હતાશ થઈ ગયો. તેને પોતાનું જીવન વ્યર્થ લાગ્યું. આના કરતા એને મરણ વધુ મીઠું લાગ્યું હોત. અસલ રજપૂતી સ્વભાવને હજુ પણ તે જ રીતે ધરાવનારા આ વૃદ્ધ પુરુષને આ પળ અકારી થઈ પડી.

કંઈક કરવા નસેનસમાં ગરમ લોહી વહેવા માંડ્યું. આપઘાત કરવો તે તેમના મનથી ભીરુતાની અવધિ હતી. ભવ્ય જીવન કરતા ભવ્ય મરણ તેમને મન વધુ જરૂરી હતું.

ગમે તેમ કરી એક વાર આ કલંકને ભૂંસી નાંખવા માટે તે તલસી રહ્યા. પણ, પોતે સર્વથા લાચાર હતા. કોઈ જ ઉપાય અત્યારે તેમને દેખાતો ન હતો. વૃદ્ધ પુરુષના બંધનો સજ્જડ હોવાથી તેના તરફથી લેશ પણ ભયની આશંકા રાખ્યા વિના તે સાવચેતીથી દરવાજાની બહાર નીકળ્યો.

બહુ આછો... નહીંવત્ ઉજાસ ઓરડામાં આવતો હતો. આ ઓરડો ક્યાં હતો ? કયા વિભાગમાં હતો ? તેનું કશું જ ભાન આ આગંતુક વ્યક્તિને

હતું નહીં. માટે, તે સાવચેતીથી બહાર નીકળ્યો. ચારે બાજુ નજર ફેરવી, કાન પણ સતેજ કર્યા. ક્યાંય કોઈ હિલચાલ હોય તેવું જણાયું નહીં.

થોડે દૂરથી કોઈની હલનચલનના અવાજ સંભળાઈ રહ્યા હતા. પણ તેનાથી ભય રાખવા જેવું જણાયું નહીં. ઘણાં દૂરથી અવાજો આવી રહ્યા હતા.

આગંતુક વ્યક્તિએ ત્વરાથી ઘાસ-રૂ વગેરે બધી સામગ્રી બહાર કાઢી દીવો પણ લીધો. દીવાના પ્રકાશમાં પોતે જે ઓરડામાં આવ્યો હતો તે ઓરડો બરાબર નજર હેઠળ આવ્યો. ઓરડાની દીવાલ ઉપર નજર ફેરવી. પોતે જે ભૂગર્ભમાંથી બહાર આવ્યો હતો તે તરફની દિવાલમાં એક કળ દેખાઈ. તરત જ બધી સામગ્રી બહાર કાઢી તે કળ ફેરવી દિવાલ યથાવત્ કરી દીધી. હવે કોઈ કહી શકે તેમ ન હતું કે અહીં કોઈક ભૂગર્ભ માર્ગ હશે. પોતે ભોંયતળિયા અને દિવાલના સંધિસ્થાનમાંથી આવ્યો હતો. એ ભોંયતળિયું એવું તો બરાબર બેસી ગયું હતું કે તે જોઈ પલભર આગંતુક વ્યક્તિ પણ આશ્ચર્યચકિત થઈ ગઈ.

આ અવાજ કોઈને સંભળાઈ ગયો હોય અને કોઈ અહીં આવી રહ્યું હોય - તેવું નથી ને ? તેણે કાનને સતેજ કર્યા. પણ, કોઈનો પદરવ નજીકમાં ન સંભળાયો. એમ પણ દરવાજો ખોલ-બંધ થતા એકદમ મંદ અવાજ થાય તેની કાળજી આ રચના કરનારે લીધી હતી. માટે, ઝાઝો અવાજ થતો ન હતો. તથા આ ઓરડો બરાબર બંધ હતો. માટે અવાજ બહાર જાય તેવી શક્યતા નહીંવત્ થઈ જતી હતી.

હવે જ ખરું કામ શરૂ થતું હતું. થોડું મોડું થઈ ગયું હતું. છતાં એ ત્વરાથી કામે વળગ્યો. સાવચેતીથી ઓરડાનો દરવાજો ઉઘાડ્યો. બહાર જોયું.

ક્યાંય કોઈની હાજરીનો અંદાજ મળ્યો નહીં. દરવાજો આખો ખોલી એ બહાર આવ્યો. આ ઓરડાને ત્રણે દિશામાં ઘેરતો એક મોટો ઓરડો હતો. એ ઓરડામાં કોઈ હતું નહીં.

એ મોટો ઓરડો જોતા એને આખી હવેલીનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું. આખી હવેલીનો નકશો પોતે મગજમાં અંકિત કરીને જ નીકળ્યો હતો. એમાં આ ઓરડો જોતા જ હવે સમજાઈ ગયું કે પોતે ક્યાં હતો ? બરાબર આની

સામેની દિશામાં ઉપરના માળે આદિત્યનો ઓરડો હતો. માટે, જે પણ લોકો હશે તે બધાં તે દિશામાં જ હશે. એ વાત આગંતુકના મનમાં આવી ગઈ.

પોતે એકદમ બરાબર દિશામાં આવ્યો હતો – તે જાણી તેને ખૂબ આનંદ આવ્યો. આ મોટા ઓરડામાં બે ત્રણ બારીઓ હતી. બારીની બહાર તેણે દૃષ્ટિ કરી. દૂર-દૂર સુધી સૂકું ઘાસ ફેલાયેલું હતું. થોડે દૂર કોટ ઉપર સૈનિકો ફરતા હતા. સૈનિકો/ચોકીદારો વગેરેનું પ્રમાણ ખાસું જણાતું હતું.

આ મોટા ઓરડાને ખોલી સાવચેતીથી એણે બહાર નજર નાંખી. ચારે તરફ ઘેરો સન્નાટો છવાયેલો હતો. સામે પણ આવો જ એક ઓરડો હતો. વચ્ચે મોટો વિશાળ હોલ હતો. હોલમાં જવું તો આપઘાતી હતું. ગમે ત્યારે કોઈની પણ નજરમાં પકડાઈ જવાય. ઓરડો પાછો યથાવસ્થિત બંધ કરી તરત જ એ ઓરડાની બહારની તરફ પડતી બારીમાંથી એ બહાર કૂદ્યો.

લગીરે અવાજ ન થાય તેની સાવચેતી રાખતા રાખતા એ કામ કરી રહ્યો હતો. નીચે જઈ સારા એવા પ્રમાણમાં સૂકું ઘાસ ભેગું કરવાનું કામ કર્યું. સારા એવા મોટા ઘાસના ચારથી પાંચ પૂળા વાળ્યા. અને થોડા થોડા અંતરે ગોઠવ્યા. પોતે પણ ઘણી બધી સામગ્રી લાવ્યો હતો. તે બધી ઘીથી ભરપૂર હતી. એ બધી મકાન ઉપર ચીપકાવી મકાનને ઘીથી લેપવા માંડ્યો. જો કે કંઈ એટલાથી મકાન સળગે નહીં. પછી તેણે એક દાંડા જેવી લાકડી ઉપર મોટું કપડું બાંધ્યું. આ બધી તૈયારી ખૂબ જ ઝડપથી આટોપી પીધી.

આગંતુક વ્યક્તિની આ એક ખાસિયત અજબની હતી. ત્વરા ! દરેક કાર્ય એ એટલી ત્વરાથી કરી દેતો કે પળ – બે પળ તો કોઈ પણ માણસ અજાયબ જ થઈ જાય. એની આંખોમાં વિદ્યુત હતું. એની દરેક ચેષ્ટામાં વિદ્યુત જેવી ચપળતા હતી. આ બધી બાબતો પૂર્વયોજિત હતી.

અત્યાર સુધી તો બધું ધાર્યા મુજબ જ થયું હતું. આ સંકેત અનુસારે જ આગળની યોજના આગળ ધપવાની હતી. દૂરથી કોઈ ચોકીદારનું ધ્યાન પણ અહીં ખેંચાયું ન હતું. પણ, હવે ખેંચાવાનું હતું. બધી તૈયારી વ્યવસ્થિત થઈ ગઈ છે તે જોઈ પોતાના શસ્ત્રાસ્ત્રને પાછા વ્યવસ્થિત કરી જે દીવો પોતે લઈ આવ્યો હતો. તે દીવા દ્વારા આગ ચાંપી દીધી.

એક સાથે ૮-૧૦ જગ્યાએ લગાવેલી આગે તરત જ વ્યાપક રૂપે રૌદ્ર સ્વરૂપ પકડ્યું. તરત મહાન કોલાહલ ઉઠ્યો. બધાં ચોકીદારોનું ધ્યાન તે તરફ ખેંચાયું. બધાં તે તરફ દોડ્યા. હજુ બધાં કંઈક વિચારે તે પહેલા આકાશમાંથી વધુ સળગતા અંગારા પડ્યા. બાજુના મકાનની અગાશીમાંથી, પાસેના વૃક્ષોમાંથી, ચારે દિશામાંથી સળગતા અંગારા અને જ્વલનશીલ વસ્તુઓનો વરસાદ થયો. તક બરાબર સધાઈ હતી. સંકેત મુજબ બરાબર કાર્ય થયું હતું.

આગંતુક વ્યક્તિએ પૂર્વે એક વાર આ હવેલીની મુલાકાત લઈ બરાબર નિરીક્ષણ કરી લીધું હતું. અહીં ઘણી બધી જ્વલનશીલ વસ્તુઓ છે તે તેના ધ્યાનમાં હતું. તેનો જ તેણે ઉપયોગ કર્યો. ચારે દિશાના ચોકીદારો આ વ્યાપક થતી આગને બૂઝવવાના પ્રયત્નોમાં લાગી ગયા. ઘોર અંધારામાં આ આગથી ફેલાયેલ અજવાળું કંઈક અલગ જ ભીષણતા ધારી રહેલ હતું. વાતાવરણમાં પ્રકાશ ઘણો વધી ગયો હતો. આગ પણ ઝડપભેર પ્રસરી રહી હતી.

આગની તો કોઈએ કલ્પના પણ કરી નહતી. માટે, પળભર બધા અસ્તવ્યસ્ત થઈ ગયા. અવ્યવસ્થા જન્મી. કોઈ પાણી લેવા માટે દોડ્યા. કોઈ બીજું કંઈક લેવા દોડ્યા. બધે આગ મુખ્ય પ્રશ્ન થઈ પડી. ચોકીની મહત્તા ઓસરી ગઈ. ચોકીઓમાં ભંગાણ સર્જાયું હતું.

આ બધો કોલાહલ સાંભળી શેઠ, આયુધ, કૃપાણ, કાર્તિક બધાં તરત જ બહાર આવ્યા. અચાનક આપત્તિ આવેલી જોઈ શેઠ પણ પળભર સ્તબ્ધ થઈ ગયા. ચારે બાજુ અવ્યવસ્થા જન્મી હતી. ત્યાં શસ્ત્રો ખખડ્યા.

આગંતુક વ્યક્તિના જ કેટલાક લોકો અંદર પ્રવેશવા મથામણ કરી રહ્યા હતા. અને તેમાં મૂઠભેટ જામી પડી હતી. બધું પૂર્વયોજિત હતું. આમાં કોઈને પણ અંદર ઘૂસી જવું હોય તો સરળ પડે તેમ હતું. માટે શેઠ બરાબર સાવધાન થઈ ગયા. ક્યાંક દગો ન થઈ જાય. પણ, દગો તો થઈ ગયો હતો.

છેક હવેલીની અંદર ઘૂસી ગયેલ આગંતુક વ્યક્તિએ જેવું જોયું કે બધાં બહાર તરફ ધસી ગયા છે કે તે તરત જ ત્વરાથી એ ઉપરના માળે ચડ્યો. ઉપરનો માળ પણ સૂમસામ હતો. ક્યાંય કોઈની હાજરી જણાતી ન હતી. તેણે ત્વરા કરી આદિત્યના ઓરડાની જ દિશા લીધી.

ઝડપથી આદિત્યના ઓરડા તરફ તે ધસી ગયો. આદિત્યનો ઓરડો શોધવાની જરૂરત પડે તેમ ન હતી. કારણ કે એ એક ઓરડામાં જ દીવાનો પ્રકાશ દેખાતો હતો. બાકી બધે ઘોર અંધકાર હતો.

પોતે એક વાર આ સ્થળની મુલાકાત લઈ ચૂક્યો હતો. માટે ફાંફા મારવાની જરૂરત ન હતી. આ બાજુ અચાનક શેઠના મનમાં વિચાર ઝબૂક્યો કે આ આગ કંઈ આકસ્મિક નથી. પણ, પૂર્વયોજિત છે. માટે ચોક્કસ નાસીરે અંદર પ્રવેશ કરી લીધો હોવો જોઈએ. પણ, એ ચોકીઓને વટાવીને આવે કેવી રીતે ? કોઈકની નજરે તો એ ચડે જ, કંઈક તો કોલાહલ થાય જ. નાસીર કદાચ પહેલા જ, આ આગ લાગી તે પહેલાં જ અહીં ક્યાંક આવી પહોંચ્યો હતો. એણે જ આ અવ્યવસ્થા જન્માવી હતી. પણ, એની પાછળ એનો હેતુ શો ?

અરે ! કદાચ... અને એ વિચાર આવતાં જ શેઠ તરત ત્વરાથી હવેલીની અંદર પાછા વળ્યા. શેઠને અંદર ભાગતા જોઈ કાર્તિક અને આયુધ બન્ને પણ શેઠની પાછળ દોડ્યા. ચીલ ઝડપે શેઠે સીધી આદિત્યના ઓરડાની જ દિશા પકડી. સપાટાબંધ દાદરા ચડી સીધા અદિત્યના ઓરડે જ પહોંચ્યા. જ્યાં અંદરનું દશ્ય જોયું કે શેઠ સ્તબ્ધ થઈ ગયા !

નાસીર અંદર પહોંચી ચૂક્યો હતો. નાગી તલવાર તેના હાથમાં હતી. શેઠ પહોંચ્યા કે તેની સાથે જ તેણે ઘા કરી દીધો. લોહીનો ફૂવારો છૂટ્યો. લોહીના છાંટા નાસીર અને તેની તલવાર બન્ને ઉપર ઉડ્યા.

એ લોહી નીંગળતી હાલતે તલવાર પકડીને ઉભેલા નાસીરને રાત્રિના ઘોર અંધકારમાં, માત્ર દીવાના પ્રકાશમાં ઊભેલો જોઈ કોઈ બહાદુર પણ છળી જાય. દીવાનો પ્રકાશ વાતાવરણને વધુ બિહામણું કરી મૂકતો હતો. શેઠની પાછળને પાછળ દોડેલા કાર્તિક અને આયુધ આવી પહોંચ્યા.

તે પણ આ દશ્ય જોઈ સ્તબ્ધ થઈ ગયા ! હેબતાઈ ગયા ! શેઠની બધી મહેનત પાણીમાં જઈ રહી હતી. નાસીર ફાવી ગયો હતો. શેઠ પળ-બે પળ એ નાસીરને જોઈ જ રહ્યા.

'ના, આ નાસીર ન હોઈ શકે. નાસીરમાં આ બુદ્ધિ, આ ચપળતા, આ હિંમત... અસંભવિત !' શેઠના દિલમાં પડઘો ઉઠ્યો. **જો નાસીરમાં આ**

બુદ્ધિ હોત તો શેઠે ક્યારનું ય તેને પાણીચું આપી દીધું હોત. જો કે નાસીર પણ હતો તો ભયંકર. કીડી મારવી કે માણસ - બન્ને તેના માટે સમાન હતું. સામે દેખાઈ રહેલ વ્યક્તિનો બાંધો, મોઢું બધું નાસીરની સમાન જ હતું.

પ્રથમ નજરે તો એ નાસીર જ લાગે. છતાં નાસીરમાં ન જોવા મળે તેવું કાંઈક એના મોઢામાં રહેલું હતું. જે એને હજારો નાસીરની વચ્ચેથી પણ છૂટો પાડી દે. શેઠ યાદ કરવા મથી રહ્યા. આ કોણ હોઈ શકે ?

પણ, કોઈ કલ્પના બરાબર ન બેઠી. ફરી ફરીને નાસીર હોવાની કલ્પના જ સાચી ઠરતી હતી. વધુ નજીકની કલ્પના કદાચ એ હતી - શક્ય છે કે નાસીરનું અસલી રૂપ આ જ હોય. તે પોતાની કળાના આધારે અત્યાર સુધી પોતાના રૂપને ગુપ્ત રાખી શક્યો હોય.

ગમે તે હોય, આ વ્યક્તિનો અપરાધ ભયંકર હતો. શેઠ હજુ કાંઈક બોલે તે પહેલા આયુધ અને કાર્તિક બન્ને અંદર જઈ પહોંચ્યા. તરત જ એ આગંતુક વ્યક્તિને ઝબ્બે કરી લીધી. આગંતુક વ્યક્તિ પણ સમજી ગઈ કે હવે ખેલ ખતમ થઈ ગયેલ છે. સામનો કરવાનો કોઈ મતલબ નથી. આમેય પોતાનું ધ્યેય પૂરું થઈ ગયું હતું.

જો કે તેની યોજના મુજબ તેણે સહીસલામત છટકી જવું જરૂરી હતું. પરંતુ હવે એ શક્ય ન હતું. એને પકડી નીચેના મોટા ખંડમાં સહુ આવ્યા. આગ કાબૂમાં આવી ગઈ હતી. અંદર પ્રવેશ કરનારાઓ પણ હવે પકડાઈ ગયા હતા. તે બધાને પકડી લઈ ચાર-પાંચ ચોકીદારો જૂની હવેલીમાં આવ્યા.

બધાં નીચેના મોટા ખંડમાં ભેગા થયા. મશાલોથી અજવાળું અજવાળું ફેલાઈ ગયું. દરેકના મોઢા ઉપર શોકની ઘેરી છાયા છવાઈ ગઈ દેખાતી હતી. ન કહ્યે બધાં સમજી ગયા હતા કે ચોક્કસ કંઈક મોટું અજૂગતું થઈ ગયું હતું. એ આજના અત્યારના સમયમાં બીજું તો શું હોય ?

જો કે શેઠ એકદમ સ્વસ્થ હતા. જાણે એમનું ધારેલું જ થયું હોય તેવી શાંતિ દેખાતી હતી. હા ! નાસીર આવી રીતે અંદર ઘૂસી શક્યો તેનું આશ્ચર્ય ચોક્કસ હતું. પણ, કદાચ શેઠે પહેલેથી આ જ ધારણા રાખી હોય તેવું જણાતું

હતું. જેવો નાસીર નીચે આવ્યો અને શેઠની સામે આયુધ તથા કાર્તિકે એને રજૂ કર્યો કે તરત શેઠે કહ્યું - "આયુધ ! એને બંધનમુક્ત કરી દે !"

આયુધ અને કાર્તિક બન્ને ચોંક્યા. શેઠ શું કહી રહ્યા હતા ? આને બંધનમુક્ત કરવાનો ? આદિત્યના હત્યારાને ? આયુધ પ્રશ્નાર્થ નજરે શેઠ સામે જોઈ રહ્યો.

શેઠે હાથેથી ઈશારો કરી એને છોડી મૂકવાની આજ્ઞા દોહરાવી. તરત જ આયુધે નાસીરના બંધનો છોડવાના શરૂ કર્યા. નાસીર પોતે પણ સમજી ન શક્યો કે શેઠ શા માટે આ કરી રહ્યા છે ? ત્યાં શેઠે જ કહ્યું કે -

"નાસીર ! તું મારો ઘણો જૂનો અને જાણીતો છે, એની રુએ તને આજે આ એક તક આપું છું. તું સ્વતંત્ર છે. પણ, એક શરતે, તારે મને દ્વંદ્વયુદ્ધ આપવું પડશે. જો તું જીત્યો તો તું સ્વતંત્ર. **અહીં ઉભેલા બધાંની સાક્ષીએ કહું છું કે એ દ્વંદ્વયુદ્ધમાં તું મારું મોત નીપજાવે તો પણ તું છૂટો.** તને કોઈ નહીં પકડે. હા ! જો તું દ્વંદ્વયુદ્ધમાં હાર્યો તો તને કોઈ બચાવી પણ નહીં શકે ! બોલ તૈયાર છે ?" શેઠની વાણીમાં વજ્જર જેવો રણકાર હતો.

આયુધ, કાર્તિક અને ઉભેલા બધાં પળભર આશ્ચર્યચકિત થઈ ગયા ! શેઠ આ ઉંમરે આટલા આત્મવિશ્વાસ સાથે, આટલા યુવાનની સાથે દ્વંદ્વયુદ્ધ નિમંત્રે છે ! શેઠે જ પોતાની વાણી આગળ વધારી. આખું વાતાવરણ બદલાઈ ગયું હતું. નાસીર પણ છક્ક થઈ ગયો.

આ હિકમત ! અસંભવને સંભવિત થતું તે જોઈ રહ્યો. શેઠ માટેનું તેનું માન અનેક ગણું વધી ગયું. બધા શેઠને મનોમન પ્રણમી રહ્યા. અરિ પ્રત્યે પણ આ ઉદારતા ! **વીજળી જો શબ્દદેહ ધારણ કરે તો કેવા શબ્દો નીકળે ? બસ ! એવી જ ધારદાર, તેજસ્વી વાણી શેઠના મુખમાંથી નીકળી રહી.**

શેઠે વાત આગળ ચલાવી - 'નાસીર ! એક વાત તું ધ્યાનમાં રાખજે. આ ક્ષમા હું તને નથી આપી રહ્યો. તું ક્ષમાને પાત્ર છે પણ નહીં. **શઠ પ્રત્યે ક્ષમા રાખવી અને એ પણ એવા શઠ પ્રત્યે કે જે રાષ્ટ્રદ્રોહી છે તે મૂર્ખતાની પરિસીમા છે. એ અહિંસા પણ નથી.** જ્યારે દેશ આખાને શઠતાથી કોઈ ધ્વસ્ત કરી રહ્યું હોય ત્યારે તેને ક્ષમા બક્ષવી એ વિશ્વાસઘાત છે. કરોડો

પ્રજાજનોનો એ ઘાત છે. એવા આતતાયીને ક્ષમા આપવી એ અહિંસા નથી. પણ, કરોડો પ્રજાજનોનો ઘાત છે.

આર્યની સાથે આર્યયુદ્ધ હોય, અનાર્યની સાથે નહીં. અનાર્યને તો દગાથી કે કોઈ પણ રીતે વશ કરે જ છૂટકો. બહુજનહિતાય અનાર્યનો ઘાત એ હિંસા નથી, અનિવાર્ય હિંસાને પણ અહિંસાના નામ હેઠળ જે અવગણે છે તે હજારગણી હિંસાને નોંતરે છે. સમષ્ટિ માટે ક્ષમા ન હોય. ક્ષમા વ્યક્તિગત હોય.

પોતાને એકલાને જાનથી ખતમ કરનાર પ્રત્યે પણ ક્ષમા રાખનાર પૂજનીય છે. પણ, હજારો અને લાખો પ્રજાજનોના પ્રાણ સાથે રમત કરનારને ક્ષમા આપનાર હીલનાપાત્ર છે. ભારતની આજે આ અવદશા બેઠી છે.

વિધર્મીઓનું રાજ અત્યારે ભારતવર્ષના લમણે ઠોકાઈ ગયું છે તેની પાછળ મહત્ત્વનું પરિબળ હોય તો આ જ - અસ્થાનક્ષમા ! દરેક વસ્તુ પોતપોતાના સ્થાને શોભે. તે શઠતા આચરી છે. મ્લેચ્છમાત્રના રગે-રગમાં મને દગો જ જોવા મળ્યો છે. હા ! કોઈકમાં નહીં પણ હોય. પણ, બહુજનવર્ગમાં આ જ જોવા મળશે. તું પણ અત્યારે દગો જ ખેલવા આવ્યો છે.

ગુપ્તચરપણું અમુક મર્યાદામાં શોભે. તે મર્યાદા ઓળંગી છે. આદિત્યનો ઘાત કર્યો છે. માટે, તને ક્ષમા આપવી, તને આર્યયુદ્ધ માટે તક આપવી, તે પણ એક પ્રકારની અનાર્યતા છે. છતાં આજે એ તક મારે તને આપવી છે. લે આ તલવાર ! ભારતની આર્યસંસ્કૃતિનો તને કંઈક પરિચય પણ તો થાય !

પણ, યાદ રાખજે ! તારી સાથે તો શઠતાને જ, અરે ! કોઈ પણ અનાર્ય પ્રત્યે, રાષ્ટ્રદ્રોહી પ્રત્યે શઠતાને જ ધર્મ માનનારો હું છું. તમે લોકોએ શું નથી ગુજાર્યું ભારતવર્ષ ઉપર ! બર્બરતાની હદે તમે ભારતીય લોકોને રહેંસ્યા છે. વટલાવ્યા છે. તે છતાં તમને લોકોને ક્ષમા આપું હું ? આર્યસંસ્કૃતિનો એનાથી મોટો દ્રોહ કયો ? હવે ઉઠાવ તલવાર !''

આગંતુક આ સાંભળી હલી ઉઠ્યો. પોતે હતો વિદેશી મધ્ય એશિયા

તરફનો. પણ, તેને આ વાત આકર્ષી ગઈ. ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનું તેનું માન ઘણું જ વધી ગયું. આગંતુક વ્યક્તિએ જોયું કે પોતે જુવાન છે. શેઠ જુવાનીને વટાવી ચૂક્યા છે. છતાં શેઠે દ્વંદ્વયુદ્ધ આપવાનું કહેવડાવ્યું છે. પલ-બે પલ શેઠને નીરખી રહ્યો.

**અત્યાર સુધી જોયેલા શેઠ કરતા આ કોઈક જુદા જ જણાતા હતા. આમના મુખ કમલ ઉપર કોઈક જુદા જ પ્રકારની વીરશ્રી રમી રહી હતી.** જોનારને પણ ક્ષણભર ડારી રાખે તેવું અદ્‌ભુત તેજ શેઠની આંખમાંથી ઝરતું હતું. એમાં કંઈક વિલક્ષણતા હતી. ડારનારું તેજ પણ હતું. સાથે એમાં કંઈક આકર્ષકતા, મોહકતા પણ ભરી પડી હતી. આગંતુક વ્યક્તિ પણ પળભર વિચારમાં પડી ગયો. આમની સાથેના દ્વંદ્વયુદ્ધનું પરિણામ શું ?

શેઠના શબ્દોએ વાતાવરણ બદલી નાંખ્યું હતું. ભીરુતાના, દગાના વિચારો પડતા મૂકી હિંમતથી એ પડકાર આગંતુક વ્યક્તિએ ઝીલી લીધો. વિજય થાય કે ન થાય.... પણ, સાચો આનંદ આર્યત્વમાં હતો. દગાથી મળેલો વિજય એ પરાજય કરતાંય ભૂંડો છે - એ ભાવના, શુદ્ધ રજપૂતીની ભાવના એને સ્પર્શી ગઈ.

એને પણ એ જ વાત કહી - ''શેઠ ! આપની વાત મને માન્ય છે. મારો કોઈ અધિકાર જ નથી આપની સાથે યુદ્ધ કરવાનો. છતાં આજે લડી લેવું છે. વિજયશ્રી આપને વરે કે મને વરે. પણ, આ લડાઈ તેના માટે નથી. **આ તો તમારી ઉદાત્ત ભાવનાનો પડઘો છે. આમાં દગો ન હોય, ફટકો ન હોય... મૃત્યુ પ્રત્યેની નિર્ભીકતા હોય. મૃત્યુથી મને ડર નથી... આપ ડર્યા વિના ઘા કરજો.**'' તેણે દ્વંદ્વયુદ્ધનું આહ્વાન ઝીલી લીધું.

શેઠની પાણીદાર સમશેર ચમકી રહી. દીવાના અને મશાલોના ઝાંખા અજવાળામાં બન્ને સમશેરો ચમકારા મારી રહી. એ જ તો વીરશ્રી હતી. શેઠે કહ્યું - ''પહેલો ઘા તું કરી લે.'' આગંતુક વ્યક્તિએ આહ્વાન સ્વીકારી લીધું. જનોઈવઢ ઘા કરવા માટે તલવાર ઉગામી. સહુ ચિત્રવત્ સ્થિર થઈ આ દ્વંદ્વયુદ્ધ જોઈ રહ્યા હતા. શેઠના માથે મૃત્યુનું જોખમ હોય તો પણ કોઈએ વચ્ચે પડવાનું હતું નહીં. શેઠની પોતાની આજ્ઞા પણ થઈ ગઈ હતી.

આગંતુક વ્યક્તિની તલવાર વીજળીક ઝડપે આવી. આમે ય ત્વરા એ અજબનું પાસું હતું, આગંતુક વ્યક્તિનું. પણ, શેઠ તૈયાર હતા. શેઠે ઘા ચૂકવી દીધો. એ સાથે જ યુદ્ધ શરૂ થઈ ગયું. તલવારે તલવાર ખખડી. ઘડીભર દેવોને ય જોવાનું મન થઈ જાય તેવું યુદ્ધ હતું. **યમનો અહીં કોઈ ભય ન હતો. આ તો મૃત્યુનો મહોત્સવ હતો. વિજય કરતાંય મૃત્યુ વધું વહાલું હતું. અદ્ભુત વીરત્વભરી કથા આ યુદ્ધમાં રમી રહી...**

✵




# દ્વંદ્વયુદ્ધ

શેઠની જૂની હવેલીમાં આજની રાત્રિ ભયંકર નીવડી રહી હતી. પ્રતિપળ નવા નવા અનુભવે, નવી નવી ઘટનાએ રાત્રિને સંક્ષુબ્ધ કરી મૂકી હતી. એમાં અત્યારનું ત્યાંનું વાતાવરણ અલગ જ હતું. સૌ સ્તબ્ધ થઈ ગયા હતા. જીંદગીમાં ન કદી જોયેલું, ન કદી સાંભળેલું, ન કદી કલ્પેલું દશ્ય આજે સહુ જોઈ રહ્યા હતા. બાજુમાં ઊભેલા દુશ્મનને પણ ભૂલી જઈ બધાંની દૃષ્ટિ માત્ર ને માત્ર બે વ્યકિત ઉપર કેન્દ્રિત થઈ હતી. દીવાઓ અને મશાલોના ઝીલમીલ થતા પ્રકાશમાં તે દશ્ય કોઈ અનેરી આભા ધારી રહ્યું હતું.

આગંતુક વ્યક્તિને શેઠે દ્વંદ્વયુદ્ધ માટે આહ્વાન આપ્યું અને તેણે સ્વીકારી લીધું હતું. અત્યારે એ જ દ્વંદ્વયુદ્ધ ચાલી રહ્યું હતું. દેવતાઓને પણ પલભર થોભવાનું મન થઈ જાય તેવું આ મર્ત્યલોકનું યુદ્ધ હતું. **તલવારથી ખેલાઈ રહેલ દ્વંદ્વયુદ્ધ વધુ ને વધુ ભીષણતા ધારી રહ્યું હતું. પ્રતિપળ ઝડપ વધી રહી હતી.** હવે તો કોણ ક્યારે ઘા કરે છે ? અને સામેવાળો કેવી રીતે ઘા ઝીલી વળતો ઘા કરે છે ? – તે જાણવું મુશ્કેલ થઈ પડ્યું. કેવલ વિદ્યુત જેવા ચમકારા જ પ્રતિપળ આંખને આંજી નાંખે છે. તલવારોના ‘સટાસટ’ અવાજો અને અથડામણના ‘ખણખણ’ અવાજો સિવાય કોઈ અવાજ સંભળાતો નથી.

ઘડીકમાં તલવારો હવામાં ઉછળે છે અને પાછી બન્ને તલવારો અથડાઈ પડે છે. તેમાંથી તણખા ઝરી ઉઠે છે. ત્વરા, ત્વરા... ભારે કુશળતા બન્ને ખેલાડીઓ વાપરી રહ્યા છે. કોઈના મનમાં કશો વિકલ્પ ઉઠતો નથી. સહુની પાંચે ય ઈન્દ્રિયો માત્ર ને માત્ર તલવાર, તણખા અને ચમકારાને ઝીલી રહી છે. આ સિવાયની આખી દુનિયા જાણે શૂન્ય થઈ ચૂકી છે. હવામાં વીંઝાતી તલવારોથી જોશભેર ધસી આવતી હવામાં પણ તીક્ષ્ણતા આવી ગઈ હોય તેમ જણાય છે. ગાલ સાથે તીક્ષ્ણતાથી ઘસાઈ-ઘસાઈને હવા જઈ રહી છે.

આગંતુક પુરુષ અજાયબ થઈ ગયો હતો. તેની ધારણા મુજબ શેઠ બે -ચાર પળોમાં પરાસ્ત થઈ જવા જોઈતા હતા. પણ, બાજી આખી ઊંધી જ પડી રહી હતી. આગંતુક વ્યક્તિ વધુ ને વધુ જોરથી ઘા કરી રહી હતી.

પણ, **શેઠ તીવ્ર ત્વરાથી બધાં ઘાને નિષ્ફળ બનાવી દેતા હતા, સાથે વળતો ઘા પણ એટલી જ ત્વરાથી કરતા કે જેને ખાળતા આગંતુક વ્યક્તિને નવ નેજે પાણી નીતરી રહ્યું હતું.** શેઠનું અંગકૌશલ્ય આગંતુક પુરુષની કલ્પના બહારનું હતું. મનોમન શેઠને એ પ્રણમી રહ્યો.

ઘડીભર તેને થઈ ગયું કે આ શેઠ છે કે કોઈ બહુરૂપિયો ? આજન્મ યોદ્ધા જેવો દુર્ધર્ષ પ્રતાપ શેઠનો થઈ ગયો હતો. વિજયની નિશ્ચિત આશા સાથે આ સંગ્રામ માંડ્યો હતો.

પણ, હવે તેને વિજય દૂર-દૂર જતો લાગી રહ્યો હતો. થોડો સમય વીતતા તો પરાજયને કેમ ઠેલવો ? એ યક્ષપ્રશ્ન થઈ ગયો.

શેઠ તો જાણે રમત કરતા હોય તે રીતે એટલી જ સ્ફૂર્તિથી યુદ્ધ આગળ ધપાવી રહ્યા હતા. લેશ પણ થાક જાણે શેઠને અનુભવાતો જ ન હતો. જ્યારે આગંતુક વ્યક્તિ આક્રમણ કરી કરીને થાકી રહી હતી.

બધાં જ દાવપેચો તેના વ્યર્થ નીવડ્યા હતા. શેઠે યુવાનીમાં શું તાલીમ લીધી હશે ? તેની એ કલ્પના કરી રહ્યો. તલવારબાજીનું પોતાનું જ્ઞાન અને સામર્થ્ય એ આગંતુક વ્યક્તિને વામણું જણાવા લાગ્યું.

હવેની ગમે તે ક્ષણે આગંતુક વ્યક્તિના ધડ ઉપરથી માથું જુદું થઈ



[ દ્વંદ્વયુદ્ધમાં આગંતુક વ્યક્તિ શેઠને શરણે... ]

શકતું હતું. કારણ કે શેઠના આક્રમણો પૂરજોશમાં શરૂ થઈ ગયા હતા. હવે તેને ખાળવા આગંતુક વ્યક્તિ માટે અશક્ય હતા. તેના સામર્થ્યની અવધિ આવી રહી હતી. શેઠ તો જાણે શક્તિના અખૂટ ભંડાર સમા લાગતા હતા. સમય વીતતો હતો અને શેઠના પ્રહારો પ્રબળ થતા જતા હતા.

આ પ્રબળ પ્રહારોને ખમવાનું જોર એ આગંતુક વ્યક્તિમાંથી ઓસરી રહ્યું હતું. શરીરના પ્રત્યેક કણ જાણે બળવો પોકારી રહ્યા હતા. કોઈ હલવા કે ચલવા તૈયાર જણાતું ન હતું. હવે તો એ સ્પષ્ટ રીતે લથડીયા ખાવા લાગ્યો. છતાં લડત ચાલુ હતી.

આશ્ચર્ય ! એ આગંતુક અચાનક સામે ચાલીને પગે પડી ગયો. કદાચ થોડો સમય એ લડાઈ ખેંચી શકત. પણ, એ શેઠના સામર્થ્યની સામે હાર્યો અને શેઠની મહત્તાની સામે પણ હાર્યો. આગંતુક વ્યક્તિ સમજી ગઈ હતી કે લડાઈની શરૂઆતથી શેઠ જે સ્ફૂર્તિ દાખવી રહ્યા હતા તે મુજબ ઘણાં સમય પહેલાં જ શેઠ મારું ડોકું ઉડાવી શકતા હતા. છેલ્લે છેલ્લે તો શેઠ પળના

પણ વિલંબ વિના મને પરલોકમાં રવાના કરી શકતા હતા. પણ, શેઠે હજુ એક પણ ઘા જાનલેવા કર્યો ન હતો. પોતે તો લડાઈ શરૂ કરી ત્યારથી શેઠ ઉપર જાનલેવા ઘા જ કરી રહ્યો હતો.

શેઠની આ મહત્તા સામે તે ઝૂકી ગયો. શેઠનું સામર્થ્ય અને શેઠની મહત્તા તેને ઝૂકાવી ગઈ. તે પલટાઈ ગયો. આમે ય ભારતીય સંસ્કૃતિની શુદ્ધ રજપૂતાઈ એનું જીવનસ્વપ્ન હતી. શુદ્ધ રજપૂતીનો એ પરમ ઉપાસક હતો. અંદર-અંદર એના દિલમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે માન હતું.

ભારતીય લોકોમાં ક્યારેક ક્યારેક જોવા મળતી ક્ષુલ્લકતા, અહંકારિતા, તુચ્છ દૃષ્ટિ, ધનલોલુપતા એના મનમાં ભારતીયો પ્રત્ય દ્વેષ પ્રગટાવતી હતી. સાથે, ક્યારેક ક્યારેક જોવા મળેલા શુદ્ધ રજપૂતીના, અપ્રતિમ શૌર્યના, સચ્ચાઈના પ્રસંગોએ તેના મનમાં ઊંડે ઊંડે ભારતીય સંસ્કૃતિ પ્રત્યે માન પેદા કર્યું હતું. એના લોહીમાં દગો, વિશ્વાસઘાત કરવાની વૃત્તિ તો હતી. સાથે સાથે સાચી શૂરવીરતાની ચાહના પણ હતી. અંદરની આ ચાહના આજે પ્રગટ થઈ ગઈ. સાચું શૌર્ય એણે શેઠમાં જોયું. પોતાના પ્રબળ અરિને, વિશ્વાસઘાતી અરિને, હત્યારા અરિને પણ ન્યાયી રીતે મારવા કરતાં બચાવી રાખ્યો હતો. શેઠની આ ઉદારતાએ એના મનમાં વિચારોનો ઝંઝાવાત ફૂંકાયો.

જો કે શેઠ પણ આતતાયીઓને ક્ષમા આપવામાં માનતા ન હતા. કમ સે કમ તેને બંધનમાં મૂકી જ દેત. પરંતુ શેઠ એનામાં પડેલી આ ચાહના પારખી ગયા. નાસીર કરતાં કંઈક જુદું જ સત્ત્વ આનામાં દેખાયું.

સાથે આ આખી ભરમાર શેઠે આચાર્ય મ.સા. માટે સર્જી હતી. એમાં આ માનવહત્યા આચાર્ય મ.સા.ને ભયંકર આઘાત આપી જાત. એના દંડ તરીકે કદાચ આચાર્ય મ.સા. એટલો ઉગ્ર તપ કે બીજું કંઈ પણ સ્વીકારી લેત કે તેની કાળી ટીલી કાયમ માટે શેઠના માથે રહેત. માટે, શેઠ એને મારવા માટે હરગીઝ તૈયાર ન હતા. આખરે શેઠનું ઈચ્છિત પરિણામ આવીને જ રહ્યું. એ આગંતુક પુરુષ શેઠના ચરણે ઝૂકી પડ્યો.

એ યુવાન હતો, સમર્થ હતો, ઘડીભર સામાને શેહમાં પાડી દે તેવો હતો. કદી કોઈને નમતું આપવામાં માનનારો ન હતો. એવો એ, આજે શેઠના

ચરણે ખરા હૃદયે ઝૂકી ગયો હતો. તલવાર બાજુમાં પડી હતી. દીવાનો પ્રકાશ તેમાં પ્રતિબિંબિત થઈ રહ્યો હતો. આખું દૃશ્ય અદ્‌ભુત ભાસતું હતું. શેઠનું મુખ દીવાના પ્રકાશમાં ઝળહળી રહ્યું હતું. પાસે ઉભેલા સહુ સ્તબ્ધ હતા.

**શેઠની અવ્વલ કોટિની વીરતા જોઈ સહુના મન ઝૂકી ગયા હતા. જ્યારે આગંતુક શેઠના ચરણોમાં ઝૂકી પડ્યો ત્યારે તો સહુની આંખમાં અશ્રુ ચમકી રહ્યા.** કોઈ કશું બોલી શકે તેમ હતા નહીં. છતાં એ વાતાવરણ જ ઘણું ઘણું કહી રહ્યું હતું.

આગંતુક વ્યક્તિના હૃદયમાં પોતે કરેલી હત્યા બદલ પારાવાર પશ્ચાત્તાપ પ્રગટ્યો હતો. એ પશ્ચાત્તાપની જ્વાળામાં શેકાઈ શેકાઈને શબ્દો નીકળી પડ્યા –

''સાહેબ ! હું આપનો અપરાધી છું. આ જગતમાં જીવવાનો મને કોઈ અધિકાર નથી. હું દયાપાત્ર નથી. મને આપના હાથે મૃત્યુનું દાન કરો. એનાથી વિશેષ કોઈ ભાવના મારી નથી. આદિત્યના પ્રાણ મેં લીધા છે. મને એની સજા આપો..' આગળ એનો કંઠ રુંધાઈ ગયો. બોલવાની શક્તિ રુંધાઈ ગઈ. આદિત્યની યાદ આવતાં જ સહુ ગળગળા થઈ ગયા.

શેઠે હળવાશથી તેને ઉભો કર્યો. અને કહ્યું – ''જે કોઈને જીવન આપી શકતા નથી, તે કોઈનું જીવન લઈ પણ શકતા નથી. તારું જીવન લેવાનો મને કોઈ અધિકાર નથી. તને તારું જીવન કિંમતી લાગે છે.

અરે ! જીવમાત્રને પોતાનો જીવ કિંમતી અને વહાલો લાગે છે તો તું શા માટે આદિત્યના પ્રાણ લેવા તૈયાર થઈ ગયો ? ગુપ્તચરવિદ્યા સાવધાની માટે છે. આવા ધૂળ જેવા કારણસર હત્યા શોભે ?''

શેઠના આ શબ્દો સાંભળી આગંતુકના હૃદયમાં પેટેલી પશ્ચાતાપની આગ વધુ તીવ્ર થઈ ગઈ. શેઠ સમજી ગયા કે આનું હૃદયપરિવર્તન સાચું છે. કારણ કે એની આંખમાં આંસુ ઝળહળી રહ્યા હતા. આટલા શૂરવીર અને પાછા વૈધર્મીનું પણ આ હદનું પરિવર્તન જોઈ શેઠ પણ આશ્ચર્યચકિત થઈ ગયા. તેમની કલ્પના બહારનું પરિણામ તેમને પ્રાપ્ત થયું હતું. શેઠે સીધી જ મૂળ

વાત ઉપાડી. 'તું કોણ છે ? તું દેખાય છે નાસીર જેવો. પણ નાસીર નથી લાગતો. ક્યારથી તું અહીં આવ્યો ? આદિત્યના પ્રાણ લેવાનું પ્રયોજન શું ?'

આગંતુક વ્યક્તિએ નિર્મળ હૃદયથી પોતાની વાત કહેવી શરૂ કરી - ''સાહેબ ! હું નાસીર નથી. બધાં મને જોઈ નાસીરના ભ્રમમાં પડી જાય છે. અને એટલે જ મારો ઉપયોગ અહીં કરવામાં આવ્યો. હું છું નાસીરનો નાનો ભાઈ. નાનપણથી જ, અમદાવાદ-કપડવંજના રસ્તે એક નાનકડું ગામ છે, ત્યાં હું રહું છું.

નાસીર અવાર-નવાર મને મળી જતો. પોતાને ત્યાંની વાતોથી મને વાકેફ કરે રાખતો. એના મનમાં પણ આપના માટે સારો સદ્ભાવ છે. પણ, આપ હિંદુ હોવાને નાતે એ આપનો દુશ્મન થયો છે. **હિંદુ ધર્મ પ્રત્યે તેને ભારોભાર નફરત છે. છતાં ઘણીવાર એ આપના માટે સારી વાતો મને કહેતો.** એ એમ જ સમજે છે કે આપને એના અસલી સ્વભાવની જાણ નથી.

આ બાજુ એક દિવસ રાત્રે મારે ત્યાં બે અજાણ્યા મુસાફર આવી ચડ્યા. વાતવાતમાંથી વાત નીકળતા સમજાઈ ગયું કે આ તો મલિક અને બરહાન જ છે. મેં તેમને મારી ઓળખાણ આપી. તેઓ રાજી થયા.

આખરે એમણે મને બધી વાત કરી. મારે માથે આદિત્યનું મોઢું બંધ કરવાની જવાબદારી આવી. સાથે મેં અહીં આવ્યા પછી નાસીરને મળી બધી વાતચીત કરી તેને અમદાવાદ પહોંચી જવાનું કહ્યું. અહીં આવ્યા પછી નાસીરે બધી જ વિગતોથી મને વાકેફ કરી દીધો. એને શંકા આવી જ હતી. માટે, આપની હવેલીમાં તે એક-બે વખત છૂપો-છૂપો આવી ગયો હતો. તેની વાત પણ તેણે મને કરી. હું બધી વાત સમજી મારે કામે લાગ્યો.

જો કે આદિત્યની હત્યા કરવી મને જરૂરી ન હતી લાગતી. ખરી રીતે મલિકને આદિત્ય ઉપર અતિશય ક્રોધ આવ્યો હતો. માટે, તેણે મને તેની હત્યા કરવાની આજ્ઞા કરી હતી. પહેલા મારી ગણતરી તેને લાંબા સમયની ઘેનની દવા આપી દેવાની હતી. પણ, પરિસ્થિતિ અહીં બહુ ઝડપથી પલટાઈ ગઈ. એમાંય અત્યારે તમારી ચોકીવ્યવસ્થા જોતા મારે હત્યા જ કરવી રહી.

હું આવેશમાં આવી ગયો હતો. માટે, સાચા-ખોટાંનો વિવેક કરવા જેટલી શક્તિ મારામાં રહી ન હતી. હું અહીં કેવી રીતે આવ્યો તે વાત જણાવતા પહેલાં આપ મારી સાથે આવો તેવું હું ઈચ્છું છું. આગંતુક પોતે જ્યાંથી આવ્યો તે ખંડ તરફ જવા અગ્રેસર થયો.

સહુ આ વાતાવરણમાં તરબોળ હતા. કોણ શત્રુ, કોણ મિત્ર ? બધાં એક વાતાવરણમાં રંગાઈ ગયા હતા. પણ, **એક વ્યકિત આ વાતાવરણમાં ભળી ન હતી. એ આ વાતાવરણથી ઉદ્વિગ્ન હતી. શેઠનું આટલું અપ્રતીમ શૌર્ય જોવા છતાં એ પીગળ્યો ન હતો. એ મલિકનો વફાદાર હતો. હિંદુના નામ માત્રથી તેને દ્વેષ હતો.** એમાં એ પાછો મૂળતઃ મુસલમાન ન હતો. કિંતુ વટલાયેલો હતો. છતાં બરહાન-મલિકને વફાદાર રહેવામાં સદા અગ્રેસર રહેતો. દેશ માટે ગદ્દાર નીવડેલ એ મહાનુભાવ (!) હવે મલિકને વફાદાર રહેવા પ્રયત્ન કરી રહેલ હતો.

અહીંની બાજી બગડતી જોઈ જ્યારે બધાં ભૂગર્ભમાર્ગવાળા ખંડે ગયા ત્યારે તે લાગ જોઈ અહીંના સમાચાર મલિકને પહોંચાડવા ભાગી છૂટ્યો.

આદિત્યના મોતના સમાચાર સર્વત્ર વ્યાપી જતા વ્યવસ્થા જેવું રહ્યું ન હતું. માટે, સહીસલામત ભાગી છૂટવામાં તે સફળ થયો. આ બાજુ સહુ ભૂગર્ભખંડમાં પહોંચ્યા. એ જ ખંડ કે જ્યાંથી આગંતુક વ્યક્તિએ પ્રવેશ કર્યો હતો. દરેકના મનમાં વિચારોની હારમાળા ચાલી રહી હતી. કોઈ કશું બોલતું નથી. જ્યારે એક કળ દ્વારા આગંતુકે ભૂગર્ભમાર્ગનો રસ્તો ઉઘાડી દીધો કે શેઠને અત્યાશ્ચર્ય થયું. શું આ બધાં ભૂગર્ભમાર્ગોની એને ખબર છે ? શેઠને માનવામાં ન હતું આવતું. શેઠને આ રસ્તાઓની ગુપ્તતા ઉપર પૂર્ણ ભરોસો હતો. આ રસ્તાઓની પાછળ તો કેટ-કેટલાય રહસ્યો સમાયેલા હતા. "શું એ બધાંની જાણ આ નાસીર, મલિક સહુને હશે ?" આ પ્રશ્ન શેઠને થોડી વાર અકળાવી ગયો.

આખરે શેઠે મનને વાળ્યું કે "મલિકનો આ માણસ હૃદય અર્પવા તૈયાર થયો હતો. આ જ મોટું આશ્વાસન હતું. મલિકની પાસે કેટલી માહિતી છે ? - તે આની પાસેથી જાણી શકાશે. જો લાગશે કે અમુક રસ્તાની જાણ મલિકને

થઈ ગઈ છે તો તે રસ્તામાં અડચણો ઊભી કરી દઈશ. બહુ વાંધો નહીં આવે.'' આ વિચારે થોડા સ્વસ્થ થઈ શેઠ એ આગંતુકની સાથે ગયા.

થોડી વારમાં બધાં એ દરવાજા પાસે આવી પહોંચ્યા. શેઠને કંઈક પૂછવાની ભાવના થઈ. ત્યાં યાદ આવ્યું - અરે ! આનું નામ તો ખબર જ નથી. શેઠે તરત જ પૂછ્યું - ''અલ્યા ! તારું નામ શું ? ''

''સાહેબ ! બધાં મને શેરખાન કહીને બોલાવે છે.'' ''નામ તો સારું છે. એક વાતનો જવાબ તો આપ કે આ ભૂગર્ભમાર્ગની તને ખબર કેવી રીતે પડી ? શું મલિક-બરહાન.. એ બધાંને આ વાતની ખબર છે ? એ લોકો કેટલા રસ્તા જાણે છે ?'' ''સાહેબ ! મલિક, બરહાન કે નાસીર કોઈ પણ આપની આ હવેલીના એક પણ ભૂગર્ભમાર્ગથી પરિચિત નથી. માત્ર તેઓ એટલું જ જાણે છે કે - અહીં ક્યાંક ભૂગર્ભમાર્ગો છે. વિશેષ કશું જ નહીં.

નાસીર પણ એટલે જ નિરાશ થઈ ગયો હતો. એને લાગતું હતું કે આદિત્યને મારી નહીં શકાય. મોઢું ખોલતો અટકાવી નહીં શકાય. જો તમારો કોઈક ભૂગર્ભમાર્ગ મળે તો જ આ કામ થાય. એણે ઘણા ફાંફા માર્યા. ઘણાને નાણ્યા.. પણ, ક્યાંયથી કશી જ માહિતી ન મળી. છેલ્લે છેલ્લે એક મુદ્રિકા એણે મને આપી. અને એક વૃદ્ધ સેવકના ઘરનું સરનામું આપ્યું. બાકીનું બધું એણે મારી ઉપર છોડી દીધું. પછી શું થયું એ તમને વૃદ્ધ પુરુષ જ કહેશે. પહેલાં મને જે મુદ્રિકા અતિઉપયોગી નીવડી તે મુદ્રિકા જોઈ લો.''

મુદ્રિકા જોતા જ શેઠ ચમકી ગયા, અરે ! મારા પિતાજીની મુદ્રિકા આની પાસે ક્યાંથી ? થોડી વાર વિચાર કરતા આખી પરિસ્થિતિ શેઠની સમજમાં આવી ગઈ. એ વૃદ્ધ પુરુષને પણ શેઠે ઓળખી કાઢ્યા. આ મુદ્રિકા દ્વારા આખી યોજના શેઠને સમજાઈ ગઈ. શેઠને ખાતરી થઈ ગઈ કે જો વાત આમ જ હોય તો આ એક ભૂગર્ભમાર્ગ સિવાય બીજા કોઈ ભૂગર્ભમાર્ગની કોઈને ખબર છે નહીં. ખબર પડી પણ નથી. અને મારો કોઈ પણ સેવક બોદો રૂપિયો નીકળ્યો નથી.' આ વાતે શેઠને એકદમ નિરાંત વળી ગઈ.

આ બાજુ શેરખાને દરવાજો ખોલી નાંખ્યો હતો. દરવાજો ખૂલવાના અવાજથી જ શેઠની વિચારતંદ્રા ઉડી. શેઠે કહ્યું - 'જા, તું જ એ વૃદ્ધ પુરુષના

બંધનો ખોલી આવ.' શેરખાન મનમાં ને મનમાં જ આશ્ચર્ય પામી રહ્યો. શેઠને કેવી રીતે ખબર પડી ગઈ કે 'મેં વૃદ્ધ પુરુષને બંધનમાં રાખ્યા છે ?'

જ્યારે સમજાયું કે એક માત્ર મુદ્રિકાના દર્શનથી તર્કબદ્ધ રીતે શેઠ અહીં સુધી, આ બાબત સુધી અનુમાન કરી શક્યા હતા ત્યારે પળભર એને ક્ષોભ થઈ ગયો. શેઠની સામે એને સહુ વામણા જણાવા લાગ્યા.

ત્યાં ફરીથી શેઠનો અવાજ સંભળાયો – 'શેરખાન ! જા, ઉતાવળ કર' વિચારતંદ્રામાંથી જાગી તેણે પણ જવાબ વાળ્યો – 'સાહેબ ! બંધનો તો તમારે જ ખોલવા પડશે. જો હું ખોલવા જઈશ તો એ વૃદ્ધ પુરુષ મને જીવતો નહીં રહેવા દે. ઘરડા-ઘરડા પણ સિંહ જેવા છે. આપના વંશપરંપરાગત વિશ્વાસુ અને વફાદાર છે. અત્યારે તો મેં એમને દગાથી બાંધ્યા છે. પણ, હવે એ મારો જાન લીધી વિના નહીં રહે.' **શેઠ પણ વૃદ્ધ પુરુષના આ અપ્રતીમ શૌર્યને અને અદ્‌ભુત વફાદારીને મનોમન પ્રણમી રહ્યા, અભિવંદી રહ્યા.**

શેઠ પણ આ વાત સમજતા હતા. માટે તેઓ જ અગ્રેસર થયા. અંદર ઊતરી દીવાના પ્રકાશમાં શેઠે ઝટપટ વૃદ્ધ પુરુષના બંધનો ઉતારવા માંડ્યા. સૌથી પહેલા તો આંખની પટ્ટી ઉતારી. વૃદ્ધ પુરુષ શેઠને જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા. સાથે શરમથી આંખો ઢાળી દીધી. અત્યારે આ પળ એમના માટે અસહ્ય હતી. મોતને એ સહી લે. પણ, આ કલંક એ સહી શકે તેમ ન હતા.

શેઠ આ વાત સમજતા હતા. માટે શેઠે તરત જુદી રીતે જ વાત ઉપાડી – 'આપે તો ગજબ કરી હોં, આ વૃદ્ધ ઉંમરે આપનું આ શૌર્ય ? દુશ્મનના કેવા મહત્ત્વપૂર્ણ માણસને આ રસ્તે લઈ આવી ફસાવી દીધો !

ગજબ છે તમારી કુનેહને. એ આબાદ સપડાઈ ગયો છે. એ હવે પરાજિત છે. આપણો કાયમનો સેવક થઈ ગયેલ છે. હમણાં એ આવ્યો બતાવું.'

ત્યાં જ શેરખાને અંદર પ્રવેશ કર્યો. લટકેલી વાતને તરત જ આગળ ધપાવી – સાહેબ ! આ વૃદ્ધ પુરુષની તો હવે આજીવન ચાકરી કરવી છે. શું ચાલાકી વાપરી છે ? હું એમને બનાવવા ગયો, પણ એ મને બનાવી ગયા. પોતે બંધનમાં પડ્યા, છતાં એક હરફ નથી ઉચ્ચાર્યો.

વાહ ગજબ વફાદારી ! તમારી હિંદુઓની આ વફાદારી જ મને આકર્ષી રહી છે. હવે તો હું આ વૃદ્ધનો દીકરો. એ જ મારો આધાર.''

હવામાંથી જ વાતનો તંતુ પકડી લેવાની શેરખાનની આ શક્તિ જોઈ શેઠ ખુશ થઈ ગયા. શેરખાનની ખૂબ જ સમયસરની આ વાતે એ વૃદ્ધ પુરુષના દિલમાં ખૂબ જ ઊંડી અસર કરી. એ વૃદ્ધ પુરુષ ખોટો યશ લેવા માંગતા ન હતા. પણ, શેઠને કશું જ નુકસાન નથી થયું. ઉલટું ફાયદો જ થયો છે.

આ વિચારે એ રાજી થયા હતા. પોતાની ભૂલનો એકરાર કરવા માટે તેમણે વાત કરી કે 'શેઠ ! આપ કંઈક જુદું....' શેઠે તરત જ વાત વાળી કે 'જુઓ, તમારી આ સેવા બદલ મારે તમારું બહુમાન કરવાનું છે. હું સમજું છું કે તમને એ પસંદ ન હોય. છતાં મારી ઈચ્છા માટે...' શેઠની આ વાત સાંભળી વૃદ્ધ પુરુષની આંખમાં ઝળહળિયા આવી ગયા.

**તે પણ સમજી ગયા કે, 'કદાચ શેઠ મારી ક્ષતિને ક્ષમા બક્ષી રહ્યા છે. મારી ખામીને ખૂબીમાં પલટાવી રહ્યા છે.'** બધા હજું કંઈક આગળ વિચારે ત્યાં એક માણસ જલદીથી ઉતાવળમાં ત્યાં આવ્યો. એના મોઢા ઉપર ઉતાવળ હતી. શેઠની નજર એના ઉપર પડતા જ શેઠ આશ્ચર્યચકિત થઈ ગયા.

શેઠે તરત જ પૂછ્યું – 'અરે ! બહાદુર ! તું અહીં ક્યાંથી ? કંઈ અનિષ્ટ થયું છે ?' 'ના, સાહેબ ! પણ એ ભાનમાં આવી ગયા છે.' 'કોણ ? આદિત્ય ?' 'હા'.

શેઠ પ્રસન્ન થઈ ગયા. આજુબાજુમાં ઊભેલા બધાં સ્તબ્ધ થઈ ગયા. શું ? આદિત્ય ભાનમાં આવી ગયો ? કેવી રીતે આ શક્ય બને ? આટલો જનોઈવઢ ઘા હોવા છતાં એ બચે કેવી રીતે ? કોઈ વૈદ્ય બાજુમાં તો હતા નહીં ? છતાં આદિત્ય જીવે છે એ સમાચારે સહુ કોઈ પ્રસન્ન થઈ ગયા.

શેરખાન બોલ્યો – 'શું ખરેખર આદિત્ય જીવે છે ? તો પછી મેં કોને માર્યો ? શું આદિત્ય સિવાય બીજું જ કોઈ હતું ?' 'બધી વાતની તમને હમણાં જ ખબર પડશે. મારી સાથે ચાલો.' ભારે કુતૂહલ વૃત્તિથી સહુ શેઠની પાછળ પાછળ ચાલ્યા. શેઠ સીધા આદિત્યના ઓરડા તરફ જ ગયા.

આદિત્યના ઓરડા ઉપર પહોંચી શેઠે બે-ત્રણ મશાલ ભેગી કરી. અને અંદર ગયા. લોહીલુહાણ હાલતમાં આદિત્ય હજુ એ જ રીતે પડ્યો હતો.

એને જોઈ બધાને અરેરાટી થઈ ગઈ. આશ્ચર્ય પણ થયું કે આદિત્ય ભાનમાં ક્યાં છે ? સાવ ચૈતન્યહીન મડદું જ તો છે. શેઠે બધાંને ઈશારાથી આગળ આવવા જણાવ્યું. મશાલ હાથમાં લઈ પોતે અગ્રેસર થયા. નજીક જઈ શેઠે આદિત્ય ઉપર ઓઢાડેલી ચાદર એક ઝાટકે ઉપાડી લીધી. અંદરનું દશ્ય નજરમાં આવતા જ બધાના મોઢામાંથી 'અરે !' નીકળી પડ્યું.

ત્યાં આદિત્ય હતો જ નહીં. આદિત્યનું મીણનું પૂતળું હતું. શેઠની મુખ્ય યોજના આ જ હતી. શેઠની આટલી સ્વસ્થતાનો હેતુ હવે બધાંની સમજમાં આવી ગયો.

શેઠે જ વિશેષ ઘટસ્ફોટ કરતાં કહ્યું કે - 'જુઓ, હું આદિત્યને એવી જગ્યાએ છૂપાવી શકતો હતો કે ત્યાં પહોંચવું અશક્યપ્રાયઃ હોય. પણ, મારે નાસીરને હાથ કરવો હતો. એટલે જ આ પ્રપંચ કર્યો. આ જે લોહી દેખાય છે તે પણ નકલી છે. લોહીની કોથળી જ મેં રાખી દીધી હતી.' **શેઠની વાતનું ઊંડાણ સમજાતા બધાં આશ્ચર્યથી, અહોભાવથી શેઠને પ્રણમી રહ્યા.**

પછી શેઠ બાજુમાં જ રહેલા કબાટ તરફ વળ્યા. તેને ઉઘાડી તેમાંથી એક કળ ફેરવી. ત્યાર બાદ કબાટ બંધ કરી ઓરડામાંથી બહાર નીકળી નીચે જવા આગળ વધ્યા. દિગ્મૂઢ થઈ ગયેલા, શેઠના પ્રભાવથી અંજાઈ ચૂકેલા બધાં શેઠની પાછળ પાછળ આગળ વધ્યા.

જો કે પૂર્વે જોઈ ગયા તેમ એક વ્યક્તિ અહીંથી છટકી ગયેલ હતી. એની મુસાફરી શરૂ થઈ ગઈ હતી. 'શું પરિણામ આવે ?' તે કશું જ કહી શકાય તેમ નથી. બધાં શેઠની પાછળ-પાછળ જતા જતા નીચેના હોલમાં આવી પહોંચ્યા. શેરખાન જે ઓરડામાંથી આવેલ તેની સામેના જ ઓરડામાં શેઠ ગયા. ત્યાં પણ એક કળ હતી તે ફેરવી. દરવાજો ઉઘડી ગયો.

અહીં એકના બદલે બે કળનું આયોજન કેમ કર્યું હતું ? તે સમજાતા જ શેરખાન આશ્ચર્યચકિત થઈ ગયો. આટલી ઝીણવટભરી કાળજી ! છતાં એક વિચાર એના મનમાં આવી ગયો - 'શું શેઠ રાજસત્તા સામે ઝઝૂમી

શકશે ?' 'ગમે તે થાય. પોતે શેઠને વફાદાર રહેશે જ રહેશે' - એવો નિશ્ચય તેણે કરી લીધો.

દરવાજો ઉઘડતા બધા અંદર ગયા. જોયું તો અંદર એક નાનું સરખું રુગ્ણાલય જ ઊભું થઈ ગયું હતું. અંદર વૈદ્ય, તેની સાથેના બે-ત્રણ પરિચારકો સહિતની આખી ટુકડી હાજર હતી. પથારીમાં આદિત્ય સૂતો પડ્યો હતો. તેની આંખો ઉઘાડી હતી. આદિત્યની નજર શેઠ ઉપર પડતા જ તેમાં કંઈક આનંદ પ્રગટ્યો. એક સંતોષની ઝલક તેની આંખમાં દેખાઈ રહી.

શેઠ એની નજીક ગયા. માથે પ્રેમથી હાથ મૂક્યો. આદિત્ય શેઠની લાગણી જોઈ ગદ્‌ગદ્ થઈ ગયો. એની આંખમાં ઝળઝળિયા આવી ગયા. એણે હાથથી શેઠને 'કંઈક કહેવું છે ?' - તેવું જણાવ્યું.

શેઠે વૈદ્યરાજ સામે જોયું. વૈદ્યે મૂકસંમતિ આપી કે - થોડો સમય વાત કરવામાં વાંધો નથી. શેઠે ત્યાં વિદ્યમાન માણસોની સામે જોયું. શેઠનો ઈશારો સમજી બધાં તરત જ બહાર જવા રવાના થયા. આદિત્યને જીવતો જોઈ બધા ખૂબ જ પ્રસન્ન થયા હતા.

આ બાજુ આદિત્યે પણ ધીરે-ધીરે વાત કહેવાની શરૂ કરી. આખી વાત અક્ષરશઃ શેઠને કહી દીધી. એણે બજાવેલી કામગીરીથી શેઠ અત્યંત રાજી થયા. કિંતુ, આદિત્યની વાત સાંભળી શેઠ અત્યંત સચિંત થઈ ગયા. કેમ કે, મલિક આચાર્ય મહારાજને જ દાઢમાં રાખી રહ્યો હતો. હવે એ આચાર્ય મહારાજને કારાગૃહમાં નાંખવા માટે બધા પ્રયત્નો કરી છૂટશે.

એક વાર આચાર્ય મહારાજ કારાગૃહમાં જાય પછી તો બધી બાજી મલિકના હાથમાં જ રહેતી હતી. આ સંત પુરુષ જેલમાં જાય, તે પણ કોઈ વાંક-ગુના વિના, તે ચલાવી જ શી રીતે શકાય ?

**આચાર્ય મહારાજ ઉપર આપત્તિ હતી - એટલી વાત નિશ્ચિત થઈ રહી હતી. હવે આગળની મલિકની પ્રવૃત્તિના સમાચાર અમદાવાદથી જ મળી શકે તેમ હતા.** અમદાવાદ મોકલેલ વિનાયક હજુ પાછો આવ્યો ન હતો.

કાલે તો એ અવશ્ય આવવો જોઈએ - એવો શેઠને વિશ્વાસ હતો. કારણ

કે આજે મલિક અમદાવાદ પહોંચી ગયો હોય તે નક્કી હતું. પછીની હિલચાલના જે તાજા સમાચાર હોય તેને લઈને વિનાયક કાલ સુધીમાં આવી જાય તેવી પ્રબળ સંભાવના હતી.

જો કે આચાર્ય મહારાજ કાલ સાંજના જ વિહાર કરી જાય તે શક્ય હતું. વિહારમાં તો આચાર્ય મહારાજનું પગેરું રાખવું ભારે પડી જાય.

કારાગૃહમાં નાંખવાની વાત હોય તો પરિસ્થિતિ ખૂબ ગંભીર બની જતી હતી. પરિસ્થિતિ વિકટ બની રહી હતી. જે જે માહિતી મળ્યે રાખતી હતી તેનાથી પરિસ્થિતિ વધુ ને વધુ વિકટ જ થયે રાખતી હતી.

નિયતિ જ જાણે પ્રતિકૂળ જણાઈ રહી હતી. ઝાઝા વિચારો કરવાનું બંધ કરી શેઠ પાછા વળ્યા. વૈદ્યે પણ હવે આદિત્યને ભયની બહાર કહી દીધેલ હતો. માત્ર થોડા દિવસ સાચવવાનું હતું.

આદિત્યની પથારી પછી તો બહાર જ લઈ લીધી. બધાં ધીમે ધીમે વીખરાવા લાગ્યા. હવે આદિત્યના પ્રાણ ઉપર કોઈ જ પ્રકારનું જોખમ ન હતું. માટે, ચોકી કરવા આવેલાને પણ બક્ષિસ આપી શેઠે રવાના કરી દીધા.

શેરખાનને વાત કરી - તારા માણસો કેટલા હતા ? શેરખાને જવાબ વાળ્યો - 'આમ તો ઘણા હતા. પણ ઘણાખરાની ભૂમિકા બહારથી સળગતા પદાર્થો નાંખવા પૂરતી જ હતી. જે મુખ્ય રીતે યોજનામાં સામેલ હતા તે બધાં તો પકડાઈ જ ગયા છે...'

આ બોલતા બોલતા શેરખાનને યાદ આવ્યું કે - એક વ્યક્તિ આમાં ખૂટે છે. થોડી યાદદાસ્ત તાજી કરતા જ એ વ્યક્તિની ઓળખ એને થઈ ગઈ.

એણે પ્રમાણિકતાથી શેઠને જણાવી દીધું કે - 'એક માણસ અહીંથી છટકી ગયો છે. અને તે કટ્ટર છે. માટે, કંઈક નવાજૂની ચોક્કસ કરશે. શક્ય છે કે કદાચ આદિત્યના પ્રાણ લેવા...' પણ, પોતે જ આગળ બોલતો અટકી ગયો. કારણ કે હવે આદિત્યના પ્રાણ લેવાનો કોઈ મતલબ ન હતો.

તો પછી 'એ કરશે શું ?' - એની કલ્પના પોતે ન કરી શક્યો.

હવે શેઠ ઘણા થાકી ગયા હતા. એમને આ વાત બહુ ભયંકર લાગી નહીં. માટે, એ બાબત ઉપર તપાસ કરવાનું માંડી વાળ્યું. તરત જ શેઠ પોતાની હવેલીએ જઈ પહોંચ્યા. શેરખાન માટે પોતાની જ હવેલીમાં અલાયદો રૂમ કાઢી આપ્યો. આ બાજુ આ જ રાત્રિએ **બે વ્યક્તિ કપડવંજ તરફ આવવા માટે શીઘ્ર ગતિથી દડમજલ કરી રહ્યા હતા.** શેઠ કાલે આચાર્ય મહારાજને વ્યાખ્યાન દરમ્યાન શી રીતે સમજાવવા ? તેનો જ વિચાર કરતા કરતા શય્યામાં પડ્યા પડ્યા નિદ્રાદેવીના ખોળે જઈ પહોંચ્યા.

**ગઈ રાતનો ઉજાગરો, સખત થાક...**

**શેઠની નિદ્રા ગાઢ બનતી ગઈ.**

✷




## નગરશેઠની યોજના

સામૈયાના બીજા દિવસે અમદાવાદનું વાતાવરણ પણ ઝડપથી પલોટાઈ રહ્યું હતું. વિનાયક અમદાવાદ પહોંચી તરત જ નગરશેઠને મળ્યો. ત્યાં સુધી હજુ કશી જ નવાજૂની થઈ ન હતી. પરંતુ મલિક આવતા જ વાતાવરણમાં ત્વરાથી પલટો આવવા લાગ્યો હતો. રસ્તામાં આદિત્યના માણસે મલિકને રોકવાનો પ્રયાસ પણ કર્યો હતો. બરહાન અને મલિક બન્ને જંગલમાં છૂટા પડી ગયા હતા. બીજે દિવસે સવારે અકસ્માતે જ શેરખાનના ગામ પાસે તે બન્નેનો મેળાપ થઈ ગયો. શેરખાનને મળી આદિત્યનો જાન લેવા માટે તેને કપડવંજ મોકલ્યો. આદિત્યની ઘટનાથી મલિક ઘણો જ ગુસ્સામાં આવી ગયો હતો. ભારે ખૂંખાર મિજાજમાં તે આવી પડ્યો હતો.

શેરખાનને મળી તેણે તરત જ અમદાવાદ તરફ પ્રયાણ કર્યુ. વિનાયક મલિક કરતાં પહેલાં અમદાવાદ પહોંચી ગયો હતો. વિનાયકે નગરશેઠને દોશી આણંદજી શેઠની ચિટ્ઠી આપી દીધી હતી. તે વાંચી નગરશેઠ તરત જ બાદશાહને મળ્યા. પણ, બાદશાહ તરફથી જે આવકાર મળ્યો હતો તે જોતા નગરશેઠને કશી જ મુસીબત ન જણાઈ. નગરશેઠે પોતાના બે-ત્રણ માણસોને પણ રાજમહેલમાં ગોઠવી રાખ્યા હતા. મલિક કે બરહાન - કોઈ પણ

રાજમહેલમાં દેખાય કે તરત જ સમાચાર આપવાનું નગરશેઠે કહી રાખ્યું હતું.

વિનાયક પણ શેઠનો વિશ્વાસુ અને ચાલાક માણસ હતો. તેણે તરત જ પોતાની રીતે આખા રાજમહેલ ઉપર નજર રાખી શકે તેવા માણસોને રાજમહેલમાં ગોઠવી દીધા. રાજમહેલમાં બનતી ઘટનાની રજેરજ માહિતી નગરશેઠ અને વિનાયક બંનેને મળી શકે તેમ હતી. પૂર્વે બે-ત્રણ પ્રસંગમાં શેઠે વિનાયકનો પરિચય કરાવ્યો હોવાથી નગરશેઠ પણ વિનાયકને સારી રીતે ઓળખતા હતા. વિનાયક નગરશેઠનો પણ વિશ્વાસુ માણસ બની ગયો હતો.

અત્યાર સુધીમાં તો નગરશેઠ વિનાયક સાથે ખુલાસાવાર કોઈ વાતચીત કરી શક્યા ન હતા. શેઠની ચિટ્ઠી વાંચી નગરશેઠ તરત જ બાદશાહને મળવા માટે નીકળી ગયા હતા. જ્યારે વિનાયક મુસાફરીનો થાક ઉતારી પોતાના કામે શહેરમાં ફરવા ગયો હતો. બપોરે ભોજન બાદ નગરશેઠ અને વિનાયક ભેગા થયા. નગરશેઠે જ વાત ઉપાડી – 'તને શું લાગે છે ?'

'સાહેબ ! ખરું કહું, આ વખતે તો વાતનું ધડમાથું જ મને સમજાતું નથી. શેઠ ઘણા ચિંતામાં દેખાતા હતા.

પણ, હજુ એવી કોઈ આપત્તિના એંધાણ મને તો દેખાતા નથી. હા ! મલિક છે – ખૂંખાર ! પણ, આપણું એ શું બગાડી શકવાનો ?'

'આ વખતનો પ્રશ્ન મામૂલી નથી. આચાર્ય મહારાજ ઉપર આપત્તિની વાત મને લખી મોકલેલ છે. માટે, ગંભીરતાથી વિચારવી જ જોઈએ ને ?'

'હા ! આપની વાત ખરી છે. આચાર્ય મહારાજ ઉપર શેઠને અનહદ લાગણી છે. માટે, ગંભીર થઈ ગયા હોય તેવી શક્યતા છે. પણ, અહીં તો કોઈ સ્ફોટક પરિસ્થિતિ લાગતી નથી. આપણે કરવું શું ?'

'મલિક નહીં આવે ત્યાં સુધી તો બધું શાંત જ રહેશે. મલિક આવે પછી ખબર પડે કે પરિસ્થિતિ કેવો વળાંક લે છે ?

આમ તો બાદશાહ આપણા ઉપર પગલું લગભગ તો નહીં જ લે. બાકી બાદશાહનું કશું કહેવાય નહીં ? મલિક ત્યાંથી ક્યારે નીકળવાનો હતો ?'

'હું નીકળ્યો ત્યારે મને શેઠે કહ્યું હતું કે મલિક તને કદાચ રસ્તામાં પણ મળે. માટે, આમ તો મારી પહેલા તે આવી જવો જોઈતો હતો.

છતાં હજુ સુધી આવ્યો નથી. વચ્ચે ક્યાંક અટવાઈ ગયો હોય કે કદાચ મોડો જ નીકળ્યો હોય !' - વિનાયકે કહ્યું.

'રાજમહેલમાં જેવો એ આવશે કે તરત સમાચાર મળી જશે. તેની ત્યાર પછીની ગતિવિધિ ઉપર પણ તપાસ રહેશે. આટલી વ્યવસ્થા તો મેં પાકી કરી લીધી છે.

મુખ્ય વાત તો એ છે કે મલિક અને બાદશાહ વચ્ચે જે વાત થાય તે કેમ જાણવી ? તારો કોઈ માણસ છે ? જે આ કામ કરી શકે. મેં એક માણસ તો ગોઠવ્યો છે. છતાં તારી નજરમાં કોઈ એવો હોય તો....!'

'હા ! મેં પણ એક માણસ રાખ્યો છે. મારો જૂનો મિત્ર છે. દામ આપો એટલે બધાં કામ કરી આપે. એકદમ ચબરાક માણસ છે. માટે લગભગ તો મલિક અને બાદશાહ વચ્ચેની વાતચીત જાણી તો લાવશે જ. પણ, પ્રશ્ન એ છે કે મલિક આવશે ક્યારે ? મારે બને તેટલું ઝડપથી પાછું ફરવાનું છે.'

'મલિક ક્યારે આવશે ? તે તો કેમ કહી શકાય ? પણ, જે રીતે મને પત્રમાં જણાવ્યું છે, તે રીતે નજીકના જ સમયગાળામાં આવશે. તું તારી રીતે તપાસ ચાલુ રાખ. હું મારી રીતે તપાસ કરું છું. તારે નગરમાં કાંઈ કામ હોય તો આંટો મારી આવ. આટલી સોનામહોર સાથે રાખજે, એટલે વાંધો નહીં આવે' - એમ કહી નગરશેઠે થોડી સોનામહોરો વિનાયકને આપી દીધી.

નગરશેઠ દુકાને જવા ઊભા થયા. વિનાયક પણ મુસાફરીનો થાક ઉતારવા માટે નગરશેઠે આપેલા ઉતારે ગયો. થોડો થાક ઉતારી મુસાફરી કરવા ગમે ત્યારે જવું પડે તો તે માટેની તમામ તૈયારી કરી, ઘોડાની પણ કાળજી કરી વિનાયક શહેરમાં ફરવા માટે નીકળ્યો.

આ એ સમય છે કે જ્યારે આદિત્યની સુરક્ષા માટે શેઠ બધી તૈયારી કરી રહ્યા હતા. આજની રાતે જ દોશી આણંદજી શેઠ અને શેરખાનનો મુકાબલો થયો હતો. જે સમયે વિનાયક નગરમાં ફરવા નીકળ્યો છે, તે સમયે મલિક મુજ્ઝફર શાહ (બીજા) ને મળી ચૂક્યો હતો. આડાઅવળા રસ્તે થઈને આવતા તેને મોડું થઈ ગયું હતું. મલિકે બાદશાહ સાથે ઔપચારિક જ વાત કરી હતી. મૂળ વાત ઉખેડી ન હતી. નિરાંતના સમયે વાત કરવાની તેની

ધારણા હતી. બાદશાહ મુજઝફરને રાજ્ય પ્રાપ્ત થયે હજુ ચારેક વર્ષ જ થયા હતા. છતાં તેણે પોતાની સત્તાનો પાયો સુદૃઢ રીતે નાંખ્યો હતો.

સ્વાભાવિક રીતે મોગલ સલ્તનત, ઈસ્લામી સલ્તનતોમાં લાંબો સમય રાજ્ય ભોગવવું સરળ નથી હોતું. છતાં બાદશાહ મુજઝફરશાહે કડક હાથે કામ લઈ લાંબા સમય સુધીની નિરાંત કરી દીધી હતી. સત્તાકાંક્ષુઓને ચૂપ કરી દીધા હતા. બાદશાહ દાઉદશાહનો એ દીકરો હતો. સત્તા સુદૃઢ થતાં જ ધીરે ધીરે તેના મનમાં સત્તાનો કેફ ચડી રહ્યો હતો.

પોતાની સત્તાને લેશ પણ આંચ આવે તે સહી લેવાની તેની તૈયારી ન હતી. મલિક બાદશાહનો પ્રીતિપાત્ર હતો. નાનપણથી બાદશાહના સાથીદાર તરીકે તે જોડાયેલો હતો. વફાદારીપૂર્વક તે બાદશાહને ભજી રહ્યો હતો. બાદશાહને તે કંઈ પણ હકથી કહી શકતો. બાદશાહ પણ મોટેભાગે તેની કોઈ વાત ઠુકરાવતા નહીં.

જો કે આ વખતની વાત જુદી હતી. મહાજનનું જોર ઘણું હતું. દુકાળ વગેરે પરિસ્થિતિઓમાં જૈનોએ કરેલી સહાયથી જ આખું રાજ્ય ટકી ગયું હતું. સં. ૧૫૪૧નો જ પ્રસંગ છે. તે વર્ષે સમગ્ર રાજ્યમાં ભયંકર દુકાળ પડ્યો હતો. ત્યારે હડાલાના ખેમા દેદરાણીએ અઢળક ધન આપી ગુજરાતની પ્રજાનું દુકાળમાંથી રક્ષણ કર્યું હતું. આથી મહમ્મદ બેગડાએ પ્રસન્ન થઈને જૈનોનું 'શાહ' બિરુદ કાયમ રાખ્યું હતું.

આ ભયંકર દુકાળ વીતે હજુ તો ૨૫-૩૦ વર્ષ જ થયા હતા. લોકોની નજરમાં પણ જૈન મહાજનનું અનેરું અને અદકેરું સ્થાન હતું. આવા જૈનોના સર્વોચ્ચ ગુરુ પૂ.આ. હેમવિમલસૂરિ મહારાજને કેન્દ્રમાં રાખી આ વખતે મલિકે વાત કરવાની હતી. સીધું એમના ઉપર જ આક્રમણ જેવું હતું.

જૈનો એને સાંખી લે તે માનવા જેવું ન હતું. છતાં મલિકે પોતાની રીતે વિચારણા કરી રાખી હતી. સંધ્યા સમયે બાદશાહ સાથે મુલાકાત ગોઠવવાની તેની ભાવના હતી. બાદશાહ પણ મલિકને જોઈને ખૂબ રાજી થયા હતા. રાજની ખટપટમાં જ્યારે પણ આવી કોઈ અંગત વ્યક્તિ મળે ત્યારે બાદશાહને ઘડી - બે ઘડી દિલ ખોલવાનું સ્થાન મળી જતું.

મલિકને રાજમહેલમાં આવતો જોઈ તરત જ શેઠના અને વિનાયકના માણસો સાબદા થઈ ગયા હતા. તેઓની નજર મલિક અને બરહાન ઉપર જ ફરતી રહેતી. બાદશાહે મલિકનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. તે પણ આ બધાની નજરમાં પકડાઈ ગયું હતું. મલિક જ્યારે બહાર નીકળ્યો ત્યારે તેને પણ થયું કે જાણે ઘણી નજરો મારી ઉપર મંડાયેલી હોય તેવું લાગે છે. તેને વાતાવરણ થોડું અજુગતું લાગ્યું. તેની ચાલાક નજરમાં પકડાઈ ગયું કે 'ચોક્કસ મારા ઉપર નજર રાખવામાં આવી રહી છે.'

તે મનોમન સાવચેત થઈ ઝપાટાબંધ પોતાના ઉતારે ચાલ્યો ગયો. ઉપરાછાપરી બની ગયેલા બનાવોથી બરહાનની તો બુદ્ધિ જ બહેર મારી ગઈ હતી. ગઈ રાતના બનાવ પછી બરહાન એક શબ્દ પણ મલિક સાથે બોલ્યો ન હતો. મલિકની પાછળ ઢસડાતો ઢસડાતો તે પણ ઉતારે પહોંચ્યો.

મલિકને ઉતારવા માટે રાજમહેલના પરિસરમાં જ એક અલાયદુ અને ખાસ મહેમાનો માટે વપરાતું મકાન બાદશાહે પસંદ કર્યું હતું. રાજમહેલમાંથી બહાર નીકળી જમણા હાથ તરફ થોડું આગળ વધતાં બેઠી દડીનું મકાન મલિકને પણ પસંદ પડી ગયું હતું. મકાન ચારેબાજુથી સુરક્ષિત હતું. પરવાના વગર કોઈ પણ વ્યક્તિ પ્રવેશ કરી શકે તેમ ન હતી. કેટલા દિવસ અહીં રોકાવાનું થાય ? તેની કશી જ ખબર ન હતી.

આચાર્ય મહારાજને ગાયબ કરી દીધા બાદ જૈનોમાં જે હોબાળો મચે તેની સામે એકલો બાદશાહ ઝૂકી પડે. પણ, જો પોતે સાથે હોય તો ઘણો જ ફેર પડી જાય. માટે, લાંબો સમય રોકાવું પડે તો તેની પણ તૈયારી મલિકે કરી લીધી હતી. એટલે જ આવું અલાયદું મકાન તેને પસંદ પડી ગયું.

જે સમયે મલિક આ મકાનમાં પોતાની મુસાફરીનો થાક ઉતારી આગળની યોજના ગૂંથવામાં પડ્યો હતો તે જ સમયે વિનાયક બજારમાં ફરવા માટે નીકળ્યો હતો. મલિકના સમાચાર શેઠના માણસે શેઠની દુકાને પહોંચાડી દીધા હતા. બજારમાં ફરતો ફરતો વિનાયક છેક શહેરની બહારના વિસ્તારમાં પહોંચી ગયો. આ વિસ્તારમાં થોડી શાંતિ હતી. ભવિષ્યમા શું થશે ? તેની વિચારણામાં વિનાયક તલ્લીન થઈ ચૂક્યો હતો. ત્યાં એના કાને પોતાના નામની બૂમ સંભળાઈ. કોઈ પોતાને બોલાવી રહ્યું હોય તેવું લાગ્યું.

ધ્યાનથી જોતા ખ્યાલ આવી ગયો કે પોતે જે માણસને રાજમહેલમાં ધ્યાન રાખવાનું કહ્યું હતું તે જ હતો. તેને જોતાં જ વિનાયક ઝપાટાબંધ તે શેરી છોડી અચાનક જ બીજી શેરીમાં વળી ગયો અને તેમાંથી તે ત્રીજી-ચોથી શેરીમાં વળી છૂ જ થઈ ગયો. વિનાયકને બૂમ પાડનારો પણ તરત જ પાછો વળી ગયો. વિનાયક શહેરમાં થોડું ફરી કિલ્લાની બહાર નીકળી ગયો. કિલ્લાની બહારના ભાગમાં એક અવાવરું જગ્યા હતી.

ખંડેર વાવ જેવું હતું. 'આજુબાજુ કોઈ છે નહીં ને ?' - તેની કાળજી લેતો વિનાયક ઝપાટાબંધ તે અવાવરું વાવમાં પહોંચી ગયો.

સંકેત મુજબ વિનાયકને બૂમ પાડનારો આ અવાવરું વાવમાં હાજર હતો. શહેરની વચ્ચે કોઈકની સામે વિનાયક રાજમહેલના કોઈ પણ માણસને મળે તે હિતાવહ ન હતું. મલિકના જાસૂસો પણ અમદાવાદમાં ઘણા હતા, જે એને રજેરજની માહિતી આપતા રહેતા. એમાંના કોઈક વિનાયકને ઓળખતા પણ હોઈ શકે. રાજમહેલના માણસને તો સૌ કોઈ ઓળખતા જ હતા.

માટે, એ બન્નેનું મિલન કોઈકની નજરે ચડી જાય તે ઈચ્છનીય ન હતું. કાયમ માટે વિનાયક આવી કાળજીઓ લેવાનું ચૂકતો નહીં.

સંકેત થયા મુજબ વિનાયક બે-ત્રણ ઘડી પછી આ અવાવરુ જગ્યાએ પહોંચવાનો જ હતો. પણ, જ્યારે તે માણસને પોતાના નામની અસ્પષ્ટ ભાષામાં બૂમો પાડતો જોયો ત્યારે વિનાયક સમજી ગયો કે કંઈક અગત્યના સમાચાર છે. માટે, તે તરત જ, કોઈકની નજરમાં ઝડપાય તે પહેલા જ શહેરમાં બીજા-ત્રીજા રસ્તે ફરી મુકરર કરેલા સ્થાને પહોંચી ગયો.

પેલો માણસ પણ તે જ રીતે આ સ્થાને પહોંચી ગયો હતો. પોતાનો કોઈ પીછો નથી કરી રહ્યું ને ? - તેની કાળજી પણ વિનાયકે લીધી હતી. અવાવરું વાવની આજુબાજુમાં કોઈ છે નહીં ને ? - તેની તપાસ પણ અવાવરું વાવમાં પ્રવેશતા પૂર્વે જ વિનાયકે કરી લીધી.

અંદર પ્રવેશતા પોતાના પગલા પણ ભૂંસી નાંખતો વિનાયક અંદર પહોંચ્યો. અવાવરું વાવમાં ભોયરા ઘણા હતા. માટે, આવા કાર્યો માટેનું તે આદર્શ સ્થળ કહી શકાય. અંદર આવવાના અને બહાર જવાના ઘણા રસ્તાઓ

હતા. તેથી, અંદર ફસાઈ જવાની શક્યતા ઘણી જ ઓછી હતી.

આફતના સમયે ગમે ત્યાંથી ભાગી શકાય તેવું હતું. રાજમહેલનો માણસ પણ ઉતાવળમાં હતો. તે વિનાયકની જ આતુર નયને રાહ જોઈ રહ્યો હતો. કોઈકના આવવાના અવાજને સાંભળી તે તરત જ લપાઈ ગયો. વિનાયકને જોઈ તેનો જીવ હેઠો બેઠો. તરત જ તે પ્રગટ થયો. તે સંકેત શબ્દ બોલ્યો. વિનાયક પણ સામો સંકેત શબ્દ બોલ્યો. મતલબ કે કોઈ નકલી વેશધારી ન હતું.

રાજમહેલના માણસે જ વાત ઉપાડી - 'મલિક આવી ગયો છે.'

'ક્યારે આવ્યો ?' - વિનાયકે પૂછ્યું.

'લગભગ બપોરના સમયે. આવ્યે બે-ત્રણ ઘડી જેટલો સમય તો વીતી જ ગયો હશે. કદાચ વધારે થયું હશે ?'

'કેટલા જણા હશે ?'

'બે દેખાયા છે. ઘોડા પણ બે જ છે. થોડા ઘણા થાકેલા દેખાય છે. લાગે છે કે આખી રાત ભારે દોડાદોડી થઈ છે. મલિક થોડો ઘાયલ જેવો પણ દેખાયો.'

આટલી નિરીક્ષણ શક્તિ ઉપર વિનાયકને માન ઉપજ્યું. વાત આગળ ચલાવી. 'બાદશાહને મળ્યા ?'

'હા !'

'શું વાત થઈ ?'

'હમણાં તો કશી વાત થઈ નથી. પણ, મલિકે બાદશાહ પાસે મળવાનો સમય માંગ્યો હતો. બાદશાહે સંધ્યા વખતે આવવાનું કહ્યું છે.'

'બીજી કોઈ વાત થઈ ?'

'હા ! થોડી અલકમલકની વાતો કરી. બાદશાહના ખબર-અંતર પૂછ્યા. થોડી રાજકાજની ચર્ચા થઈ...વિશેષ કોઈ વાત નથી થઈ.'

'બાદશાહે મલિકનું કેવું સ્વાગત કર્યું ?'

'ઊષ્માભર્યું ! બાદશાહ મલિક ઉપર ફીદા લાગે છે.'

'અચ્છા, મલિકનો ઉતારો ક્યાં છે ?'

'રાજમહેલની બાજુમાં જ અલાયદું મકાન છે કે જેમાં ખાસ મહેમાનોને જ ઉતારવામાં આવે છે ત્યાં.'

'શું વાત છે ? ત્યાં ઉતારો આપ્યો ? કેમ ? અતિથિગૃહમાં કોઈ કમરો ખાલી નથી ?'

'અતિથિગૃહમાં તો ઘણું ખાલી પડ્યું છે. પણ, બાદશાહે સામેથી જ કહ્યું.'

'મલિક સાથે સામાન કેટલો છે ?'

'ખાસ નથી.'

'કેટલા દિવસ ઉતરવાનો છે ? કંઈ જાણવા મળ્યું ?'

'ના, સામાન ખાસ છે નહીં. જ્યારે બાદશાહે જૂદું મકાન આપ્યું છે તે જોતા લાગે છે કે બાદશાહ જ મલિક લાંબો સમય અહીં રહે તેમ ઈચ્છતા લાગે છે.'

મલિક ઉપરની બાદશાહની આ કૃપા ભારે પડી જશે. વિનાયક ગણગણ્યો. વિનાયકે આગળ પૂછ્યું - 'બીજી કોઈ ખાસ વાત ?'

'ના, પણ મને એક વિચાર આવે છે કે સંધ્યા સમયે મલિકે શા માટે મુલાકાત માંગી ? કંઈ ખાસ કામ હશે તો જ ને ?'

'એ તો છે જ ને ! માટે જ તો મલિકની પાછળ આપણે પડ્યા છીએ. પણ, મહત્ત્વની વાત તો એ છે કે મલિક અને બાદશાહની વચ્ચે જે વાત થાય તેનો અક્ષરે અક્ષર પકડવાનો છે.'

'જી ! એની વ્યવસ્થા વિચારી રાખી છે. થોડું મુશ્કેલ છે. પણ, થઈ જશે.' વિનાયકને લાગ્યું કે આ ખૂબ જ મહત્ત્વની વાતચીત છે. મારે ખુદે જ કાનોકાન તે સાંભળવી જોઈએ. એકાદ અક્ષર પણ છૂટી જતા કદાચ શેઠને ઘણું નુકસાન થઈ જશે. જોખમ વહોરીને પણ આ કામ પાર પાડવું જ રહ્યું.

વિનાયકે પોતાની પાસે રહેલી સોનામહોરોમાંથી થોડી સોનામહોર કાઢી રાજમહેલના એ માણસને આપતા કહ્યું - 'લે, આ તારી સોગાદ રાખી લે. ખૂબ જ સારી કામગીરી નિભાવી છે. હવે એક બીજું કામ કરવું છે.'

પેલો માણસ મનમાં જ બબડ્યો – 'અચ્છા ! તો એની આ સોનામહોર છે. ઠીક છે. તમે સોનામહોર આપો તો, આ બંદા બધું કરવા તૈયાર જ છે.' એ માણસે પ્રગટમાં પૂછ્યું – 'બોલો ! શું કામ છે ?'

વિનાયકે કહ્યું – 'બાદશાહ અને મલિકની વાતચીત મારે મારા સગા કાને સાંભળવી છે.' પળ-બે પળ પેલો માણસ વિચારમાં ખોવાઈ ગયો.

થોડી વાર વિચાર કરી કહ્યું. – 'સારું ! સંધ્યા સમયે રાજમહેલના કોટની પાછળના ભાગમાં લીમડાનું ઘટાદાર વૃક્ષ છે. તેના ઉપર બેસી જજો. બાકીની વ્યવસ્થા હું ગોઠવી લઈશ.'

વિનાયકે કહ્યું – 'પણ ! સંધ્યાનો સમય છે, પકડાઈ જવાની શક્યતા વધુ છે. બાદશાહ અને મલિકની મુલાકાત રાતના સમયે ગોઠવાય તેવું શું ન બની શકે ? તેવી કોઈ વ્યવસ્થા ન ગોઠવાય કે જેથી બાદશાહ સંધ્યા સમયે મલિકને મળી જ ન શકે.'

પેલા માણસે પણ કહ્યું – 'સમય સંધ્યાનો છે. માટે, પકડાઈ જવાનું જોખમ પૂરેપૂરું છે. પણ, એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. મુલાકાત રાત્રિના સમયે થાય – તે કેમ ગોઠવી શકાય ?'

વિનાયક પણ પળભર વિચારમાં પડી ગયો. તેને કોઈ ઉપાય સૂઝતો ન હતો. થોડી વાર રહી તેણે કહ્યું – 'હું સંધ્યા બાદ અંધારું થતા જ ત્યાં ગોઠવાઈ જઈશ. લગભગ તો મલિક થાકેલો છે. માટે, તે રાત્રિ પહેલા નવરો નહીં થાય. આરામ કરીને ઉઠતા જ તેને ઘણો સમય થઈ જશે. માટે, અંધારામાં જ હું આવું તે ઉચિત રહેશે. કદાચ મલિક વહેલો આવી જાય તો આપણો બીજો કોઈ માણસ હોય તેને મને લેવા મોકલી દેજે. તું કાનોકાન બધું સાંભળી લેજે. પણ, તને જોખમનો ખ્યાલ છે ને ? બધી વ્યવસ્થા બરાબર વિચારી લેજે ? જો બધું સમુસૂતરું ઉતરી જશે તો તો કોઈ વાંધો નથી. પણ, જો કંઈક આડું અવળું થયું તો મારું અને તારું માથું સલામત નહીં રહે.'

'જુઓ, જોખમ પાર વિનાનું છે. હમણાં હમણાં સુરક્ષાવ્યવસ્થા પણ મજબૂત થઈ ગઈ છે. પણ, જ્યારે કામ પાર પાડવું જ છે. ત્યારે જોખમ ઉપર ચિંતા કરીને કોઈ મતલબ નથી.

હા ! સાવ આંધળૂકિયા નહીં થાય. મારા ઓળખીતા ઘણા છે. માટે લગભગ તો વાંધો નહીં આવે. કામ થઈ જશે. બાકી ઈશ્વરેચ્છા !'

વિનાયક પણ ચિંતામાં પડી ગયો. આખરે જોખમ વહોરવાનો નિશ્ચય કરી બન્ને જણા છૂટા પડ્યા. સંધ્યાને બહુ વાર ન હતી.

નગરશેઠને બધી વાત કરવાની હતી. માટે, વિનાયક ઝડપથી શહેર તરફ ચાલ્યો. કોઈ પોતાની પાછળ નથી ને ? તેની સાવચેતી રાખવા માટે વારેવારે પાછળ ફરીને વિનાયક જોઈ લેતો.

નગરશેઠ સંધ્યા સમયનું વાળુ કરવા માટે ઘરે આવ્યા હતા. સૂર્યાસ્તનો સમય નજીકમાં હતો. વિનાયકે પણ નગરશેઠની સાથે જ વાળું કરી લીધું. દોશી આણંદજી શેઠના સંસ્કારને કારણે શેઠના માણસો પણ લગભગ રાત્રિભોજન કરવાનું ટાળતા. શેઠના વર્તનની સ્વાભાવિક અસર શેઠના માણસો ઉપર પણ બહુ ઊંડી પડતી. માટે, તેમનો દરેક માણસ લગભગ જૈન ધર્મ પ્રત્યે અનુરાગવાળો તો બની જ જતો. જ્યારે વિનાયક તો પોતે જૈન હતો.

નગરશેઠ અને વિનાયક - બન્ને વાળુ પતાવી દિવાનખંડમાં બેઠા. સૂર્યાસ્તને હજુ વાર હતી. સૂર્યાસ્ત પછી તરત જ વિનાયકે નીકળવાનું હતું.

આ વખતે પણ નગરશેઠે જ વાત ઉપાડી -

'મલિક આવી ગયો, સમાચાર મળ્યા હશે !'

'હાજી, સાથે બરહાન પણ લાગે છે. અત્યારે તેની મુલાકાત છે, બાદશાહ સાથે. આ જ મુલાકાત નિર્ણાયક બની રહેશે. મલિક લાંબા સમયનું રોકાણ કરવાની ઈચ્છાથી આવ્યો લાગે છે. આપને શું લાગે છે ?'

વિનાયકે ટૂંકા ગાળામાં મેળવી લીધેલા આ સમાચાર સાંભળી નગરશેઠને વિનાયકની કાર્યકુશળતા ઉપર માન ઉપજ્યું.

નગરશેઠે કહ્યું 'હા ! મને પણ સમાચાર મળ્યા છે. મને લાગે છે કે - આ મુલાકાત જ નિર્ણાયક બની રહેશે. તેનો એકેક અક્ષર આપણા માટે અમૂલ્ય છે. મેં એ માટે વ્યવસ્થા વિચારી જ છે. તેં કંઈક વિચાર્યું છે ?'

'આ મુલાકાતની રજેરજની માહિતી મળવી જોઈએ - એવું મને લાગે છે.' વિનાયક આટલું કહી અટકી ગયો.

આગળની વાત નગરશેઠને કેવી રીતે જણાવવાની તેની વિસામણમાં તે પડી ગયો. પળભર નગરશેઠ વિચારમાં પડી ગયા. પછી કહ્યું – 'વિનાયક ! તું જે જોખમ ઉપાડે તે સાચવીને ઉપાડજે. તારો વિચાર જોખમથી ભરપૂર છે. બાદશાહની સલામતી વ્યવસ્થા જડબેસલાક છે.'

વાતના મૂળ સુધી તરત જ પહોંચી જવાની, મૂળને પકડી લેવાની, સામાના વિચારને વાતવાતમાં જાણી લેવાની નગરશેઠની આગવી કળા જોઈ વિનાયક આફ્રીન પોકારી ગયો.

ભાવભીના સ્વરે તેણે કહ્યું – 'સાહેબ ! જોખમ તો ઘણું જ છે. પણ, પરિસ્થિતિની ગંભીરતા જાણ્યા પછી આ જોખમ ખેડવું અનિવાર્ય લાગે છે.

મારા એક માણસ સાથે મેં વાત કરી છે. તેણે બધી વ્યવસ્થા વિચારી રાખી છે. મારે લીમડાના ઝાડ પાસે પહોંચવાનું છે. ત્યાંથી બાદશાહના કમરા સુધીની યાત્રા જ થોડી મુશ્કેલ છે. પણ, મને લાગે છે રાત્રિના સમયે જો અંધારાનો લાભ લઈ લેવાય તો વાંધો નહીં આવે.'

'વિનાયક ! તારી કાર્યકુશળતા અને કાર્ય પ્રત્યેની નિષ્ઠા ખરેખર દાદ માંગી લે તેવી છે. તું સામે ચાલીને તારી જાતને મોતના મુખમાં મૂકવા તૈયાર થયો છે – તે જ તારી નિષ્ઠાને જણાવે છે.'

'સાહેબ ! કોઈ જનમનો ઋણાનુબંધ લાગે છે. ખબર નહીં, શેઠ સાથે ગજબની માયા થઈ ગઈ છે. હવે તો એ શેઠના કાર્ય માટે મરવું પણ મીઠું લાગે છે. જીવનનું સાફલ્ય લાગે છે. **સ્વામીને માટે સર્વસ્વ અર્પણ કર્યા બાદ જાનને પણ અર્પણ કરવાનો અવસર મળે તેનાથી રૂડું સેવક માટે શું ?**

જો કે, આ વખતે મારે જાન ખોવાનો નથી. શેઠને રજેરજની વિગતોથી મારે વાકેફ કરવાના છે. મને મૂંઝવણ એ છે કે એક વાર મહેલમાં પ્રવેશી ગયા બાદ, બાદશાહના કમરાની પાસે પહોંચી ગયા બાદ જ્યાં સુધી બાદશાહ–મલિકની વાત ચાલે ત્યાં સુધી સહીસલામત બેસવાની જગ્યા ક્યાં મળશે ?' નગરશેઠ પણ પળભર વિચારમાં પડી ગયા.

થોડી વાર બાદ જાણે કોઈ ગંભીર રહસ્ય કહેતા હોય તે રીતે ગંભીર અવાજે બોલ્યા – 'બાદશાહનો મુલાકાતનો ખંડ તે જોયો છે ? મલિક કયા

કમરામાં બાદશાહને મળવાનો છે - તે તને ખ્યાલમાં છે ?'

'પહેલા બાદશાહનો મહેલ મેં જોયો છે. મલિક સાથેની મુલાકાત કયા ખંડમાં થશે - તેનો અંદાજ હું લગાવી શકું છું.'

'કયા ખંડમાં ?', 'શાતિથી મંત્રણા કરવા માટે બાદશાહે જે અલાયદો કમરો ફાળવ્યો છે ત્યાં જ. સાધારણ મુલાકાત ખંડ છે ત્યાં નહીં.' 'બરાબર !',

'પણ, એની આજુબાજુમાં સાંભળવા માટે બેસી શકાય તેવી કોઈ વ્યવસ્થા જ નથી. કોઈની ને કોઈની નજરે ચડી જવાનું જોખમ ઊભું જ રહે.'

'એ મુલાકાત ખંડમાં તેં કોઈ વિશેષતા જોઈ છે ?' - નગરશેઠે પૂછ્યું.

'હા ! ખૂબ સારી અને આકર્ષક સજાવટ છે. વિશ્રંભવાર્તા કરવાનું મન થઈ જાય તેવી તેની સજાવટ છે. દિલ ખોલી દેવાનું મન થઈ જાય તેવી તેની આબોહવા છે.'

'તે ખંડમાં એક મોટી આદમકદની તસવીર જોઈ છે ?'

'હા ! એ તો મુજઝફર બાદશાહના કોઈ પૂર્વજની છે ને ?'

'હા, પણ એ તારા માટે ખૂબ ઉપયોગી છે.'

'કેવી રીતે ? તસવીર મને શા કામમાં આવશે ?'

'એ તસવીર દિવાલ સાથે ચપોચપ લાગેલી છે. તે દિવાલને અડીને જ પાછળના ભાગમાં એક બીજો કમરો છે. બાદશાહના વપરાયેલા, જૂના શસ્ત્રો... બખ્તરો વગેરે એ કમરામાં રાખવામાં આવે છે.

એ કમરામાં એક કબાટ છે. જો એ કબાટ ખોલી તેમાં તું ગોઠવાઈ જઈશ તો આખી બાદશાહ અને મલિકની વાત તું સાંભળી પણ શકીશ અને બનતી ઘટનાઓ નિહાળી પણ શકીશ.'

વાત સાંભળી વિનાયકના મોઢા ઉપર આનંદની લહેર ફરવા માંડી. વાતની ગડ તેને બેસવા માંડી. તેણે પૂછ્યું - 'કેવી રીતે ?'

'એ કબાટના ઉપરના ભાગમાં બે કાણાં છે તે બંધ છે. તે ખોલી નાંખજે. અને તારી ત્યાં આંખ ગોઠવી દેજે. વાસ્તવમાં બહાર જે આદમકદની તસવીર

દેખાય છે, તે આ કબાટ ઉપર જ ચીપકેલી છે. દિવાલ સાથે તેનો સંપર્ક બહારથી દેખાય છે, હકીકતે નથી. તારી બે આંખો બરાબર તે જ જગ્યાએ ગોઠવાશે કે જે જગ્યાએ તસવીરની બે આંખો હોય. માટે કશો જ વાંધો નહીં આવે. તથા એ કમરો અવાવરું હોવાથી લગભગ ત્યાં કોઈની અવરજવર નહીં હોય. શાંતિથી તું ત્યાં બેસી શકીશ. ફક્ત તે કમરા સુધી તારે પહોંચવું પડશે.'

આખી યોજના સમજાતા જ વિનાયક ઓવારી ગયો. મહાજનનું આ વર્ચસ્વ અને આ બુદ્ધિમત્તા ઉપર વિનાયક મુગ્ધ બની ગયો. ખૂબ જ સુંદર રીતે યોજના પાર પડી શકે તેમ હતી. ફક્ત તે કમરા સુધી પહોંચવા પૂરતી જ સાવધાની રાખવાની હતી. પછી તો પોતે રાજા હતો. વિનાયક જોશમાં આવી ગયો.

ફરીથી નગરશેઠે કહ્યું - 'કદાચ બાદશાહને ખબર પડી જાય અને તને પકડવા માટેના હુકમો છૂટે તો તું ગમે તેમ કરીને એક વાર મહેલની બહાર નીકળી જજે. બહાર થોડા મારા માણસો હું ગોઠવી રાખીશ. જે અચાનક જ ધાંધલ મચાવી મૂકશે. બધાનું ધ્યાન તે તરફ ખેંચાશે. તું સલામત રીતે છટકી શકીશ. આવી કોઈ પણ પરિસ્થિતિ સર્જાય તો તું ત્યાંથી સીધો કપડવંજ તરફ જ જવા નીકળી જજે. ઘોડા વગેરે બધું રાજમહેલની બહાર તૈયાર જ રાખજે. એક બે જગ્યાએ જુદી-જુદી દિશાઓમાં સારી ઓલાદના ઘોડા તૈયાર કરી રાખજે. જેથી કશી જ તકલીફ ન પડે. સીધી કપડવંજ તરફની દિશા પકડવાના બદલે ઊંધી દિશા પકડજે. પછી કપડવંજ તરફ વળી જજે.'

આખી યોજના વિનાયકે મગજમાં ઉતારી લીધી. એક પછી એક દરેક કડી તે ગોઠવતો ગયો. 'ક્યાંય કશી તકલીફ નથી ને ? ગરબડ નથી ને ?' - તે શાંત ચિત્તે વિચારવા લાગ્યો.

ત્યાં ફરીથી નગરશેઠે કહ્યું - 'જ્યારે તને અણસાર મળે કે તને પકડવા માટેના હુકમો છૂટી ગયા છે, હવે તારા માટે બચવું મુશ્કેલ છે. ત્યારે તું બહાર ઉભેલા મારા માણસોને જાણ કરવા માટે આનો ઉપયોગ કરજે.' એમ કહી નગરશેઠે નાનકડા શંખ જેવી એક વસ્તુ વિનાયકના હાથમાં મૂકી.

નગરશેઠે કહ્યું - 'આ એક વિશિષ્ટ પ્રકારની વસ્તુ છે. જો તને વગાડતા આવડશે તો આમાંથી નીકળતી તીક્ષ્ણ અને તીણી સ્વરલહરી આખા

રાજમહેલમાં ચોમેર ફરી વળશે. વળતી જ પળે મારા માણસો ધાંધલ મચાવી મૂકશે. પણ ધ્યાન રાખજે કે જેવી આ વસ્તુ તું વગાડીશ કે યુદ્ધ શરૂ થઈ જશે. ખુલ્લંખુલ્લા આહ્વાન મળી જશે. પછી બધું કટોકટીમાં આવી જશે.

માટે, શક્યતઃ આનો ઉપયોગ ટાળજે. આના દ્વારા તારી હાજરી છતી થઈ જવાનું પણ જોખમ છે. છતાં જો ચપળતા રાખીશ તો સહીસલામત છટકી જઈશ. સતર્કતા અને ચપળતા - એ જ તને બચાવી શકશે.'

'જે ધાંધલ મચાવશે તે માણસો તો પકડાઈ જશે. બાદશાહ સઘન તપાસ કરાવશે. આખરે આપના સુધી તેનું પગેરું નીકળી જશે... આપ સીધા શંકાના દાયરામાં આવી જશો.'

નગરશેઠ વિનાયકની આ વાત સાંભળી સહેજ મલકી ઉઠ્યા. પછી પોતાની યોજના સમજાવતા કહ્યું કે - 'આજે રાતે એક ઘરમાં ચોરી થવાની છે. ચોરી કરવા આવનાર ચોરને એ ઘરના માલિકો પકડી લેશે. એને પકડી બાદશાહ પાસે સીધા ન્યાય માંગવા આવશે. ચોરી કરનાર ઉપર આબરુ લૂંટવાનો પ્રયાસ કરવાનો પણ આરોપ હશે.

માટે, ન્યાય મેળવવા તે બધાં અધીરા થયા હશે. પણ, બાદશાહના મહેલનો ચોકીદાર તે લોકોને પ્રવેશવા નહીં દે, એ જ અરસામાં ચોરના બે-ત્રણ સાથીદાર ક્યાંકથી આવી ચોરને છોડાવવાનો પ્રયત્ન કરતા હશે. ત્યાં જ જોરદાર તીણો અવાજ સંભળાતા બે પળ સહુ સ્તબ્ધ બનશે. તે સ્તબ્ધતામાં ચોર સાબદો બની છટકી જશે. અને રાજમહેલમાં જ ઘૂસી જશે. થઈ જશે ધાંધલ-ધમાલ ! રાજમહેલના માણસો જ હાંફળા-ફાંફળા થઈ મામલો બીચકાવી નાંખશે. આમાં નગરશેઠને ક્યાં લાગે વળગે ?'

વિનાયક આખી યોજના સાંભળી પ્રસન્ન થઈ ગયો. નગરશેઠની બુદ્ધિને દાદ આપવાનું મન થઈ ગયું. આ હદની તૈયારી જોતાં વિનાયકને આ વાત હવે એકદમ સરળ લાગવા માંડી.

કશી જ યોજના વિના તે તો કૂદી પડવાનો હતો. પણ, નગરશેઠે એક પછી એક અંકોડાબદ્ધ રીતે જે યોજના બનાવી તેનાથી તે એકદમ જ ઉત્સાહમાં આવી ગયો. હવે તેને આ યોજના એકદમ સરળ લાગવા માંડી.

આ બધી વાતોમાં સમય ઘણો પસાર થઈ ચૂક્યો હતો. અંધારું ઘેરાવા લાગ્યું હતું. નગરશેઠને પણ યોજના પાર પાડવા ઘણી તૈયારી કરવી પડે તેમ હતી. એટલે નગરશેઠ ઉભા થયા. ઊભા થતાં થતાં તેમણે વિનાયકને કહ્યું કે – 'વિનાયક, તું ઘોડા આપણા તબેલામાંથી લઈ લેજે.'

વિનાયક બોલ્યો – 'અરે સાહેબ ! એક વાર રાણક ઉપર વિનાયક બેઠો. પછી કોઈની તાકાત નથી કે વિનાયકને હાથ લગાડી શકે. બસ ! એક વાર રાણક ઉપર વિનાયક બેઠો એટલે પછી ભલેને આખી દુનિયા દોડ્યા કરે. પણ, રાણક હાથમાં ન આવે !' રાણક વિનાયકની પ્રાણપ્યારી ઘોડી હતી. અરબી ઓલાદનો ઊંચી કાઠીનો, મજબૂત અશ્વ એટલે જ રાણક.

'સારું ! હવે તું જલદીથી રવાના થા, ઘણું કામ કરવાનું છે. કદાચ હવે મળવાનું ન પણ થાય.. તારો પંથ નિર્વિઘ્ન બનો.'

વિનાયકે નગરશેઠના આશિષ લીધા. નગરશેઠનો કંઠ પણ ગળગળો થઈ ગયો. વિનાયકની આંખમાંથી અશ્રુ સરી પડ્યા.

નગરશેઠે બતાવેલી હમદર્દી વિનાયકને હચમચાવી રહી હતી. આખરે સહુ પોત પોતાના પંથે વળ્યા. વિનાયક અંધાર પછેડો વગેરે સામગ્રી લઈ રાજમહેલ જવા નીકળી ગયો. શેઠે રાજમહેલમાં નજર રાખવાનું કહ્યું હતું – એટલે વિનાયક જાસૂસીની બધી સાધનસામગ્રી લઈને જ નીકળ્યો હતો. આમે ય પોતે આ બધી સામગ્રી કાયમ માટે સાથે જ રાખતો. જુદી-જુદી ૫-૬ જગ્યાએ ચાકુ વગેરે ઘૂસાડી, અંધારપછેડો સાથે લઈ બધી રીતે તૈયાર થઈ, રાણકને લઈ તે સીધો અમદાવાદની બહાર પહોંચી ગયો. ત્યાંથી અજાણ્યા રસ્તે નગરની અંદર પ્રવેશી રાજમહેલના પાછળના ભાગમાં પહોંચી ગયો.

જો કે વિનાયક કોટની બહાર ન હતો ગયો છતાં છેક બહારના વિસ્તારમાંથી તે રાજમહેલ તરફ આવ્યો હતો. જેથી ઝટ કોઈની નજરે ચડી ન જાય. અંધારું ઘેરાઈ ચૂક્યું હતું. વિનાયકે ઝટપટ અંધારપછેડો કાઢી પહેરી લીધો અને બધું જ બરાબર ગોઠવી દીધું. રાણકને પણ ઝાડ સાથે બાંધી દીધો. રાણકને સહેજ હાથ અડાડ્યો કે રાણક જાણે ચિત્રમાં દોરેલો હોય તેવો સ્થિર ઊભો રહી ગયો. વિનાયક રાજમહેલ તરફ આગળ વધી ગયો...

✷




## વિનાયક રાજમહેલમાં

અત્યંત નીરવતા ભરેલો સમય હતો. ચારે બાજુ વાતાવરણમાં સન્નાટો છવાયેલો હતો. **આ એ સમય હતો કે જ્યારે સૂર્યાસ્ત બાદ તુરંતમાં જ તમામ જનવ્યવહાર સ્થગિત થઈ જતો. સહુ પોત-પોતાના ઘરમાં જ રહેતા. સૂર્યાસ્ત બાદ ઘરની બહાર નીકળવાનું પણ પ્રાયઃ કરીને સહુ ટાળતા.**

પક્ષીઓ પણ માળામાં જંપી ગયા હતા. આ રાત્રિ કંઈક અલગ જ હતી. કપડવંજમાં આ જ સમયે શેરખાન ધાંધલ મચાવવાની શરૂઆત કરી રહ્યો હતો.

વિનાયક અને નગરશેઠ અમદાવાદમાં એ જ કરવા જઈ રહ્યા હતા. વિનાયક અત્યારે રાજમહેલની બરોબર પાછળના ભાગમાં હતો.

આ ભાગમાં વસ્તી બિલકુલ ન હતી. ઉજ્જડ જેવો પ્રદેશ હતો. રાજમહેલનો કોટ બહુ ઊંચો નહીં, પણ મજબૂત ઘણો હતો. એને ટપીને જ વિનાયક રાજમહેલમાં પ્રવેશી શકે તેમ હતો.

રાજમહેલના કોટની દિવાલને અડીને જ એક ઘેઘૂર લીમડો હતો. તેની ઘણી ડાળો કોટની અંદર પણ ડોકાતી. આ લીમડા ઉપર ચડીને વિનાયકે બેસવાનું હતું. પછી જ્યારે પોતાનો માણસ આવે, સંકેત કરે ત્યારે જ મહેલની

અંદર પ્રવેશવાનું હતું. જરા જેટલી પણ ગફલત આખી બાજી ઊંધી વાળી શકે તેમ હતી. બિલકુલ અવાજ ન થાય તેની સાવચેતી રાખતો રાખતો વિનાયક વૃક્ષ ઉપર ચડી ગયો. ક્યાંય કોઈ અવાજ ન હતો. પળભર વિનાયક એકદમ સ્થિર થઈને ઝાડ ઉપર પડ્યો રહ્યો. કોઈને શંકા પડી હોય તેવું જણાયું નહીં. ધીરે ધીરે કોટની અંદર ડોકાતી ડાળી ઉપર વિનાયક જવા લાગ્યો.

અહીં એક સલામત જગ્યા એને મળી ગઈ. જ્યાં શાંતિથી બેસીને કોટની અંદરનું ચિત્ર સ્પષ્ટ રીતે જોઈ શકાતું હતું. જો કે અંધારું ઘણું હતું. માટે, અનુમાન કરીને જ જાણી શકાતું કે શું હિલચાલ થઈ રહી છે ?

રાજમહેલના કોટની અંદર થોડા થોડા અંતરે દીવાનો પ્રકાશ પડતો રહેતો. રાત્રિના આ ઘોર અંધકારને ભેદવા માટે એ અપૂરતો હતો. વિનાયકે શાંતિથી ત્યા આસન જમાવી દીધું.

કોઈ પણ અવાજને સાંભળવા માટે તેના કાન તૈયાર હતા. કોઈ પણ વસ્તુને પકડવા માટે તેની આંખો પણ સાબદી હતી. કંઈ પણ ઘટના ઘટે કે કશું પણ થાય – તે બધું ગ્રહણ કરતો વિનાયક કોટની અંદર તરફ પોતાનું મન કેન્દ્રિત કરી રહ્યો હતો.

વચ્ચે વચ્ચે ચોકીદારો આંટા લગાવી જતા, હોંકારા-પડકારા કરી જતા – તે સિવાય કશું જ દેખાતું નહીં કે સંભળાતું નહીં. ક્યાંય કશું અજૂગતું બન્યાની ગંધ આવતી ન હતી. સમય એમને એમ પસાર થઈ રહ્યો હતો.

વિનાયક અધીરો થવા માંડ્યો. આમે ય નગરશેઠ સાથે વાતચીતમાં પણ ઘણો સમય નીકળી ગયો હતો. મલિક અને બાદશાહની મુલાકાત સંધ્યા સમયે ગોઠવાવાની હતી. આ તો રાત્રિનો સમય થઈ ગયો હતો. હવે તો મલિક-બાદશાની વાતચીત ઘણી થઈ ગઈ હોવી જોઈએ. જેનો એક પણ અક્ષર ન છોડવા માટે આટલું જોખમ ખેડવાની તૈયારી કરી, તેના અક્ષરો અને વાક્યો એમને એમ છૂટી રહ્યા હતા. આટલું મોટું જોખમ નિષ્ફળ જઈ રહ્યું હતું. આથી, વિનાયક અકળાઈ ઊઠ્યો હતો. પોતે જે માણસને કહ્યું હતું તે કેમ દેખાતો નથી ? – આ જ પ્રશ્ન વિનાયકના હૃદયમાં ઘૂમરાઈ રહ્યો હતો.

માણસ તો વફાદાર હતો. માટે, કશું અણધાર્યું બન્યું હોય તો જ તે

સમય ચૂકે. બાકી એ આવી જ જાય. એટલે જ વિનાયક અંદર કૂદી પડવાની હિંમત કરતો ન હતો. સાથે એના મનમાં બીજો એ પણ વિચાર આવી જતો હતો કે શક્ય છે, કદાચ એ થોડો વહેલો અહીં આવી ગયો હોય. મને ન જોઈ પાછો ચાલ્યો ગયો હોય. જો કે એ માણસ કાબેલ હતો. માટે થોડા થોડા સમયાંતરે એ ફરીથી આવ્યા વિના ન રહે. જ્યારે અત્યારે તો એક વાર પણ એ ડોકાયો ન હતો. એટલે જ વિનાયકની મૂંઝવણ અને અધીરાઈ – બન્ને વધતી જતી હતી. અંદર કૂદી પડવામાં તો સો ટકાનું જોખમ હતું.

સાવ જ આંધળૂકિયા કરવા જતા આખી યોજના ચોપટ વળી જાય તેમ હતી. એક વાર વિનાયક મલિકની નજરમાં ચડી ગયો તો પછી મલિકને પાછો વાળવો ભારે પડી જાય. એ ખૂંખાર માણસ પછી શું કરે ? – તે કશું કહેવાય નહીં. માટે, પૂરેપૂરી સાવધાની રાખી આગળ વધવાનું હતું.

વિનાયક અજંપાભર્યા મને એ ડાળ સાથે જ ચીપકી રહ્યો. રાત્રિ પણ વહેતી જતી હતી. રાત્રિ થયે અડધો પહોર વીતી ચૂક્યો હતો.

હવે, વિનાયકની ધીરજનો અંત આવી રહ્યો હતો. આ પાર કે પેલે પાર – જેવો નિશ્ચય અને એને પાળવાની દૃઢતા એના મોઢા ઉપર ઉપસી રહી હતી. રાજમહેલની પાછળના આ ભાગમાં ચોકીદારો સિવાય કોઈની અવર જવર દેખાતી ન હતી.

ચોકીદારો પણ અમુક અમુક સમયના આંતરે હોંકારા – પડકારા કરતા આંટો મારી જતા. એ સિવાય સર્વત્ર નિઃસ્તબ્ધતા વ્યાપેલી હતી.

આખરે વિનાયકે અંદર કૂદી પડવાનું નક્કી કરી લીધું. પોતાની જાતે જ 'શું બન્યું છે ?' – તેની તપાસ કરવાનું નક્કી કરી લીધું.

એને તો મન થતું હતું કે જો મલિક એના મકાનમાં હોય તો અત્યારે જ મલિકને થોડો મેથીપાક ચખાડી દઉં કે ફરી શેઠનું નામ લેવાનું ભૂલી જાય. પણ, આ બધી કલ્પના જ હતી. હકીકત જુદી જ હતી. અત્યારે તો રાજમહેલમાં પ્રવેશવું પણ કઠિન થઈ પડ્યું હતું. કદાચ વિનાયક સંકેત મળ્યા વિના અંદર કૂદી પડે અને પકડાઈ જાય તો ? મલિક એને જીવતો છોડે ?

અત્યારે વિનાયકની તાતી જરૂરિયાત હતી. માટે વિનાયકે જે કરવાનું

હતું તે સમજી વિચારીને કરવાનું હતું. એકાદ ડગલું પણ જો ખોટું ભરાઈ ગયું તો જીંદગીભર રાતા પાણીએ રડવું પડે - તેવી હાલત હતી.

વિનાયકે ફરી વાતાવરણનું નિરીક્ષણ કર્યું. વાતાવરણ એકદમ સામાન્ય લાગતું હતું. આથી, વિનાયકનું મન અંદર કૂદી પડવા માટે જોર કરવા લાગ્યું. એની છઠ્ઠી ઈન્દ્રિય પણ જાણે કહી રહી હતી - 'વિનાયક ! કૂદી પડ.'

આખરે સાહસિક મનનો વિનાયક સંકેત મળ્યા પહેલા જ અવસર જોઈ નીચે કૂદી પડ્યો. અત્યાર સુધીના અનુભવો અને ચપળતાને કારણે કૂદવામાં સહેજ પણ અવાજ થયો ન હતો. છતાં કોણ જાણે કેમ ? **અચાનક ચોકીદારોની ચહલપહલ ખૂબ વધી ગઈ. ચોકીદારોના દોડવાના અવાજો આવવા લાગ્યા. ઘણા માણસો આ તરફ આવતા હોય - તેવું ભાસવા લાગ્યું.**

વિનાયક ચમકી ગયો. તરત જ ભારે ચપળતા વાપરી જમીન સરસો લેટી-લેટી એક સુંદર મજાની નિકુંજની પાછળના ભાગમાં ભરાઈ ગયો. કોટની દિવાલને અડીને જ આ નિકુંજ રચાયેલી હતી.

પાછળના ભાગમાં સહેજ થોડી જગ્યા હતી. વનસ્પતિને થોડી આડી અવળી કરી અંદર લપાઈ જવાય તેવું હતું. નિકુંજની બહાર પોતે દષ્ટિપાત કરી શકે તેમ હતો. પણ, નિકુંજમાંથી કે બીજી કોઈ જગ્યાએથી કોઈ પોતાને જોઈ શકે તેમ ન હતું. ખૂબ જ વ્યવસ્થિત જગ્યા હતી.

શાના માટે ચોકીદારોની ચહલપહલ મચી ગઈ હતી ? શું પોતાની હાજરી છતી થઈ ગઈ હતી ? - આવા કૈંક પ્રશ્નો વિનાયકના માથામાં હથોડાની જેમ પટકાઈ રહ્યા હતા. આ પ્રશ્નોના જવાબ તો હવે આગામી સમય જ આપી શકે તેમ હતો.

હવે બનતી કોઈ પણ ઘટનાને પકડવા માટે પોતાની તમામ ઈન્દ્રિયો કામે લગાડી દીધી. પગલાઓના અવાજ ઉપરથી અનુમાન કરીને પણ વિનાયક જાણી શકતો કે શું ઘટના ઘટી રહી છે ?

થોડીક જ પળોમાં પેલો કોલાહલ એકદમ નજીકમાં આવી પહોંચ્યો. ૪૦-૫૦ માણસો આવી રહ્યા હોય તેવું લાગતું હતું. વિનાયક ચિંતામાં પડી ગયો. ત્યાં તો બાદશાહનો અવાજ સંભળાયો -

'જો મલિક ! આ રાજમહેલની પાછળની જગ્યા છે. આમ થોડી નિર્જન જેવી છે. પણ, ચોકીદારોનો ચોકીપહેરો દિન-રાત બેઠેલો હોય છે. આ કોટની દિવાલ પણ મજબૂત છે.'

'જી નામવર ! ખરેખર આપની સુરક્ષાવ્યવસ્થા અદ્ભુત છે. મારે આપના મહેલમાં ફરીને આ જ જોવું હતું. ચોકીદારો કેટલા છે ?'

'આ ભાગમાં ૮ થી ૧૦ ચોકીદારો અવાર-નવાર આંટા ફેરા કરતા રહે છે.'

**મલિક અને બાદશાહને અચાનક અહીં આવી ચડેલા જોઈ વિનાયક સચિંત થઈ ગયો. મલિકના અવાજમાં કોઈક ગૂઢ યોજનાની ગંધ આવતી હતી.** અચાનક મલિકને સુરક્ષાવ્યવસ્થા તપાસવાનું મન થાય - તે વાત વિનાયકને મગજમાં બેસતી ન હતી. ભવિષ્યની પોતાની સલામતીને માટે તપાસ કરવાનું મન થયું હોય - તેવું પણ શક્ય હતું.

જો કે મલિક બાદશાહ સાથે પ્રાથમિક વાત થઈ ગયા બાદ આ તપાસ કરી શકતો હતો. ત્યારે વધુ સઘનતાથી તપાસ કરી શકત. તો પછી અત્યારે જ, અચાનક જ મલિકને આવવાનું કેમ સૂઝ્યું ? વિનાયકના મગજમાં પ્રશ્ન-ઉત્તરનું તુમુલ યુદ્ધ મચી ગયું હતું.

'પોતાને સંકેત આપનાર માણસ પણ અહીં હશે કે નહીં ?, આ લોકોની સાથે આવ્યો હશે કે નહીં ?, મને નહીં જોઈને તે શું વિચારશે ?' - આવા આવા વિચારો પણ વિનાયકને અસ્વસ્થ કરી મૂકતા હતા.

મલિક અને બાદશાહ બહુ નજીકમાં જ હોય - તેવું લાગતું હતું. અવાજ એકદમ સ્પષ્ટ આવતો હતો. વિના પ્રયત્ને વાતચીતનો એક એક અક્ષર સ્પષ્ટ સંભળાતો હતો. બાદશાહના આગમનને કારણે જ ચારે દિશામાં ચોકીદારો ગોઠવાઈ ગયા હતા. પોતે જ્યાં છૂપાયો છે. તેની નજીકમાં જ કોઈક ચોકીદાર ખડો રહ્યો હોય તેવો પ્રતિભાસ વિનાયકને થતો હતો.

**શ્વાસોચ્છ્વાસનો અવાજ પણ સંભળાઈ જાય તેવી શક્યતા હતી. આથી વિનાયક ખૂબ જ મંદતાથી શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરી રહ્યો હતો.** કાયિક તમામ હલન ચલન ઉપર તેણે કાબૂ મૂકી દીધો હતો. સહેજ પણ અવાજ

અત્યારે આફતરૂપ બની શકે તેમ હતો. પુનઃ વિનાયક બાદશાહ-મલિકની વાતચીત સાંભળવામાં તલ્લીન થઈ ગયો.

ચારે-બાજુ ઝીણવટથી નજર ફેરવતો ફેરવતો મલિક બોલ્યો - 'નામવર ! આપે ખૂબ જ સારી વ્યવસ્થા ગોઠવી છે. પણ, મને એક આ લીમડો ખૂંચી રહ્યો છે. આ લીમડાનું સ્થાન એ રીતે ગોઠવાયું છે કે કોઈ પણ માણસ આના સહારે આ કોટ ટપીને અંદર આવી શકે છે.'

બાદશાહને પણ આ વાત ખરી લાગી ! મલિકની નિરીક્ષણ શક્તિ ઉપર તેને માન ઉપજ્યું. બાદશાહ બોલ્યો - 'ખરી વાત છે ! નવાઈ કહેવાય - અત્યાર સુધી કેમ કોઈનું ધ્યાન આના ઉપર નહીં ગયું ?'

બાદશાહ-મલિકની આ વાતચીતે વિનાયક ચિંતાના સાગરમાં ગરકાવ થઈ ગયો, વિનાયક મનમાં જ બબડ્યો - 'મારો બેટો મલિક ! અગાઉથી બાતમી લઈને આવ્યો છે. અને હવે બાદશાહને આશ્ચર્યચકિત કરી દેવા માટે ત્રાગડો ગોઠવે છે. એક પંથ દો કાજ સાધવા છે. પણ, બેટા ! આ વિનાયક હજુ જીવતો બેઠો છે. જેને પકડવા તું આટલો ત્રાગડો રચીને બેઠો છે તે તો સલામત જગ્યાએ ગોઠવાઈ ગયો છે. હવે જો જે તને હું કેમ રમાડું છું ?'

વિનાયક આટલી વાતચીત ઉપરથી મલિકનો મનસૂબો પામી ગયો હતો. મલિકને કોઈ પણ રીતે ગંધ આવી ગઈ હતી કે આજે રાતે લીમડાના માધ્યમે કોઈક અંદર આવવાનું છે. પોતાના ચાતુર્યથી પોતે બાદશાહની સામે જ એ માણસને પકડી પાડે - એટલે બાદશાહની નજરમાં પોતાનું સ્થાન ઘણું ઊંચું આવી જાય. એ પકડાયેલા માણસ પાસેથી વિગતો ઓકાવતા તે શેઠનો માણસ છે - તે ખબર પડી જાય. એટલે બાદશાહનો કોપ સ્વાભાવિક રીતે જ શેઠ ઉપર અને આચાર્ય મહારાજ ઉપર વરસી પડે.

આમ, **પોતાને જે કામ કરવું હતું તે અનાયાસે જ સિદ્ધ થઈ જાય - તેવી તક આવી પડી હતી. મલિકને એનો આબાદ રીતે ફાયદો ઉઠાવવો હતો. વિનાયક મલિકની આખી યોજનાને સમજી ગયો હતો. માટે જ મનમાં સમસમી ગયો હતો.** જો કે અત્યારે તો પોતે સલામત જગ્યાએ હતો. પણ, ભવિષ્ય ઉજળું ન હતું દેખાતું !

વિનાયકના મગજમાં વિચારોનો મહાસાગર ઉમટી પડ્યો હતો. 'કેવી રીતે મલિકને ખબર પડી ગઈ કે રાત્રે કોઈ માણસ આ લીમડા દ્વારા અંદર પ્રવેશવાનો હતો ?' - આ પ્રશ્ન વિનાયકના મગજમાં ઘૂમરાઈ રહ્યો હતો.

'શું મારો માણસ ગદ્દાર નીવડ્યો હશે ? ના..ના.. એ માણસ ગદ્દાર ન નીવડે. આટલા વખતની મિત્રતાને આ રીતે એ ચૂર ચૂર કરી નાંખે તેવો નથી. નગરશેઠના બંગલામાંથી કોઈ વાત બહાર જાય તેવી લેશ પણ શક્યતા નથી. એ પૂર્ણ સુરક્ષિત અને વિશ્વસ્ત સ્થાન છે. ત્યાંના એક એક માણસો અને એક એક વ્યવસ્થા પાછળ નગરશેઠનો બુદ્ધિવૈભવ ઝળકતો હતો.

તે દરેક વ્યવસ્થા ટકોરાબંધ હતી. માટે, શંકાની સોય તેના ઉપર પણ ચિંધી ન શકાય...

હા ! કદાચ રાજમહેલનો મારો એ માણસ મને મળવા આવ્યો હતો. જાહેરમાં એણે મારી બૂમ પાડી હતી.. એ કદાચ કોઈ જોઈ ગયું હોય, એ સાંભળનાર સંભવતઃ મલિકનો જાસૂસ હોય. અમારો સાવચેતીથી પીછો કરી વાત સાંભળી શકવા સમર્થ બન્યો હોય...

બરાબર ! આ જ શક્યતા છે. મલિક અહીં જ ખાટી ગયો હોવો જોઈએ...' વિનાયકની વિચારધારા સતત ચાલતી જ હતી.

હકીકતે વિનાયકની માન્યતા એકદમ સત્ય હતી. મલિકના જાસૂસે વિનાયકનો પીછો ન હતો કર્યો. પણ રાજમહેલના એ માણસની પાછળ-પાછળ જઈ અવાવરુ સ્થાને પહોંચી ગયો હતો.

વિનાયકને તે ઓળખી શક્યો ન હતો. રાજમહેલનો માણસ પણ વેશપરિવર્તન કરીને આવેલો હોવાથી સ્પષ્ટ રીતે ઓળખી શકાયો ન હતો. છતાં ભારે કુશળતા વાપરી એ જાસૂસે તે શબ્દો સાંભળી લીધા હતા કે જે શબ્દો દ્વારા વિનાયકે રાત્રે મહેલમાં આવવાની વાત રજૂ કરી હતી. ત્યાર બાદ એ જાસૂસે રાજમહેલના માણસને છોડી વિનાયકનો પીછો પકડ્યો. વિનાયકની સાવધાનીને કારણે વિનાયકથી ઘણે જ દૂર રહીને પીછો કરવો પડતો હતો.

દૂરથી **નગરશેઠના બંગલામાં વિનાયકને પ્રવેશતો જોઈ જાસૂસ પાછો**

વળી ગયો. નગરશેઠના બંગલામાં પૂછપરછ કરવી – એ વાત જાસૂસ માટે પહોંચ બહારની હતી. તેણે આ સમાચાર સીધા મલિકને આપ્યા. મલિકના શયતાની ચરખા જેવા દિમાગે ઝપાટાબંધ એક યોજના ગૂંથી નાંખી.

સંધ્યા સમયથી જ પોતાના ત્રણ ચાર માણસોને લીમડાના ઝાડ પાસે ગોઠવી દીધા. રાણકને દૂર મૂકી વિનાયક ચાલતો ચાલતો લીમડા પાસે આવ્યો. તે આ બધા માણસોએ નજરે જોયું અને મલિકને તેઓ ખબર આપી આવ્યા.

બે માણસો હજુ ત્યાં જ લીમડા પાસે ઊભા હતા. જેથી વિનાયક પાછો ભાગવા જાય તો પકડી શકાય.

મલિકનો જાસૂસ રાજમહેલના માણસને બરાબર ઓળખી શક્યો ન હતો. માટે, કોઈ ભળતા જ માણસને મલિકે જેલમાં નાંખી દીધો. જ્યારે વિનાયકના માણસને આ ખબર પડી ત્યારે સંધ્યાનો સમય પસાર થઈ ચૂક્યો હતો.

એ માણસ ચાલાક હતો. તેને ગંધ આવી ગઈ કે આ યોજના ફૂટી ચૂકી છે. પણ વિનાયકને જાણ કેવી રીતે કરવી ? વિનાયકને જાણ કરવા માટે લીમડા પાસે જવાનો વિચાર આવ્યો. પણ એમાં તો ઊલટું ફસાઈ જવાનો ભય હતો. આખરે એ લાચાર થઈ એમને એમ બેઠો રહ્યો. લીમડા પાસે સંકેત આપવા જવામાં ય હવે તો સો ટકાનું જોખમ હતું. એ નિરુપાય હતો !

છતાં કોઈ પણ કટોકટીના સમયે વિનાયકને સહાય આપવાની, ભગાડી દેવાની તમામ તૈયાર કરી રાખી હતી. એ મલિક અને બાદશાહની સાથે સાથે જ ફરતો હતો. મલિકે સંધ્યા સમયે બાદશાહ પાસે આવી થોડી ઔપચારિક વાતો કરી આખા રાજમહેલની સુરક્ષાવ્યવસ્થા જોવાની માંગણી મૂકી. બાદશાહે માંગણી સ્વીકારી લીધી.

આખા રાજમહેલની સુરક્ષાવ્યવસ્થા જોવાનો મલિક ડોળ કરવા લાગ્યો. એને તો પેલા લીમડાવાળા સ્થાનની ઉત્કંઠા હતી. એ સ્થાને કોઈક હાથમાં આવી જાય તો અનાયાસે પોતાનું સ્વપ્ન સાકાર થઈ જાય.

બાદશાહે આ સ્થાન સૌથી છેલ્લે બતાવવાનું રાખ્યું હતું. આથી, વચ્ચે ઘણો સમય વીતી ગયો હતો. એ માણસ કયા કારણસર રાજમહેલમાં આવવા

માંગતો હતો - તેની મલિકને ખબર ન હતી. પણ, એ શેઠનો જ માણસ હશે - તેવી કલ્પના તે કરી શક્યો હતો.

**બાજી આખી ઊંધી પડી હતી. વિનાયકનો જાન જોખમમાં મૂકાઈ ગયો હતો. મલિક અને બાદશાહની બરાબર પાછળના ભાગમાં જ વિનાયકનો માણસ ગોઠવાયો હતો.** મલિક અને બાદશાહ વચ્ચેની ધીમા સ્વરની વાતચીત પણ તે સાંભળી શકતો હતો.

હજુ સુધી તો કોઈએ એના ઉપર આંગળી ચીંધી ન હતી. એ બખૂબી પોતાનું કાર્ય કરે રાખતો હતો. જ્યારે બાદશાહને પણ લીમડો સુરક્ષાવ્યવસ્થાના છીંડા જેવો લાગ્યો ત્યારે મલિકે કહ્યું -

'નામવર ! આપ આજ્ઞા કરો તો આ લીમડો કેટલી હદે આપણા માટે ભયંકર નીવડી શકે છે ? કોઈ માણસ કેવી રીતે આના દ્વારા અંદર આવી શકે છે - તે આપને બતાવું ?'

'બતાવ !' મલિકે પોતાના એક માણસને આંખથી ઈશારો કર્યો. એ માણસે તીણી સિસોટી વગાડી. એ અવાજ સાંભળી કિલ્લાની બહાર ઉભેલા મલિકના માણસો ફટાફટ લીમડાના ઝાડ ઉપર ચડી ગયા. યોજના મુજબ હવે જે માણસ ઝાડ ઉપર હોય તેને 'અકસ્માત જ હાથે લાગી ગયો છે' - તે રીતે પકડી પાડવાનો હતો.

પણ, ઉપર કોઈ માણસ જ દેખાતું ન હતું. એ માણસોએ જ પોતાની સગી આંખે એક વ્યકિતને ઉપર જતા જોયો હતો. એ માણસ નીચે પણ ન હતો ઉતર્યો. તો એ ગયો ક્યાં ?

આખા વૃક્ષમાં તપાસ કરવા છતાં જ્યારે તે માણસ ન મળ્યો ત્યારે મલિકના માણસો અંદર કોટમાં કૂદી પડ્યા અને મલિકને કહ્યું -

'સાહેબ ! ગજબ થયો ! એ છટકી ગયો લાગે છે. બહાર તો નથી જ ગયો. હશે તો અહીં જ, કોટની અંદર છૂપાયેલો હશે.'

આવો અણમોલ મોકો હાથમાંથી છટકી જતો જોઈ મલિકનું મગજ છટક્યું. એણે ત્રાડ પાડી - 'આ બધું ખૂંદી વળો, એ માણસ જીવતો કે મરેલો મને જોઈએ જ જોઈએ !'

✵




# મલિકની ચાલ

અચાનક અને અણધારી રીતે પોતાની યોજનાને ધૂળમાં મળતી જોઈ મલિક ધૂંવાપૂંવા થઈ ગયો હતો. બાદશાહની સામે પ્રથમ વારમાં જ પોતાને ભોંઠપ અનુભવવાની આવી હતી. જો કોઈ માણસ હાથ લાગી ગયો હોત તો ?... ! યોજના તૂટી પડતા, માણસ હાથમાં ન આવતા બાજુમાં રહેલા બાદશાહની હાજરીને પણ ભૂલી મલિક ત્રાડ પાડી ઉઠ્યો.

મલિકનું વર્ચસ્વ, પ્રભાવ તથા શબ્દોમાં રહેલી ભયંકરતાને પિછાણી સહુ ઝપાટાબંધ વિનાયકને શોધવા લાગી ગયા.

વિનાયક ઉપર પાર વગરનું જોખમ આવી પડ્યું હતું. હવે, આગળ કે પાછળ ક્યાંય એક ડગલું ય ખસી શકાય તેમ ન હતું. આ બધી ધમાલનું કારણ કંઈક સમજાતા બાદશાહે મલિકને પૂછ્યું -

'આ અંદર કૂદી પડ્યા, એ તારા માણસો હતા ?'

મલિક અત્યારે વ્યાકુળ હતો. બાદશાહના પ્રશ્નોનો જવાબ આપી શકે તેવી સ્વસ્થતા તેની પાસે ન હતી. પણ, બાદશાહને જવાબ આપે જ છૂટકો હતો. બને તેટલી સ્વસ્થતાને જાળવતો તે બોલ્યો -

'જી, નામવર !'

'એ લોકોને બહાર કેમ ઊભા રાખ્યા હતા ? શું અહીં કોઈ માણસ છૂપાયો હતો ?' 'હા જી ! મને એવી બાતમી મળી હતી કે એક વ્યક્તિ આજે રાત્રે અહીંથી અંદર પ્રવેશવાનો હતો.'

'તો પછી પહેલેથી જ મને વાત કેમ ન કરી ? આ રીતનું નાટક શું માંડ્યું ?' મલિક થોડો થોથવાયો.. 'જી... મારી પાસે સમય જ ન રહ્યો...' ત્યાં સૈનિકોની ધાંધલ-ધમાલનો અવાજ વધી પડ્યો. બાદશાહ સાથે આગળ ચર્ચા ચલાવવી મલિક માટે હિતાવહ ન હતું. માટે મલિક તરત જ તપાસ કરવાની અગત્યતા દેખાડતો ત્યાંથી છટકી ગયો. જો કે તેનો ગુસ્સો આસમાને આંબ્યો હતો. એટલે એ ખુદ ચારે બાજુ તપાસ કરવા લાગી ગયો. વિદ્યુત જેવી ઝડપથી મલિક બધું જ ખૂંદી રહ્યો હતો. વધુ મશાલોના આગમનથી વાતાવરણમાં પ્રકાશ પણ ખૂબ જ વધી ગયો હતો. હજુ પણ એ માણસને પકડી પોતાની ઊંધી પડેલી યોજના સાકાર કરવાનો મલિકનો મનસૂબો હતો.

આ બાજુ વિનાયકની હાલત કફોડી બની ગઈ હતી. જો કે હજુ સુધી વિનાયક તરફ કોઈ ફરક્યું ન હતું. પણ, ગમે ત્યારે કોઈ પણ આવી પડે તેવી વકી હતી. આમ તો વિનાયકની જગ્યા ઘણી સલામત હતી.

નિકુંજની પાછળના ભાગમાં વેલાઓનો જથ્થો હતો. એની વચ્ચે વિનાયક લપાઈ ગયો હતો. ચારે બાજુ વેલડીઓ વીંટળાયેલી હતી. એથી ઝટ નજરે પડવાનું જોખમ ન હતું. પણ, અત્યારે તો મલિકના કાળમુખા સૈનિકો ધરતીનું પડ-પડ ખૂંદી રહ્યા હતા. વિનાયક તદ્દન અસહાય અવસ્થામાં હતો.

કદાચ પકડાઈ જવાની શક્યતા લાગે તો પેલો શંખ પણ વિનાયકે તૈયાર રાખ્યો હતો. કિંતુ એ શંખ પણ આ સમયે કેટલો સહાયક નીવડે ? તે બહુ ગંભીર પ્રશ્ન હતો. ખુદ બાદશાહ અને મલિક જ્યારે હાજરમાં હોય ત્યારે બીજી ગમે તેટલી ધમાલ વ્યર્થ હતી. વિનાયકનો માણસ પણ ચિંતાતુર વદને ત્યાં જ ઊભો હતો. શું કરવું ? તે જ તેને સમજાતું ન હતું.

કોટને અડી-અડીને આખા ઘેરાવામાં વેલડીઓ પથરાયેલી હતી. એમાંની ઘાટી-ગીચ વેલડીઓમાં વિનાયક લપાયો હતો. કાને પડતા શબ્દો પરથી પરિસ્થિતિની ગંભીરતા વિનાયક પારખી ચૂક્યો હતો.

આજુબાજુમાં નજીકમાં ક્યાંય પણ પદરવ સંભળાય તો તેને ઝીલી લેવા વિનાયકના કાન સાબદા હતા. આ તરફ એક બે સૈનિક કોટને ફરતે વીંટળાયેલી આ વેલડીઓ ફંફોસી રહ્યા હતા. કામ યુદ્ધના ધોરણે ચાલતું હતું. માટે, સૈનિકો વેલાઓને ઝાઝા ફંફોસવાના બદલે તેમાં તલવાર ખૂંપાવી રહ્યા હતા.

અમુક અમુક અંતરે તલવાર ખૂંચતા ખૂંચતા તે આગળ વધી રહ્યા હતા. એટલી નજીક નજીક તલવારના ઘા પડતા હતા કે, અંદર છૂપાયેલા માણસ માટે બચવાની કોઈ શક્યતા જ નહીં. આ રીતે વેલાઓના જથ્થામાં ઊભી તલવાર ખોસતા ખોસતા તેઓ વિનાયકની પાસે જ આવી રહ્યા હતા.

આ બધાં અવાજને વિનાયક ઝીલતો હતો. પદરવ જેમ નજીક આવતો ગયો તેમ તેમ વિનાયક શ્વાસને પણ વધુ ને વધુ મંદ કરતો ગયો. વિનાયકે પોતાની કટારી પણ સંભાળી લીધી. મલિકના હાથમાં પડવા કરતા 'મરો યા મારો' કરી ભાગી જવાની કે યમસદન જવાની તૈયારી વિનાયકે મનોમન કરી રાખી હતી. ઊભી તલવાર અંદર ખોસતા ખોસતા એ માણસો બરાબર નિકુંજની પાછળના ભાગમાં આવી ગયા કે જ્યાં વિનાયક હતો.

વેલાઓનો એ ઢગલો વધારે ગાઢો અને ઊંડો હતો. તેથી એની પાસે આવવા છતાં એ માણસોને વિનાયક અંદર હોવાની ગંધ ન આવી. પણ, એ તલવાર તો ખોસે જ રાખતા હતા.

**બરાબર વિનાયક જ્યાં હતો ત્યાં પણ તલવાર ખોસી દીધી. જોર-જોરથી એક-બે વાર તલવાર ખોસી દીધી ! વેલાઓનો ગૂંચડો હતો. તેથી તલવાર બહાર આવતા સહેજ ક્ષણો વધારે લાગી, છતાં તેઓને આશ્ચર્ય ન થયું. તલવાર જેવી ગઈ તેવી જ પાછી આવી હતી.**

આ ક્ષણો વિનાયક માટે કાળઝાળ નીવડી. છાતી પાસેના ભાગમાં પહેલો ઘા જોરદાર ઘસરકો કરી ગયો. લોહીની ધાર વછૂટી. એક સિસકારો ય બોલાવ્યા વિના વિનાયકે સાવચેતીથી પોતાના કપડા દ્વારા તે તલવારની ધાર લૂંછી નાંખી... જેથી લોહીને જોઈ તેઓ પોતાને પકડી ન જાય.

બીજી વારનો ઘા ભયાનક નીવડ્યો. સાથળને ચીરી નાંખ્યો. છતાં વિનાયકે ધીરતા રાખી તલવાર લૂંછી નાંખી. વિનાયકની ચપળતાએ અને

કુશળતાએ એ માણસોને ગંધ સુદ્ધાં ન આવવા દીધી. એ માણસો આગળ ચાલ્યા ગયા. એક ઘાત ટળી ગઈ !

પરંતુ ઘાવ ભયંકર થયા, લોહી વહી રહ્યું હતું. થોડી જ ક્ષણોમાં પદરવ બીજી દિશા તરફ વળતા જણાયા. મલિકે તપાસની દિશા બદલી નાંખી હતી. માટે, સહુ તપાસ કરવા જુદી દિશા તરફ વળ્યા. વિનાયકને થોડો અવકાશ મળી ગયો. તુરંત એક મૂળિયું વિનાયકે પોતાના ગજવામાંથી કાઢ્યું અને બાજુની વેલડીઓમાંથી એક વેલનું પાંદડું લીધું.

શક્યતઃ ઓછામાં ઓછું હલનચલન કરવા દ્વારા વિનાયક કામ ચલાવી રહ્યો હતો. 'રાજમહેલ તરફ જ એ માણસ ચાલ્યો ગયો હશે' – એમ માની મલિકે બધાંને ત્યાં બોલાવી તે દિશામાં સઘન તપાસ કરાવી હતી.

જ્યારે વિનાયક રાજમહેલ કરતા વિરુદ્ધ દિશામાં ઉદ્યાનની અંદર છૂપાયેલો હતો. માટે, થોડો સલામત થઈ ચૂક્યો હતો.

આમ પણ એક વાર બધાં તપાસ કરી ગયા હતા. માટે હવે ફરી આવે તેવી શક્યતા ન હતી. વિનાયકે તે વેલના પાંદડાને મસળી તેના રસમાં મૂળિયું મૂકી રાખ્યું. ધીરે ધીરે મૂળિયું થોડું પલળ્યું. એ મૂળિયું વિનાયકે ઘા ઉપર લગાડી દીધું. લોહી થીજવવા માટેનું તે અકસીર મૂળિયું હતું. એના ઉપર અંધાર પછેડાની એક ચિરી ફાડી કસોકસ પાટો બાંધી દીધો. આ રીતે બન્ને ઘાવની કામચલાઉ પાટાપિંડી કરી વિનાયક પાછો સાબદો થઈ ગયો.

**આ ઘાવને કારણે વિનાયક ન તો જરા પાછો પડ્યો કે ખિન્ન થયો. પોતાની યોજના તે જ રીતે પાર પાડવા માટે તે પૂરેપૂરો તૈયાર હતો.** એની નિશ્ચયાત્મકતા સહેજ પણ ઘટી ન હતી. શેઠ ઉપર કે નગરશેઠ ઉપર લેશ પણ અણગમો પ્રગટ્યો ન હતો. એ જ ઉત્સાહ અને થનગનાટ એના મોઢા ઉપર રમતા હતા. હવે વિનાયકને બહાર નીકળી રાજમહેલ તરફ વળવાનું હતું. પરંતુ તપાસ પૂરી થઈ કે ચાલુ જ છે ?... તેની ખબર પડી ન હતી.

પહેલા એ ભાગમાં પા-પા ઘડીએ એક ચોકીદાર આંટો મારી જતો હતો. જ્યારે હવે મલિકે આખી રાતની સળંગ ખડી ચોકી ગોઠવી હતી. મશાલોનું અજવાળું ચારે બાજુ ઝળહળી રહ્યું હતું.

કદાચ આ વેલાના ગુંચડામાં પડ્યો પડ્યો વિનાયક સલામત રહી શકે. બહાર નીકળ્યા બાદ તો સલામત રહે તેવી કોઈ શક્યતા ન હતી.

હવે વિનાયક જો બહાર નીકળવાનું સાહસ કરે તો તે દુઃસાહસ જ બની રહે તેવી શક્યતા હતી. દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકીને પીવે તેમ મલિકે ચારે બાજુ કડક ચોકી ગોઠવી દીધી હતી. થોડા સમયની રાહ જોયા બાદ હજુ કદાચ સાચવીને તે બહાર નીકળી જાય. તો વાંધો ન આવે. કારણ કે બહાર નીકળતા કોઈ જોઈ જાય તો પણ તે લોકો વિનાયકને પકડવા પાછળ પડે તે પહેલા વિનાયક રાણક સુધી પહોંચી ગયો હોય. પછી તો વિનાયક હાથ આવે તે શક્ય જ ન હતું. આ જ સલામત રસ્તો હતો.

પરંતુ, વિનાયકના મગજમાં એક તમન્ના હતી. શેઠ પ્રત્યેનો આદરભાવ તેનામાં વાંભ-વાંભ ઊછળતો હતો. શેઠ એને મન ભગવાન સમાન હતા.

શેઠનો ઔદાર્યભર્યો કોમળ સ્વભાવ વિનાયકને મન ઘેઘૂર વડલાની શીળી છાંયા જેવો હતો. આવા શેઠના હરેક કામને પરિપૂર્ણ રીતે, સફળતાપૂર્વક પાર પાડવા એ એના મનથી જીવનનું સર્વોચ્ચ કર્તવ્ય હતું. આથી, એણે તો મનોમન ગમે તે રીતે, ગમે તે ભોગે આ આખી યોજના અક્ષરશઃ અમલમાં મૂકી મલિક અને બાદશાહની વાત સાંભળવાનું નક્કી કરી દીધું.

**શેઠની ઈચ્છા વિનાયકને મન ભગવાનની ઈચ્છા કરતાં ય અધિક હતી. શેઠની ઈચ્છા હતી કે વિનાયક કોઈ અગત્યની બાતમી લઈ આવે. બસ ! આ ઈચ્છાને પૂર્ણ કર્યા વિના વિનાયકને હવે ચેન ન પડે.** રઘુવંશી વફાદારી વિનાયકની રગેરગમાં વહેતી લાગે. વિનાયકનો શેઠ પ્રત્યેનો લગાવ આંતરિક હતો, કોઈ સ્વાર્થને આશ્રયીને નહીં ! એમ પણ મલિકને સબક શીખવ્યા વિના હવે તેને જવાનું મન પણ થતું ન હતું. વિનાયકનો નિશ્ચય અફર હતો.

જો કે નિશ્ચય અફર રાખવો એ અલગ વાત છે. અને નિશ્ચય સાકાર કરવો એ અલગ વાત છે. વિનાયક કશી પણ વધુ પડતી હિલચાલ કરે તો પકડાયા વિના રહે નહીં - તેવી પરિસ્થિતિ હતી. અનુમાનથી વિનાયક આ વાત સમજી ગયો હતો. થોડી વાર સુધી એમને એમ બેઠા રહી થોડી વાર બાદ પોતાની કટાર વડે વિનાયકે વેલાના ગુંચળામાં એક કાણું પાડવું શરૂ

કર્યું. થોડી જ વારમાં કાણું પડી ગયું. કાણામાંથી બહાર નજર કરતાં જ વિનાયક સડક થઈ ગયો ! પોતાની સામે પડખે... બધે જ મશાલોનું અજવાળું અને સૈનિકો પથરાયેલા પડ્યા હતા. બહાર નીકળવાનો લેશ પણ પ્રયત્ન આત્મઘાતી નીવડે તે નિઃશંક હતું. વિનાયક કાણું પાડીને અટકી ગયો.

વધુ કશી પણ હિલચાલ તેને હિતાવહ ન લાગી. આમ તો તેની પાસે ઘણી સામગ્રી હતી કે જેના દ્વારા તે આસાનીથી છટકી શકે. પણ એ જાત-જાતની સામગ્રી અજમાવવાનો અવકાશ મળી શકે - તેવું પણ રહ્યું ન હતું.

વિનાયકે એ કાણા વાટે બહારની તરફ જ પોતાની નજર માંડી રાખી હતી. જેથી કશી પણ હિલચાલ થાય તો પકડી શકાય. કોઈનું પણ ધ્યાન આ વેલાના જથ્થા ઉપર હોય તેવું લાગ્યું નહીં. પોતાના ઘામાં થતી કાળી પીડાને સહેજ પણ મન ઉપર લીધા વિના વિનાયક માત્ર પોતાના કર્તવ્યને જ બજાવી રહ્યો. થોડીક ક્ષણો બાદ વિનાયકે બાદશાહ અને મલિકને પોતાની તરફ જ આવતા જોયા. વિનાયકે સાવચેતીથી તે કાણું બંધ કરી દીધું.

પણ, આ રીતે ફક્ત બાદશાહ અને મલિકને આ તરફ આવતા જોઈ વિનાયકને ચિંતા પેઠી ! 'શું કોઈએ મને જોઈ લીધો હશે ? અને મલિકને તેની જાણ કરી હશે ?' એકદમ શાંત થઈને વિનાયક પડ્યો રહ્યો હતો.

વાસ્તવમાં મલિક અને બાદશાહ નિકુંજમાં જવા એ તરફ આવતા હતા. મલિકે રાજમહેલ તરફની દિશામાં પણ સઘન તપાસ કરાવી. જ્યારે સરિયામ નિષ્ફળતા જ મળી ત્યારે તેની હાલત કફોડી થઈ ગઈ. 'મલિકે હજુ સુધી પોતાને વ્યવસ્થિત વાત પણ કરી ન હતી. હજુ તો એ આજે જ અમદાવાદમાં આવ્યો હતો. આવતા ભેગાં જ મારાથી છૂપી પ્રવૃત્તિ એ ચલાવા માંડ્યો ?' - એ વિચારે બાદશાહને મલિક પ્રત્યે નારાજગી પ્રગટી હતી.

જો કે બાદશાહના મનમાં એટલો વિશ્વાસ તો અટલ જ હતો કે મલિકે મારા અહિતની કોઈ પ્રવૃત્તિ નહીં જ કરી હોય. હા ! બાદશાહને આ પ્રવૃત્તિ બિલકુલ પસંદ પડી ન હતી. અનુમાન દ્વારા બાદશાહ થોડું તો સમજી ગયા કે મલિકને કોઈક કામ મારી પાસેથી કઢાવવું છે. એટલે પોતાની ચાતુરીથી મને રાજી કરવા માટે આ બધો ત્રાગડો ગોઠવ્યો હતો. જ્યારે બાદશાહને

લાગ્યું કે મલિક ખોટો પડી ચૂક્યો છે. માત્ર કહેવા પૂરતી, સમય ખેંચવા માટે તપાસ લંબાવે છે ત્યારે બાદશાહે સહેજ ગુસ્સામાં પૂછ્યું –

'કેમ મલિક ? માણસ ક્યાં ગયો ? કયો માણસ આવવાનો હતો ? તને કેવી રીતે ખબર પડી કે અહીં માણસ આવવાનો છે ? જો ખબર જ હતી તો સીધે સીધું મને કહી દેવું હતું ને ? આટલી તપાસ કરતા કરતા બાદશાહના આ પ્રશ્નોનો સામનો કેમ કરવો તે મલિકે વિચારી લીધું હતું.

ખ્યાલમાં હતું જ કે આવા પ્રશ્નોની ઝડી વરસવાની છે. તેણે નિર્ભીકતાથી આગળ આવી બાદશાહની કુરનિશ બજાવી માથું બાદશાહ આગળ ઝૂકાવી પોતાની ખુલ્લી તલવાર બાદશાહને આપતા બોલ્યો –

'આપ નામવરને લાગતું હોય કે મલિકે મારી સાથે દગો ખેલ્યો છે, અને આપ મારા ઉપર ખફા થયા હો તો મારું માથું આપની સામે છે.

આ તલવાર લો અને ઉડાવી દો માથું ! વિશ્વાસઘાતી માટે આનાથી નાની કોઈ સજા હોઈ શકે નહીં.'

પોતાના ગોઠિયા મિત્રની આટલી નિષ્ઠા નિહાળી બાદશાહ થોડો પ્રસન્ન થયો. એણે મલિકના હાથમાંથી તલવાર દૂર ફેંકી અને કહ્યું – 'અરે દોસ્ત ! તારી તરફ દગાની શંકા તો ક્યાંથી પ્રગટે ? પણ, થયું શું એ તો મને કહે.'

પોતાનો પાસો સફળ થયો જોઈ મલિક મનમાં જ મલક્યો. એણે બાદશાહને કહ્યું – 'નામવર ! મારા પ્રત્યેની આપની આટલી આસ્થા જોઈ આનંદ થયો. મારે પણ આપને બધું ખુલાસાવાર જણાવવું જ છે. પણ, તે માટે મને આ સ્થાન ઉચિત નથી લાગતું ! શું અહીં નજીકમાં બીજું કોઈ સ્થાન છે ? જ્યાં બેસીને વાતો કરી શકીએ ?' 'અહીં બાજુમાં જ ઉદ્યાનની અંદર એક સરસ મજાની નિકુંજ છે. ત્યાં બેસવું હોય તો ત્યાં બેસીએ !'

મલિકને પણ હમણાં આ સ્થાન છોડવું ન હતું. કારણ કે કશું પણ થાય તો પોતાની હાજરીથી ઘણો ફરક પડી જાય. અને એ માણસ અહીં જ ક્યાંક છૂપાયો હશે તેવી મલિકને હજુ પણ ખાતરી હતી. આથી, એણે બાદશાહની વાતને વધાવી લીધી. આજુબાજુના માણસોને ત્યાં જ રહી કડક ચોકી કરવાની આજ્ઞા મલિકે ફરમાવી દીધી.

કોઈ પણ શંકાસ્પદ વ્યક્તિ દેખાય તો તેને પકડવાનો પોતાના માણસોને મલિકે આદેશ આપી દીધો. મલિક-બાદશાહ નિકુંજ તરફ વળ્યા. આ નિકુંજ એટલે એ જ કે જેની પાછળ વિનાયક છૂપાયો હતો.

**પોતાના તરફ મલિક અને બાદશાહને આવતા જોઈ વિનાયક થોડો સમય ગભરાયો હતો. પણ મલિક અને બાદશાહ તો સીધા નિકુજંમાં ગયા.** થોડી વારમાં વિનાયકના કાને મલિક-બાદશાહનો અવાજ પડવા લાગ્યો.

વિનાયક સમજી ગયો કે મલિક-બાદશાહ મને પકડવા માટે નહીં, કિંતુ વાતો કરવા માટે આવ્યા હતા. એણે પોતાના કાનને મલિક-બાદશાહની વાતચીતના એક એક અક્ષર પકડવા માટે સાબદા કરી દીધા.

બાદશાહે જ વાત ઉપાડી -

'બોલ, કોણ અહીં આવવાનું હતું ?'

મલિકે કહ્યું - 'કોણ આવવાનું હતું ? - તે તો હું પણ ચોક્કસપણે જાણી શક્યો નથી. પણ આ રીતે અંદર આવવાનો પ્રવેશ કરનાર આપણો મિત્ર તો ન જ હોય, દુશ્મન જ હોય, અહિત કરનાર જ હોય. હા ! એ કોણ હશે ? તેમાં કંઈક અનુમાન આપણે કરી શકીએ.'

'પણ, તને ખબર કેવી રીતે પડી કે કોઈ માણસ અહીં અંદર કૂદી પડવાનો છે ?'

મલિકે કહ્યું - 'નામવર ! આપની સલામતી મારા હૈયે વસેલી છે. આપને ઊની આંચ પણ ન આવે તે જોવાની જવાબદારી મારી છે. મેં મારા જાસૂસોને અમદાવાદમાં અને બીજે બધે પણ ફરતા રાખ્યા છે. આપના વિરુદ્ધ કોઈ પણ ષડયંત્ર રચાતું મને લાગે તો તેને ઊગતું જ ડામી દઉં છું. શરૂશરૂમાં આપના માટે ઘણે ઠેકાણે ષડયંત્ર રચાતા હતા. ઘણીવાર મારા જાસૂસો જ એ ષડયંત્રનો એક ભાગ બની જતા અને છેલ્લે મને બાતમી આપી દેતા. ત્યાર બાદ એક જબ્બર યોજના બનાવી સહુને હું રંગે હાથ પકડી પાડતો.

એક દોસ્ત ક્યારેય પોતાના દોસ્ત માટે શું કર્યું ? તે જણાવતો નથી. એટલે જ આટલા વખત સુધી મેં મારી આ પ્રવૃત્તિ આપને જણાવા દીધી ન હતી. આપની મારા ઉપર કૃપાદૃષ્ટિ હતી. તેથી સહુ કોઈ મને અનુકૂળ

થઈને રહેતા હતા. સહુ કોઈ એમ જ સમજતા કે હું આપના વતી આ કામ કરી રહ્યો છું. માટે, કોઈ કશું બોલતું નહીં.

આ વખતે પણ એવું જ થયું. રાજમહેલનો જ કોઈ માણસ રસ્તા ઉપર કોઈને બૂમ પાડી રહ્યો હતો. મારા જાસૂસની નજરમાં આ ઘટના ઝડપાઈ ગઈ. આમ તો આ ઘટનામાં કશું વાંધાજનક ન હતું. છતાં મારા જાસૂસની તીક્ષ્ણ બુદ્ધિએ ઓળખી કાઢ્યું કે આમાં કંઈક ગોટાળો છે. આશ્ચર્ય એ થયું કે જેવી પેલા માણસે બૂમ સાંભળી કે તરત જ તે ગલીગૂંચીમાં વળી અદૃશ્ય થઈ ગયો. રાજમહેલનો માણસ પણ પાછો વળી ગયો. મારા જાસૂસને લાગ્યું કે – આ રીતે બૂમાબૂમ કરતો માણસ આમ અચાનક પાછો કેમ વળી જાય ?

ના, ચોક્કસ એ પાછો પેલા માણસને મળશે જ. આમ વિચારી તેણે એ રાજમહેલના માણસનો પીછો પકડ્યો. રાજમહેલનો માણસ ખૂબ ચબરાક હતો. માટે, ખૂબ સાવચેતીથી પીછો પકડવો પડતો હતો.

આખરે એની માન્યતા સાચી પડી. રાજમહેલનો માણસ રાજમહેલમાં પાછો આવવાના બદલે નગરની બહાર કોઈ અવાવરું જગ્યાએ પહોંચ્યો. આ જાસૂસ માટે અંદર પ્રવેશવું હિતાવહ ન હતું. માટે, થોડી વાર સુધી એ દૂર જ ઊભો રહ્યો. થોડી જ વારમા પેલો માણસ પણ આવ્યો કે જેને રાજમહેલનો માણસ બૂમ પાડી રહ્યો હતો. બન્નેને ભેગા થયેલા જોઈ એ જાસૂસ સમજી ગયો કે કોઈક યોજના ઘડાય છે. એણે ખૂબ સાવચેતીથી એ અવાવરું જગ્યાની પાછળની દિશામાંથી અંદર પ્રવેશ કરી વાત સાંભળવાની કોશિશ કરી.

એમાં એ એટલું સાંભળી શક્યો કે પેલો મામસ રાજમહેલની અંદર આવવા માંગે છે. અને રાજમહેલનો માણસ તેને સહાય કરવાનો હતો.

રાજમહેલની પાછળના ભાગથી લીમડાના માધ્યમે તેઓ અંદર આવવાની યોજના બનાવતા હતા. આટલું સાંભળી તરત જ મારો જાસૂસ પાછો દૂર કોઈ સલામત જગ્યાએ ગોઠવાઈ ગયો. થોડી જ વારમાં પેલો માણસ બહાર નીકળ્યો. **'એ કોણ છે ?' – તે ઓળખવા માટે મારો જાસૂસ તેની પાછળ પડ્યો. નામવર ! મારા જાસૂસે આના પછી જે વાત કરી તે તો સાંભળી જાય તેવી નથી. આપના તો રોમ રોમ ખડા થઈ જશે !...**

✷




# કાનભંભેરણી

અઘોર અને ઘનઘોર રાત્રિ ઝપાટાભેર વહી રહી છે. અમદાવાદની રાજમહેલ તરફની દિશામાં વાતાવરણ સંક્ષુબ્ધ હતું. વિનાયકના માથે પ્રતિપળ ભય ઝળુંબી રહ્યો હતો. ગમે તે પળ વિનાયક માટે ઘાતક નીવડી શકે તેમ હતી.

રાજમહેલની અંદર કૂદી પડવાનું સાહસ એક રીતે તો વિનાયકને લાભદાયી નીવડ્યું હતું. પણ, મલિકનો કડક જાપ્તો જોતા ભવિષ્ય ઉજળું દેખાતું ન હતું. બચવાનો કોઈ વિકલ્પ દેખાતો ન હતો.

અધૂરામાં પૂરું... ઘાની વેદના અસહ્ય થઈ રહી હતી. પ્રાથમિક ઉપચાર કર્યા હતા. પણ, જે લોહી વહી ગયું હતું તે અશક્તિ પ્રેરી રહ્યું હતું. માટે, કદાચ જો ખરા-ખરીનો જંગ ખેલવો પડે તો શરીર કેટલો સાથ નીભાવે ? તે પણ એક યક્ષપ્રશ્ન હતો.

આટ-આટલી મુસીબતો હોવા છતાં પણ વિનાયકના મનમાં એક આસાયેશ હતી કે જેના માટે પોતે આટલું ખતરનાક મિશન ઉપાડ્યું તે હેતુ કંઈક બર આવી રહ્યો હતો. મલિક અને બાદશાહની વાત સ્પષ્ટ રીતે અહીં સંભળાઈ રહી હતી. વિનાયક એક એક શબ્દને ધ્યાનથી સાંભળી રહ્યો હતો. અને યાદ રાખી રહ્યો હતો. એક મૂંઝવણ વિનાયકને સતાવી રહી હતી.

આ સંદેશો પોતે સાંભળીને યાદ રાખી લીધો. કિંતુ અહીંથી છૂટવા માટે જે ખૂંખાર જંગ ખેલવો પડે તેમ છે, તેમાં કદાચ શેઠ પાસે કપડવંજ સહીસલામત પહોંચી ન શકાય અથવા સ્પષ્ટ રીતે શેઠને તુરંતમાં સમજાવવાની શક્તિ ન બચે તો ? બધી મહેનત પાણીમાં જ ને ? થોડી મથામણ પછી વિનાયકને રસ્તો સૂઝી આવ્યો. આજુબાજુમાં ઢગલાબંધ પાંદડાઓ પડેલા હતા. એમાંના જે સારી જાતના હતા તેવા ચાર-પાંચ પાંદડાઓ લીધા.

ઘાવમાંથી પોતાને જે લોહી નીકળી ગયું હતું. તેના દ્વારા અત્યંત સંક્ષેપમાં મુદ્દા લખવાના શરૂ કર્યા. વધારે સ્પષ્ટતાથી લખી શકાય તેમ હતું નહીં. માટે મલિક-બાદશાહ વચ્ચે જે વાતચીત થાય તેના અક્ષરે અક્ષરના ભાવને સમાવી દેતા ખૂબ જ સૂચક શબ્દો દ્વારા વિનાયક લખાણ કરતો હતો.

વિનાયકને શેઠની કાબેલિયત ઉપર વિશ્વાસ હતો કે આના દ્વારા મારે જે કહેવું છે તેને શેઠ ખૂબ જ સારી રીતે જાણી શકશે. તૈયારી તો વિનાયકની ઘણી સારી હતી. પણ, કાળ કેટલો સાથ આપે ? તે મોટો પ્રશ્ન હતો.

આ બાજુ બાદશાહ-મલિકની વાત આગળ વધી રહી છે -

મલિક : આપ નામવર ! હવે મારી વાત નહીં સાંભળી શકો, બાદશાહ ! આપણે જેને પોતાના માનીએ એ જ લોકો આપણી પીઠ પાછળ ખંજર હુલાવી દે. આવા લોકોને તો ધરતી પરથી વિદાય જ કરી દેવા જોઈએ.

**વિચારો તો ખરા નામવર ! આપના રાજ્યમાં રહીને જ આપની સાથે દગો ? વિશ્વાસઘાત ? કેવી હિકમત ! કેવી ધૃષ્ટતા !**

બાદશાહને હજુ મલિકની વાતનું ધડ-માથું સમજાતું ન હતું. એમણે પૂછ્યું - 'પણ, થયું શું એ તો કહે ? તારા જાસૂસે શું જોયું ? એ માણસ ક્યાં ચાલ્યો ગયો ? અધૂરી વાતે તું આડા પાટે ક્યાં ચડી ગયો ?' અધીરાઈને કારણે બાદશાહનો અવાજ થોડો મોટો થઈ ગયો. ત્યાં જ મલિક બોલ્યો - 'નામવર ! બેઅદબી માફ કરજો. પણ, આપણે એવી પરિસ્થિતિમાં છીએ કે આપણો દુશ્મન કોણ છે ? અને ક્યાં છે ? તે આપણે જાણતા નથી.

એટલું ચોક્કસ કે તે આટલામાં જ ક્યાંક છે, શક્ય છે કે તે કદાચ આ નિકુંજની પાછળ જ છૂપાયો હોય. એટલે આપણે સાવધાની રાખવી રહી.

આપણી વાત ફૂટી ન જાય તે માટે 'દિવાલને પણ કાન હોય છે' - આ વાતને યાદ રાખવી રહી. હવે, આગળ શું થયું એની વાત કરું.

રાજમહેલના માણસ સાથે જે પુરુષે વાતચીત કરી હતી તે દેખાવે એક હટ્ટોકટ્ટો અને ખૂબ કુશળ માણસ લાગતો હતો. મારા જાસૂસના કહેવા મુજબ એ માણસ ખતરનાક નીવડી શકે તેમ હતો.

**દેખાવમાં ખૂબ જ ભોળીસૂરતવાળો દેખાતો એ માણસ અત્યંત ખતરનાક છે.** એ માણસનો પીછો કરતા કરતા મારો જાસૂસ કેટલીવાર ભૂલાવામાં પડી ગયો. બીજો કોઈ હોત તો તો તે માણસને ખબર પડી જ જાત કે કોઈ મારો પીછો કરી રહ્યું છે.

છેલ્લે તે માણસ એક ભવ્ય મહેલાત પાસે પળ-બે પળ ઉભો રહ્યો. ચારે બાજુ નજર કરી. કોઈ શંકાસ્પદ વ્યક્તિ તેને ન દેખાઈ એટલે ઝડપથી એ મહેલની અંદર તે વ્યક્તિ ઘૂસી ગયો. એ મકાન એટલે બીજા કોઈનું નહીં. પણ, નામવર ! આપની છત્રછાયા નીચે જેણે અઢળક સંપતિ કમાવી છે તેવા મહાજનના નાક મહામહિમ નગરશેઠ !'

'હેં ! મલિક ! તું શું બોલી રહ્યો છે - તેનું ભાન છે ? એ માણસ ભલે હિંદુ હોય. પણ, ભારે સજ્જન છે. એની પાસેથી આપણને ચિક્કાર પૈસો મળે છે. એણે દગાખોરી આચરી ?'

'જી નામવર ! આમાં અવિશ્વાસને કોઈ કારણ નથી. એકદમ સત્ય વાત છે કે નગરશેઠજી આપની વિરુદ્ધના કોઈ જબરજસ્ત ષડયંત્રમાં સામેલ છે. અને જુઓ, મારી ધારણા કેટલી સાચી પડી. મને શંકા હતી જ કે આજે એ માણસ નગરશેઠ પાસેથી જ રાજમહેલમાં આવવા પ્રયત્ન કરશે.

આપ જોઈ શકો છો કે ખરેખર કોઈ માણસ આપણી આંખમાં ધૂળ નાંખી આપણા રાજમહેલમાં આવી ચૂક્યો છે. નામવર ! આપની હાજરીમાં આ રાજમહેલમાં દુશ્મન ઘૂસી ચૂક્યો છે. કેવી ઘટના ઘટી ? આપણી આબરુના લીરેલીરા ઉડાડી દીધા.'

વિનાયકના મનમાં કાળ ચડી રહ્યો હતો. મલિકનું ગળું પીલી નાંખવાનું મન થતું હતું. મહાપરાણે પોતાની જાતને અંકુશમાં રાખી રહ્યો હતો. **પોતાના**

**કારણે, પોતાની ગફલતના કારણે નગરશેઠ ઉપર આપત્તિ ઉતરવાની હતી - એ વિચારે વિનાયકનું રોમ રોમ સળગી રહ્યું હતું. પોતે કદાચ નગરશેઠને ચેતવણી પણ નહીં આપી શકે કે 'આપની ઉપર આફત ઉતરવાની છે.'** આ વાત પણ વિનાયકને પીડી રહી હતી. પોતાની આટલા વર્ષોની જાસૂસી કારકિર્દીમાં પહેલીવાર કોઈ માણસ પોતાનો પીછો કરી શક્યો હતો.

બાકી વિનાયક ભલભલાનો પીછો છોડાવી લેતો. આવી અનેક વાતોને કારણે વિનાયક બેચેન બની ગયો હતો. મલિક તો પોતાની જીભમાં ઝેર લઈને જ બેઠો હતો. પોતાના વાક્યોની ધારી અસર ઉપજતી જોઈ એ ખૂબ જ રાજી થતો હતો.

જો કે મલિક સમજતો હતો કે આ બધાં મહાજનની સામે બાદશાહને ઉશ્કેરવો એ લોઢાના ચણા ચાવવા જેવું કામ છે. કારણ કે બાદશાહના મોજશોખ પૂરા કરવા આ લોકોના ધનની અત્યંત જરૂરિયાત હતી. આ લોકોની કરની આવક ખૂબ જ અઢળક હતી. તથા લોકો ઉપરનો આ લોકોનો પ્રભાવ પણ અજબ-ગજબનો હતો. માટે એ લોકો ઉપર હાથ ઉગામતા પહેલા લાખ વાર વિચાર કરવો પડે તેમ હતો.

દુકાળ જેવી આપત્તિમાં તે લોકોએ પ્રજાનો જે રીતે ઉદ્ધાર કર્યો હતો તેને યાદ કરતા ભલભલા બાદશાહો પણ વિચારમાં પડી જતા. ભલભલા સિંહાસનોને પણ ઝાંખા પાડી દે તેવી અમાપ-સમાપ સંપત્તિનું ધણી આ મહાજન હતું. દેશ-દુનિયાનો અઢળક પૈસો ગુજરાતમાં ઠલવાતો હતો. આ બધું જોતા તેઓની સાથે સુલેહથી જ કામ લેવામાં સહુનો જયવારો હતો.

આ મહાજન સુલેહપ્રિય હતું. રાજ કરવા કરતા વ્યવસ્થા કરવામાં જ મહાજન માનતું. માટે, રાજકાજની બાબતમાં ક્યારેય તેઓ આડખીલીરૂપ ન હતા બનતા. બાદશાહ પણ એમ ચડ્યો ચડાવ્યો મહાજન ઉપર હાથ ઉગામી શકે તેમ ન હતો. આ બધી પરિસ્થિતિથી સારી રીતે વાકેફ બાદશાહ બોલ્યો -

'મલિક ! માની લીધું કે કોઈક અજાણ્યો માણસ નગરશેઠના ઘરેથી નીકળ્યો અને અહીં આપણા મહેલમાં આવવા માટે તેણે પ્રયાસ કર્યો. પણ, તેની પાછળ નગરશેઠ સંડોવાયેલા કેવી રીતે હોય ? કદાચ સંડોવાયેલા હોય

તો પણ તેવું ષડયંત્ર રચવાનું કારણ શું ? શા માટે નગરશેઠ ષડયંત્ર રચે ? નગરશેઠને રાજ જોઈતું નથી. કદાચ રાજ લેવા માટે ખટપટ કરતા હોય તો આપણે કંઈ ચૂડલા નથી પહેર્યા ? આપણા હાથ હજુ પણ એટલા જ સશક્ત છે. તથા નગરશેઠનો વર્તાવ આપણી સાથે અત્યંત સૌહાર્દપૂર્ણ છે.

ક્યારે ય આપણા રાજ્યને સહાય કરવામાં તેમણે પાછી પાની નથી કરી. આપણું રાજ્ય પ્રજામાં સ્થિર થાય તેવા અઢળક પ્રયત્નો પણ કર્યા છે. કરચોરી કરી હોય તેવું બિલકુલ ધ્યાનમાં નથી. કરરૂપે પણ એમના ત્યાંથી અઢળક ધન આવે છે. હજુ આજે જ તો એ મને અમૂલ્ય ભેટ આપી ગયા છે. તે વખતે તેમના વર્તાવમાં મૈત્રીભાવ અને સાહજિકતા જ છલકાતા હતા. ક્યાંય કોઈ વાંધો લેવા જેવું મને નથી લાગ્યું.'

બાદશાહની આ વાત સાંભળી વિનાયક મનોમન તાજ્જુબ થઈ ગયો. **એક વિધર્મી બાદશાહના મગજમાં નગરશેઠે ઉભી કરેલી છાપ જોઈ નગરશેઠની સૂઝ-બૂઝ ઉપર વિનાયક ઓવારી ગયો.** એક તો રાજા, વાજા ને વાંદરા ! કાચા કાનનો રાજા. સાથે ગોઠિયા વિશ્વાસુ મિત્રે પ્રત્યક્ષ પુરાવા સાથે કરેલી વાત. છતાં નગરશેઠને હમણાં જ પકડી મંગાવવાના બદલે પોતાના ગોઠિયાની વાત ઉપર આ કાચા કાનના રાજાને વિશ્વાસ નથી બેસતો. કાચા કાનના રાજાને પણ પાકા કાનનો કરી દેનાર નગરશેઠની દૂરંદેશિતાને ખરેખર ધન્યવાદ છે.

વિધર્મીઓ જ્યારે ભારતમાતાને રગદોળી રહ્યા છે ત્યારે આવા તેજસ્વી તારલાઓ ભારતમાતાના સાચા સપૂત જેવા છે. વિનાયકના મનમાં ખૂબ ભાવુકતા ઉભરાઈ ગઈ. ત્યાં જ મલિકનો અવાજ સંભળાયો.

'નામવર ! નગરશેઠની વિશ્વસનીયતા બાબતે શંકા ઉઠાવતા મને પણ ઘણું જ દુઃખ થાય છે. જો મારા વિશ્વાસુ ચરપુરુષે આવો આંખે દેખ્યો અહેવાલ ન આપ્યો હોત તો આ વાતને હું સ્વીકારત જ નહીં. પણ, જ્યારે આંખે દેખ્યો અહેવાલ મળ્યો છે ત્યારે સ્વીકાર્યા વિના છૂટકો જ નથી. તથા નામવર ! નગરશેઠ આપની સામે ષડયંત્ર રચે તે માટેના કારણો તેમની પાસે છે.

આ કોઈ નાનું ષડયંત્ર નથી. પણ, ભયાનક ષડયંત્ર છે. એના ભાગ રૂપે આપના જ રાજ્યમાં આપના આ ગોઠિયા મિત્રે જીવલેણ હુમલાનો ભોગ બનવું પડ્યું છે.' આમ જુઓ - એમ કહી મલિકે પોતાનો સલવાર ઊંચો

કરી એક ભયંકર ઘા દેખાડ્યો. અંધારી રાતે આદિત્યને મારવા માટે ઉગામેલી કટારી મલિકને જ ઘા કરી ગઈ હતી.

ઘા જોઈ બાદશાહને ય આઘાત લાગ્યો. મલિકને સહુ ઓળખતા હતા. મલિક ઉપર કોઈ હાથ ઉગામે તે વાત બાદશાહને માનવા જેવી ન લાગી. ત્યાં તો મલિકે સાંકેતિક ઢબે તાળી પાડી ! થોડી જ વારમાં એક બે સૈનિકો દોડતા આવ્યા. મલિકે સત્તાવાહી અવાજે પૂછ્યું. -

'કંઈ હિલચાલ ?'

'ના સાહેબ !'

'સારું ! બરહાનને તાત્કાલિક અહીં મોકલો.'

મલિકના સાથીદાર તરીકે બરહાનને સહુ ઓળખતા હતા. થોડી જ વારમાં બરહાન આવ્યો. બરહાન તરફ આંગળી ચીંધી મલિકે કહ્યું -

'જુઓ નામવર ! આ મારો જિગરજાન મિત્ર બરહાન. કેવો ભયથી દિગ્મૂઢ થઈ ગયો છે. અંધારી રાતના એ હુમલા પછી એવો સ્તબ્ધ થઈ ગયો છે કે સદાનો બોલકો એવો આ બરહાન અત્યાર સુધીમાં એક શબ્દ પણ નથી બોલ્યો. નામવર ! આપ પૂછો એને કે ગઇ રાત્રિએ શું ઘટના ઘટી હતી ? કેવી ભયંકર ઘટના હતી ?'

બે ક્ષણ બરહાનના ચહેરા તરફ તાકી બાદશાહે તેને પૂછ્યું -

'કેમ બરહાન ! કશું બોલતો નથી ? આ વખતે તો મારી સાથે પણ તે કશી વાતચીત ન કરી.'

બરહાન બાદશાહના ચહેરા તરફ જ તાકી રહ્યો. તેણે કશો જ પ્રત્યુત્તર ન વાળ્યો. ફરી બાદશાહે પૂછ્યું - 'બોલ ! મુસાફરી કેવી રહી ? રાત્રિની મુસાફરીમાં મજા આવી ગઈ હશે કેમ ? કેમ કશું બોલતો નથી ? શા માટે આટલો ડરી ગયો છે ? શું કોઈ ભૂત જોઈ લીધું ?'

ભૂત શબ્દ સાંભળતા જ બરહાન ભડક્યો - 'હા... હા... ભૂત જ, ભૂત જ, એ ભૂત જ હતું. મેં ના પાડી હતી. તો ય મલિકે ભૂતને પકડ્યો. પછી તેણે અમને હેરાન કરી દીધા. ભૂતનો એક સાથીદાર હતો. તે અમારી પાછળ પડેલો. આ હા... અંધારી રાતે ભાગદોડ કરી અમે ! માંડ માંડ અહીં પહોંચ્યો. ઓ ભગવાન ! કેવી ઘોર અંધારી રાત હતી, ત્યાં અચાનક હુમલો.

મેં ના પાડી હતી મલિકને કે રાતોરાત નહીં જા, બાદશાહને કહેવાની કોઈ ઉતાવળ નથી. પણ, કોણ જાણે એ શેઠ ઉપર શું એને દાઝ ચઢી અને એના ગુરુ ઉપર પણ શું દાઝ ચઢી કે રાતોરાત મને લઈને નીકળી પડ્યો. બાપ રે બાપ ! શું રાત હતી ? ઓ અલ્લાહ !...'

બરહાનની ભયગ્રસ્ત વાણી સાંભળીને હસવું કે રડવું તેની કંઈ સમજણ બાદશાહને ન પડી. અડધું પડધું તો બરહાન શું કહેવા માંગે છે તે જ બાદશાહને ન સમજાયું. બાદશાહે બરહાનને જવાની ઈશારત કરી.

મલિકને પૂછ્યું - 'મલિક ! આ બધી શું વાત છે ? એક પછી એક નવા ગૂંચળા ઊભા થયે જ રાખે છે. તમારી ઉપર હુમલો શા માટે થયો ? કયા દુશ્મને શા માટે તમારી ઉપર હુમલો કર્યો ? અને આ હુમલામાં નગરશેઠને શું લાગે વળગે ?

તારી વાતો પણ ગજબની છે. મને અહીં કોઈ માણસ પડ્યો હોય તેવું દેખાતું નથી. છતાં તું અને તારા માણસો કહે છે કે કોઈ માણસ અહીં છૂપાઈ ગયો છે. સાથે તું એનો સંબંધ નગરશેઠ સાથે જોડે છે. અને તારી ઉપર જીવલેણ હુમલો થયો તેનો સંબંધ પણ તું નગરશેઠ સાથે જોડે છે. આખરે તારો મકસદ છે શું ? તારે શું સાબિત કરવું છે ? તારે ગમે તેમ કરી નગરશેઠને વાંકગુનામાં લેવા છે ? એમને અપરાધી સાબિત કરી તારે નગરશેઠ થવું છે ? તારે નગરશેઠ થવું હોય તો હમણાં તને બનાવી દઉં. પણ, એક વાતનો ખ્યાલ રાખજે કે નગરશેઠ થવું તે તારા હાથની વાત નથી.

એ નગરશેઠ પાસે જેટલી સંપત્તિ છે તેના લાખમાં ભાગની પણ તારી પાસે નહીં હોય, અને જે સૂઝ એમની પાસે છે તેની કરોડમાં ભાગની બુદ્ધિ પણ તારી પાસે નહીં હોય. એ તો ભાઈ ! કાંટાળો તાજ છે. એ પહેરવા કરતા અહીં મસ્તીથી જલસા કરને ! તારે જોઈતો હોય તો એક જબ્બર મહેલ તને આપી દઉં. પૈસા આપી દઉં, પછી તારે શું જોઈએ ?'

એક પછી એક વધતી જતી ગૂંચોએ બાદશાહને અકળાવી નાંખ્યો, અધીર કરી નાંખ્યો, આમે ય ધૈર્ય રાખવું તો એના સ્વભાવમાં ન હતું. એટલે બધું જ મલિકની સામે ઠાલવી દીધું. મલિકનું અપમાન પણ કરી નાંખ્યું.

પણ, મલિક સહેજ પણ ઉશ્કેરાટમાં ન આવ્યો. એ સમજતો હતો કે કામ આ બાદશાહ પાસેથી જ કઢાવવાનું છે. માટે એની વાતમાં હાજી હા કર્યા વિના છૂટકો નથી. એટલે એકદમ શાંતિ જાળવી મલિક બોલ્યો -

'નામવર ! આપની વાત ૧૦૦ વાલ ને એક રતી સાચી છે. નગરશેઠ બનવાનું મારા જેવાનું કામ નહીં. અને નગરશેઠ બનવાનું મારું કોઈ સ્વપ્ન પણ નથી. મારે તો આપની રહેમનજર રહે એ જ બરાબર છે.

આ તો આપની સત્તા ઉપરનું, આપના સિંહાસન ઉપરનું અને ખુદ આપના ઉપરનું જોખમ છે. માટે જ આપને બધું જણાવું છું. મારું ચાલત તો તો આપને જાણ કર્યા વિના જ મેં મારો મૈત્રીભાવ આપને દેખાડી દીધો હોત. આ બધાં ષડયંત્રના ઘડનારાઓનો સફાયો બોલાવી દીધો હોત. બધે બધાને રંગેહાથ પકડી પાડ્યા હોત. પણ, આ તો મહાજન સાથેના કામ છે. મહાજનને સીધો રાજ્ય સાથે સંબંધ છે. માટે, આપની રજા લેવાનું જરૂરી માન્યું છે.

બાકી હવે આ મહાજનના વાણિયાઓ બહુ ફાટ્યા છે. કારણ કે એ લોકોના કાફરોના એક ગુરુ ગજબનાક છે. બાદશાહ ! એ તો આપને ય બાજુમાં રાખી દે એવા છે. એમના જ કારસ્તાન કહેવા માટે તુરંતમાં અહીં અમદાવાદ તરફ આવવા માટે રાતોરાત હું નીકળ્યો હતો.

પણ, કોણ જાણે ? ગમે ત્યાંથી દોશી આણંદજી શેઠને બાતમી મળી ગઈ. એમણે પોતાના બે જાસૂસોને મારો પીછો કરવા મોકલી દીધા. આ દોશી આણંદજી પણ અહીંના નગરશેઠના ભાઈ જેવો છે. ગજબ સંપત્તિ છે, એની પાસે. સાથે એના જાસૂસો પણ ચારે દિશામાં ફરે છે. આપણે પણ એનાથી કંઈ કમ નથી. એની હવેલીએ જ આપણા માણસો ગોઠવી દીધા છે.

હું રાત્રે જ્યારે આપની પાસે અમદાવાદ આવવા નીકળ્યો ત્યારે વાતાવરણમાં ખૂબ જ અંધારું હતું. જંગલ જેવો રસ્તો હતો. કોઈ મુસાફર મળે નહીં. બરહાનને ખૂબ જ ભય લાગતો હતો. કિંતુ મારે મન આપને સમાચાર વહેલાસર પહોંચાડી દેવું અનિવાર્ય હતું. એટલે બરહાનની ના હોવા છતાં મેં રાત્રે જ મુસાફરી કરવાનું નક્કી કરેલું.

બરહાન ઘણો જ ડરતો હતો. એ મને ઘણું સમજાવતો હતો. પણ બંદા એમ ડરીને થોડા પાછા ફરી જાય ? એમ અમારી અઘોર રાત્રિની ઘનઘોર વનની મુસાફરી શરૂ કરી.

અમે હજુ થોડા જ આગળ વધ્યા હશું કે વડના ઝાડ નીચે એક માણસ ચત્તોપાટ પડ્યો હતો. બચારો ! બેભાન જેવો લાગતો હતો. ઘા લાગ્યા હોય તેવું દેખાતું હતું, લોહી વહી રહ્યું હતું. મને દયા આવી. મને થયું કે એને ઉપાડી સાથે લઈ લઉં. કોઈક જગ્યાએ સારવાર માટે મૂકી દઈશ. પણ બરહાનને એમાં ભૂતની શંકા જાગતી હતી. એટલે એ ના પાડતો હતો.

તો પણ મેં એને મારા ઘોડા ઉપર ચડાવી દીધો. અમે વાતો કરતા કરતાં આગળ વધ્યા. ત્યાં કોઈક વ્યક્તિએ અમારી પાછળ પાછળ આવી રહી હોય તેવો મને આભાસ થયો. મેં પાછળ ઝીણી નજરે જોયું તો મારી ગણતરી સાચી પડી.

પછી તો મારા ખોળામાં સૂતેલા માણસ ઉપર પણ મને શંકા પડી. કદાચ જાસૂસી કરવા માટે, અમારી વાતચીત સાંભળવા માટે તો તેણે આવું નાટક ન કર્યું હોય ? પાછળવાળો માણસ એનો સાથીદાર હોય તેવી શક્યતા હતી. મારી ધારણા અક્ષરશઃ સાચી પડી. એ બે દોશી આણંદજી શેઠના જાસૂસો જ નીકળ્યા. આગળ જતા એ વાત સ્પષ્ટ થઈ ગઈ.

અમે બન્નેએ ઘોડા દોડાવ્યા, તો પેલો માણસ પણ અમારી પાછળ પડ્યો. એ કેટલા માણસ હશે ? તેનો મને અંદાજ ન હતો. દેખાતો એક જ હતો. પણ, તેના સાથીદારો વધારે પણ હોઈ શકે. કારણ કે એ પૂરા આત્મવિશ્વાસ સાથે અમારો પીછો કરી રહ્યો હતો.

મારે મારા ખોળામાં રહેલા માણસને ગુમાવવો ન હતો. એની પાસેથી ઘણી બાતમી મળી શકે તેમ હતી. પણ, આખરે એનું ખૂન કરી મારે જવા દેવો પડ્યો. એ ઝપાઝપીમાં અમે બન્ને ભૂલા પડ્યા-ઘાયલ થયા. અને અંધારી રાત્રે દર-દર ભટક્યા... હજુ પણ એ રાત્રિની બીના યાદ આવતા મને ય કંપારી છૂટી જાય છે....'

✷




# વિનાયકની અગ્નિપરીક્ષા

અદ્ભુત અને અવર્ણનીય છે આ દુનિયા. સાથે એટલી જ ભયાવહ પણ છે. કોઈકને સુખ તો કોઈકને દુઃખ, કોઈકના લગનના ગીત ગવાય તો કોઈકના મરશિયા. અમદાવાદના રાજમહેલની પાછળના ભાગમાં આ જ વાત ઘટી રહી હતી. મલિક બાદશાહને પોતાની વાતની લપેટમાં લઈ રહ્યો હતો. બાદશાહ ઉપર પણ તેની ધારી અસર થતી હતી. એટલે મલિક મનોમન ખુશ હતો. જ્યારે એ જ નિકુંજની પાછળ ગોઠવાયેલા વિનાયકની હાલત ભારે કફોડી હતી. ખૂબ જ સંકડાશમાં તે ગોઠવાયો હતો.

ભયાનક ઘાથી ઘવાયેલા પગ આરામ માંગતા હતા. જ્યારે વિનાયક સહેજ સંચાર પણ કરી શકતો ન હતો. થોડી પણ હિલચાલ તેને પકડાવી દેવા માટે પૂરતી હતી. આખું શરીર અકડાવા લાગ્યું હતું. એમાં ય મલિક-બાદશાહની વાત પૂરેપૂરી સાંભળી તેને પાંદડા ઉપર ઉતારવાની જવાબદારી પણ તેને અદા કરવાની હતી.

એક તરફ ચારે બાજુ ધનઘોર રાત્રિ ફેલાયેલી હતી. બીજી તરફ પોતે એક ખૂણામાં વનસ્પતિના ઢગની વચ્ચે ફસાયો હતો કે જ્યાં ચંદ્રની ચાંદનીનું એક કિરણ પણ આવી શકે તેવી શક્યતા ન હતી. કશું જ દેખાતું ન હતું. ઘાવ કેવા પ્રકારનો છે ? તેની પણ કોઈ જાણકારી વિનાયકને ન હતી.

કદાચ ભાગી છૂટવાની તક મળે તો પોતે ભાગી શકશે કે નહીં ? તેમાં પણ પોતે સંદિગ્ધ હતો. હવે તો બાજી ભગવાનના હાથમાં હતી. ઈશ્વર શક્તિ આપે, સહાય કરે તો જ આ દર્દનાક પરિસ્થિતિમાંથી છૂટકારો શક્ય હતો. બાકી મોત કદાચ અહીં જ હતું.

આવી અકથ્ય વેદનાને સહતો વિનાયક પોતાની ફરજમાંથી લેશ પણ પાછા વળવાનો ભાવ લાવ્યા વિના મલિક-બાદશાહનો સંવાદ સાંભળી રહ્યો છે. મલિક-બાદશાહનો સંવાદ સાંભળતા જ તેને પરિસ્થિતિની ભયાનકતા સમજાઈ જાય છે. તે સમજી જાય છે કે કોઈ મોટી આપત્તિ દોશી આણંદજી શેઠ ઉપર અને આચાર્ય ભગવંત ઉપર ઝળુંબી રહી છે.

વિનાયકે આચાર્ય મ.સા.ને જોયા હતા. તેમના અગાધ તેજે વિનાયકને આંજી દીધો હતો. અત્યારે ય આચાર્ય મ.સા.ની યાદ આવતા જ આચાર્ય મહારાજની મુખાકૃતિ તેના મનઃચક્ષુ સમક્ષ ઉપસ્થિત થઈ જતી હતી.

કોઈ ઈશ્વરના અવતાર જેવા એ આચાર્ય મહારાજે વિનાયક તરફ દૃષ્ટિ કરી જે સ્મિત આપેલું તેની યાદ આવતા જ વિનાયકની રોમરાજી વિકસ્વર બની જતી. આવા આચાર્ય મહારાજ ઉપર આવી પડનારી આપત્તિની જાણ દોશી આણંદજી શેઠને કરવાની હતી. પણ, એ શેં શક્ય બને ? કોણ કપડવંજ સુધી પહોંચાડી શકતી પાંખો આપે ?

અકથ્ય મનોવ્યથા અને શારીરિક વેદનાથી વિનાયક પીડાઈ રહ્યો છે. ત્યારે મલિક પોતાની યોજના આગળ ધપાવી રહ્યો છે.

'નામવર ! એ રાત્રે જે જીવલેણ સંકટો અમારા માથે આવ્યા છે તેની કોઈ કલ્પના આપ નહીં કરી શકો. રાની પશુઓથી ભયંકર એવા એ જંગલમાં અમે બન્ને એકલા આથડ્યા છીએ. માર્ગથી તો ઘણા દૂર નીકળી ગયેલા.

પાછા મૂળ માર્ગે પહોંચવામાં ય જોખમ હતું. હુમલાનો ભય દૂર ન હતો થયો. માંડમાંડ તો એક જાસૂસનો પીછો છોડાવ્યો હતો. એટલે બસ અમે બન્ને આખી રાત એ ઘનઘોર જંગલમાં દોડતા જ રહ્યા, દોડતા જ રહ્યા. અમારા બન્નેના ઘોડાની દશા પણ ખૂબ જ દયનીય હતી. ઓ અલ્લાહ ! મારા દુશ્મનને ય આવી ભયાનક દશા ના આપતો.'

**મલિકનું વર્ણન સાંભળી બાદશાહના ય રુંવાડામાં ભય ફરકી ગયો. અત્યારના ભેંકાર વાતાવરણમાં તમરાના અવાજ સિવાય સઘળે શાંતિ હતી. ચોકીદારો સ્થિર હતા. માત્ર મલિક જ બોલતો હતો.**

એનું વર્ણન બાદશાહના રૂંવાડે રૂંવાડે ભયનું સિંચન કરતું હતું. મલિકની વાણી ધારદાર નીવડી રહી હતી.

કોઈ ભયાનક વાર્તાની ગૂંચને ઉકેલવા મથતા માણસ જેવા અવાજે, સત્તાના રણકાર વિનાના અવાજે, બાદશાહ બોલ્યા -

'મલિક ! એવું તો કયું કારણ આવી પડ્યું કે જેથી તારે રાતોરાત નીકળવું પડ્યું ? એક રાત રાહ જોઈ બીજે દિવસે સવારે નીકળ્યો હોત તો શું ખાટુંમોળું થઈ જવાનું હતું ? કેવી ઘનઘોર અંધારી રાત્રે તમે બન્નેએ મુસાફરી ખેડી. ખતરનાક ! તમારી ઉપર હુમલો કેમ થયો ? દોશી આણંદજીને શી જરૂરત પડી કે તે તમારી ઉપર હુમલો કરાવે ? તે હુમલો કરનાર, જાસૂસી કરનાર માણસ દોશી આણંદજીનો જ છે તેની ખાતરી શું ?'

મલિક બોલ્યો - 'જી નામવર ! આપના પ્રશ્નો ખૂબ જ સહજ છે. હું આપને એ જ વાત કરવા આવ્યો છું. દોશી આણંદજી શેઠ હંમેશા મારી ઈર્ષ્યા કરતા આવ્યા છે તે તો આપ જાણતા જ હશો. તે હંમેશા મને પછાડવાનો પ્રયત્ન કરી રહ્યા છે.'

આ વાત સાંભળી બાદશાહને થોડી નવાઈ લાગી. અચરજભર્યા અવાજે બાદશાહ બોલ્યો - 'મલિક ! દોશી આણંદજીની સંપત્તિ અમાપ-સમાપ છે - એમ સાંભળ્યું છે. તો પછી તે શા માટે તારી ઈર્ષ્યા કરે ? તારા કરતાં એ ઘણાં આગળ છે, તારી સંપત્તિ કરતા એની સંપત્તિ અનેકગણી વધારે છે. માટે તેને તારી ઈર્ષ્યા આવે કે તને તેની ઈર્ષ્યા આવે ?'

**બાદશાહની વાત સાંભળી મલિકને ઘેરી ચોટ લાગી. પણ, હાલ કશું બોલાય તેમ ન હતું. આડું અવળું બોલવામાં આખી બાજી ચોપટ થઈ જાય તેમ હતી.** આથી એ સમજાવટભરી ભાષામાં બોલ્યો - 'બાદશાહ સલામત ! આપની વાત સાચી છે કે મારા કરતા દોશી આણંદજી અનેકગણી સંપત્તિવાળા છે. પણ, એકલી સંપત્તિ મળવાથી માણસને સંતોષ નથી થઈ જતો ને !

આપની મારા ઉપર જે રહેમ નજર છે તે તેમની ઉપર ક્યાંથી ? એટલે એમને મનમાં ઉદ્વેગ થવાનો જ. એમની મુરાદ સારી નથી.

આપના માટેનું ભયંકર કાવતરું એમના મનમાં છે. એ ધારે તો આપને ઉથલાવી પણ શકે છે. પહેલા તો આ વાત મને માનવા જેવી ન લાગી. પણ, નામવર ! જ્યારે નજરોનજર મેં એમની તાકાત નીહાળી ત્યારે માનવું પડ્યું કે આ લુચ્ચો વાણિયો ખતરનાક છે. એની ચાલબાજી ભયાનક છે.

નામવર ! અત્યાર સુધી આ વાણિયા પાસે માત્ર પૈસો જ હતો. એ લોકોમાં સૂઝ-બુઝ જબ્બર છે. પણ, સંગઠન નથી. એ લોકોને સંગઠિત કરી શકે તેવો કોઈ સમર્થ નાયક પણ નથી. કિંતુ મેં એક ભયાનક વસ્તુ જોઈ.

નામવર ! હમણાં જ એ લોકોને કોઈ નાયક મળી ગયો લાગે છે. કપડવંજમાં એ નાયકની હમણાં પધરામણી થઈ. બાદશાહ ! કદાચ બેઅદબી લાગશે. પણ, એ નાયકને જોવા આખું કપડવંજ ગાંડું ઘેલું થઈ ગયું.

**શું એમની પ્રતિભા ! શું તેજ ! શું સ્મિત ! એમના એક એક અંગમાંથી ગજબનાક મોહિની વહે છે. પરાણે માથું ઝૂકાવવું પડે તેવું તેમનું વ્યક્તિત્વ છે. એ ગુરુ છે વાણિયાઓના... પણ, અઢારે આલમ એમને જોવા ઉમટી હતી.**

આપે કપડવંજના માર્ગો એ વખતે જોયા હોત તો આ...હા...હા.. ચારે બાજુ માનવમહેરામણ ઉમડતો હતો. આજુબાજુના ગામોના ગામ કપડવંજમાં ઠલવાયા હતા. કપડવંજના માર્ગ ઉપરના ઝરૂખે ઝરૂખે માણસો બેઠા હતા.

ચાતકડોળે સૌ કોઈ એ માણસને નીહાળી રહ્યા હતા. જાણે આખી દુનિયામાં બીજું કોઈ નથી, બસ ! એ એક જ છે. એમ સહુ એમને જોવામાં ગાંડા-ઘેલા થયા હતા. એમનું આભામંડળ ગજબનાક હતું. શું વર્ણન કરું એમનું ! એ વખતે તો જે હાજર હોય તે જ આ વાતને સમજી શકે. બાકી તાકાત નથી કે આ વ્યક્તિનું અને એ વાતાવરણનું વર્ણન કરી શકે ! ગજબ ! ગજબ ! ગજબ !'

બાદશાહને આ વાતમાં ઝાઝો રસ ન પડ્યો. એને મન તો પોતાના કરતા કોઈ ચડિયાતી વ્યક્તિ જ દુનિયામાં સંભવી શકતી ન હતી. એમાંય

જ્યાર એને ખબર પડી કે આ વાણિયાના ગુરુ છે ત્યારે તો એનો સમૂળગો રસ ઉડી ગયો. એને તો 'ખોદ્યો ડુંગર, નીકળ્યો ઉંદર' જેવી પરિસ્થિતિ લાગી. બાદશાહ થોડા કંટાળા સાથે બોલ્યો -

'અરે મલિક ! તું પણ ગજબ છે ? એ વાણિયાના ગુરુ ગમે તેવા હોય તો ય આપણું શું બગાડી શકવાના હતા ? એ તો કીડીને ય મારતા નથી તો આપણી સામે શું હથિયાર ઊંચકી શકવાના ? મારા બાપ ! તું એને મારવા જઈશ તો તને કહેશે કે 'હા ભાઈ ! લે મને મારી લે !' એક હરફ તારી સામે નહીં ઉચ્ચારે !

ભૂલી ગયો ? આ હિંદુ લોકોના સોમનાથને લૂંટવા જ્યારે આપણાવાળા આવ્યા હતા ત્યારે કેટલાય બ્રાહ્મણો આડા સૂઈ ગયા. કહે કે - 'જવું હોય તો અમને મારીને જાઓ !' ભલા ! આપણે તો મારવા જ આવ્યા હતા, આપણને મારીને જવામાં શું વાંધો ? કરી નાંખી આપણે કતલ, મળી ગયો અઢળક ખજાનો, પડી ગયા જલસા ! બીજું શું જોઈએ ? આ લોકો નામર્દ છે. સાથે મૂરખ પણ છે !

**આપણી પાસે કેટલી સંપત્તિ હતી ? એટલું ધન જ નહતું કે જેનાથી આપણા સૈન્યને સાચવી શકાય. પણ, આ લોકોએ જ આપણને ધન આપ્યું. આ દેશમાંથી અઢળક.. અઢળક... અઢળક.. અઢળક... ધન લૂંટ્યું છે આપણે !** એથી જ આપણા હાથ મજબૂત થયા. આજે આખા આ દેશ ઉપર આપણો લોખંડી પંજો ફેલાઈ ગયો છે. કરોડોની સંખ્યા છે એ લોકોની.

આપણે ધારત તો એક એક ને ખતમ કરી નાંખત. કોઈ બોલત નહીં. પણ, આપણે આ કાફરોને આપણા ધર્મમાં લઈ લીધા. ઈસ્લામનો ફેલાવો કર્યો. એ લોકોના માણસો જ આપણને સહાયક થયા.

શું સંપત્તિ છે આ દેશ પાસે ? આટલા વરસોથી આપણે લૂંટ્યે જ રાખીએ છીએ, લૂંટ્યે જ રાખીએ છીએ છતાં આ લોકો ખાલી થતા જ નથી. આ તો ચિંતામણિ જેવા છે. માંગો એટલું હાજર ! આપણે તો મોજમજા કરવાની છે. રાજ કરવાનું છે આ લોકોના પૈસે અને આપણા બાવડાના જોરે !

તું બધી ચિંતા મૂકી દે. કોઈ તારી સામે માથું નહીં ઊંચકી શકે. લાગે

તને કે કોઈ માથું ઊંચકે છે તો એકાદને પતાવી દેજે. બસ ! પછી પાછા બધા શાંત, કોઈ હિંસા નહીં કરે. અઢળક રૂપિયાનું ભેટણું લઈ તને સમજાવવા આવશે, તને વિનંતિ કરશે. તારા પગે પડશે.

એ લોકોની એકાદ બેન-દીકરીને ખાલી એક રાત એમ ને એમ છૂપાડીને તું રાખ, પછી જો. કોઈ માણસ એને સ્વીકારશે નહીં. આશરો આપશે નહીં. બચ્ચારી રાન-રાન રખડી કદાચ આત્મહત્યા કરી લેશે કે તારા પગે પડતી આવશે કે મને હવે તમે રાખી લો.

મલિક ! આ લોકો સાવ મૂરખ છે, જડ છે. કોણ જાણે આવા જડ માણસોને સંપત્તિ ક્યાંથી મળતી હશે ? પણ, આપણે શું ? મહેનત-મજૂરી કરી એ લોકો કમાય છે, આપણે લૂંટવાનું છે. આમાં વાંધો શું ?

તથા તેં જે વાણિયાના ગુરુની વાત કરી તેવા તો કેટલાય ગુરુઓ આ લોકોના થઈ ગયા. બહુ મંત્ર-તંત્ર વાળા કહેવાય છે. છતાં **આપણે બિન્દાસ્ત એ લોકોના મંદિરો-મૂર્તિઓ તોડી પાડીએ છીએ. કોઈ કશું કરી શકતું નથી. માટે, કોઈને જોઈને ડર નહીં. તું તારે જલસા કર !** નાહક ખોટે ખોટા આવા ઉપાડા શું લે છે ? હું છું ત્યાં સુધી તારે શી ચિંતા ? મારી જેમ થાય એટલા જલસા કરી લે. કોઈ માથું ઊંચકવાનું નથી !'

'પણ, સાહેબ ઈસ્લામ ધર્મ નાબૂદ...'

'અલ્યા ! નાહક શું બળ્યા કરે છે ? કોઈ તાકાત નથી આ લોકોની કે ઈસ્લામની સામે એક હરફ પણ ઉચ્ચારી શકે. ઈસ્લામ ધર્મ તો હવે વિશ્વવ્યાપી બનવાનો છે. હવે જલસા કરવાના છે.'

બાદશાહની આ વિચારધારા સાંભળી મલિક છક થઈ ગયો. એ સમજી ગયો કે આ જીવડો અત્યારે મોજ શોખમાં આળોટે છે. એટલે કશું પણ કરવાનું તેને ગમશે નહીં. અતિ એશ-આરામમાં પડેલો માણસ એદી થઈ જાય છે. એ ખુદ પોતે જ પોતાના પતન માટેનો ખાડો ખોદે છે.

ખેર ! અત્યારે તો એની મોજ શોખની ઝંખનાને જ પકડી, તે દુઃખતી નસ દબાવી મારું કાર્ય સાધવું પડશે. આમ વિચારી મલિકે પોતાની વાત કરવાની દિશા બદલી નાંખી.

એના મનમાં હતું કે આચાર્ય મહારાજનું ભભકદાર વર્ણન સાંભળી બાદશાહ ઈર્ષ્યાથી સળગી જશે. તેમને ધરતી ઉપરથી અલવિદા કરવાનો આદેશ મળી જશે. પણ, મોજશોખનો કીડો એ બાદશાહ સહેજે ના પીગળ્યો.

જાણે એવી કોઈ પોતાના કરતા વધુ સુંદર હસ્તી હોઈ શકે તે માનવા જ તે તૈયાર નથી. કંઈ વાંધો નહીં, હજુ બાજી હાથમાંથી ચાલી નથી ગઈ. મલિકે બાજી ગોઠવી...

'બાદશાહ સલામત ! આપનો પ્રતાપ ગજબનો છે. આપની ધાક છેક દિલ્હી સુધી પહોંચે છે. માટે, આપની શેહથી કદાચ આ વાણિયાઓ કશું જ નહીં કરી શકે. એમના ગુરુ પણ નિષ્ફળ જ નીવડશે.

આપની આત્મવિશ્વાસભરી વાણી સાંભળી હવે મારો વિશ્વાસ પણ પાછો આવી ગયો છે. એ ગુરુની પણ હવે ચિંતા કરવાની જરૂરત નથી.

આ તો કપડવંજમાં જે દૃશ્ય જોયું તેનાથી થોડો હું અંજાઈ ગયો. નાની વાતને મોટું રૂપ આપી બેઠો હતો. પણ, આપની વાત એકદમ સાચી છે. આ વાણિયાના ગુરુઓ આપણું કશું જ બગાડી શકે તેમ નથી.

કીડી પણ ન મારનારા આપણું શું બગાડી શકવાના ? એકદમ સાચી વાત છે આપની, હું મૂરખ ઠર્યો..., એમ બોલી મલિક હસવા લાગ્યો. બાદશાહ પણ આનંદિત થયો, પોતાની વાત સાચી પડી હતી.

અચાનક હસવાનું બંધ કરી મલિક બોલ્યો - 'નામવર ! એક વાત સૂઝે છે. આ વાણિયાના ગુરુ આચાર્ય મહારાજ જ્યારે કપડવંજ આવ્યા ત્યારે દોશી આણંદજીએ બહુ જબ્બર સ્વાગત કર્યું હતું. શું એની સ્વાગતયાત્રા હતી.

માનવો તો હતા જ. પૈસા પણ પાણીની જેમ વાપર્યા હતા. **આખા નગરને અલકાપુરીની જેમ શણગાર્યું હતું. દિગંતને ગજાવતા વાંજિત્રો વાગી રહ્યા હતા. હાથી, ઘોડા અપરંપાર હતા... ધજા-પતાકાઓ... બગીઓ... આહા... આખા નગરની સિકલ જ બદલાઈ ગયેલી. શું ઠાઠ હતો ?**

નામવર ! બેઅદબી માફ કરજો. પણ, આપની ય એકે સવારી આવી નહીં નીકળી હોય. એક માત્ર પોતાના એ ગુરુની સ્વાગતયાત્રા પાછળ પાણીની જેમ પૈસા વાપરી નાખ્યા દોશી આણંદજી શેઠે ! ખાલી સ્વાગત પાછળ

આટલા રૂપિયા ? આપે જો એ સ્વાગતયાત્રા જોઈ હોત તો આપ પણ મોઢામાં આંગળા નાખી જાત. એક ધરતી ઉપરના માનવીના સન્માન કાજે આટ-આટલો ખર્ચો ! કોઈ રાજા-મહારાજાઓને પણ ટપી જાય તેવું ભવ્ય સ્વાગત ! શું ગરિમા હશે એ વ્યક્તિની ? કેવો પ્રભાવ, કેવું વર્ચસ્વ હશે એ માણસનું કે જેના સ્વાગત પાછળ આટલા રૂપિયા ખર્ચાઈ જાય ?'

આ વાત સાંભળી બાદશાહનું અભિમાન હલ્યું. થોડા અણગમા સાથે એણે મલિકને પૂછ્યું - 'પણ, આ બધી બાબતોનું અત્યારે શું કામ છે ?

રૂપિયા ખરચવા હોય એટલા ખર્ચે. એમાં આપણે શું ? આપણી પાસે તો ચિક્કાર પૈસા છે. પછી શી ચિંતા ?'

મલિક બોલ્યો - 'ના સાહેબ ના ... હજુ તો ઘણા જલસા બાકી છે. ધનભંડાર કંઈ એવો ભરેલો નથી કે આપણે ચિંતા કરવા જરૂરત ન પડે. આપના ભંડાર કરતાં તો દોશી આણંદજીનો ભંડાર વધારે સમૃદ્ધ છે. હું તો આપને એ વાત કહેવા માગું છું કે નામવર ! આપની પાસે તો સોનાની મુરઘી આવી ગઈ છે.

વિચારો નામવર ! કે જેના સ્વાગત પાછળ આટલા રૂપિયા એક જ વ્યક્તિ ખર્ચી શકતી હોય તો જ્યારે એના જીવનનો સવાલ આવે ત્યારે કેટલા રૂપિયા ખર્ચી નાંખે ? જરા કલ્પના તો કરો નામવર !'

પળભર ઝીણી આંખે મલિક બાદશાહ સામે જોવા લાગ્યો. બાદશાહ પણ વિચારમાં પડી ગયો. થોડી વાર બાદ મલિકે જ વાત આગળ વધારી. જો આપણે તેમને બાનમાં લઈએ તો માંગો એટલા રૂપિયા હાજર !

બાદશાહ બોલ્યો - 'પણ, દોશી આણંદજી પાસેથી રૂપિયા માંગતા એ એમને એમ રૂપિયા નહીં આપી દે, એ તો હોબાળો મચાવશે. આખી જનતાને આપણી વિરુદ્ધ ઉશ્કેરશે. ભારે હંગામો મચી જશે. નાહક લેવાના દેવા થઈ પડશે.'

મલિકે કહ્યું - 'નામવર ! આપ ચિંતા નહીં કરો, આ સેવક બેઠો છે ને ! આ ગુરુ હમણાં જ કપડવંજથી નીકળી જશે. એક ગામથી બીજે ગામ આ લોકો ફરતા હોય છે. રસ્તામાં ક્યાંકથી ઉપાડી લઈશું.

કોઈને ખબર પણ નહીં પડે. પછી કોઈ બીજા શહેરના વાણિયાઓ પાસેથી રૂપિયા માંગી લઈશું. એમની જીંદગી બચાવવા કોઈ પણ માંગો એટલા

રૂપિયા આપી દેશે. દોશી આણંદજીને કે નગરશેઠને ગંધ આવશે તે પહેલા તો આપણે પૈસા ઉઘરાવી લઈશું અને છોડી મૂકશું.

એ લોકો આપણી પાસે ફરિયાદ લઈને આવે તે પહેલા તો આપણે એમને છૂટા કરી દીધા હશે. એટલે એ લોકો ટંટા-ફિસાદ કર્યા વિના ચાલી જશે. સાથે એ લોકોએ મને જે રીતે હેરાન કર્યો છે તેના બદલામાં એ લોકો પાસેથી પણ દંડ પડાવશું.

આમે ય એ લોકોએ મને ભારે રંજાડ પહોંચાડી છે. દોશી આણંદજી શેઠે મારા ઘરમાં જાસૂસો રાખ્યા છે. મેં બરહાનને જે વાત કરી તે કોઈક સાંભળી ગયું અને શેઠને માહિતગાર કરી દીધા. પરિણામે શેઠે મારા ઉપર હુમલો કરાવ્યો. આ સિવાય બીજા ક્યા રસ્તે શેઠને માહિતી મળી શકે ? આમાં શેઠ સિવાય બીજા કોનો હાથ હોય ? કોનો સ્વાર્થ હોય ? શા માટે કોઈ મને મારવાને ઈચ્છે ? જો કોઈ ફાયદો થતો હોય તો શેઠ દોશી આણંદજીને જ થતો હતો ! એટલે આપે તો ન્યાય કરવાનો છે.

નામવર ! આપના જીગરજાન મિત્ર ઉપર આપના જ રાજ્યમાં હાથ ઉગામવામાં આવ્યો છે. એમનું તો સર્વસ્વ હરી લેવું જોઈએ. નગરશેઠે પણ બિનઅધિકૃત રીતે રાજમહેલમાં જાસૂસનો પ્રવેશ કરાવ્યો છે. એ પણ દોષિત ઠરે છે. એમનું પણ સર્વસ્વ હરી લેવું જોઈએ. ન્યાય તોળવો તો આપણી ફરજ છે. પછી તેમાં નગરશેઠ શું કે દોશી આણંદજી શું ?

**બસ ! આ રીતે અઢળક મિલકત આપના હાથમાં આવી જશે. આવી તક ન ગુમાવાય ! બસ ! આપ મને આદેશ આપો એટલે હું કાલે ને કાલે જ નીકળી જઉં. મારા સાગરિતો તૈયાર જ છે. આપના હુકમની જ વાટ જુએ છે...'**

**વિનાયક આ વાત સાંભળી સ્તબ્ધ થઈ ગયો. હવે કપડવંજ પહોંચવું અત્યંત અનિવાર્ય હતું. એનું રોમ-રોમ ખડું થઈ ગયું.**

**હવે તો આ પાર કે પેલે પાર ! કપડવંજ... કપડવંજ... કપડવંજ... બસ, ! એક જ ધ્યેય... એક જ લક્ષ્ય...**

**વિનાયક મરણિયો થયો...**

✺




## વિનાયક સપડાયો...

જીભ ! આના જેવું ખતરનાક કોઈ શસ્ત્ર નથી. એ અંધારઘેરી ભયાનક રાતે મલિક આ શસ્ત્રનો ભરપૂર ઉપયોગ કરી રહ્યો હતો. મલિકે આચાર્ય ભગવંતને ફસાવવા માટેની આખી યોજના બાદશાહને સમજાવી.

આચાર્ય ભગવંતને બાનમાં લઈ અઢળક રૂપિયા કમાવાની તથા દોશી આણંદજી શેઠને અને નગરશેઠને પણ દોષિત ઠેરવી દંડ રૂપે અનર્ગલ ધન મેળવી લેવાની લાલસા મલિક બાદશાહના મગજમાં પ્રગટાવી દેવા સફળ થયો. આચાર્ય ભગવંત પ્રત્યે જાગેલી ઈર્ષ્યા અને અઢળક ધનનો લોભ - આ બન્ને પરિબળો હવે ભડકો પેદા કર્યા વિના રહેવાના ન હતા.

મલિકની આખી યોજના વિનાયકે સાંભળી લીધી હતી. મલિકે ન કહેલું ઘણું બધું વિનાયક જાતે જ સમજી ચૂક્યો હતો. વિનાયકના રુંવાડે રુંવાડે ક્રોધ પ્રગટી ચૂક્યો હતો. મલિકની યોજના બાદશાહને પીગળાવી શકી હતી.

**મલિક આચાર્ય ભગવંતને બંદી કરવાનું ફરમાન મેળવવામાં સફળ થવાનો છે - તેવી ખબર પડતા જ વિનાયક કંઈક કરી છૂટવા મરણિયો થયો.**

આ બધી જ વિગતો પાંદડામાં લોહી દ્વારા આલેખિત થઈ ચૂકી હતી. વિનાયકે એ બધાં જ પાંદડા સાચવીને કપડામાં છૂપાવી દીધા. વિનાયકને

એ હદે કાળ ચડ્યો હતો કે આ બધી જ તકલીફના મૂળરૂપ મલિકને જ પતાવી દેવાની હદ સુધી તે પહોંચી જાત. પછી, ભલે બાદશાહ તેને ફાંસીએ લટકાવી દે ! આણંદજી શેઠે પોતાના દરેક જાસૂસને તાકીદ કરેલી કે – જ્યાં સુધી તમારો જાન કટોકટીમાં આવી ગયો ન હોય, બચવાનો નાનકડો પણ રસ્તો ખુલ્લો રહ્યો હોય ત્યાં સુધી કોઈનું પણ ખૂન કરવું નહીં. કોઈને જીવલેણ ઘા કરવો નહીં. અત્યાર સુધી તો સહુ જાસૂસો આ અંગેની સંપૂર્ણ તકેદારી રાખતા. પણ, આ પરિસ્થિતિમાં વિનાયકે આ સૂચનાને પણ ફગાવી દીધી હોત. મલિકને પતાવી ફાંસી વહોરી લીધી હોત. કિંતુ દરેક વખતે શાંત ચિત્તે કામ લેવાની શેઠે આપેલી તાલીમ વિનાયકને અટકાવી ગઈ.

વિનાયકને લાગ્યું કે આ પરિસ્થિતિમાં મલિકને પતાવી દેવાથી આચાર્ય ભગવંત, દોશી આણંદજી શેઠ, નગરશેઠ આ બધાં બચી નહીં શકે. કારણ કે મલિક બાદશાહને તમામ વિગતોથી વાકેફ કરી ચૂક્યો હતો.

આથી મલિકનું ખૂન થતાં આ બધી જ ઘટનાઓ માટે આપોઆપ બાદશાહ દોશી આણંદજી શેઠ... વગેરેને જ દોષિત માની લે. પછી તો ભૂંરાયો થયેલો બાદશાહ શું ન કરે ? એ જ આશ્ચર્ય ! બાદશાહની જાણ બહાર મલિકનું ખૂન કરવું શક્ય ન હતું. આખરે એક જ ઉપાય બચતો હતો – કપડવંજ પહોંચી શેઠને તમામ બાબતોથી માહિતગાર કરવાનો.

વિનાયકની વિચારધારા બાદશાહના અવાજથી અટકી પડી – મલિકની યોજના ઉપર વિચાર કરતો બાદશાહ બોલ્યો – 'આ નગરશેઠ વગેરેને ગંધ ન આવે તે રીતે આચાર્ય ભગવંતને પકડવા, ધન લઈ છૂટા કરવા... આ બધું કેવી રીતે શક્ય બનશે ? આ નગરશેઠ અને એ બધાં મહાચાલાક છે. આપણી યોજનાને એ સમજી જ જશે. પછી ? પછી શું થશે ?'

મલિક : 'નામવર ! શું આ નાચીઝ સેવક ઉપર આપને ભરોસો નથી ? હું આખી યોજનાને સાંગોપાંગ રીતે સંપૂર્ણ બનાવી પછી જ એક કદમ આગળ વધારીશ. એક વાર મેં એક ડગલું ભર્યું પછી સમજી લેજો કે હવે આ યોજના આમ જ પૂરી થશે. એમાં કશો જ ફેરફાર નહીં થાય. આપની પાસે અનર્ગલ ધન આવી ખડકાશે. વર્ષો સુધી મન ફાવે એટલા જલસા કરશો તો ય નહીં

ખૂટે તેટલું !!! દોશી શેઠને કદાચ યોજનાની ગંધ આવી જાય તો પણ શું ?

જ્યારે આપણી પાસે રાવ નાંખતા આવે ત્યાં સુધીમાં તો આપણે આચાર્ય ભગવંતને છૂટા કરી દીધા હશે. તથા ખુદ આણંદજી શેઠ ગુનામાં હોવાથી એ તો જેલભેગા જ થશે. બાકીના લોકોમાં કોણ તપાસ કરવા જશે કે આપણે આચાર્ય ભગવંતને ક્યાં છૂપાવ્યા છે કે શું કર્યું છે ?

જ્યારે લોકોનું ટોળું જોશે કે અમારા નાયકો જ દોષિત છે ત્યારે આપોઆપ એ લોકોનો ઉત્સાહ ઠરી જશે. निर्णायकं नश्येत् सैन्यम् !

બાદશાહ ! અલ્લાહની મહેરબાની થઈ છે કે આવો સોનેરી મોકો મળ્યો છે...' મલિકની કલ્પનાએ બાદશાહને પણ રંગી દીધો. જાણે પોતે એશોઆરામમાં આળોટતો હોય તેવું દશ્ય મન સમક્ષ ખડું થઈ ગયું.

બાદશાહ બોલી ઉઠ્યો - 'સારું ! તને ઠીક પડે તેમ કર.' **એશોઆરામની લાલસામાં બાદશાહે મલિકને છૂટો દોર આપી દીધો.** આગળની યોજના જાણવાની દરકાર પણ નહીં કરી. વિનાયક માટે પણ મલિકની આગળની ગતિવિધિ અંધારામાં જ હતી. ફક્ત મલિક કપડવંજમાંથી આચાર્ય ભગવંતના વિહાર બાદ તેમને જેલમાં પૂરી દેશે - આટલું જ સ્પષ્ટ થયું હતું.

ક્યાં ? ક્યારે ? કેવી રીતે ? તે અંગે કશી સ્પષ્ટતા થઈ ન હતી. મલિકે કહેલી બધી બાબતો સંક્ષિપ્ત શૈલીમાં પાંદડા ઉપર આલેખાઈ ગઈ હતી.

હવે તો વિનાયકને કપડવંજ પહોંચવાની તાલાવેલી ઉપડી. આગળની આખી બાજીની સફળતા હવે પોતાના કપડવંજ પહોંચવા - ન પહોંચવા ઉપર હતી. આજની વાતનું રહસ્ય માત્ર વિનાયક પાસે જ હતું અને પાંદડા ઉપર સુરક્ષિત હતું. આ પાંદડા ગમે તેમ કરી આણંદજી શેઠના હાથમાં પહોંચાડવા જરૂરી હતા.

આમને આમ પડી રહેવું હવે વિનાયકને અકળાવનારું બન્યું. રાત્રિનો અંધકાર ગાઢ હતો, સમય પાણીના રેલાની માફક વહી રહ્યો હતો. મલિક -બાદશાહની વાતચીત સમાપ્ત થઈ ગઈ લાગતી હતી. કારણ કે અવાજ આવવો બંધ થઈ ગયો હતો. થોડી વાર થઈ ન થઈ કે થોડો ચહલપહલનો અવાજ આવ્યો. વિનાયક સમજી ગયો કે મલિક-બાદશાહ હવે પાછા વળી રહ્યા છે.

ત્યાં જ મલિકનો અવાજ સંભળાયો- 'બાદશાહ સલામત ! આપે મારી વાતનો સ્વીકાર કરી મારા ઉપર ઉપકાર કર્યો છે. આ સેવકને સેવાની તક આપી છે. પણ, હજુ મારે આપને જે પ્રત્યક્ષ સાબિતી આપવી હતી તે આપી શક્યો નથી. **મને પાકો વિશ્વાસ છે કે નગરશેઠનો એક માણસ આ રાજમહેલમાં આવ્યો છે. અને અહીં જ કશેક છૂપાયો છે.**

આથી એક તક મને આપો - આ રાજમહેલની સુરક્ષાવ્યવસ્થા એક રાત માટે મારા માથે નાંખી દો. સહુ સંત્રીઓને મારી વ્યવસ્થા નીચે મૂકો. હું આખા પરિસરને ફેંદી નાંખવા માંગું છું.'

થોડી વાર વિચારી બાદશાહે મલિકને 'ફરમાન' આપી દીધું. એક રાત અને એક દિવસ માટે આખા મહેલની સર્વસત્તા મલિકના હાથમાં આવી ગઈ. બધાને ઘટતી સૂચના પણ બાદશાહે મોકલાવી દીધી. વિનાયક માટે કટોકટી વધી પડી. હવે, મલિકના સકંજામાંથી છૂટવું અશક્ય લાગતું હતું.

ત્યાં જ મલિકનો અવાજ/ત્રાડ સંભળાઈ - 'બિરાદરો ! તમારા માટે એક સુવર્ણ તક છે. આ મહેલના પાછળના ભાગમાં એક માણસ છૂપાઈને બેઠો છે. જે તેને શોધી આપશે કે તેના સગડ મેળવી આપશે તેને બાદશાહ સ્વયં બઢતી આપશે.' મલિક મહેલના રક્ષક ચોકીદારોને ભેગા કરી સૂચના આપી રહ્યો હતો.

બાદશાહ મહેલમાં ચાલ્યો ગયો હતો. બધો કાર્યભાર તેણે મલિક ઉપર નાંખી દીધો હતો. હવે મલિક આક્રમક મૂડમાં આવ્યો હતો. ઘોષણા ચાલુ રાખી - 'આપણો દુશ્મન અહીં જ છે. આ વાત નિઃશંક છે. માટે, ઘાસનું એક એક તણખલું ખૂંદી વળો, જો એ માણસ હાથ નહીં લાગ્યો તો તમારી ખેર નથી ! જાઓ, લાગી જાઓ કામે.'

સહુ ચોકીદારો પૂરજોશથી મચી પડ્યા. વિનાયક તરત જ સાવધાન થઈ ગયો. આમે હવે સ્થિર બેસી રહેવા છતાં પકડાઈ જવાની તીવ્ર સંભાવના હતી. બચવું અશક્યપ્રાયઃ હતું. માટે, સામનો કરવાનું નક્કી કરી દીધું. પોતાના ઘાને બરાબર ઠીક કરી, થોડો પાંદડાનો લેપ લગાડી, વસ્ત્રો સરખા કરી. પાંદડાને બરાબર રીતે બાંધી, પોતાનું શસ્ત્ર બહાર કાઢ્યું.

ગમે તેવી પરિસ્થિતિના સામના માટે પૂરેપૂરો તૈયાર થઈ ગયો. નગરશેઠે આપેલો શંખ પણ વિનાયક પાસે સાબૂત હતો. વિનાયકે છેલ્લે તે વાપરવાની પણ તૈયારી રાખી હતી.

આ બાજુ વિનાયકનો મળતીયો જે વ્યક્તિ રાજમહેલનો કર્મચારી હતો તે પણ આ તલાશી અભિયાનમાં જોડાયો હતો. વિનાયકને મળવાની એને ખૂબ દિલચસ્પી હતી. વિનાયકને બચાવવાની તેને ઉત્કંઠા હતી. કારણ કે વિનાયક પોતાના કારણે આપત્તિમાં ફસાઈ ગયો. તેનો ડંખ એ માણસને હતો. વિનાયકને ગમે તેમ કરીને બચાવવા તે પણ કટિબદ્ધ હતો.

રાજમહેલમાં ઘૂસાડી છૂપાવી દેવાની પણ જગ્યા તેણે તૈયાર રાખી હતી. બીજા કોઈ સૈનિકના હાથમાં વિનાયક આવે તે પહેલા જ વિનાયક સાથે સંપર્ક કરી લેવા તે આતુર હતો. તેને તો યોજનાની ખબર હતી. માટે લીમડા પાસેથી, જ્યાંથી વિનાયક અંદર આવવાનો હતો ત્યાંથી જ તપાસ શરૂ કરી. મલિક ખુદ પણ આ વખતે તપાસમાં લાગી ગયો હતો.

**અચાનક રાજમહેલના માણસને વિનાયકના કંઈક સગડ મળ્યા. એણે જોયું કે કોઈક અહીંથી ઉતર્યું હોય તેવું લાગે છે. ઝીણી નજર કરીને જોતા સહેજ કચડાયેલું ઘાસ દેખાતું હતું.** તે માણસ ખૂબ જ સ્વાભાવિક નજરે તપાસ આગળ વધારી રહ્યો હતો. તર્ક-અનુમાન લગાવતા લગાવતા તે વિનાયક નિકુંજની પાછળ જે ભાગમાં સંતાયેલો હતો ત્યાં જ આવી પહોંચ્યો.

ત્યાં પહોંચતા જ સગડ બંધ થઈ ગયા. વિનાયક પોતાની પાસેની જ ઝાડીમાં છૂપાયેલો છે તેની ગંધ પણ તે માણસને ન આવી. કારણ કે ઝાડી અત્યંત ગીચ હતી. સૂક્ષ્મતાથી જોવા છતાં તે ઝાડીની અંદર કોઈ માણસ હોઈ શકે તે પરખાય જ નહીં. ઝાડીને જોતા તો તેની અંદર કોઈ હોઈ શકે તે કલ્પના જ મુશ્કેલ હતી. વિનાયકના પુણ્યે જ જાણે તેવી રીતે ઝાડી સર્જી હતી કે ખૂબ જ સારી રીતે ગોપનીયતા જળવાઈ રહે.

વિનાયકને ખ્યાલ આવી ગયો કે કોઈક સૈનિક પોતાને જ શોધવા માટે નજીક આવી પહોંચ્યો છે. વિનાયકને નવાઈ પણ લાગતી હતી કે ફટાફટ ઝાડીને ઉડાડી દેવા કરતા આ કેમ શાંતિથી તપાસ કરતો હતો ?

ધીમા-ધીમા પગલા મૂકતો હતો ? આગળ ક્યાંય સગડ ન મળતા પેલો માણસ મૂંઝાયો હતો. તેને લાગતું હતું કે વિનાયક અહીં જ ક્યાંક છૂપાયો હોવો જોઈએ.

ત્યાં જ એને એક યુક્તિ સૂઝી આવી. વિનાયક કે કોઈ પણ જાસૂસો ભેગા થાય ત્યારે શેઠે આપેલી તાલીમ મુજબ, તેઓ એક કોડવર્ડ / સંકેત બોલતા. જેથી કોઈ બહુરૂપિયો નથી આવી ગયો - તેની ખાતરી થાય.

વિનાયક અને એ માણસ વચ્ચેનો કોડવર્ડ 'ગુલાબ' હતો. ધીમા અવાજે એ માણસે એ કોડવર્ડ ઉચ્ચારવાનું શરૂ કરી દીધું. વિનાયકના કાનમાં એ અવાજ અને એ શબ્દ પડતા જ વિનાયક ચમક્યો. વિનાયકની નસોમાં ઝડપભેર લોહી વહેવા માંડ્યું.

તરત જ વિનાયકે થોડી હલનચલન કરી. પેલો માણસ તરત જ સમજી ગયો કે આ ઝાડીની અંદર જ વિનાયક છે. હવે બચાવવાનો પ્રશ્ન ખડો થયો.

વિનાયકને કેમ કરીને સલામત રીતે મહેલની બહાર લઈ જવો ? તે એક ગૂંચ હતી. પેલો માણસ મૂંઝાઈ ગયો. કારણ કે હવે લીમડાની ડાળ પકડી બહાર, કિલ્લો કૂદી, ભાગી છૂટવું પણ શક્ય ન હતું. કારણ કે મલિકના માણસો તે ઝાડની આજુબાજુમાં ગોઠવાયેલા જ હતા. વિનાયકનો અશ્વ તે લોકોના ધ્યાનમાં આવી પણ ગયેલો હોઈ શકે. માટે તે દિશા તો બંધ જ હતી. બીજે ક્યાંકથી જ છટકવું પડે. પણ, આજની રાતે જે કડક પહેરો હતો તે જોતા ક્યાંયથી પણ બહાર નીકળવું શક્ય જ ન હતું.

મહેલમાં છૂપાડી શકાય. પણ, મહેલ સુધી પહોંચવું કેવી રીતે ? વેશ બદલાવી ઘૂસી શકાય. કિંતુ વેશ ક્યા બદલવો ? પેલો માણસ મૂંઝાઈ ગયો.

એણે વિનાયકને જ પૂછવાનું નક્કી કર્યું. તપાસનો ડોળ કરતો કરતો એકદમ ઝીણા અવાજે તે ગણગણ્યો - 'કેમ બચાવું ?' વિનાયકના કાન સરવા જ હતા. તરત જ વિનાયકનું મગજ છટકવાના પ્લાનમાં લાગ્યું. ત્યાં જ વિનાયકને નગરશેઠે આપેલ શંખ યાદ આવ્યો. એક યોજના સૂઝી ગઈ.

એણે પેલા માણસને 'જમણે આવ' એટલો શબ્દ મોકલ્યો. ખૂબ જ ધીમા અવાજે શબ્દ બોલાયા હોવાથી પેલો માણસ પણ માંડમાંડ સાંભળી

શક્યો. તે તરત જ સહેજ જમણે વળ્યો. વિનાયકે પણ થોડી ઝાડી ખસેડી. થોડું અજવાળું પણ થયું. મશાલોને કારણે બધે આછું-આછું અજવાળું હતું. ઝાડીમાંથી એક હાથ બહાર કાઢી, હાથમાં શંખ રાખ્યો.

પેલા માણસની નજર પડી તે શંખ ઉપર. તેણે તરત જ શંખને લઈ લીધો. વિનાયક પાછો અંદર સંકોરાઈ ગયો. થોડી વાર પછી વિનાયકે સંદેશો ગણગણાવ્યો - 'દૂર જઈને વગાડ.' પેલા માણસના કાને સંદેશો ઝીલ્યો. **તેને સમજાયું નહીં કે શંખ વગાડવાનું તેને શા માટે કહેવામાં આવ્યું છે ? પણ, અત્યારે વધુ સવાલ-જવાબ કરવાનો અવકાશ ન હતો. તરત જ કોઈને શંકા ન પડે તે રીતે ત્વરિત ગતિએ ફરતો-ફરતો તે ઘણો દૂર નીકળી ગયો.**

થોડી વાર થઈ ન થઈ ત્યાં તો એક તીણી સિસોટી આખા મહેલમાં ચોમેર ફરી વળી. 'આ અવાજ ક્યાંથી આવ્યો ?' મલિકે તરત જ પૂછ્યું.

સહુ અજાણ હતા. ૪-૬ ક્ષણ સહુ સ્તબ્ધ જ થઈ ગયા. અવાજ એકદમ અવનવો હતો. વધુ વિચારો કરે ત્યાં તો રાજમહેલના આગળના ભાગમાં ધમાલ ચાલુ થઈ ગઈ. કોલાહલ વધવા માંડ્યો.

થોડી વારમાં મલિકના કાનમાં પણ કોલાહલનો અવાજ પહોંચ્યો. સીધી ગણતરી માંડી દીધી કે - 'કોઈક કારણસર એ અજ્ઞાત માણસે સિસોટી વગાડી અને તે પકડાઈ ગયો છે, તેની ધમાલ ચાલે છે. અથવા તો તે પકડાઈ જવા આવ્યો હશે માટે પોતાના વધુ માણસો બોલાવવા સિસોટી વગાડી હશે.' આ વાતનો અંદાજ આવતા જ મલિકે બૂમ પાડી - 'બધાં રાજમહેલના આગળના ભાગમાં ચાલો. ત્યાં કંઈક ગરબડ છે.'

સહુ તલાશીના કામને પડતા મૂકી રાજમહેલના આગળના ભાગમાં દોડ્યા, મલિક પણ દોડ્યો. પગલાઓના અવાજથી રાત્રિની શાંતિ ભેદાઈ રહી !

થોડી વારમાં અવાજ શમી ગયો. વિનાયકે ધાર્યું હતું તેમ જ થયું. હવે વધુ વખત ન હતો. તે સાવચેતીથી બહાર નીકળ્યો. હજુ પણ એકાદ સૈનિક અહીં જ હોય તેવી શક્યતા હતી. આથી ખૂબ જ હળવેકથી બહાર નીકળ્યો.

'આહ... !' - એકદમ ધીમી પણ દર્દનાક ચીસ વિનાયકના મોઢામાંથી નીકળી ગઈ. ઘાવમાંથી લોહી નીકળી પડ્યું. ઘાથી સાથળ અકડાઈ ગયો હતો.

એમાં એક જ સ્થિતિમાં રહેવાથી વધારો થયો હતો. બહાર નીકળી ઊભા થવાનો પ્રયત્ન કરતા જ અસહ્ય વેદનાથી વિનાયકના મોઢામાંથી ચીસ નીકળી ગઈ હતી. સદ્‌ભાગ્યે આજુબાજુમાં કોઈ હતું નહીં.

પણ, આ સાથળ ઉપર થયેલા ઘાથી વિનાયકની સ્ફૂર્તિ હરાઈ ગઈ હતી. અમુક હદ સુધી જ હવે તે કોઈ પણ કામ કરી શકવાનો હતો.

થોડીક જ વારમાં સ્વસ્થતા મેળવી લઈ વિનાયકે ડગ માંડવાનું શરૂ કર્યું. પાટો કસીકસીને ફીટ કર્યો. રક્તસ્રાવ બંધ કરવાની એક દવા પણ, જે કાયમ પોતાની પાસે જ રહેતી હતી તે લગાવી. આજુબાજુમાં નજર કરી વિનાયક આગળ વધ્યો. એક એક ડગલું ભરવું મુશ્કેલ હતું. છતાં મક્કમ મનોબળે એણે ડગલા માંડ્યા. **પહેરવેશ કાળો, વાતાવરણ અંધારઘેર્યું. આથી દૂરના કોઈની પણ નજરમાં પકડાઈ જવાનું જોખમ ટળી ગયું હતું. નિકુંજની ઘટામાંથી બહાર આવી વિનાયક તરત જ દિવાલ સરસો ચંપાઈ ગયો.**

કિલ્લાની દિવાલ પણ કાળી હતી. આથી દિવાલની પૃષ્ઠભૂમિમાં પોતે જલદી ઓળખાઈ શકે તેમ ન હતો. અત્યારે વિનાયક તદ્દન ખુલ્લામાં આવી ગયો હતો. ખરી કસોટી હવે જ હતી. સામે જ વિશાળ મહેલ દેખાતો હતો.

અંદર દીવા પણ સળગી રહ્યા હતા. દૂર મહેલનો પાછળનો દરવાજો હતો. વિનાયક ક્યાં જવું ? તે અંગે વિચારમાં હતો. પ્રથમદર્શી નજરે જ્યાંથી આવ્યો ત્યાંથી જ પાછા નીકળી જવું વિનાયક માટે સલામત જણાતું હતું.

વિનાયકને ખ્યાલ હતો જ કે તે ઝાડ ઉપર અને નીચે મલિકના માણસોની જમાવટ હોવાનો સંભવ પૂરેપૂરો છે. પણ, વિનાયક માટે બીજો રસ્તો જ ન હતો.

રાજમહેલના આગળના ભાગમાં તો પકડાવાનું નિશ્ચિત હતું. માટે તેણે તે ઝાડ તરફ જ જવાનું ચાલુ રાખ્યું. ધીરે ધીરે પગની કળતર ઘટી રહી હતી. દવા પોતાનો પ્રભાવ બતાવી રહી હતી. તો યે પગ થોડો લંગડાતો હતો.

રાજમહેલનો પેલો માણસ શંખ વગાડી તરત જ ગાયબ થઈ ગયો. કારણ કે કો'કની નજરે ચડવાથી શંકાના દાયરામાં આવી જવાનું જોખમ હતું. એ જાણતો પણ ન હતો કે આ અવાજ કરવાથી વિનાયકને શો ફાયદો થશે ? વિનાયકની આગામી યોજના શી ?

આથી વિનાયકને મળવાની તેને ઉતાવળ હતી. કિંતુ એક વાર અવાજ થયા પછી કોઈનો પણ ભેટો ન થાય તે રીતે તે ઉતાવળે મહેલમાં ઘૂસી ગયો.

તેનો શ્વાસ ધમણની જેમ ચાલતો હતો. ભય-આશંકા વધી રહ્યા હતા. 'મલિકના કોઈ માણસે અવાજ કરતો પોતાને જોઈ લીધો હશે તો ?' - આ વિચારે તે અકળાઈ રહ્યો હતો.

થોડી વાર મહેલના અંધારઘેર્યા ખૂણે એ પડ્યો રહ્યો. તે દરમ્યાન વિનાયક ઝાડ તરફ ધીમી ગતિએ આગળ વધી રહ્યો હતો.

પેલો માણસ થોડો હાશકારો થતા જ મહેલના પાછલા દરવાજે આવ્યો. હવે એ થોડો સ્વસ્થ થઈ ગયો હતો. મહેલના આગળના ભાગમાં ધમાલ થઈ હતી. મલિક વગેરે દોડતા તે બાજુ ગયા હતા - આ બધું પણ તેણે જોયું. આ બધી ધમાલ થતા જ મહેલનું અંદરનું વાતાવરણ પણ ખળભળ્યું.

દાસ-દાસી પણ દરવાજા આગળ જમા થયા. ધીરે-ધીરે એ માણસને પણ વિનાયકની યોજનાની ગંધ આવી. એટલે એ સમજી ગયો કે બધાનું ધ્યાન બીજી જગ્યાએ કેન્દ્રિત થતાં જ હવે વિનાયક બહાર નીકળવાનો પ્રયત્ન કરશે. હવે તેને માર્ગદર્શન આપવાની જવાબદારી તેની પોતાની હતી. આ વિચાર આવતા જ તે મહેલના પાછલા દરવાજે આવ્યો.

મહેલના પાછલા દરવાજે એક ચોકીદાર મશાલ લઈને ઊભો હતો. એને ય આગળના ભાગમાં જવાનું કુતૂહલ હતું. પણ, જવાબદારી છોડીને કેવી રીતે જવું ? આથી તે વારે વારે તે તરફ નજર નાંખી લેતો હતો. વિનાયકનો મળતિયો માણસ જેવો ત્યાં આવ્યો કે તેના ભાવને જાણી ગયો.

તેના હાથમાંથી મશાલ લઈ તેણે તેને કહ્યું - જા, જા... જોવા જેવું છે. થોડી આનાકાની કરી તે આગળ તરફ હાલી નીકળ્યો. **વિનાયક આ બધી ચહલપહલથી ચમક્યો. સહેજ દિવાલથી દૂર થઈ મહેલ તરફ જોવા ગયો. થોડી વારમાં જ તે તરત દિવાલ તરફ પાછો વળ્યો, પરંતુ તે પહેલાં અચાનક ઉપરથી કોઈ ધડામ દઈને કૂદ્યું....**

✵




## ભાગદોડ

વિનાયકે ધાર્યું હતું તે મુજબ જ મલિક વગેરેનું ધ્યાન રાજમહેલના આગળના ભાગ તરફ કેન્દ્રિત થયું હતું. નગરશેઠે પણ ધારી રીતે વ્યવસ્થા ગોઠવી દીધી હતી. શંખનો અવાજ સંભળાતા જ પૂર્વે નિર્ધારિત કરેલ યોજના મુજબ નગરશેઠના માણસોએ ધમાલ મચાવી દીધી હતી. વાતાવરણમાં તરત જ વ્યાપક રીતે કોલાહલ પ્રસર્યો હતો. ચોરને પકડવાનું નાટક નગરશેઠે બતાવેલી યોજના મુજબ ચાલુ હતું.

મલિકે ત્યાં જઈ સીધું કોટવાળને જ પૂછ્યું – 'શેની આ ધમાલ છે ?' મલિકને જવાબ મળ્યો – 'સાહેબ ! એક ચોર ભાગી ગયો છે, તેને શોધું છું. કોટવાળ હાંફતો હાંફતો એટલું બોલ્યો, એટલી ઉતાવળ બતાવી કે મલિકે વધારે પૂછપરછ માંડી વાળી. **એના મનમાં તો ગડ બેસી ગઈ હતી કે એ ચોર એટલે જ મહેલમાં આવેલો ભાગેડુ માણસ ! બસ ! પછી તો મલિકની સાથે બધાં લાગી ગયા તપાસમાં !**

હકીકતે તો લોકોને પૂરી ખબર પણ ન હતી પડી કે ક્યાં કોના માટે શું તપાસ કરવાની છે ? જ્યાં મન પડ્યું ત્યાં તે બધા તપાસ કરવા મંડી પડ્યા. પરિણામ ? દેકારો ! કોલાહલમાં વધારો ! ચારેબાજુ અંધાધૂંધી ફેલાઈ

વળી. ચોકીદારો તપાસના નામે મનફાવે ત્યાં ફરવા લાગ્યા. શિસ્ત અને વ્યવસ્થા વિખેરાઈ ગઈ. મલિક અકળાઈ ઉઠ્યો.

ધાર્યા મુજબની અવ્યવસ્થા સર્જાઈ હતી અને એટલે જ સહુનું ધ્યાન આગળના ભાગ ઉપર કેન્દ્રિત થયું હતું. વિનાયકને છૂટવાનો સોનેરી મોકો મળ્યો હતો. એનો લાભ વિનાયકે ઉઠાવ્યો પણ હતો.

પણ, મલિકના માણસોમાંથી એક માણસ એ જ ઝાડ ઉપર હજુ બેઠો હતો કે જ્યાંથી વિનાયક ઉતર્યો હતો. હજુ પણ એ ચારે બાજુ તપાસ રાખી રહ્યો હતો. જેવો વિનાયક ઝાડની નીચે પહોંચ્યો અને દિવાલથી થોડો દૂર થયો કે એ માણસે સીધો વિનાયક ઉપર હુમલો કર્યો.

એ સીધો જ વિનાયક ઉપર પડવા ગયો. નસીબ વિનાયકનું કે એ જ સમયે પાછું દિવાલસરસું થઈ જવાનું વિનાયકને સૂઝ્યું. સહેજ માટે વિનાયક બચી ગયો. પેલો માણસ સીધો જમીન ઉપર પછડાયો.

વિનાયક પળભર ડઘાઈ ગયો. અણધારી રીતે પોતાના ઉપર હુમલો થતાં તે એક-બે ડગલા પાછો હઠી ગયો.

પેલો મલિકનો માણસ ઝાડ ઉપરથી પડવા છતાં એક-બે ક્ષણમાં પાછો ઊભો થઈ ગયો. પોતાનો હુમલો નિષ્ફળ જતા વધુ ગુસ્સે થઈ સીધો વિનાયક તરફ ધસ્યો. જો કે તેટલા સમયમાં વિનાયક સ્વસ્થ થઈ ગયો હતો. અને આવા હુમલા માટે તૈયાર જ હતો.

છેલ્લી ક્ષણે જ વિનાયકે પોતાનું સ્થાન બદલી લેતાં ફરીથી પેલો માણસ નિશાનચૂક થયો. જો કે આવી રમત વધુ ચાલી શકે તેમ ન હતી. વિનાયકને જે ઘા થયો હતો તે દ્વંદ્વયુદ્ધ માટે વિનાયકને અસમર્થ ઠેરવતો હતો.

વિનાયક એ માણસ સાથે દ્વંદ્વયુદ્ધ ખેલે તો પરાજય નિશ્ચિત હતો. મલિકનો માણસ અત્યંત કાબેલ હતો, કસાયેલો હતો. પોતાનો દાવ નિષ્ફળ જતાં એ માણસ અત્યંત ખૂંખાર બન્યો.

**સાદા દ્વંદ્વયુદ્ધે અચાનક હિંસક મોડ લીધો. મલિકના માણસે ખાસ્સું લાંબું ધારદાર પાનાવાળું ચાકુ કાઢ્યું. ચાકુ તો વિનાયક પાસે પણ હતું, કિંતુ અત્યારે તે ચાકુથી પકડદાવ ખેલવાની વિનાયક પાસે ત્રેવડ ન હતી.**

વિનાયક માટે પરિસ્થિતિએ નાજુક વળાંક લીધો હતો. મલિકનો માણસ માતેલા સાંઢની માફક ચાકુ લઈ વિનાયક તરફ ધસ્યો. વિનાયક સહેજ માટે ઘા ચૂકાવવામાં સફળ થયો. પણ, એ ચપળતા દાખવવામાં વિનાયકનો પગ સહેજ લથડ્યો. વિનાયક ગોથીમડું ખાઈ ગયો.

મલિકનો માણસ પણ સહેજ માટે નિશાનચૂક થતા ગબડ્યો. પણ, તરત જ ઊભો થઈ વિનાયકને પતાવવા દોડ્યો. વિનાયક એટલી સ્ફૂર્તિ ન દાખવી શક્યો. એ જમીન ઉપર જ પડેલો હતો.

હવે વિનાયક માટે બચવું મુશ્કેલ હતું. કારણ કે વિનાયક જમીન ઉપર હતો. એની સામે જ ખુલ્લા ચાકુ સાથે મલિકનો માણસ ઊભો હતો. મલિકનો માણસ ખંધુ હસ્યો અને એક જીવલેણ ઘા કરી દેવા ચાકુ ઉગામ્યું !!!

એક કારમી ચીસ આખા મહેલના ચોતરફી વાતાવરણમાં ગૂંજી ઉઠી. ચીસની તીવ્રતા જોતા કોઈના પણ કાનમાં તે પડી ન હોય એ બનવાજોગ ન હતું. દિલાસાની વાત હોય તો એટલી જ કે આ ચીસ વિનાયકના મોઢામાંથી ન હતી નીકળી. કિંતુ મલિકના માણસના મોઢામાંથી નીકળી હતી.

વિનાયક અને મોત વચ્ચે દોરાવારનું જ છેટું હતું. પણ, તે જ વખતે રાજમહેલનો માણસ આવી પહોંચ્યો. તે ધીમા પગલે મલિકના માણસની પાછળ ગોઠવાઈ ગયો. લાગ મળતા જ તેણે પથ્થરથી તેના માથા ઉપર ઘા કરી દીધો.

ઘા તીવ્રતાથી કર્યો હતો એટલે કારમી ચીસ પાડતો એ ઢળી પડ્યો. જો કે શ્વાસ ચાલુ હતો. એ બેભાન જ થયો હતો. એની બેહોશી કેટલી ચાલશે તે કહી શકાય તેમ ન હતું.

ભલું થાય તો ૫-૭ ક્ષણમાં જ ઊઠી જાય. એ માણસે પણ બેહોશ થતાં થતાં એક ભયાનક આફત ચીસ પાડીને વિનાયકના માથે ઠોકી દીધી હતી.

જેવો મલિકનો માણસ પડ્યો કે વિનાયક ઊભો થઈ ગયો. રાજમહેલના માણસને મળ્યો. પહેલાં તો દિલથી આભાર માન્યો અને આગળની યોજના સમજાવી.

વિનાયકે કહ્યું - 'દોસ્ત ! આ ચીસ કોઈના ને કોઈના કાનમાં પડી જ હશે. માટે, કોઈ અહીં ટપકી પડે તે પહેલા આપણે અહીંથી ભાગી જવું જોઈએ. બહાર જવા માટે તને શું રસ્તો સૂઝે છે ? જ્યાંથી આવ્યો ત્યાંથી જ ચાલ્યો જઉં ?'

માણસ : 'ના સાહેબ ! ત્યાં તો મલિકના માણસો ઊભા જ હશે. આપ મારી સાથે રાજમહેલમાં જ આવો. રાજમહેલમાં જૂની જગ્યાએ જ આપને રાખી દઈશ. પછી કોઈક સલામત સમયે આપણે ભાગી નીકળશું. હવે તો મને ય ભય લાગી રહ્યો છે. હું પણ અહીંથી ભાગી જવા માંગું છું.'

વિનાયકને આ વાત વ્યાજબી લાગી. રાજમહેલમાં છૂપાઈ જવાનું જ મુનાસિબ લાગ્યું. તરત જ એણે કહ્યું - 'સારું ! આપણે રાજમહેલમાં જ જઈએ. પણ, એક કામ કરીએ, હું રાજમહેલ તરફ આગળ વધું છું. તું થોડો આગળ જઈ મશાલથી આગ સળગાવી આવ. લીલોતરી છે, માટે આગ પકડાઈ જશે. મોટા ફલકમાં આગ લાગે તેનું ખાસ ધ્યાન રાખજે. જલદી આવજે. હું રાજમહેલમાં ઘૂસું છું.' આમ કહી વિનાયક જલદી જલદી રાજમહેલ તરફ વળ્યો.

**પેલો માણસ પણ લગભગ ભાગતો જ થોડે દૂર જઈ પોતાના હાથમાં રહેલી મશાલથી આગ લગાડવા માંડ્યો. એ અવાવરું ભાગમાં કાળજીના અભાવે સૂકા પાંદડા વગેરેનો ઢગલો પડ્યો હતો. ઝાડ પણ હતા.**

ઝડપથી આગ લગાડવાનું પતાવી તે રાજમહેલ તરફ દોડ્યો. દોડતા દોડતા તેને કશુંક યાદ આવ્યું. પાછો આવ્યો. ખીસ્સામાંથી એક મૂળિયા જેવો પદાર્થ કાઢી બે ત્રણ જગ્યાએ આગમાં નાંખી દીધો. અને રાજમહેલ તરફ પહોંચવા સીધી દોટ જ મૂકી.

બેહોશ થયેલા માણસે જે ચીસ પાડી હતી તે ઘણી તીવ્ર હતી. પણ, રાજમહેલના આગળના ભાગમાં ભારે કોલાહલ હોવાથી ત્યાં કોઈના કાનમાં ચીસ ન પહોંચી. કિંતુ કિલ્લાની/કોટની બહાર કે જ્યાંથી વિનાયક અંદર આવ્યો હતો તે જગ્યાએ મલિકના માણસો ઊભા જ હતા.

તેમના કાન સુધી ચીસ પહોંચી ગઈ. ચીસ સાંભળી પળ - બે પળ તો એ લોકો મૂઢ જ થઈ ગયા. અંદરના ભાગમાં તો મલિક વગેરે હાજર જ હતા. તો પછી આ ચીસ કેવી રીતે આવે ? - તે વાત એ લોકોને સમજાતી ન હતી.

ઝાડ ઉપર બેઠેલા પોતાના સાથીદારને બૂમો પાડી. છતાં કોઈ જવાબ ન આવ્યો. (કારણ કે એ માણસે જ વિનાયક ઉપર હુમલો કર્યો હતો. અત્યારે તો તે બેહોશ હતો.) થોડી વાર સુધી આવા પ્રયત્નો કર્યા. પણ જ્યારે તે નાકામ રહ્યા ત્યારે એક માણસે વૃક્ષ ઉપર ચઢવાનું નક્કી કર્યું. એક માણસ ફટાફટ ઝાડ ઉપર ચઢી ગયો. ઝાડ ઉપર ચડી છેક કોટની અંદર તરફ લંબાતી ડાળ સુધી પહોંચી ગયો.

હવે અહીંથી રાજમહેલની અંદરનું દ્રશ્ય સ્પષ્ટ બનતું હતું. સદ્‌ભાગ્યે એ વખતે વિનાયક રાજમહેલ સુધી પહોંચી ગયો હતો. અંધારામાં કાળા લેબાશમાં સજ્જ વિનાયક નજરે ચઢી શકે તેમ ન હતો.

વિનાયકનો માણસ હજુ આગ પેટાવી રહ્યો હતો. વચ્ચે ગીચ ઝાડી હોવાથી તે પણ નજરે ચડવાનો ન હતો. પણ, ડાળીની એકદમ નીચે જ પડેલો પોતાના સાથીદારનો દેહ એની નજરે ચઢી ગયો. એ નજરે પડતા જ ફટાફટ તે ઝાડ ઉપરથી, પોતાના બીજા સાથીદારોને માહિતગાર કરવા કોટની બહાર નીચે ઉતરી ગયો.

આ જ અરસામાં રાજમહેલના માણસે આગ પેટાવી મહેલ તરફ દોટ મૂકી. પણ, પળવારનો ફરક પડી ગયો. પરિણામે, એ મલિકના માણસની નજરે ચડ્યો નહીં.

જે માણસ ઝાડ ઉપર ગયો હતો તેણે પોતાના સાથીદારોને માહિતગાર કર્યા. **'અંદર બીજું કોઈ દેખાતું ન હતું' - આ વાત સાંભળી સહુને આશ્ચર્ય થયું. 'મલિક વગેરે ક્યાં ગયા ? તે લોકોને નગરશેઠનો માણસ મળી ગયો હશે ?' - આ બધાં પ્રશ્નો સહુના મગજમાં ઉઠ્યા.**

પોતાનો સાથીદાર પણ ગંભીર રીતે ઘાયલ થયો હતો. આથી તેને ત્વરિત

સહાય આપવી પણ અનિવાર્ય હતી. આખરે સહુએ કોટની અંદર દાખલ થવાનું નક્કી કર્યું.

ત્યાં હવે કોઈને પણ ચોકી માટે રાખવો તે, તે લોકોને નિરર્થક લાગતું હતું. આથી બધાં સાથે જ ઝાડ ઉપર ચઢ્યા. એ લોકોના ઘોડા વગેરે નીચે જ પડ્યા રહ્યા. ઝાડ ઉપરથી બધાં અંદર કૂદી પડ્યા. ચારે બાજુ ઘેરો સન્નાટો હતો. અંધારું વ્યાપ્ત હતું. કોઈ માણસ દેખાતો ન હતો. ફક્ત પોતાનો સાથીદાર નીચે ચત્તોપાટ પડ્યો હતો. સહુ એ સાથીદારના દેહ પાસે જમા થયા.

જોયું તો એનો શ્વાસ હજી ચાલતો હતો. માથામાંથી લોહી નીકળતું હતું. અને ઢીમચું થઈ ગયું હતું. એ માણસને સારવાર કેવી રીતે આપવી ? મલિક આવે તો જ કંઈક સમજાય – એમ વિચારી થોડાક માણસો મલિકને શોધવા માટે ચારે બાજુ નીકળી પડ્યા.

''સાહેબ ! મલિક સાહેબ !''... એવી બૂમો પણ લગાવી. આ બાજુ થોડાક માણસોનું આગ ઉપર પણ ધ્યાન ગયું. તીવ્ર ધૂમાડો નીકળી રહ્યો હતો. જો કે ઉપરછલ્લી નજરે આગ સામાન્ય લાગતી હતી. હજુ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું દેખાતું ન હતું. પણ, એ ભૂલ હતી.

આગના લબકારા ઉપર દેખાતા ન હતા. અંદરખાને આગ બહુ ઝડપથી ચારે બાજુ ફેલાઈ ગઈ હતી. પણ, આ બધું તપાસવાની તસ્દી લેવાનો સમય એ લોકો પાસે ન હતો. એમને તો મલિકનું કામ હતું. મલિકની શોધમાં રાજમહેલના આગળના ભાગમાં તે લોકો દોડી ગયા.

આ બાજુ વિનાયક અને રાજમહેલનો માણસ બન્ને જણા સહીસલામત રીતે રાજમહેલમાં નિર્ધારિત જગ્યાએ પહોંચી ગયા. વચ્ચે કોઈ મળ્યું નહીં. ધમાલમાં કોઈને કોઈની સામે જોવાની ફુરસદ ન હતી.

પૂર્વે નક્કી કરેલી, બાદશાહના મુલાકાત ખંડની બરાબર પાછળની જગ્યા હતી. રાજમહેલના માણસે પણ, નગરશેઠે બતાવેલ, ઓરડામાં જ વ્યવસ્થા કરવાનું નક્કી કર્યું હતું. જો કે તેને આદમકદની તસવીરનું રહસ્ય જાણમાં ન હતું.

બાદશાહ–મલિકની જ્યાં મુલાકાત યોજાવાની હતી તે જગ્યાની પાછળના

ભાગમાં તે જૂના શસ્ત્રોની વખાર જેવો ખંડ હતો. મશાલના અજવાળામાં થોડી તપાસ કરી એક સરસ જગ્યાએ વિનાયક છૂપાઈ ગયો. નગરશેઠે આપેલી બાતમી, એ ખંડમાંથી આગળના ખંડની દરેક વાત જોઈ-સાંભળી શકાય છે તે, એકદમ સત્ય નીકળી.

વિનાયક એ રીતે બરાબર ગોઠવાઈ ગયો. વિનાયકને બરાબર સેટ કરી રાજમહેલનો માણસ પાછું પોતાનું મૂળ સ્થાન લેવા જતો હતો ત્યાં જ વિનાયકે એને અટકાવ્યો અને કહ્યું - 'પેલો શંખ આપ !'

રાજમહેલના માણસને પણ તે શંખ યાદ આવ્યો. પોતાના ગજવામાંથી કાઢી તે વિનાયકને આપી દીધો. વિનાયકે શંખને જોઈ કહ્યું - 'જો હું આ વગાડું તો તારે ગમે તેમ કરીને અહીં આવી જવાનું. અથવા તો કોઈ કટોકટી છે - તેમ સમજી ઘટતી વ્યવસ્થા કરવી. જો કે તેવી કોઈ જરૂરત નહીં જ પડે. હવે, પાછલી રાતે જ્યારે પણ મને સલામતી લાગશે ત્યારે હું ભાગી છૂટીશ. હું અહીં ન મળું તો ચિંતા નહીં કરતો. બરાબર !'

પેલો માણસ વિનાયકનું અભિવાદન કરી ચાલ્યો ગયો.

ઓરડામાં પહેલા જેવો જ ઘોર અંધકાર વ્યાપી રહ્યો ! રાજમહેલનો માણસ પણ જ્યાં પોતાને ઊભા રહેવાનું હતું ત્યાં ઊભો રહી ગયો. જૂનો માણસ હજુ આવ્યો ન હતો. પણ, ગમે ત્યારે આવી શકે તેવી વકી હતી. રાજમહેલની એ જગ્યાએ ઊભા રહીને પાછળના ભાગમાં ચાલતી બધી ગતિવિધિ ઉપર તેની નજર રહેતી હતી.

આ બાજુ મહેલની આગળના ભાગમાં ધમાલ ઓછી થઈ રહી હતી. **મલિકને રહી રહીને ખ્યાલ આવ્યો કે આ તો કોઈ ભળતા ચોરની જ વાત ચાલે છે ! એણે કોટવાળને ખખડાવીને પૂછ્યું કે - 'વાત છે શું ? કયો ચોર ગાયબ થઈ ગયો છે ?'**

કોટવાળે કહ્યું - 'બહારથી કેટલાંક લોકો એક ચોરને પકડીને લાવેલા. એ લોકોને ત્યારે ને ત્યારે જ ન્યાય જોઈતો હતો. મેં બાદશાહને મળવાની ના પાડી. અમારી રકઝકમાં અચાનક પેલો ચોર છટક્યો. એ છટક્યો તે છટક્યો, પછી ક્યાં ગાયબ થઈ ગયો તે ખબર જ ન પડી.

ચોરને પકડી લાવનારા માણસોએ ભારે ગોકીરો મચાવી દીધો. આજુબાજુના

લોકો પણ ભેગા થઈ ગયા. તેમાં ગોકીરો વધી ગયો.' રહી રહીને મલિકને બત્તી થતી હતી.

એણે પૂછ્યું - 'સિસોટી જેવા અવાજ પછી આ લોકો આવેલા ?'

સહેજ વાર વિચારી કોટવાળે કહ્યું - 'હા...હા.. એકદમ તીણો અવાજ મારા કાને પડેલો. અમે બધા વિચારતા જ હતા કે આવો અવાજ ક્યાંથી અને કેમ આવ્યો ? પણ, પછી તરત જ આ લોકોની રામાયણ ચાલુ થઈ ગઈ. મલિકને ધીરે ધીરે સાચી વાત સમજાતી જતી હતી.

મલિકે કહ્યું - 'જાવ ! તે ફરિયાદીઓને હાજર કરો. ચોર ભલે અત્યારે ન મળે. પણ, આપણે એ ફરિયાદીઓનો ન્યાય જરૂર તોળશું ?' આ વાક્યના અર્થને વિચારતો, માથું ખંજવાળતો કોટવાળ હાલ્યો ગયો. પેલા ફરિયાદીઓને શોધવા લાગ્યો ! અબ પછતાયે હોત ક્યાં જબ ચિડીયા ચુગ ગઈ ખેત !

નગરશેઠના જ એ માણસો, જેવો ધાર્યો તેવો ગોકીરો મચ્યો કે પોબારા ભણી ગયા. નગરશેઠના બે ચાર અજ્ઞાત માણસો હજુ કાંકરીચાળો કરી ટોળાને ઉશ્કેરે રાખતા હતા.

રાજમહેલના આગળના ભાગનો બગીચો વગેરે બધું ખેદાનમેદાન થઈ ગયું હતું. કેટલાંય લોકો રાજમહેલના કોટની અંદર ઘૂસી ગયા હતા. કોઈનો ક્યાંય અંકુશ ન હતો. બધાં કંઈક શોધી રહ્યા હતા. શું ? એની કોઈને ખબર ન હતી !!! દરેકના મોઢે જુદા જુદા જવાબો હતા.

પેલો કોટવાલ બિચારો ! આટલા માનવોમાં પેલા માણસોને ક્યાંથી શોધે ? એક તો અંધારામાં મોઢું પણ બરાબર દેખાયું ન હતું. આખરે ક્યાંય ન મળ્યા એટલે કોઈ ભળતા જ ચાર માણસોને એણે મલિકની સામે ખડા કરી દીધા.

ત્યાં સુધીમાં મલિકે પોતાના દરેક માણસને બધી શોધખોળો મૂકી બધા માણસોને બહાર કાઢવાનો સંદેશો મોકલાવી દીધો. ચાર ફરિયાદીને લઈ આવી કોટવાળ ઊભો હતો. મલિકે ફરિયાદીઓ સામે જોયું. ચહેરા પરિચિત ન હતા. એ લોકોના મોં ઉપર આશ્ચર્ય હતું. પોતે કયો ગુનો કર્યો છે ? તે જ એ લોકોને સમજાતું ન હતું.

મલિકે પૂછ્યું – 'બોલો ! તમારી શું ફરિયાદ છે ?' પેલા ચારે જણા બોલ્યા – 'ના સાહેબ ! અમારે કોઈ ફરિયાદ નથી. આ કોટવાળ સાહેબ અમને અહીં પકડી લાવ્યા છે.'

કોટવાળ સાહેબનો પિત્તો ગયો– 'કેમ ! જૂઠું બોલો છો ? હમણાં જ તો ચોરને લઈને મારી પાસે ફરિયાદ કરવા આવ્યા હતા. હવે સાહેબ પાસે મને ખોટો પાડવો છે, જૂઠું બોલવું છે, ચોરટાઓ ! તમે દાંડાના માર ખાશો પછી જ સુધરશો.' એમ કહી કોટવાળે પોતાનો દંડૂકો એકની પીઠમાં ઠોકી દીધો.

પેલો બિચારો રાડ પાડી ઉઠ્યો. અને કરગરવા લાગ્યો – 'મને કાંઈ જ ખબર નથી...'

કોટવાળ બીજું કંઈ બોલવા જાય કે મારવા જાય તે પહેલા જ મલિક બોલ્યો – 'ખબરદાર ! હવે કોઈને માર્યું છે તો !'

મલિક સમજી ગયો કે અસલી ફરિયાદીઓ છટકી ગયા હતા. ઠપકાની બીકે કોટવાળ સાહેબ નાટક ભજવી રહ્યા હતા.

**ધીરે ધીરે મલિક સમજી ગયો કે આ બધું પૂર્વયોજિત છે, કોઈ બહુ મોટી સાજિશનો ભાગ છે, બધું ક્રમબદ્ધ ચાલે છે.**

એણે કરડાકી પૂર્વક કોટવાળને પૂછ્યું – 'સાચું બોલો, અસલી ફરિયાદીને ક્યાં છૂપાવી રાખ્યા છે ? તમે પણ તેના મળતિયા જ લાગો છો. જો એ ફરિયાદીઓનું ઠામ ઠેકાણું તમે નથી આપ્યું તો મારા જેવો બૂરો કોઈ નહીં થાય !' મલિકનો અવાજ સાંભળીને જ કોટવાળ ધ્રૂજવા લાગ્યો.

પોતાના ઉપર જ સીધો આરોપ થતા તે ધ્રૂજી ગયો. સીધો મલિકના પગમાં પડી માફી માંગવા લાગ્યો – 'સાહેબ ! મને કશી જ ખબર નથી. હું એ લોકોને ઓળખતો પણ નથી. એ બધા ક્યાંક ભાગી ગયા છે. સાહેબ ! હું નિર્દોષ છું. મને માફ કરી દો. મારા બૈરી-બચ્ચા ઉપર રહેમ કરો...'

મલિકને જે જાણવું હતું તે જાણવા મળી ગયું. મલિક હજુ કંઈ પણ જવાબ આપે તે પહેલા જ દૂરથી બાદશાહ આવતો દેખાયો. સહુ એ તરફ વળ્યા.

બાદશાહના નામનો જયઘોષ થયો. મલિક પણ બધું કામ છોડી બાદશાહને લેવા આગળ ગયો. **મલિકને જોતા જ બાદશાહ મલિક તરફ વળ્યો. મલિક આ સમયે બાદશાહને આવેલો જોઈ ચમક્યો. થોડો શરમિંદો**

**પણ થયો. પોતે ભોંઠો પડ્યો હતો. પોતાની ભોંઠપ છૂપાવતો બાદશાહ પાસે જઈ કુરનિશ બજાવી પૂછ્યું -**

'જી નામવર ! આપે કેમ જાતે આવવાની તસ્દી લીધી. આજ્ઞા કરી હોત તો સેવક હાજર થઈ જાત !'

બાદશાહે પૂછ્યું - 'આટલી બધી ધાંધલ-ધમાલ શી જામી છે ? આખા બાગ-બગીચાને ખેદાનમેદાન કરી નાંખવામાં આવ્યો છે. લોકો કિલ્લાની અંદર ઘૂસી આવ્યા છે ? શું છે આ બધું ? જ્યારથી તું આવ્યો છે કે ઉપાધિ જ સર્જાયે રાખે છે !'

હજુ બાદશાહ કે મલિક કશું બોલે તે પહેલા તો 'મલિક સાહેબ !'... આમ બૂમો પાડતા બે ત્રણ જણા ત્યાં આવી પહોંચ્યા. ત્રણે જણ હાંફતા હતા.

એક જણ બોલ્યો - 'સાહેબ ! અમે આપને ક્યારના શોધતા હતા. મહેલની પાછળના ભાગમાં કોઈકે આપણા માણસને ઘાયલ કરી દીધો છે. આપણો માણસ બેભાન પડ્યો છે. અમે ક્યારના આપને શોધીએ છીએ. પણ, આપનું ઠેકાણું જ કોઈ ન હતું આપતું. આટલા બધાં માણસોમાં આપને શોધવા શી રીતે ?' વાત સાંભળતા જ મલિક હેબતાયો.

એને સમજાઈ ગયું કે 'પેલો ભાગેડુ માણસ, નગરશેઠનો માણસ પાછળના ભાગમાં જ હતો. અમને બધાને આગળ મોકલી એ ભાગી છૂટ્યો હોવો જોઈએ.' આ સમજાતા જ મલિક ધૂંવાપૂંવા થઈ ગયો.

એણે બાદશાહને વિનંતિ કરી -

'નામવર ! આપ મહેલમાં પધારો. હું પરિસ્થિતિનો બરાબર જાયજો લઈ બધી વિગતોથી આપને વાકેફ કરવા આવું જ છું. હવે પરિસ્થિતિ કાબૂમાં આવી જશે. હું મારા માણસની તપાસ કરી થોડી વારમાં આપની પાસે આવું છું. મને હાલ તો જવાની રજા આપો.'

'પણ ?...' 'આપને મારા ઉપર વિશ્વાસ નથી ?'

**'સારું, જલદી મને મળ ! આ રીતે આટલા સુંદર બગીચાનું આવું નુકસાન મને નહીં પાલવે !' એમ કહી બાદશાહ અણગમા સાથે ચાલ્યો ગયો. મલિક પણ પાછળના ભાગ તરફ દોડ્યો.**

✷




# અરાજકતા

અણધારેલું બધું થાય અને ધારેલું કશું જ ન થાય ત્યારે ભલ-ભલો સજ્જન માણસ પણ આકુળ-વ્યાકુળ થઈ જાય તો મલિકનું શું ગજું ? એ ભારે ક્રોધમાં હતો. કોણ જાણે કેમ ? માંડ માંડ એ પોતાની ઉલટાયેલી બાજીને સૂલટાવે ત્યાં પાછું કોઈ ઉલટાવી જતું હતું. માંડ-માંડ પોતે બાદશાહને ખુશ કર્યા હતા. પણ, તરતમાં જ પરિસ્થિતિએ એવા વળાંકો લીધા કે બાદશાહ પાછો ખફા થઈ ગયો ! પોતાને ભોંઠા પડવું પડ્યું એ નફામાં !

આ બધાના મૂળમાં હોય તો નગરશેઠના ઘરેથી નીકળેલો એ માણસ. બસ ! એણે જ આતંક મચાવી દીધો છે. મલિકને એ માણસ ઉપર કાળ ચડી રહ્યો હતો. એ માણસ જો હાથે લાગી જાય તો શું નું શું કરી નાંખવાનું મલિકે વિચારી રાખ્યું હતું. પણ, હાથમાં આવે તો ને ?

મલિકે રાજમહેલના પાછળના ભાગ તરફ જવા રીતસરની દોટ જ મૂકી હતી. રાજમહેલની સાઈડના ભાગમાં જ આવતાં તે આશ્ચર્યથી અને આઘાતથી દિગ્મૂઢ થઈ ગયો. મહેલની સાઈડના ભાગમાં નાનો શો દાવાનળ જ સળગી ઉઠ્યો હતો. બહુ જ વ્યાપક પ્રમાણમાં આગ લાગી ચૂકી હતી. આગને ફેલાવા માટે પર્યાપ્ત સમય અને પૂરતી સામગ્રી મળી હતી.

'સૂકા ભેગું લીલું બળે' એ ન્યાયે અવાવરું ભાગમાંથી શરૂ થયેલી આગે મહેલના બગીચાને - ફૂલોના છોડોને - નિકુંજને બધાને સપાટામાં લીધા. એક વખતનો ફૂલ-ફળોથી શોભતો, આંતરડીને ઠારતો બગીચો સ્મશાનરૂપ રાખમાં ફેરવાઈ રહ્યો હતો.

મલિક ધ્રૂજી ઉઠ્યો. - 'પાણી !' બસ ! એટલી જ રાડ એ નાંખી શક્યો. **પણ, એ રાડના અવાજે આખા મહેલને કોણ જાણે કેટલી વાર પ્રદક્ષિણા આપી દીધી હશે !** મલિકની સાથેના તથા રાજમહેલના આગળના ભાગમાં રહેલા માણસો સહુ કોઈ પાણી લેવા માટે દોડ્યા.

હવે આગની બૂમ પાડવાની જરૂરત હતી નહીં. આગ એટલી વિકરાળ બની ગઈ હતી કે વગર કહ્યે સહુને ખબર પડી ગઈ. રાજમહેલની આગળના ભાગની ધમાલથી હજુ હમણાં જ બધાં નવરા જેવા થયા હતા. ત્યાં જ ભયાનક આગના લબકારા સહુને આંખો સામે નાચતા દેખાયા. બધા જ આગની બૂમાબૂમ કરતા પાણી લેવા દોડ્યા.

મલિક દિગ્મૂઢ થઈ આગને એકધારો તાકી રહ્યો હતો. બાદશાહને બગીચાનું નુકસાન આમ પણ પસંદ ન હતું પડ્યું. એમાં આ તો વ્યાપક તારાજી, સંપૂર્ણ ધ્વંસ કરી નાંખતી ભયાનક આગ ! બાદશાહ શું કરશે ?

જો કે બાદશાહના વિચારો કરતા મલિકને પોતાને મળેલી હાસ્યાસ્પદ શિકસ્તના વિચારો વધુ આવી રહ્યા હતા. જે એક પછી એક આક્રમણો યોજનાબદ્ધ ચાલી રહ્યા હતા તેણે મલિકને અકળાવી નાંખ્યો.

'આવડી મોટી સાજિશ ? જાણે કે મને ખોટો પાડવા, હરાવવા જ સર્જાઈ ન હોય તેવી ! દિવસોથી તૈયારી કરી, યોજના બનાવી મને ભોંઠો પાડવા જ રચાઈ હોય તેવી ! શું આ નગરશેઠિયાઓને ખબર જ હશે કે દોશી શેઠ આવી સ્વાગતયાત્રા કાઢશે. એટલે હું દોડતો અહીં આવીશ ! યા અલ્લાહ ! આ કેવી જાત છે ? મને કશું જ સમજાતું નથી ! ક્યાં લડું ? કેટલે મોરચે લડું ?' - આવી વિચારધારા મલિકના મગજમાં પણ આગ પેટાવી રહી હતી.

આમને આમ જ કેટલીક ક્ષણો વીતી. આગ વધતી જ જતી હતી. મલિકની આંખમાં બળતરાનો અનુભવ થતો હતો. બળતરા વધી ત્યારે તેનું

ધ્યાન તે પ્રત્યે ખેંચાયું. માથું ભમતું હોય તેવો અનુભવ મલિકને થવા લાગ્યો. મલિકની સૂઝ-બૂઝ ગાયબ થવા લાગી.

વિચારોમાં ખોવાયેલો એવો મલિક આંખો સળંગ ખુલ્લી રાખી આગને તાકીને ઊભો હતો. એના પ્રતાપે બહુ તીવ્ર અસર વર્તાવા લાગી. મલિકના માણસો હવે તો પહોંચી ચૂક્યા હતા. આગ બૂઝાવવા માટે પાણી ઉપર પાણી આવવા લાગ્યું. કોઈએ ધૂળ રેતી નાંખવાનું પણ શરૂ કર્યું.

કિંતુ આ બધા સમય દરમ્યાન મલિક હોંશ ગુમાવી રહ્યો હતો. માથામાં અસહ્ય પીડા થઈ રહી હતી. અને એક ક્ષણે સંપૂર્ણ હોશ-હવાસ ગુમાવી મલિક ફસડાઈ પડ્યો. આજુબાજુ ઉભેલા માણસો તરત જ મલિકની આસપાસ વીંટળાઈ વળ્યા.

કોઈએ પાણી નાંખ્યું, કોઈએ હવા નાંખી.... કશો જ ફરક ન પડ્યો. આખરે બે જણા મલિકને ઉંચકી ઉતાવળે રાજમહેલની અંદર લઈ ગયા. એકાદ જણ આ મધરાતના સમયે રાજવૈદને બોલાવવા ઉપડ્યો.

**આ બાજુ આગ બહુ તીવ્રતાથી ધૂમાડા ઓકી રહી હતી. ચારે બાજુ ધૂમાડા ફેલાઈ રહ્યા હતા. એમાં ધૂળ-રેતી નાંખવાથી તેની પણ ડમરીઓ આકાશમાં ચડી રહી હતી.** પાણીનો અવિરત પ્રવાહ આવી રહ્યો હતો. ચિક્કાર પાણી ઉપરા ઉપરી આગ ઉપર ઠલવાઈ રહ્યું હતું. પણ, આગે જે વ્યાપક સ્વરૂપ પકડ્યું હતું તેનાથી આગ ઉપર ઝટ કાબૂ ન હતો મેળવી શકાતો.

મહેલના દાસ-દાસી, નોકર-ચાકર, ચોકિયાતો-સંત્રીઓ સહુ કોઈ આ એક જ કામમાં લાગી ગયા હતા. આગે ઘણે ઠેકાણે સંપૂર્ણ તારાજી ફેલાવી હતી. કેટલાક ઝાડો સંપૂર્ણપણે ભસ્મસાત્ થઈ ધરાશાયી થઈ ચૂક્યા હતા. તો કેટલાક અર્ધ બળેલી હાલતમાં જેમના તેમ ઊભા હતા. પણ, અર્ધ બળેલા તે ઝાડો બિહામણા લાગતા હતા. તે કોઈ સ્મશાનમાં શોભી શકે તેમ હતા, રાજમહેલમાં નહીં.

બાદશાહ સુધી પણ આ આગના ખબર પહોંચી ચૂક્યા હતા. મલિકના બેહોશ માણસને તો સહુ કોઈ ભૂલી ગયા હતા. એ બિચારો ત્યાંનો ત્યાં જ પડ્યો હતો. **આગે જેમ જેમ વ્યાપક સ્વરૂપ પકડ્યું હતું તેમ તેમ તેના**

**સમાચાર પણ વ્યાપક રીતે આખા નગરમાં મરચું-મીઠું ભભરાવી પહોંચી રહ્યા હતા. જાત-જાતની અફવાઓ આખા નગરમાં ફેલાઈ રહી હતી.**

મધરાતે આંખો ચોળી ચોળી બધાં રાજમહેલ તરફ વળતા હતા. મનમાં આવે તે તુક્કા ચારેબાજુ ફેલાવતા હતા. રાજમહેલમાં તો ભારે અંધાધૂંધી સર્જાઈ ગઈ હતી. બાદશાહ પણ અકળાઈને મુલાકાત ખંડમાં આમથી તેમ આંટા મારી રહ્યો હતો. એ મલિકની રાહ જોઈ રહ્યો હતો. પણ, મલિકના કોઈ વાવડ ન હતા મળતા. આગની ભયાનકતાના ઘણા સમાચાર બાદશાહને મળતા હતા. પણ, મલિકના કોઈ સમાચાર મળતા ન હતા.

વિનાયક એ જ ખંડમાં લટકાવેલી આદમકદની તસ્વીરની આંખોમાંથી આ બધું જ જોઈ રહ્યો હતો. બાદશાહની હિલચાલ અને આખે આખો ખંડ વિનાયકની આંખ સામે હતો. એકાદ વાર બાદશાહે એ તસ્વીર સામે જોયું પણ ખરું. કિંતુ આ વ્યગ્રદશામાં તસ્વીરની નકલી આંખોની જગ્યાએ અસલી આંખો ગોઠવાઈ ગઈ છે તે સમજવાની સ્વસ્થતા બાદશાહ પાસે ન હતી.

આ પરિસ્થિતિનો પેલા વિનાયકના મળતિયા માણસે ભારે યુક્તિપૂર્વકનો લાભ ઉઠાવ્યો. જૂનો માણસ આવી જતા તેને ત્યાંનું ચોકીનું કામ ભળાવી એ માણસ મુક્ત થઈ ગયો. બરાબર બાદશાહના મુલાકાત ખંડની બહાર આંટા મારવા લાગ્યો.

આમેય તે ઉંચી પાયરીનો સેવક હતો. આખા મહેલમાં આવન-જાવન કરવા માટે તે મુક્ત હતો. જ્યારે આગની વાત સાંભળી સહુ કોઈ આગ બૂઝાવવા માટે ગયા ત્યારે પણ તે માણસ ત્યાં જ હતો.

અચાનક એને શું સૂઝ્યું કે એ વેશપલટો કરી મલિકના માણસ જેવો, મુસલમાન થઈ ગયો. બહુ ફટાફટ તેણે આ કામ આટોપ્યું. મલિકના માણસ જેવો વેશ કરવા માટે બહુ ઝાઝી મહેનત પણ તેને કરવી ન પડી. કારણ કે કોઈ ચોક્કસ વેશ મલિકના માણસોનો ન હતો. કોઈ પણ વેશમાં અમુક ચોક્કસ ફેરફાર કરવાથી મલિકના માણસો જેવો પહેરવેશ થઈ જતો હતો (જો કે કપડવંજથી મલિક કોઈ માણસોને લાવ્યો ન હતો. પણ મલિકના અમદાવાદ ખાતેના જાસૂસો વગેરેનો જ આ પહેરવેશ હતો. જે તેણે ધારણ કર્યો. ફક્ત દાઢી નકલી લગાવવી પડી હતી.)

વેશપલટો કરી તે જે ખંડમાં બાદશાહ હતો તેની બહાર જ આંટા મારવા લાગ્યો. કોઈક રીતે બાદશાહ સાથે વાત કરવાની તક ગોતવા લાગ્યો.

મલિક બેભાન થઈને રાજમહેલમાં આવી ગયો હતો. પણ, તે સમાચાર બાદશાહ સુધી પહોંચ્યા ન હતા. એકાદ બે જણ મલિકની બાજુમાં જ હતા, પ્રાથમિક ઉપચાર કરતા હતા. એક જણ રાજવૈદને બોલાવવા ગયેલ. આ સિવાય કોઈને મલિક અંગેની કશી જાણકારી ન હતી અને આગની ચિંતામાં પડેલા કોઈને તેની કશી ફિકર પણ ન હતી.

પણ, બાદશાહ અકળાઈ રહ્યો હતો. એને તો મલિક ઉપર જ ગુસ્સો આવતો હતો. બધી આપત્તિના મૂળ તરીકે તેને મલિક જ દેખાતો હતો.

બાદશાહની મનઃસ્થિતિ આવી સર્જાય તે સ્વાભાવિક જ હતું. એટલે જ પેલા વિનાયકના માણસને તેનો અંદાજ આવી ગયો હતો. તે આનો જ ફાયદો ઉઠાવવા માંગતો હતો !

આખરે ઘણા સમય બાદ પણ (જો કે સમય બહુ પસાર નહોતો થયો, પણ અધીરાઈને કારણે બાદશાહને એક એક પળ ખૂબ લાંબી લાગતી હતી.) મલિકના કોઈ વાવડ ન મળવાથી બાદશાહે કોઈ સેવકને બોલાવવા બૂમ પાડી - 'કોઈ છે ?'

**બાદશાહ અત્યારે એટલો ગુસ્સામાં હતો કે જો આ સવાલના જવાબમાં કોઈ સેવક હાજર ન થયો હોત તો કદાચ તે બધાને ફાંસીએ ચડાવી દેત !! હકીકતે ત્યાં કોઈ સેવક હતો પણ નહીં. એક આ જ વિનાયકનો માણસ હતો.** તે તરત જ બૂમ સાંભળી બાદશાહની સેવામાં હાજર થયો.

હજુ તો એ પૂરી કુરનિશ બજાવે કે ન બજાવે ત્યાં તો બાદશાહે ફરમાન છોડ્યું - 'જા ! મલિકને હમણાં ને હમણાં બોલાવી લાવ ! હજાર કામ પડતા મૂકીને અહીં આવી જવાનું એને ફરમાન આપી દેજે. અને કહી દેજે કે જો નહીં આવે તો ભયંકર સજા કરીશ.'

બાદશાહને મલિક ઉપર આવેલો ગુસ્સો જોઈ તે મનોમન રાજી થયો. તે ફટાફટ બહાર નીકળી ગયો. બાદશાહને વધુ ગુસ્સે કરવા તેણે એક નાટક ખેલ્યું.

થોડી વાર એમને એમ આંટા મારી તે બાદશાહ પાસે પાછો હાજર થયો. મલિક વિના એકલા એને જ આવેલો જોઈ બાદશાહ વધુ ગિન્નાયો. રાડ પાડી – 'મલિક ક્યાં ?'

પેલો માણસ જાણે ડરતો ડરતો હોય તેમ બોલ્યો – 'નામવર ! મલિક સાહેબે કહેવડાવ્યું છે કે અત્યારે પોતાની ત્યાં હાજરી અનિવાર્ય છે.'

આ સાંભળી બાદશાહ ધૂંવાપૂંવા થઈ ગયો. પોતાની તલવાર કાઢી મલિકનો શિરચ્છેદ કરવા જવા લાગ્યો. જતાં જતાં તેણે પૂછ્યું – 'તે કહ્યું નહીં કે બાદશાહે હજાર કામ પડતા મૂકી આવી જવાનું ફરમાન કર્યું છે.' બાદશાહને થોડા નરમ પાડવા પેલા માણસે કહ્યું –

'જી સાહેબ ! મેં આપનો અક્ષરશઃ સંદેશો આપ્યો. પણ, એ ખૂબ જ વ્યસ્ત હતા. અને મારી વાત ઉપર વિશ્વાસ ન હતા કરતા. તેમને એમ લાગતું હતું કે હું તેમની સાથે દગો રમવા આવ્યો છું. એટલે એમણે મારી પાસે સાબિતી માંગી. પણ હું તો સાબિતી લઈ ગયો નહતો ! એટલે મારી વિનંતી છે કે આપ પાછા શાંતિથી અહીં બિરાજો અને મને વીંટી આપો કે લેખિત સંદેશો આપો. જો કે આપ લેખિત આપશો તો જ વધુ સારું. આપની પત્ર ઉપરની મુદ્રા જોતાં જ તે દોડ્યા આવશે.'

બાદશાહ વાત સાંભળી થોડો ધીરો પડ્યો. કંઈક વાર વિચાર કરી ફરમાન લખી કાઢ્યું – 'તમે ગમે તે સંજોગમાં, લાખ કામ પડતા મૂકીને પણ તાકીદે તરત જ મારી પાસે મહેલમાં હાજર થાઓ !'

લાખથી પેક કરી ફરમાન બાદશાહે આપી દીધું. પેલો માણસ કુરનીશ બજાવી પાછો વળ્યો.

એને આ ફરમાનનું કંઈ જ કામ ન હતું. એટલે સાચવીને કપડામાં સંતાડી બહાર આંટો મારવા ચાલ્યો ગયો. થોડી વારમાં માનસિક બધી ગોઠવણ કરી બાદશાહ પાસે આવવા નીકળ્યો. પોતે આગમાં મૂળિયા નાંખ્યા હતા તેની શું અસર થવાની છે ? તેની તેને ખબર હતી. એટલે મલિક અત્યારે બેભાન દશામાં ક્યાંક પડ્યો હશે, અથવા રાજમહેલના જ કોઈક

ખંડમાં હશે - તે વાતનું અનુમાન કરી ચૂક્યો હતો. આથી તે રીતે માનસિક વ્યૂહ ગોઠવી બાદશાહ પાસે પહોંચ્યો.

ફરીથી એકલા માણસને આવેલ જોઈ બાદશાહે પૂછ્યું - 'કેમ શું થયું ?' પેલા માણસે કુરનીશ બજાવી જવાબ આપ્યો -

'ગજબ થઈ ગયો ! નામવર ! ગજબ થઈ ગયો. મલિક સાહેબ ક્યાંક ગાયબ થઈ ગયા છે. સાહેબ ! બહુ ગૂઢ ઘટના બની છે. મને તો લાગે છે કે...' આટલું કહી વાત અધૂરી છોડી દીધી.

બાદશાહે પૂછ્યું - 'તને શું લાગે છે ?' પેલાએ આગળ ચલાવ્યું - 'બાદશાહ સલામત ! બેઅદબી માફ કરજો. પણ, આ હિન્દુસ્તાનના લોકો ભારે જાદુ-ટોના જાણનારા છે. બહુ ચમત્કારિક શક્તિઓ આ લોકો પાસે હોય છે. અહીંની જડીબુટ્ટીઓ પણ બહુ જબ્બર પ્રકારની હોય છે. જુવો ને ! કેવો કાળો કેર વર્તાવી દીધો.

**કોઈ એકાદ માણસ આપના મહેલમાં સંતાઈ ગયો અને કેવો હાહાકાર મચાવી દીધો ? આવી ભયાનક આગ પણ લગાવી દીધી. નવાઈ તો એ છે કે આગને કારણે બધાની આંખો બળે છે. બધાને ફેર ચઢે છે, ચક્કર આવે છે.** મલિક સાહેબની પણ તેવી હાલત થઈ ગઈ લાગે છે.' બાદશાહને થોડો ભય લાગ્યો.

તે છતાં બાદશાહ બોલ્યો - 'અરે ! આવી કશી ચિંતા કરવાની જરૂરત નથી. આપણો ગિઝનીનો બાદશાહ આ લોકોના બહુ ચમત્કારિક સોમનાથને તોડી ગયો, આ વાણિયાઓના પણ કેટલાય મંદિરો તોડી ગયો ? શું કરી શક્યા ? કયો ચમત્કાર કર્યો ? આ બધા ખોટેખોટા ડિંગ છે.'

'બાદશાહ સલામત ! આપની વાત ૧૦૦ વાલ અને એક રતિ સાચી છે. પણ, અમારા વડવાઓ અમને એક કથા કહેતા હતા. અમારા ઘણા પૂર્વજો એ *ગિઝનીના બાદશાહની સેનામાં હતા. એક વાર મારવાડ બાજુમાં એક 'સચ્ચઉર' (સાંચોર) જેવું કંઈક ગામ છે. બાદશાહે ત્યાંના વાણિયાઓના

---

* ધનપાલકવિ રચિત સત્યપુરઉત્સાહ વગેરે અનેક ગ્રંથોમાં આ હકીકત સાંપડે છે. વિ.સં. ૧૦૮૧ની આસપાસની સાંચોરની આ ઘટના છે.

મંદિર ઉપર હુમલો કર્યો. મૂર્તિને તોડવા ઘણો પ્રયત્ન કર્યો. મૂર્તિ તૂટી પણ નહીં ને હલી પણ નહીં. અને બાદશાહ જે હેરાન થયો, જે હેરાન થયો... બધાં સૈનિકોની મૂછ બળવા લાગી. ઘોડાઓના પૂંછડા બળવા માંડ્યા. આખરે આવડી મોટી ફોઝ ધરાવનાર એ બાદશાહ થાક્યો. માફી માંગી ત્યારે છૂટકારો થયો.

મને તો બહુ ઝાઝી ખબર નથી. આ તો અમારા વડવાઓ આવી વાતો અમને કહેતા. પણ, ત્યારથી લાગ્યું કે હજુ આ લોકોમાં ક્યાંક ક્યાંક જાદુ -ટોના જેવું છે ખરું ! જુવો ને, કેવી તારાજી આ એક માણસે ફેલાવી દીધી ? આવડી મોટી આગ તો લગાવી, સાથે બધાને બેહોશ પણ કરી દીધા !!!'

'શું બધા બેહોશ થઈ ગયા ?'

'ના, ના, આ તો બધાને અકળામણ બહુ થાય છે એટલે મેં કહ્યું. પણ, આગ તો બૂઝવવી જ પડશે ને ! મલિક સાહેબ ગાયબ થઈ ગયા છે. યા ખુદા ! કેવી આ રાત છે ! કયો ભૂત આવી ગયો છે ?' એટલું કહી બાદશાહને વિચારવશ હાલતમાં મૂકી તે ચાલ્યો ગયો.

વિનાયક આ બધું જ જોઈ રહ્યો હતો. પેલો માણસ બાદશાહના મનમાં ભય પેદા કરવામાં સફળ નીવડ્યો હતો. બાદશાહ ખરેખર ભયભીત થઈ ગયો હતો. એમ પણ બાદશાહ ઉપરાછાપરી બનતી આ બધી ઘટનાઓથી ડરી તો ગયો જ હતો, દિગ્મૂઢ તો થયો જ હતો. પણ મલિક ઉપરના ગુસ્સાની લાગણી એટલી તીવ્ર હતી કે આ બધી લાગણીઓ દબાઈ ગઈ.

આખરે એ લાગણી, ભયની લાગણી પ્રગટી ગઈ. બાદશાહને આ લોકોની સાથે બાથડવામાં સારાસારી ન લાગી. એના ગુરુને પકડવા જતા તો શું નું શું થઈ જાય ? બાદશાહના મનમાં ભય વધી રહ્યો હતો. બેબાકળો થઈ તે આંટા મારવા લાગ્યો.

આ બાજુ પેલો માણસ ત્યાંથી રવાના થઈ વેશ બદલવા ગયો. આગ ધીમે-ધીમે બૂઝાઈ રહી હતી. માટે દાસ-દાસીઓ મહેલમાં પાછા આવી રહ્યા હતા. એ લોકોની નજરે ન ચડાય તે રીતે વેશ બદલવો હતો. **એને વિનાયકનો ખંડ જ સલામત જગ્યા લાગી. આથી ત્વરિત ગતિએ દબાતા**

**પગલે કોઈને ખબર ન પડે તે રીતે વિનાયકના ખંડ પાસે પહોંચી ગયો. ત્યાં જઈ હળવેકથી દરવાજો ખોલી અંદર ઘૂસી ગયો અને તરત જ ધીમા સ્પષ્ટ અવાજે 'ગુલાબ' બોલ્યો.** જેથી વિનાયક અજાણ્યો માણસ સમજી હુમલો ન કરી બેસે.

વિનાયક પણ બારણું ખૂલતા ચમક્યો અને છૂપાઈ ગયો. પણ, 'ગુલાબ' શબ્દ સાંભળતા જ સ્વસ્થ થયો. એણે નજીક જઈ પેલા માણસને ધન્યવાદ આપ્યા. વેશપલટો કર્યો હોવા છતાં વિનાયક તેને ઓળખી ગયો હતો. એ માણસ ઝટપટ કપડા બદલાવી રહ્યો હતો.

ત્યાં જ બાદશાહે આપેલો ફરમાનનો કાગળ પડ્યો. વિનાયકે તે માંગી લીધો. પેલા માણસ માટે તો તે નક્કામો જ હતો. પણ, વિનાયક માટે તે અમૂલ્ય હતો, જો ધાર્યું કામ આપે તો !

વધારે કશી વાતચીત કર્યા વિના તે માણસ ઝટપટ ચાલ્યો ગયો. વિનાયકે પણ હવે અંદરથી દરવાજો બંધ કરી દીધો. જેથી ફટ દઈને દરવાજો ખોલી કોઈ અંદર ન આવી જાય. હવે વિનાયક માટે સલામત ભાગી નીકળવા સિવાય બીજું કશું પણ કામ બાકી ન હતું. છતાં તેણે કાણામાં આંખ પરોવી બાદશાહના ખંડમાં નજર માંડવાનું ચાલુ રાખ્યું.

બાદશાહ કંઈક વિચારમાં આંટા મારતો દેખાતો હતો. એક વાર તો વિનાયક અને બાદશાહની આંખે આંખ મળી ગઈ. પણ, વિનાયક સ્થિર રહ્યો. જરાય વિચલિત ન થયો. બાદશાહને પણ ખબર ન પડી. એ મલિકના વિચારોમાં હતો.

બાદશાહને મલિકને ના પાડી દેવાની ઈચ્છા થઈ આવતી હતી. સાથે એશોઆરામની ઈચ્છા પણ છૂટતી ન હતી. મલિક ? મલિક છે ક્યાં ? – બાદશાહના મગજમાં પ્રશ્ન ઉઠ્યો.

એણે બૂમ પાડી – 'કોઈ છે ?' હવે તો થોડા દાસ-દાસી આવી ગયા હતા. પણ દરેકની આંખ ભયંકર બળતી હતી. માથું ભમતું હતું. કોઈના હોશહવાસ ન હતા. બાદશાહે બીજી વાર બૂમ પાડી. આ વખતે અવાજમાં ભયાનકતા પ્રવેશી ચૂકી હતી.

એક દાસ માંડ માંડ સ્વસ્થતા મેળવી બાદશાહ સામે ઉપસ્થિત થયો. વિનય જાળવવાનું પણ તેને ભાન ન રહ્યું. બાદશાહે તેની અવસ્થા જોઈને પૂછ્યું - 'શું થયું તને ? ક્યાં ગયા બધાં ?'

પેલો માણસ માંડ-માંડ બોલ્યો - 'બળે છે, દાહ થાય છે...' બસ ! મગજે સાથ આપવાનો છોડી દીધો. તે ત્યાં જ મૂર્છિત થઈ ઢળી પડ્યો.

બાદશાહને ડર અને આશ્ચર્ય બન્ને થયા. એને નવાઈ લાગી કે - આ શું થઈ રહ્યું છે ? શું બધાની હાલત આવી છે ? તે જાતે જ ખંડની બહાર આવ્યો. જોયું તો દાસ-દાસીઓ આવી રહ્યા હતા. બહાર આગ શાંત થઈ ચૂકી હતી. કારણ કે કોલાહલ-ભડકા સંભળાતા-દેખાતા ન હતા.

બાદશાહે જોયું તો બધાં દાસ-દાસીઓની હાલત ખરાબ હતી. કોઈકનું માથું ભમતું હતું. કોઈક મૂર્છિત હતા. આ હાલત જોઈ બાદશાહ ગભરાયો. ત્યાં જ રાજવૈદને બોલાવા ગયેલો માણસ આવી પહોંચ્યો. સાથે રાજવૈદ પણ હતા. બાદશાહને જોઈ બન્નેએ બાદશાહનું અભિવાદન કર્યું.

બાદશાહે તરત જ પૂછ્યું - 'મલિક ક્યાં છે ?'

'મારી સાથે પધારો' - આટલું કહી પેલો માણસ મલિકના ઓરડા તરફ જવા અગ્રેસર થયો. બાદશાહ અને રાજવૈદ પણ તે માણસની પાછળ-પાછળ ગયા. મલિકના ખંડમાં ત્રણે જણા પહોંચી ગયા.

**વચ્ચે કેટલાય દાસ-દાસીઓ બેભાન જેવા પડ્યા હતા. કોઈ જાગતું હતું. પણ, હોશહવાસ તો કોઈના ન હતા. મલિકની ઓરડીમાં પહોંચતા જ એ માણસ આશ્ચર્યસ્તબ્ધ બની ગયો !**

✺




## બાદશાહ ગભરાય છે...

બાદશાહ, રાજવૈદ અને મલિકનો માણસ – આ ત્રણે જણ મલિકના ઓરડા પાસે પહોંચી ગયા હતા. મલિકના માણસે દરવાજો ખોલ્યો અને જે દૃશ્ય નજરે ચડ્યું તેનાથી તે અવાક્ થઈ ગયો. કારણ કે ઓરડામાં મલિકને સૂવાડી જ્યારે પોતે રાજવૈદને બોલાવવા ગયેલો ત્યારે બે માણસો મલિકનો ઉપચાર કરી રહ્યા હતા. મલિક મૂર્છિત હતો.

**અત્યારે મલિકની સાથે સાથેના બે માણસો પણ મૂર્છિત થઈને ધરતી ઉપર ઢળી પડ્યા હતા. બન્નેના મોઢા ઉપર અકથ્ય વેદનાના ભાવ અંકાયા હતા. ડોળા વધુ પડતા પહોળા થઈ ગયા હતા.** આખા ઓરડામાં ઘેરી નિઃસ્તબ્ધતા છવાયેલી હતી. ઓરડાના દરવાજાની બરાબર સામેના ભાગે જ એક બારી હતી. જે અત્યારે ખુલ્લી હતી. જે જગ્યાએ આગ લાગી હતી તે જ દિશામાં આ બારી પડતી હતી. હજુ પણ તે બારીમાંથી આગનો ધૂમાડો આવી રહ્યો હતો. ઓરડાની અંદર એક વિચિત્ર પ્રકારની વાસ ફેલાયેલી હતી. ઉબકા ચઢે તેવી તે ગંધ હતી. વારાવરણ થોડું ભેદી લાગતું હતું.

મલિકના માણસને આશ્ચર્યસ્તબ્ધ થયેલો જોઈ બાદશાહ અને રાજવૈદ – બન્ને એકી સાથે બોલી ઉઠ્યા – 'શું થયું ?' બાદશાહ તો મલિકના માણસને

ખસેડી અંદર ધસી ગયો. પળભર બાદશાહ પણ ખચકાઈ ઉઠ્યો.

આમ તો અત્યાર સુધીમાં ઘણા લોકોને બેહોશ જોઈને જ બાદશાહ આવ્યો હતો. પણ, ઓરડાની અંદર જે હાલતમાં જે રીતે ઘેરી નિઃસ્તબ્ધતા વચ્ચે ત્રણ દેહ પડ્યા હતા તે ભયની લાગણી પ્રેરતા હતા. ઓરડાની અંદરનું વાતાવરણ પણ અકળામણ પેદા કરાવનારું હતું. બાદશાહ થોડી વાર એમ ને એમ નિરીક્ષણ કરતો રહ્યો. ધીમે ધીમે એને પણ બળતરા થવા લાગી.

રાજવૈદ પણ પરિસ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા હતા. મલિકના માણસે કેવી રીતે શું તકલીફ થઈ છે, તે જણાવ્યું તો હતું જ. એટલે રાજવૈદે અંદાજ તો માંડી જ દીધો હતો. તે અનુસારે ઔષધ પણ લઈ જ આવ્યા હતા. અહીં આવ્યા પછી એમને એમની ધારણા સાચી પડતી દેખાઈ.

બાદશાહે બાજુમાં ઉભેલા રાજવૈદને બળતરાની ફરિયાદ કરી કે રાજવૈદ તરત જ સભાન થયા. પોતાની સાથેની થેલીમાંથી થોડા રૂના પૂમડા કાઢ્યા અને બાદશાહ તથા મલિકના માણસને આપી કહ્યું – ‘આને નાકના બન્ને કાણામાં ભેરવી દો. શ્વાસ લેવામાં થોડી તકલીફ પડશે. પણ, ધીમે ધીમે ટેવાઈ જશો. થોડી વારનો જ પ્રશ્ન છે. પછી તો આપણે અહીંથી નીકળી જશું. આ રૂના પૂમડામાં એક ખાસ પ્રકારનું તેલ છે. તેનાથી અહીંના ઝેરી ધૂમાડાની અસર નહીં થાય.’ આટલું કહી રાજવૈદે પોતાના નાકમાં પણ રૂના પૂમડા ખોસી દીધા. તથા ઓરડાની અંદર ઘૂસી સૌથી પહેલા જે બારીમાંથી ધૂમાડો આવતો હતો તે બારી બંધ કરી દીધી. દરવાજામાંથી તાજી હવા આવતી હતી. એટલે વાતાવરણ ધીરે ધીરે ચોક્ખું થતું જતું હતું.

રાજવૈદ તરત જ કામે લાગ્યા. બાદશાહ હજુ ત્યાં જ ઊભો હતો અને રાજવૈદની કામગીરી નિહાળતો હતો. મલિકનો માણસ રાજવૈદને સહાય કરાવી રહ્યો હતો. રાજવૈદે ઈશારાથી જ કામ લેવાનું કહ્યું હતું. બોલવાની પણ ના પાડી દીધી હતી. જેથી મોઢા વાટે પણ ઝેરી ધૂમાડો શરીરમાં પ્રવેશે નહીં. રાજવૈદે મલિકની નાડી તપાસી. સહેજ ચિંતા ઉપજાવે તેવી પરિસ્થિતિ હતી. આખરે મનોમન કંઈક નિર્ણય કરી એક અલગ પ્રકારનો પથ્થર કાઢી તેના ઉપર કોઈક અજાણ્યું મૂળિયું ઘસ્યું. મૂળિયાની તીવ્ર ગંધ બધે ફેલાઈ ગઈ.

નાકમાં પૂમડા હોવા છતાં બાદશાહને પણ તેની તીવ્ર તીખી ગંધ વરતાઈ. થોડી વાર ઘસી જે ભૂકો થયો તેને વૈદે મલિકના નાકમાં ભભરાવી દીધો. એકાદ ક્ષણ વીતી ન વીતી ત્યાં તો જોરદાર છીંકાછીંક કરતો મલિક ભાનમાં આવી ગયો. આખું ચેતાતંત્ર હલી ગયું. ભારે ઝણઝણાટી અનુભવતો મલિક ભાનમાં આવતા જ બેઠો થઈ ગયો હતો. હજુ સ્વસ્થતા આવી ન હતી.

થોડી વાર પછી રાજવૈદે પૂછ્યું - 'શું થાય છે ?'

મલિક મહાપરાણે બોલ્યો - 'બળતરા થાય છે, દાહ થાય છે. આંખ-નાક બધું બળે છે. મગજ સ્થિર નથી રહેતું. ચક્કર આવે છે...' **રાજવૈદે એક લેપ કાઢી મલિકના માથા ઉપર લગાવ્યો. થોડો લેપ લગાવતા જ આખા શરીરમાં શીતળતા વ્યાપી ગઈ. ઠંડક.. અદ્‌ભુત ઠંડક કરાવતો એ લેપ હતો.** મલિકની બળતરા માટે રાહતદાયી નીવડે તેમ હતો. છતાં હજુ થોડી થોડી બળતરા-અસ્વસ્થતાની ફરિયાદ મલિકની ચાલુ જ હતી. 'થોડા સમય પછી સારું થઈ જશે.' એટલું કહી રાજવૈદ તરત બહાર નીકળી ગયા. રૂના પૂમડા કાઢી થોડી વારે સ્વસ્થ થયા. બાદશાહ પણ રાજવૈદની પાછળ પાછળ ગયો.

મલિકનો માણસ મલિકની સેવામાં લાગી ગયો. હજુ તેના સાથીદારો તો બેહોશીમાં જ પડેલા હતા. બાદશાહે રાજવૈદને ઊભા રાખી પૂછ્યું - 'મલિકને સંપૂર્ણ સ્વસ્થ થતા કેટલો સમય લાગશે ?'

'એકાદ પ્રહર તો ખરો જ !' એ પછી તેને ગાઢ ઊંઘ આવી જશે. ઊંઘ આવે ત્યારે તેને ખલેલ નહીં પહોંચાડતા. ઉઠ્યા પછી એ પૂર્ણતયા સ્વસ્થ થઈ જશે.' 'પણ, બાકીના બધાનો ઉપચાર કેવી રીતે ?'

'જુઓ બાદશાહ ! જે રીતે મલિકનો ઉપચાર કર્યો તે રીતે બધાનો ઉપચાર કરવો શક્ય નથી. કારણ કે તે તેના માટે ઘણી જ કિંમતી અને દુર્લભ ઔષધિની જરૂર છે. આટલા બધા માટેનો પર્યાપ્ત જથ્થો અત્યારે ને અત્યારે કોઈ સંજોગે મળે નહીં. માટે હાલ તો જેમ છે તેમ જ રહેવા દો.'

'બધાં, સ્વસ્થ ક્યારે થશે ?' 'કશું કહી શકાય નહીં ? મેં ઘણી જડીબુટ્ટીઓના ધૂમાડા જોયા છે. **બેહોશ કરી નાંખનારી જડીબુટ્ટીઓ પણ મેં જોઈ છે. પણ, આ કોઈક અલગ જ પ્રકારની, બેવડી અસર દાખવનારી**

**વિચિત્ર પ્રકારની જડીબુટ્ટી છે.** મારે જ્યાં આગ લાગી છે ત્યાં જઈ એ જડીબુટ્ટીનો અભ્યાસ શક્ય બને તો કરવો હતો. પણ, જે ઘાતક અસર આ જડીબુટ્ટી દાખવે છે એ જોતાં એને દૂરથી નમસ્કાર કરી દેવામાં જ સાર છે.

આ જડીબુટ્ટી મારા માટે છે અજાણી, છતાં એટલું તો કહી શકું કે કાલની રાત સુધીમાં = એક અહોરાત્ર સુધીમાં બધાં સ્વસ્થ થઈ જવા જોઈએ. ત્યાં સુધી આપે ધીરજ ધરવી પડશે. પરમાત્મા સૌનું ભલું કરશે.'

બાદશાહને વધુ કશું પૂછવાપણું રહ્યું નહીં. ઔચિત્ય જાળવી રાજવૈદને વળાવી તે પોતાના શયનખંડમાં ચાલ્યો ગયો.

ઉપરાછાપરી બનતી ઘટનાઓએ (સદા નિષ્ક્રિય પડ્યા રહેતા) મગજને એટલી તસ્દી આપી હતી કે હવે તેને આરામ આપવો જરૂરી હતો. જાતે જ થોડી ઘણી વ્યવસ્થા ગોઠવી. પોતે આરામ કરવા પલંગ ઉપર પડ્યો.

ઘણા દાસ-દાસીઓ હજુ બેભાન નહોતા થયા. ઘણા બહુ દૂરથી જ આગના દર્શન (!) કરી ચાલ્યા ગયા હતા.. આ બધાને બહુ અસર ન હતી થઈ. માટે, બેહોશી ન હતી આવી. પણ, અપેક્ષિત સ્વસ્થતા તો સહુ ગુમાવી ચૂક્યા હતા. એકબીજાને ઓળખી શકતા હતા.

થોડુંક જોર કરે તો નાના મોટા કામ પણ કરી શકતા હતા. બોલી પણ શકતા હતા. પણ, અત્યંત શ્રમ પૂર્વક, સહજતાથી નહીં. અંદરના માંહ્યલાને કોઈએ જંજીરથી બાંધી દીધો હોય અને એ કશું જ કામ ન કરી શકે તેવી સ્થિતિમાં હોય - એના જેવી અકળામણ સહુને અનુભવાતી હતી.

એક રાજમહેલનો માણસ કે જે વિનાયકનો મળતિયો હતો તે સ્વસ્થ હતો અને ચારે બાજુ ફરતો હતો.. એના ધ્યાનમાં જ હતું કે બાદશાહ મલિકને મળવા ગયો, રાજવૈદ પણ સાથે હતા. પછી બાદશાહ શયનખંડમાં ગયો.

બાદશાહને શયનખંડમાં જતા જોઈને તે સમજી ગયો કે મલિક સાથે વાતચીત થઈ નથી. બાકી, મલિક હજુ શાંત બેસે તેમ ન હતો. બાદશાહ શયનખંડમાં ઘૂસ્યા પછી એ માણસને વિનાયકને ભગાડી દેવા માટેની આ સુવર્ણ તક લાગી. એટલે એ સીધો વિનાયકના ઓરડા તરફ ગયો.

બાદશાહના ગયા પછી વિનાયકને ઓરડામાં જોવા જેવું કશું હતું નહીં. આથી જેમની તેમ નકલી આંખો ગોઠવી વિનાયક શાંતિથી નીચે બેઠો હતો.

હવે તેને થોડી ફુરસદ મળી હતી. તે અહીંથી નીકળવાના-ભાગી છૂટવાના પ્લાનમાં જ હતો. કોઈક તકની એ રાહ જોતો હતો.

આખા ઓરડામાં એક દરવાજો જ હતો. બીજી કોઈ બારી કે બીજું કશું જ ન હતું. એટલે જ ભયંકર અંધારું પણ હતું. જો કે ધીરે ધીરે વિનાયકની આંખો ટેવાઈ ગઈ હતી. થોડું થોડું દેખાતું હતું. ચારે બાજુ શસ્ત્રોના ઢગલા હતા. અમુક તો નવા નકોર પ્રકારના હતા. વિનાયકને ફેંદવાની ઈચ્છા થઈ.

પણ, અંધારું હોવાથી ઝાઝો ફાયદો થાય તેમ ન લાગ્યું. આખરે એ પોતાના ઘાને સરખો કરતો બેઠો. ફરીથી આખો પાટો બાંધ્યો. વ્યવસ્થિત દવા લગાવી ભાગવામાં કશી અગવડ ન પડે તે રીતે બધી ગોઠવણ કરી દીધી. ઘામાંથી લોહી નીકળતું બંધ થઈ ગયું હતું. કારણ કે ઘા પાકી ન જાય તેમ જ રુઝ આવી જાય તે માટેની બહુ અકસીર દવા વિનાયક પાસે હતી.

**એ વખતે આફ્રિકા તરફનો ભારતનો વેપાર ખૂબ હતો. ગુજરાત-હાલારના વેપારીઓએ તો આફ્રિકામાં નાનકડું ભારત જ વસાવેલું. વિનાયક તે અરસામાં આફ્રિકા તરફ ગયેલો, કામ કરવા.** અને ત્યારે જ ત્યાંના જંગલમાં ભટકતા એક માણસે, વિનાયકને અમુક જડીબુટ્ટીઓ આપી હતી. તે ક્યાં કેવી રીતે તે પ્રાપ્ત કરવી ? તથા કેવી રીતે વાપરવી ? તે બધી વિગતો પણ સમજાવી. કારણ કે વિનાયકે સિંહના આક્રમણથી એ માણસને બચાવેલો.

ભારત આવી ગયા પછી શરૂમાં તો એ બધી જડીબુટ્ટીઓ ખાસ કામમાં ન આવી. પણ, જ્યારથી કપડવંજ શેઠના કામમાં લાગ્યો ત્યારથી એ બધી જડીબુટ્ટીઓ ખૂબ ઉપયોગી બની રહી હતી.

અનેક પ્રકારની જડીબુટ્ટીઓ વિનાયક પાસે હતી. વિનાયકે વ્યવસ્થિત બધી તૈયારી કરી લીધી. એ હવે નીકળવાની તૈયારીમાં જ હતો. કંઈક સાહસ કરી ભાગી છૂટવું હતું વિનાયકને. કારણ કે તેની પાસે જે પાંદડા-કાગળ વગેરેની અમૂલ્ય સામગ્રી હતી તે સમય વીતતા કોડીની થઈ જવાની હતી.

વિનાયક દરવાજો ખોલી બહાર નીકળવાનો વિચાર જ કરતો હતો ત્યાં એકદમ સાંકેતિક ઢબે દરવાજા ઉપર ટકોરા પડ્યા. આનો મતલબ સાફ હતો કે આવનાર વ્યક્તિ જાણતી હતી કે અંદર કોઈક છે. દરવાજો ખોલાવવા

માટે આ રીતે ટકોરા મારવામાં આવી રહ્યા હતા. વિનાયકને લાગ્યું કે આ પેલો રાજમહેલનો માણસ જ હોવો જોઈએ. છતાં પૂરતી સાવધાની રાખી સાવચેતી પૂર્વક દરવાજો ખોલ્યો. આવનારો માણસ સહેજ દરવાજો ખૂલતા જ 'ગુલાબ' બોલી ગયો. જેથી વિનાયક હુમલો ન કરી બેસે.

ગુલાબ શબ્દ સાંભળતા જ વિનાયક નિશ્ચિંત બની ગયો. એ માણસ અંદર આવી ગયો. દરવાજો પાછો બંધ થઈ ગયો. આવનાર માણસે તરત જ કહ્યું – 'સાહેબ ! સમય થઈ ગયો છે. હવે અહીંથી ભાગી નીકળવું જોઈએ.'

'કેવી રીતે ભાગશું ? દાસ-દાસીઓ ? મલિક – એના માણસો બધાં ક્યાં છે ?' – વિનાયકે પૂછ્યું.

પેલા માણસે વિગતવાર બધી વાત કરી. આગ લગાવવાની સાથે પોતે જે જડીબુટ્ટી નાંખી આવ્યો હતો તેના પ્રતાપે આખો મહેલ નોંધારો થઈ ગયો હતો. બધાં અસ્વસ્થ હતા. માટે, આ સોનેરી મોકો છે. સાથે એ પણ કહ્યું કે 'મલિકના માણસ જેવો વેશ પણ કરી શકાય તેમ છે. તેથી કોઈને શંકા કરવાનું કારણ નહીં રહે.'

વિનાયકને એ માણસ ઉપર માન ઉપજ્યું. કટોકટીના વખતે તેણે જબ્બર સહાય કરી હતી. એ એને ભેટી પડ્યો. વિનાયકે પોતાના જે કપડા હતા તે જેમના તેમ રાખી નકલી દાઢી વગેરે લગાવી થોડો ફેરફાર કરી દીધો. ફેરફાર ભલે નજીવો હતો. પણ, એટલો કાબેલિયત પૂર્વક કરાયો હતો કે વિનાયક તરીકે તેને ઓળખવો દુઃશક્ય બની ગયું.

આમ ભાગવાની પ્રાથમિક તૈયારી પૂર્ણ થઈ ગયા પછી વિનાયકે જ સાવચેતીથી દરવાજો ખોલ્યો. બન્ને જણા સાવધાની સાથે બહાર આવી ગયા. અવાજ ન થાય તે રીતે દરવાજો બંધ કરી બન્ને જણા નીકળ્યા. પહેલા રાજમહેલનો માણસ ચાલતો હતો. જેથી કોઈ ભય જેવું લાગે તો વિનાયકને સાવધાન કરી શકાય. સર્જાયેલી અવ્યવસ્થાના પ્રતાપે મહેલમાં રોજ જેવા દીવડાઓ પણ ન હતા પ્રગટ્યા. અથવા તો પ્રગટાવેલ બૂઝાઈ ગયા હતા.

માટે અંધારું સારું જામ્યું હતું. થોડી વારમાં જ મુખ્ય ઓસરીમાં બન્ને જણા આવી પહોંચ્યા. હવે કટોકટીનો વખત હતો. થોડું આગળ જતાં જમણા

હાથ તરફ પાછળના ભાગનો દરવાજો આવતો હતો. તથા થોડા આગળ જઈને ડાબા હાથ તરફ જતાં બાદશાહનો શયનખંડ... વગેરે આવતું હતું.

અચાનક બાદશાહના શયનખંડમાંથી કંઈક અવાજ આવતો લાગ્યો. શયનખંડ આમ તો દૂર હતો. પણ, જે નીરવ શાંતિ ચોમેર છવાયેલી હતી, તેના લીધે બન્ને જણા તે અવાજ બહુ સ્પષ્ટ રીતે સાંભળી શકતા હતા. વાતચીત શું છે ? તે સમજાતું ન હતું. પણ, અવાજ આવતો હતો.

રાજમહેલના માણસને નવાઈ લાગતી હતી. કારણ કે તેના ધારવા મુજબ તો બાદશાહ સૂઈ ગયો હોવો જોઈએ. તો પછી અત્યારે બાદશાહ કોની જોડે વાત કરતો હશે ? કદાચ એવું હોય કે બાદશાહને કોઈ ઉઠાડવા આવ્યું હોય ? કોણ ઉઠાડવા આવે ?... આવી વિચારધારામાં એ અટવાતો હતો.

ત્યાં જ વિનાયકે કહ્યું 'ક્યાંય છૂપાવાની જગ્યા છે ? હવે, આગળ વધવું યોગ્ય નથી. કોઈક આ તરફ આવી શકે તેમ છે.' રાજમહેલનો માણસ પણ સમજી ગયો. તે બાજુની એક નાની ઓસરીમાંથી થઈ એક ઓરડામાં લઈ ગયો. ઓરડામાં અંધારું હતું. વિનાયકે પૂછ્યું - 'ઓરડામાં સલામતી જળવાશે ને ?' 'લગભગ વાંધો નહીં આવે.' - માણસે કહ્યું.

'સારું, અત્યારે તો આપણે મુખ્ય ઓસરી ઉપર નજર પડે તે રીતે ઊભા રહીએ, પછી જરૂર પડશે તો આ ઓરડામાં ઘૂસી જઈશું.'

આજુબાજુમાં એક-બે સેવક હતા. પણ તે તો પૂર્ણતયા બેહોશ હતા. આ ઓરડા તરફ કોઈ બહુ આવતું ન હતું. એટલે થોડો ભેંકાર જેવો લાગતો હતો. વિનાયક સાવચેતીથી મુખ્ય ઓસરી તરફ નજર રાખીને બેઠો.

અસાવધ વ્યક્તિને ખ્યાલ આવી શકે તેમ ન હતું કે, 'વિનાયક કે કોઈ વ્યક્તિ પોતાને જોઈ રહ્યા છે.' થોડી વાર વિનાયક એમ ને એમ બેઠો રહ્યો. રાજમહેલના માણસને પણ નજીકમાં જ એક જગ્યા મળી ગઈ, જ્યાંથી તે 'મુખ્ય ઓસરી ઉપરથી કોણ પસાર થાય છે ?' - તે જોઈ શકે તેમ હતો.

**થોડી વાર પછી કોઈક બે જણા આવતા હોય તેવું લાગ્યું. બન્ને જણા સાવધ થઈ ગયા. ક્ષણ વારમાં જ ત્યાંથી ઉતાવળે ઉતાવળે બાદશાહ અને સાથે એક માણસ પસાર થઈ ગયા.** બન્ને જણા ઉતાવળમાં અને પોતાની ધૂનમાં

હતા. માટે, કોઈને કશી જ ગંધ નહીં આવી. વિનાયક બાદશાહને આ સમયે મહેલના કોઈક ભાગ તરફ જતા જોઈ ચોંકી ગયો.

બાદશાહની સાથેના માણસને તો તે ઓળખી નહીં શક્યો. પણ, બાદશાહ ઉતાવળમાં જતા હતા - તે વિનાયકને આશ્ચર્ય પ્રેરતું હતું. જ્યારે રાજમહેલના પેલા માણસની હાલત તો વધુ ખરાબ હતી. કારણ કે એ તો બાદશાહની સાથેના માણસને ઓળખી શક્યો હતો. એ બન્ને જણા ઉતાવળે ક્યાં જઈ રહ્યા છે ? તેનું અનુમાન પણ તે લગાવી શક્યો હતો.

તે ધીરે ધીરે સાવચેતીથી વિનાયકની પાસે આવ્યો. વિનાયક તેના હાવભાવ જોતા જ પારખી ગયો કે આને કંઈક માહિતી છે.

તેણે પૂછ્યું - 'શું થયું ? સાથે કોણ હતું ?' પેલા માણસે જવાબ આપ્યો - 'એ મલિકનો માણસ હતો. મને આશ્ચર્ય થાય છે કે હજુ સૂતા પહેલા જ બાદશાહ રાજવૈદની સાથે મલિકને મળી આવ્યા હતા તો પછી પાછા કેમ અત્યારે ગયા ? શું મલિકની તબિયત વધુ બગડી હતી ? કે પછી રાજવૈદે આપેલા કોઈક ઔષધના પ્રભાવ હેઠળ મલિક ભાનમાં આવી ગયો હતો ?'

વિનાયકે પૂછ્યું - 'બાદશાહ જે તરફ ગયા ત્યાં જ મલિકનો ઓરડો છે ? મલિકને ત્યાં જ રાખ્યો છે ? ત્યાં બીજા માણસો છે કે નહીં ? આપણે ત્યાં જઈ શું વાતચીત થાય છે - તે સાંભળી શકીએ કે નહીં ?'

'મલિકનો ઓરડો એ તરફ જ છે. હવે તો આપણે એ તરફ શું, ઓસરી તરફ પણ નહીં જઈ શકીએ. કારણ કે બાદશાહ ગમે ત્યારે પાછો વળી શકે છે. આ ઓસરી લાંબી છે. બધાં શાંત હોય તો જ અહીંથી જવાનું જોખમ ખેડી શકાય. માટે, બાદશાહ પાછો જાય ત્યાં સુધી તો રાહ જોવી જ પડશે. હવે શું હિલચાલ થાય તે કહી ના શકાય. ભવિષ્યનો કાળ જ કંઈક બતાવી શકે. આ જે થઈ રહ્યું છે તે મારા માટે સાવ અણચિંતવ્યું અને અણધાર્યું છે.' વિનાયક પણ થોડો વિચારમાં પડી ગયો. આ માણસની વાત સ્વીકાર્યા વિના વિનાયકને છૂટકો ન હતો. એ બન્ને જણ ત્યાં જ બેઠા રહી બાદશાહની વાટ જોવા લાગ્યા. આ સમય કટોકટીનો હતો. અહીં અત્યારે ઊભા રહીને એ બન્ને જણા કેવી ગંભીર ભૂલ કરી રહ્યા છે ? તેનો બેમાંથી એકેને અંદાજ નથી.

આ બાજુ બાદશાહના ખંડમાં શું ઘટનાક્રમ ઘટ્યો તે જોઈ લઈએ. વિનાયકને બોલાવા રાજમહેલનો માણસ જેવો ગયો કે થોડી જ વારમાં બાદશાહના શયનખંડમાં મલિકનો માણસ પ્રવેશ્યો. આમ તો બાદશાહના શયનખંડમાં પ્રવેશ ન મળે. પણ, અત્યારે તો ક્યાં કશે પણ વ્યવસ્થા રહી હતી ? કોઈકના આવવાનો અવાજ સાંભળી બાદશાહ ઊભો થઈ ગયો. આમ પણ બાદશાહને ઊંઘ આવી ન હતી. તે મલિકના જ વિચારમાં હતો.

એક બાજુ મલિક અને એના સાથીદારો ઉપર જે સજ્જડ અસર જોવા મળી તેનાથી તે ભયભીત હતો. **સાથે મલિકની હાલત જોઈને મલિક ઉપરનો તેનો ગુસ્સો તો ક્યારનો ઉતરી ગયો હતો. એને મલિકની દયા આવતી હતી. પોતાને નુકસાન થયું હતું. પોતાનો પ્યારો બગીચો ધ્વસ્ત થઈ ગયો હતો...**

આ બધું જ તે ભૂલી ગયો. આ અરસામાં જ મલિકના માણસને આવેલો જોઈ તેને ચિંતા થઈ આવી. શું મલિકને કંઈ તકલીફ થઈ હશે ?

એણે પૂછ્યું - 'કેમ ? શું થયું મલિકને ?', 'ના બાદશાહ સલામત ! મલિક સાહેબને કશું થયું નથી. પણ, તેઓ આપને મળવા માંગે છે. અહીં આવવાની અનુમતિ માંગે છે' - મલિકના માણસે ઔપચારિકતા જાળવી. બાદશાહને ખલેલ પહોંચાડવા બદલ ક્ષમા માંગી વાત મૂકી. બાદશાહે કહ્યું - 'ના, ના, મલિકને આવી હાલતમાં અહીં આવવાની જરૂરત નથી. હું જ ત્યાં આવી જાઉં છું.' આમ, બન્ને જણા મલિકના ઓરડા તરફ ગયા. વિનાયકે અને તેના માણસે એ બન્નેને જતા જોયા. મલિક ભાનમાં આવી ગયો હતો. એટલું જ, બાકી બળતરા વગેરેનો કોઈ અંત ન હતો. પણ, મલિકને બહારના દાહ કરતા અંદરનો દાહ સળગાવી રહ્યો હતો. રોમ-રોમમાં આગ લાગી ગઈ હતી.

શારીરિક આ અવસ્થા પણ તેને જંપીને બેસવા દેતી ન હતી. એને શું નું શું કરી નાંખવું હતું. પણ, એ લાચાર હતો. એટલે જ એણે બાદશાહને તેડાવ્યા. એ અત્યારે ને અત્યારે પગલા ભરવા માંગતો હતો. એ પણ ઉગ્ર પગલા ! વૈદે મલિકને ભાનમાં લાવી મલિકને વધારે દુ:ખી કરી મૂક્યો હતો. આખો ઘટનાક્રમ, આજની રાતની એક પછી એક ભયાનક ઘટનાઓ તેને યાદ આવતી હતી અને સેંકડો વીંછીઓએ ચટકા ભર્યા હોય તેવી વેદના ઉઠતી હતી.

✻




## વિનાયક ભાગે છે...

'અવિનય માફ કરજો ! આપ આવો છો છતાં આપનો વિનય જાળવી શકતો નથી. અંગ-અંગમાં દાહ થાય છે. મનની પીડાની તો કોઈ સીમા નથી રહી...' બાદશાહે ઓરડામાં પ્રવેશ કર્યો કે તરત જ મલિકે વિનય કર્યો.

વૈદ્યે એક પ્રહર સુધી મલિકના ઊંઘી રહેવા વિશે કરેલી આગાહીને મલિકની અંદરની આગ ખોટી પાડી રહી હતી. બાદશાહે કહ્યું - ના, ના, તારે ચિંતા કરવાની જરૂર નથી. બોલ ! કામ શું હતું ?'

મલિક : 'કામ તો શું કહું ? આપના મહેલમાં નગરશેઠના માણસો આવી રીતે ભયંકર નુકસાન પહોંચાડી જાય છતાં આપણે હાથ જોડીને બેસી રહેવાનું ? **આપ શા માટે અત્યારે ને અત્યારે નગરશેઠને પકડી મંગાવતા નથી ? શા માટે એમની બધી મિલકત જપ્ત નથી કરાવી લેતા ?** આ અંગ -અંગમાં જે દાહ ઉપડ્યો છે તે તેમના જ કારણે !'

બાદશાહ : 'એ શી રીતે શક્ય બને ? એમણે આ ગુનો કર્યો છે તેનું પ્રમાણ શું ? પુરાવો શું ? કે જેના આધારે તેમને પકડી શકીએ. હા ! હજુ જો તું પેલા માણસને પકડી શક્યો હોત તો તેના આધારે નગરશેઠને

આપણે જરૂર અટકાયતમાં લઈ શકત. પણ, શું થાય ? તું સફળ ન થઈ શક્યો' - બાદશાહના આ વાક્યે મલિકને વીંધી નાંખ્યો. વારે વારે પોતાની નિષ્ફળતા પોતાની સામે મોઢું ફાડીને ઊભી રહેતી હતી.

બાદશાહે જ આગળ ચલાવ્યું - 'મલિક ! નગરશેઠ એ મહાજનનું નાક છે. આખા રાજ્યના આધારસ્તંભ છે. નાના-મોટા વાંકે તેમની અટકાયત ન કરી શકાય. પ્રજામાં વિદ્રોહ ફાટી નીકળે.'

મલિક : 'એ માણસ ગયો ક્યાં ? એ ભાગીને જશે ક્યાં ? આપણે તપાસ કરાવીએ. નગરીનો ખૂણે ખૂણો તપાસી લઈએ. એ મળશે તો ખરો જ ને ?'

બાદશાહ : 'કોઈના ઘરમાં એ મળે તો પણ તેને ઓળખી કેવી રીતે શકાય કે આ તે જ છે ?' મલિક મૂંઝાયો. શું કરવું ? તેની બુદ્ધિ જ બંધ થઈ ગઈ હતી. થોડી વાર નિઃસ્તબ્ધતા છવાઈ ગઈ.

નિઃસ્તબ્ધતાનો ભંગ કરતો એક અવાજ સંભળાયો - 'બાદશાહ ! એક માણસ આપને મળવા માંગે છે. ઘાયલ થયેલો છે. કહે છે - આપને અને મલિકને મળવું છે.' બાદશાહના જ એક માણસે બાદશાહને પૂછ્યું.

આ કહેનાર તે જ માણસ છે જે મલિકની સેવામાં હતો અને બાદશાહને ઉઠાડવા ગયો હતો. બાદશાહ-મલિકની વાતચીત દરમ્યાન તે બહાર ઊભો હતો. જેથી કોઈ ગેરકાયદે અંદર ઘૂસી ન જાય. બાદશાહને નવાઈ લાગતી હતી કે મધરાતે કોણ આવ્યું હશે ? બાદશાહે અંદર આવવા દેવાની અનુમતિ આપી.

થોડી વારમાં એક માણસ અંદર આવ્યો. ચાલ લથડાતી હતી. **માથામાં ઘા થયાનું દેખાઈ આવતું હતું. તેમાંથી નીકળતું લોહી જામી ગયું હતું. આખા ગાલ ઉપર લોહીના રેલા ઉતરેલા દેખાતા હતા. લોહીથી ભીના થયેલા વાળમાં ધૂળ ભરાતાં બિહામણો દેખાવ સર્જાયો હતો.**

એ માણસને જોતાં જ મલિક બોલી ઉઠ્યો - 'અરે ! તું અહીંયા ક્યાંથી ? શું કંઈ બાતમી મળી ? તારી આવી હાલત કોણે કરી ?'

પેલા માણસે જવાબ આપ્યો - 'નામદાર સાહેબ ! મારી એ જ કરુણ કહાની કહેવા ઉપસ્થિત થયો છું મારો ન્યાય કરો !'

'પણ, થયું શું ? એ તો કહે' - મલિકે પૂછ્યું.

'સાહેબ ! આપની સૂચના મુજબ અમે નગરશેઠના મહેલ પાસે ૫-૬ જણા સમયસર પહોંચી ગયા હતા. બીજા બધાં લોકો પણ સમયસર પોત-પોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા હતા.

આપના અનુમાન મુજબ નગરશેઠના મકાનમાંથી સંધ્યાના સમયે આછા અંધકારમાં એક માણસ નીકળ્યો. અમે તેનો પીછો કર્યો. એણે થોડું ચક્કર લગાવી રાજમહેલની જ દિશા પકડી હતી.

થોડી વારમાં રાજમહેલના પાછળના ભાગે પહોંચી સલામત જગ્યાએ પોતાનો ઘોડો બાંધ્યો. કાળો પછેડો ઓઢ્યો. કોટની બહારના લીમડાના ઝાડ ઉપર ચઢી થોડી વાર સુધી ઉપર જ બેઠો રહ્યો. અમે દૂરથી આઘાપાછા થઈ નજર રાખી રહ્યા હતા.

આખરે તે, થોડી વાર બાદ, કોટની અંદર કૂદી પડ્યો હોવો જોઈએ. અમે બધાં નીચે જ ઊભા હતા, જેથી કદાચ તે બહાર નીકળે તો અમે પકડી પાડીએ. આપનો ઈશારો મળતા અમારામાંથી થોડા જણા અંદર કૂદી પડ્યા. હું અને આપણા બીજા બે-ત્રણ સાથીદાર હજુ બહાર જ ઊભા હતા. એમ ને એમ ઘણો સમય પસાર થઈ ગયો.

વચ્ચે અંદરથી એકદમ તીણો અવાજ આવતા 'શું થયું ?' - તે જોવા હું ઝાડ ઉપર ચઢ્યો. ચારે બાજુ સાવ શાંતિ દેખાતી હતી. કોઈ જગ્યાએ કોઈ દેખાતું ન હતું. બહુ દૂરથી કોલાહલનો અવાજ સંભળાતો હતો. થોડી વાર હું ત્યાં જ બેઠો રહ્યો. ત્યાં જ એક માણસ હું જે ઝાડ ઉપર બેઠો હતો તે તરફ જ આવતો દેખાયો. પણ એ એકદમ દિવાલ સરસો ચાલતો હતો.

થોડી વારમાં મને સ્પષ્ટ થઈ ગયું કે - 'આ એ જ માણસ હતો કે જેને અમે અંદર કૂદી પડતાં જોયો હતો.'

'હેં ! શું ખરેખર તેં તે માણસને જોયો ?' – મલિક પૂછી બેઠો.

'અરે ! હા, સાહેબ ! મેં મારી સગી આંખે તેને જોયો. એકવાર એ થોડો દિવાલથી દૂર થયો અને બરાબર મારી નીચે આવ્યો એટલે હું સીધો તેના ઉપર કૂદી પડ્યો. પણ, એ બેવકૂફ ખસી ગયો. હું નીચે પડ્યો.

છતાં તરત જ સ્વસ્થતા મેળવી મેં તેના ઉપર હુમલો કર્યો. એ મારા કબજામાં આવી જ ગયો હતો. પણ, ત્યાં કોઈકે મારી ઉપર પાછળથી હુમલો કર્યો. મારું માથું ફોડી દીધું. હું બેભાન થઈ ઢળી પડ્યો.

કોણ જાણે કેટલી વાર સુધી એમ ને એમ પડ્યો રહ્યો હોઈશ. ઠંડા પવને મારી બેહોશી ઊડી. ત્યાંથી તપાસ કરતો કરતો અહીં સુધી આવી પહોંચ્યો. આ મહેલનું તો કોઈ રણીધણી જ દેખાતું નથી. બધાં બેહોશ જ લાગે છે. શું વાત છે ? તે જ મને સમજાતું નથી.

નામવર ! એટલું જ કહું છું કે મને ન્યાય આપો. આપના મહેલમાં મારી ઉપર હુમલો થયો છે. મને ન્યાય આપો.' એની રાવ સાંભળી બાદશાહને તેના ઉપર દયા ઉપજી.

આ માણસ મુખ્ય ઓસરીમાંથી જ આવ્યો હતો. માટે, વિનાયકની નજરે ચડ્યો જ હતો. વિનાયકે તેને ઓળખી પણ લીધો હતો. એટલે બન્નેની ચિંતામાં વધારો થતો હતો. છતાં શું થાય છે ? – તે જુઓ એમ વિચારી બન્ને બાદશાહના પાછા વળવાની રાહ જોતા બેઠા રહ્યા.

આ બાજુ બાદશાહને મલિકે કહ્યું – 'જુઓ બાદશાહ સલામત ! જુઓ, આ રહ્યો પ્રત્યક્ષ પુરાવો ! આનાથી વધારે સાબિતી શું જોઈએ ?'

બાદશાહ : 'ના મલિક ! ના, આટલી સાબિતી ન ચાલે, હા ! તારા આ માણસની વાત અક્ષરશઃ સાચી છે તેમ હું સ્વીકારું છું. **પણ, નગરશેઠ ઉપર કોઈ પગલા લેવા હોય તો આટલી સાબિતી પૂરતી નથી. જો તે માણસ કે જે આ બધાં અનર્થનું મૂળ છે તે પકડાઈ જાય – તો ચોક્કસ આપણે કામ કરી શકીએ. તે ક્યાં હશે અત્યારે ?'**

મલિક : 'કોણ જાણે એ ક્યાં ચાલ્યો ગયો હશે ? પણ, એટલું તો ખરું કે એ મહેલની બહાર ચાલ્યો ગયો છે. હા ! એ વાત જરૂર બનવાની

કે આ બધી વિગતોને કપડવંજ પહોંચાડવા કોઈને કોઈ તો જશે. ભલું હશે તો કદાચ આજે રાત્રે જ તે કપડવંજ જવા નીકળી પણ જાય. હા, એટલે જ એ ઘોડો લઈને આવ્યો હશે. બસ, બાદશાહ ! આપ કપડવંજ જતા બધા રસ્તા ઉપર નાકાબંધી કરાવી દો. એ હાથમાં આવીને જ રહેશે.

આપ સેનાપતિને અત્યારે જ ૨૦૦ સૈનિકો સાથે હાજર થવાનો હુકમ મોકલો. આપણે કપડવંજ જતા બધાં જ રસ્તા ઉપર જમાવટ કરી દઈએ.

જરૂર એ નક્કર સાબિતી સાથે પકડાઈ જશે. એ અહીંથી કપડવંજ જ જશે. હવે, નગરશેઠને ત્યાં એ નહીં હોય. આટલું કરાવી દો, બાદશાહ !' આટલું બોલતાં-બોલતાં તો મલિક હાંફી ગયો.

બાદશાહને મલિકની વાત યોગ્ય લાગી. એણે તરત જ પોતાની લાખવાળી મુદ્રા તથા કાગળ વગેરે લાવવાની માણસને આજ્ઞા કરી. થોડી વારમાં માણસ બધું લઈને હાજર થયો.

માણસની અવર-જવર વિનાયકની નજર બહાર ન હતી. એ બંને આ દોડધામથી, અવર-જવરથી આશ્ચર્યચકિત થતા હતા. આનો કોઈ જ મતલબ એ લોકોને સમજાતો ન હતો. એ લોકો માત્ર મૂક સાક્ષી બની રહ્યા હતા.

આ બાજુ બાદશાહે સેનાપતિ માટેનો આજ્ઞાપત્ર તૈયાર કરી દીધો. તેમાં તાત્કાલિક ૨૫૦ સૈનિકો સાથે સેનાપતિને હાજર થવાનું ફરમાન હતું. આમ પણ નગરની રક્ષા વગેરે માટે ૨૫૦ જેટલા સૈનિકો તૈયાર જ રહેતા હતા. માટે, હુકમનો અમલ કરવા માટે ઝાઝા સમયની જરૂરત ન હતી.

બાદશાહનું અભિવાદન કરી, આજ્ઞાપત્ર લઈ માણસ ચાલ્યો ગયો. એકાદ ઘટિકા જેટલો સમય એમ ને એમ વીતી ગયો. મલિક બસ એકની એક જ વાત બાદશાહ આગળ ઘૂંટી રહ્યો હતો.

આ એકાદ ઘડી જેવડો સમય વિનાયક માટે તો એક યુગ જેવડો નીવડ્યો. ઘણી વાર ભાગી છૂટવાની ઈચ્છા થતી હતી. પણ, તે વખતે જ જો બાદશાહ નીકળે તો ? બધી બાજી ચોપટ જ વળે ને ? આમ, ભયમાં ને ભયમાં, હમણાં જ બાદશાહ નીકળશે એમ આશામાં ને આશામાં બન્ને જણાએ સમય વીતાવ્યો.

રાત્રિ પૂરી થવાને હવે બહુ વાર ન હતી. સમય તો પોતાની નિયત ધારા મુજબ વહ્યો જ જતો હતો. ત્યાં જ પડછંદ પગલાનો અવાજ સંભળાતા બન્ને ચોંક્યા. સાવધાન થઈ નજર માંડી તો બન્નેની હેબતનો પાર ન રહ્યો !

આશ્ચર્ય થવું સ્વાભાવિક હતું. કારણ કે એ પડછંદ પગલા બીજા કોઈના નહીં, સેનાપતિના હતા.

હવે વિનાયક બરોબર ચોંક્યો. સેનાપતિને આમ મધરાતે શા માટે બોલાવે ? સેનાપતિ ક્યાંક જવાનું હોય તેમ પૂરી તૈયારી કરીને આવ્યો હતો.

વિનાયક પળભરમાં સમજી ગયો કે, કદાચ મલિક હવે કપડવંજના રસ્તાઓ ઉપર ચોકી ગોઠવવા માંગતો હતો. તો તો હવે એક પળનો પણ વિલંબ કર્યા વિના ભાગવું જ પડે તેમ હતું. વિનાયકે આ અંગે રાજમહેલના માણસ સાથે મસલત કરી.

આ બાજુ સેનાપતિ બાદશાહ પાસે પહોંચી ગયો. બાદશાહે કપડવંજના તમામ રસ્તાઓની નાકાબંધી કરવાનું સમજાવી દીધું. અને કહ્યું કે **'આજની રાત તથા કાલના દિવસના એક પ્રહર સુધી કોઈને આગળ વધવા દેતા નહીં. ત્યાર પછી મલિકનો એક માણસ આવશે. તે બધાને જોઈ જે શંકાસ્પદ લાગશે તેને અલગ તારવશે. બાકીનાને જવા દેશે. ત્યાં સુધી એક પણ માણસ છટકીને જવો ન જોઈએ. બરાબર ?** સૈનિકો તૈયાર છે ને ? મારા સલામ કહેજો. જાઓ, ફતેહ કરીને આવજો !' સેનાપતિ એક હરફ પણ ઉચ્ચાર્યા વિના પાછો ફર્યો. સાથે બાદશાહ પણ શયનખંડમાં જવા નીકળ્યા.

સેનાપતિ આગળ હતો, પાછળ બાદશાહ હતો. આખી સળંગ ઓસરી ફેલાઈ હતી, જેવો સેનાપતિ બહાર નીકળ્યો કે એને ઓસરીના સામે છેડે બે માણસો જતા હોય તેવો આભાસ થયો. એણે સીધી ઓસરીના સામે છેડે જવા દોટ મૂકી.

બે જણના ઓળા માત્ર સેનાપતિની જ ચકોર આંખ પકડી શકી હતી. બાકી, બાદશાહ કે સાથેના માણસને કશી જ ખબર ન પડી. પણ, સેનાપતિને ભાગતો જોઈ સહુ આશ્ચર્યચકિત થઈ તેની પાછળ દોડ્યા. પડછંદ પગલાઓના અવાજોથી મહેલ ઉભરાઈ ગયો.

અચાનક સેનાપતિના દોડવાનું કારણ એટલું જ કે - વિનાયકે રાજમહેલના માણસ જોડે મસલત કરી તો તેનો પણ મત એ જ પડ્યો કે હવે એક પળના પણ વિલંબ વિના નીકળી જવું જોઈએ.

હવેનું જોખમ જોતાં વિનાયકે રાજમહેલના માણસને ત્યાં જ રોકાઈ જવાનું અને પોતાને એકલા જવા દેવાનું કહ્યું. પણ, પેલો માણસ મક્કમ નીવડ્યો. એ રાજમહેલની બહાર સુરક્ષિત રીતે વિનાયકને પહોંચાડવા માટે કટીબદ્ધ હતો.

એણે એટલે જ કહ્યું - 'મહેલની બહાર નીકળ્યા પછીનું આપ જાણો. પણ, મહેલની હદ સુધી પહોંચાડવાની જવાબદારી મારી છે. ત્યાં સુધી જીવન કે મોત આપની સાથે જ થશે !' થોડી રકઝક પછી વિનાયક મુકરર થયો.

**આ રકઝકમાં ઘણો કિંમતી સમય વેડફાયો હતો. વિનાયક-રાજમહેલનો માણસ બન્ને દબાતા પગલે ભાગ્યા અને ઓસરીના છેડે જમણી તરફ વળ્યા કે સેનાપતિની આંખોમાં ઝડપાઈ ગયા.**

આમ તો રાજમહેલમાં ચોકી કરનારા આમથી તેમ ફરતા જ હોય, માટે કોઈ બે જણા આ રીતે નીકળે તો તેમાં શંકાસ્પદ કશું જ ન હતું. પણ, સેનાપતિ જ્યારે મહેલમાં પ્રવેશ્યા ત્યારે બધાં જ બેભાન અવસ્થામાં પડ્યા હતા.

સેનાપતિજી બાદશાહની વાત ઉપરથી સમજી ગયા હતા કે કોઈ માણસ મહેલમાં આતંક મચાવી ભાગી છૂટ્યો હતો. આ પરિસ્થિતિમાં તે માણસની હિલચાલ શંકાસ્પદ હતી. એટલે જ સેનાપતિએ તે માણસોનો પીછો પકડ્યો.

પાછળ કોઈ પડ્યું છે તેની જાણ બન્ને જણાને થઈ ગઈ. એટલે હવે મહેલની બહાર નીકળવા વિનાયક મરણિયો બન્યો. પેલા રાજમહેલના માણસને પણ હવે અહીં વધુ રોકાવું મુનાસિબ ન લાગ્યું. એણે પણ વિનાયકની જોડે જ બહાર ભાગી જવાનું નક્કી કરી લીધું.

જે ડાળીએથી અંદર ઘુસ્યો હતો તે જ ડાળી તરફ વિનાયક અને તેની પાછળ રાજમહેલનો માણસ દોડી રહ્યો હતો. સેનાપતિની દોડ પ્રચંડ



[ સેનાપતિએ ઘા કરેલી છરી વિનાયકના કાનને છરકો લગાવી પસાર થઈ ગઈ ]

હતી. વિનાયકને પગમાં ઘા હતો, આથી તેની ગતિ મધ્યમ હતી. અંતર ઘટતું હતું. ઘણાં લોકોના કૂદવાથી ડાળ નમી ગઈ હતી. બાજુમાં રહેલી વેલના ટેકે ડાળી હાથમાં આવી જાય તેમ હતી.

આખરે વિનાયકના હાથમાં ડાળ આવી ગઈ. તે ઝડપથી ચડી ગયો. આજુબાજુનો ટેકો લઈ રાજમહેલનો માણસ પણ ચડી ગયો. બન્ને જણ ચડી ગયા. ઝાડ ઉપરથી કોટની બહાર તરફ નીચે કૂદવા ગયા ત્યાંજ વિનાયકના કાનને ઘસરકો પહોંચાડતી એક નાની છરી પસાર થઈ ગઈ.

સેનાપતિને લાગ્યું કે એ બે જણ છટકી જશે ત્યારે તેણે પોતાની કટારનો છૂટ્ટો ઘા વિનાયક તરફ કર્યો હતો. પણ, વિનાયકનું સ્થાન અચોક્કસ રીતે સતત બદલાતું હોવાથી વિનાયક સહેજ માટે બચી ગયો. કાનમાંથી લોહી ચોક્કસ નીકળ્યું. પેલા બન્ને જણા બહાર કૂદી પડ્યા.

વિનાયક પોતાના ઘોડા તરફ દોડ્યો. રાજમહેલના માણસે ત્યાં મલિકના

માણસોએ મૂકેલા એકાદ ઘોડાને કબજે લઈ લીધો. વિનાયકનો ઘોડો પણ જ્યાંનો ત્યાં જ હતો. વિનાયકે દોટ મૂકી. પાછળ-પાછળ રાજમહેલના માણસે પણ દોટ મૂકી.

રાજમહેલનો માણસ પોતાની પાછળ કેમ આવે છે ? તે વિનાયક વણકહ્યે પણ સમજી ગયો હતો. આ બાજુ સેનાપતિની વાજોવાજ બાદશાહ પણ આવી રહ્યો હતો. તેણે પણ પોતાની સગી આંખે વિનાયકને અને એક માણસને જોયો. વિનાયકને = દાઢીવાળા માણસને જ સેનાપતિ અને બાદશાહ બન્નેએ જોયો હતો.

પેલા બન્ને જણાને છટકેલા જોઈ સેનાપતિની કમાન પણ છટકી. એ પોતાના સૈન્ય તરફ દોડ્યો. ફટાફટ ઘોડે બેસી તેણે ઘોડો કપડવંજની દિશા તરફ મારી મૂક્યો. પાછળ ૨૫૦ સૈનિકો પણ તુરંત જ ઉપડ્યા.

**આખું નગર ઘોડાના ડાબલાઓના અવાજથી જાગી ગયું. સતત પરદેશીઓના હુમલાના ભય નીચે જીવતા નગરવાસી લોકો ચમકી ગયા. ફરી એક વખત જાત જાતની અફવાઓ ફેલાવા લાગી.**

કોણ જાણે ? આ રાત જ કેવી ભયાનક નીવડી હતી ? ત્યાં કપડવંજમાં દોશી આણંદજી શેઠ અને શેરખાન વચ્ચે જબ્બર લડાઈ ખેલાઈ હતી. તો અહીં પણ જાત-જાતના બનાવોએ વાતાવરણને ખળભળાવી મૂક્યું હતું.

વિનાયકે સીધી જ કપડવંજ તરફની દિશા પકડી હતી. એના તેજીલા તોખાર જેવા અશ્વની ગતિ ખૂબ જ તેજ હતી. પાછળના રાજમહેલના માણસને વિનાયકની સાથે કદમ મિલાવવા ભારે તકલીફ પડતી હતી. એનો ઘોડો એટલી ઝડપે કેમ કરીને ભાગી શકે ? તે ધીમે ધીમે પાછળ પડવા લાગ્યો. વિનાયકને ખ્યાલ આવી ગયો કે રાજમહેલનો માણસ પાછળ પડી ગયો છે.

આવા વફાદાર તથા પોતાની કટોકટીમાં પૂરેપૂરો સહયોગ આપનારા સાથીદારને એકલા મૂકી ભાગી જવાનું વિનાયકને મંજૂર ન હતું.

વિનાયક જાણતો હતો કે જો એ માણસ પકડાશે તો 'સજા-એ-મૌત' સિવાય બીજું કશું પરિણામ ન હતું. અને માહિતી ઓકાવવા જે રિબામણ

થશે તે વધારામાં. એના કરતાં બે જણ હોય તો તેને પણ માનસિક સધિયારો રહે.

વિનાયકે ઘોડો ધીમો કર્યો. પેલો માણસ લગોલગ આવી ગયો. એણે વિનાયકને ભાગી છૂટવા ભાર દઈને કહ્યું. પણ ભાગે તો વિનાયક શેનો ?

જો કે બન્નેના ઘોડા પૂરપાટ વેગે જ જતા હતા. ફક્ત વિનાયકના અશ્વની ઝડપ હજુ આનાથી વધુ શક્ય હતી. રાજમહેલના માણસનો ઘોડો આમ તો પાણીદાર જ હતો. પણ, વિનાયક જેવો નહીં.

આ બાજુ સેનાપતિએ પણ સીધી કપડવંજની જ દિશા પકડી હતી. સેનાપતિનો ઘોડો ભારે તેજસ્વી હતો. વિનાયકના અશ્વની બરોબરી કરી શકે તેવો ! કદાચ વિનાયકના ઘોડાને આંબે નહીં તો પણ, એકધારું એકસરખું અંતર રાખી પીછો તો બરોબર પકડી શકે. એણે ઘોડાને પૂરજોશમાં ભગાવ્યો. બાકીના સૈન્યને તે ઝડપે ભાગવું મુશ્કેલ થઈ પડ્યું.

સેનાપતિ આગળ નીકળતો ગયો. સૈન્ય પાછળ પડતું ગયું. સમયનો ફાંસલો મોટો હોવાને કારણે વિનાયક ઠીક ઠીક આગળ નીકળી ગયો હતો. પણ, વિનાયકે ઝડપ ઘટાડી હોવાથી ધીરે ધીરે સમયાંતરે સેનાપતિ નજીક આવી રહ્યો હતો. ઘોડદોડ ચાલુ જ રહી. શાંત વાતાવરણ ખળભળી ઉઠ્યું.

રસ્તામાં કોઈ મુસાફર મળે તેવી તો કોઈ શક્યતા ન હતી. માટે, વિના અંતરાયે વિનાયક આગળ વધી રહ્યો હતો. સમય પસાર થઈ રહ્યો હતો. થોડી વારમાં તો પ્રભાત થઈ જવાનું હતું. વિનાયક અને રાજમહેલનો માણસ ચોક્કસ ઝડપે દોડી રહ્યા હતા.

**વિનાયકનો માણસ ઘોડાની ઝડપ વધારવા ઘણો પ્રયત્ન કરી રહ્યો હતો. પણ, એ પ્રાણીની એક મર્યાદા હતી. આમ ને આમ અશ્વો થાક્યા વિના ગતિ કરી રહ્યા હતા. રાત્રિનું અંધારું હજુ તો છવાયેલું જ હતું.**

જેમ જેમ સમય જઈ રહ્યો હતો તેમ તેમ સેનાપતિ નજીક આવી રહ્યો હતો. થોડા સમય બાદ સેનાપતિના ઘોડાના ડાબલાનો અવાજ પણ વિનાયકના કાનમાં પડ્યો. બન્ને મરણિયા થયા. રાજમહેલના માણસે વિનાયકને ભાગી છૂટવા ઘણું સમજાવ્યો.

આખરે વિનાયકે વચ્ચેનો રસ્તો કાઢ્યો, એણે ઘોડાની દોટ ચાલુ રાખતા જ કહ્યું - 'તું આ અંદરના જંગલમાં વહ્યો જા. એ તારો પીછો છોડી દેશે. લગભગ તો મારી જ પાછળ પડશે. હું એને પહોંચી વળીશ. કદાચ તારી પાછળ પડે તો પણ તું એને ભૂલો પાડી દેજે. પછી વખતસર કપડવંજ પહોંચી આવજે. ત્યાં તારી બધી જ વ્યવસ્થા થઈ જશે. ચિંતા ન કરતો. બસ ! આવજે, જીવ્યા-મર્યાના જુહાર !!' વિનાયકનો સાદ ગળગળો થઈ ગયો.

આખરે એ માણસ જંગલમાં વળી ગયો. જંગલ ગાઢ હતું. તેમાં આ રાત્રે ઘૂસવું એ મોતનો ખેલ હતો. પણ બીજો વિકલ્પ ન હતો. આ વાતચીતમાં સેનાપતિ વધુ નજીક આવી પહોંચ્યો.

સેનાપતિની નજર વિનાયક સુધી પહોંચતી હતી. પાછળના સૈન્યના ડાબલાના અવાજ પણ ધીમા ધીમા સંભળાઈ રહ્યા હતા.

સેનાપતિએ જોયું કે એક માણસ જંગલમાં ઘૂસી ગયો છે. પણ, તેની નજરે વિનાયક જ મહત્ત્વનો માણસ જણાયો હતો. એણે વિનાયકનો પીછો કરવાનું ચાલુ રાખ્યું. વિનાયકે નકલી દાઢી ત્યારે જ કાઢી નાંખી અને મરણિયા થઈ દોટ મૂકી. કારણ કે અંતર નજીવું હતું.

✺

[ અનુસંધાન : **જવાંમર્દી** ભાગ-૨ ]

બેસ્ટ સેલર

## જીવનને નંદનવન બનાવતા મઘમઘતા પુસ્તક પુષ્પો










ટૂંકાગાળામાં ૨૫,૦૦૦ થી વધુ નકલોનું વેચાણ









## શાંતિસૌરભના ઉદ્ગાર

જે વાર્તાએ વાચકોને પૂરી રીતે જકડી રાખ્યા છે, પકડી રાખ્યા છે...

નવા હપ્તાની ખૂબ આતુરતાથી રાહ જોઈ રહેતા હતા... ભારતની બહાર વિદેશ પ્રવાસે ગયેલ વ્યકિત પોતાના દીકરાને કહી રાખે કે બેટા ! 'શાંતિ સૌરભ' આવે એટલે 'જવાંમર્દી' વાળી વાર્તા તરત જ વોટ્સઅપ કરજે...

આવા તો અનેક વાચકો છે આ વાર્તાના..

પૂજયપાદ આચાર્યદેવેશ શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજની વિદ્વદ્ભોગ્ય કલમ 'શાન્તિ સૌરભ' ના વાચકો માટે સાહિત્યભોગ્ય બની છે.. ખૂબ જ રસપ્રદ બાબત તો એ છે કે પૂજયશ્રીની કોઇ કલમ જ નથી. પૂજયશ્રીની કલમમાં બધું જ છે. સંસ્કૃત, પ્રાકૃત, ઈંગ્લિશ, હિન્દી, ગુજરાતી દરેક ભાષા તેઓશ્રીની કલમથી નાચી ઉઠી છે. ન્યાય શૈલી, કાવ્ય શૈલી, સાહિત્ય શૈલી, નિબંધ શૈલી, દરેક શૈલીમાં તેઓશ્રીએ લખ્યું છે.. ભકિત વિષયક, સંયમ વિષયક, અધ્યયન વિષયક કોઇ ક્ષેત્ર અણસ્પર્શ્યું નથી..

'જવાંમર્દી' નામે મહાકથા આજે **૬૪** માં હપ્તા સાથે પૂર્ણ થઈ રહી છે..

આમ મહાકથાનો વિષય પણ પૂજયશ્રીએ રંગીન બનાવી દીધો છે.

'જવાંમર્દી' થી શોભી ઉઠેલું 'શાન્તિ સૌરભ' પૂજયશ્રીની કલમે હજુ પણ હજુ પણ આગળ વધે, એવી 'શાં.સૌ.' ની શુભાતિશુભ હાર્દિક કામના... પૂજયશ્રીની કલમ પ્રસાદીનો વિરહ 'શાં.સૌ.' ને ન મળે, તેવી દરેક વાચકોની ઈચ્છાને ધ્યાનમાં લઈ, પૂજયશ્રી સતત કૃપાવર્ષી બને...

**એ જ એકમાત્ર શુભાશા..**

**- શાંતિસૌરભ સંપાદક પરિવાર**

ISBN 81-925531-0-8

9788192553108

M.R.P. ₹.: 100

**: પ્રકાશક :**

**શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ**